# નિત્યક્રમ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

# નિત્યક્રમ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રકાશક–**
મનુભાઈ ભ. મોદી,
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન-અગાસ; વાયા–આણંદ
પોસ્ટ-બોરીઆ-૩૮૮૧૩૦ (ગુજરાત)

**અગિયારમી આવૃત્તિ**
પ્રત ૧૦,૦૦૦
વિક્રમ સંવત્ ૨૦૪૯
ઈસ્વી સન ૧૯૯૩

**ટાઈપ સેટિંગ–**
લેસર થી ટાઈપ સેટર
સ્ટેશન રોડ, આણંદ.
ફોન નં. ૨૦૮૨૫

Cost Price Rs. 17/-
Sale Price Rs. 6/-

મુદ્રક :
ભારતી પ્રિન્ટર્સ
કે–૧૬, નવીન શાહદરા,
દિલ્હી ૧૧૦ ૦૩૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

મુમુક્ષુબંધુઓને નિત્ય ઉપયોગી એવી આ 'નિત્યક્રમ' પુસ્તકની પુનરાવૃત્તિ પ્રગટ કરતાં આનંદ થાય છે.

પ. ઉ. પ. પૂજ્ય પ્રભુશ્રીજીની આજ્ઞાનુસાર આ આશ્રમમાં ભક્તિ-સ્વાધ્યાયનો ક્રમ ઘણાં વર્ષોથી નિયમિતપણે ચાલે છે; તે ક્રમની સંકલનારૂપ આ પુસ્તક છે. ટૂંક સમયમાં જ એનું પુનર્મુદ્રણ કરવું પડ્યું છે એ જ એની વધતી જતી ઉપયોગિતા સૂચવે છે.

સર્વ મુમુક્ષુઓને આ પુસ્તકનો વિનયપૂર્વક સદુપયોગ આત્મશ્રેય સાધવામાં પ્રબલ નિમિત્તરૂપ બનો એ જ શુભેચ્છા.

– પ્રકાશક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રથમાવૃત્તિનું નિવેદન

દરરોજ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં નિત્ય નિયમ તરીકે જે જે પાઠો બોલાય છે તે ભિન્ન ભિન્ન પુસ્તકોમાં હોવાથી નવીન મુમુક્ષુઓને તે શોધવામાં મુશ્કેલી પડતી, તથા પરગામ જવું હોય ત્યારે અનેક પુસ્તકો સાથે લઈ જવાં પડતાં; એ મુશ્કેલી દૂર થાય એ ભાવનાથી ધામણ ગામના એક મુમુક્ષુભાઈ ધીરજભાઈએ, બધા પાઠ એક જ પુસ્તકમાં છપાય તો સારું એવી ઇચ્છા દર્શાવેલી અને તે અર્થે કુલ ખર્ચ આ પ્રકાશનખાતાને આપવા તેમણે કહેલું. તદનુસાર આ પુસ્તક પ્રગટ થયું છે, તે સર્વ મુમુક્ષુ ભાઈબહેનોની જરૂર પૂરી પાડે તેવું છે. ભાઈ ધીરજભાઈને આવા સર્વ મંડળને હિતકારી વિચાર કરવા બદલ અને તે અર્થે આર્થિક મદદની પણ સગવડ કરી આપવા બદલ ધન્યવાદ ઘટે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,<br>
અગાસ,<br>
જેઠ સુદ ૫, ૨૦૦૭

અધ્યાત્મપ્રેમી,<br>
**બ્ર. ગોવર્ધનદાસ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મંગળાચરણ | ... | ૧ |
| ૨. | જિનેશ્વરની વાણી | ... | ૨ |
| ૩. | પ્રાતઃકાળની ભાવનાનાં પદો | ... | ૨ |
| ૪. | આત્મજાગૃતિનાં પદો | ... | ૩ |
| ૫. | સ્વાત્મવૃત્તાંત કાવ્ય (ધન્ય રે દિવસ) | ... | ૩ |
| ૬. | જડ ને ચૈતન્ય બન્ને | ... | ૫ |
| ૭. | શ્રી સદ્‌ગુરુભક્તિ રહસ્ય (વીશ દોહરા) | ... | ૬ |
| ૮. | આલોચના પાઠ | ... | ૮ |
| ૯. | સામાયિક પાઠ (છ આવશ્યક કર્મ) | ... | ૧૧ |
| ૧૦. | મેરી ભાવના | ... | ૧૭ |
| ૧૧. | કૈવલ્યબીજ શું ? (યમ નિયમ) | ... | ૧૯ |
| ૧૨. | ક્ષમાપના | ... | ૨૦ |
| ૧૩. | છ પદનો પત્ર | ... | ૨૧ |
| ૧૪. | વીતરાગનો કહેલો | ... | ૨૬ |
| ૧૫. | પ્રાતઃકાળની સ્તુતિ | ... | ૨૭ |
| ૧૬. | ચૈત્યવંદન સૂત્રો | ... | ૨૯ |
| ૧૭. | વંદન તથા પ્રણિપાતસ્તુતિ | ... | ૩૮ |
| ૧૮. | શ્રી સદ્‌ગુરુ ઉપકાર મહિમા | ... | ૩૯ |
| ૧૯. | શ્રી સદ્‌ગુરુ સ્તુતિ | ... | ૩૯ |
| ૨૦. | પ્રભુ-ઉપકાર | ... | ૪૦ |
| ૨૧. | જિનેન્દ્ર પંચકલ્યાણક | ... | ૪૧ |
| ૨૨. | આઠ દૃષ્ટિની સજ્ઝાય | ... | ૫૧ |
| ૨૩. | છૂટક પદો | ... | ૬૦ |
| ૨૪. | ગુણસ્થાન આરોહણ ક્રમ (અપૂર્વ અવસર) | | ૬૧ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૨૫. | મૂળમાર્ગ રહસ્ય | ... ૬૪ |
| ૨૬. | સાયંકાળની સ્તુતિ તથા દેવવંદન | ... ૬૫ |
| ૨૭. | આરતી | ... ૬૯ |
| ૨૮. | મંગલ દીવો | ... ૭૦ |
| ૨૯. | ભક્તિનો ઉપદેશ (શુભ શીતળતા) | ... ૭૨ |
| ૩૦. | બિના નયન | ... ૭૨ |
| ૩૧. | અમૂલ્ય તત્ત્વવિચાર (બહુ પુણ્યકેરા) | ... ૭૩ |
| ૩૨. | બ્રહ્મચર્ય વિષે સુભાષિત | ... ૭૪ |
| ૩૩. | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર | ... ૭૫ |
| ૩૪. | ભક્તિના છંદો | ... ૮૯ |
| ૩૫. | સ્તવનો -- | |
| | ૧ શ્રી આનંદઘનજીકૃત ચોવીશી, શ્રી દેવચંદ્રજીકૃત ચોવીશી, શ્રી યશોવિજયજીકૃત ચોવીશી તથા શ્રી મોહનવિજયજીકૃત ચોવીશી | ૯૩ |
| | ૨ શ્રી દેવચંદ્રજી તથા શ્રી યશોવિજયજીકૃત વિહરમાન જિનસ્તવનો; શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી તથા શ્રી દેવચંદ્રજીકૃત ગતચોવીશી | ... ૧૯૧ |
| | ૩ શ્રી યશોવિજયજીકૃત તેર સ્તવનો | ... ૨૫૬ |
| | ૪ છૂટક સ્તવનો | ... ૨૬૫ |
| ૩૬. | ક્ષમાપનાપાઠનું પદ્ય | ... ૨૭૧ |
| ૩૭. | બૃહદ્ આલોચના | ... ૨૭૩ |
| ૩૮. | સ્તુતિ તથા થોયો | ... ૨૯૩ |
| ૩૯. | પચ્ચખ્ખાણ | ... ૨૯૫ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નિત્યક્રમ

" ધર્મધ્યાન[1] લક્ષ્યાર્થથી થાય એ જ આત્મહિતનો રસ્તો છે, ચિત્તના સંકલ્પ વિકલ્પથી રહિત થવું એ મહાવીરનો માર્ગ છે. અલિપ્તભાવમાં રહેવું એ વિવેકીનું કર્તવ્ય છે. "

—શ્રીમદ્ રાજચંદ્ર

૧ આત્માના લક્ષે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ
અને
પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં
કારણભૂત;–
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર !
ત્રિકાળ જયવંત વર્તો !
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**–શ્રીમદ્ રાજચંદ્ર**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ
વિ. સં. ૧૯૨૪

દેહવિલય
વિ. સં. ૧૯૫૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



શ્રીમદ્ લઘુરાજ સ્વામી

જન્મ
વિ. સં. ૧૯૧૦

દેહોત્સર્ગ
વિ. સં. ૧૯૯૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ

શ્રીમદ્ સદ્ગુરવે નમોનમઃ

# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

# નિત્યક્રમ

( પ્રાતઃકાળની ભક્તિનો ક્રમ : સમય ૪ થી ૬ાા )

## ૧. મંગળાચરણ

અહો શ્રી સત્પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્,
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક, સકલ સદ્ગુણ કોષ હૈ.

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્,
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ.

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુભક્તિસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.

એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પરહિતકારણમ્,
જયવંત શ્રી જિનરાજ-વાણી કરું તાસ ઉચ્ચારણમ્,
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે.

------------

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨. જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે,
સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે,
અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે.)

---

## ૩. પ્રાતઃકાળની ભાવનાનાં પદો

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય,
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય.
આસ્રવ ભાવ અભાવતેં, ભયે સ્વભાવ સ્વરૂપ,
નમો સહજ આનંદમય, અચલિત અમલ અનુપ.
કરી અભાવ ભવભાવ સબ, સહજ ભાવ નિજ પાય,
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય.
કર્મ શાંતિકે અર્થી જિન, નમો શાંતિ કરતાર,
પ્રશમિત દુરિત સમૂહ સબ, મહાવીર જિન સાર.
જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### ત્રણ મંત્રની માળા

સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ.
આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.
પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ.

---

## ૪. આત્મજાગૃતિનાં પદો

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત,
જલ-કમળ, મૃત્તિકા, સમુદ્ર, સુવર્ણ, ઉદક ઉષ્ણ.
ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે,
તેમાં એક તત્ત્વ મોટું રે સમજણ સાર છે.
શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે,
શુદ્ધતામેં સ્થિર વહે, અમૃતધારા વરસે.

એનું સ્વપ્રે જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે,
થાય સદ્ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે.
હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે,
મુક્તાનંદનો નાથ વિહારી રે, સંતો જીવનદોરી અમારી રે.

---

## *૫. સ્વાત્મવૃત્તાંત કાવ્ય

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઊલસી,
મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦ ૧

* આ નિત્યક્રમમાં નથી પરંતુ તત્ત્વજ્ઞાનમાંથી વિવિધ પદ આવાં ચિહ્નવાળાં સ્થાને પ્રસંગોપાત્ત ઉમેરાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓગણીસસેં ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર રે,
ઓગણીસસેં ને બેતાળીસે,
અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦ ૨

ઓગણીસસેં ને સુડતાળીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે,
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે,
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે એક રંચ રે. ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું,
હવે દીસે ક્ષીણ કાંઈ રે,
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહીં રે. ધન્ય૦ ૫

યથા હેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે,
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગ રે,
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦ ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

– શ્રીમદ્ રાજચંદ્ર

---

## (૬)*

૧. જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે,
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે,
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

૨. દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે,
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે,
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે,
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

–શ્રીમદ્ રાજચંદ્ર

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહત્તત્ત્વ મહનીયમહઃ મહાધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ.

---

## ૭. શ્રી સદ્‌ગુરુભક્તિરહસ્ય

(ભક્તિના વીશ દોહરા)

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ,
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન,
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથીં ત્યાગ,
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં,
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં,
નથીં નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથીં આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરીંએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડીં પડીં તુજ પદપંકજે, ફરીં ફરીં માગું એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરીં દે જ. ૨૦

—શ્રીમદ્‌ રાજચંદ્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૮. આલોચના પાઠ

(દોહા)

વંદો પાંચોં પરમગુરુ, ચૌવીસૌં જિનરાજ,
કહૂં શુદ્ધ આલોચના, શુદ્ધ કરનકે કાજ. ૧

સખી છંદ (૧૪ માત્રા)

સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કિયે અતિ ભારી,
તિનકી અબ નિવૃત્તિ કાજા, તુમ શરન લહી જિનરાજા. ૨

ઇક બે તે ચઉ ઇન્દ્રી વા, મન-રહિત-સહિત જે જીવા,
તિનકી નહિ કરુના ધારી, નિરદઈ વ્હૈ ઘાત વિચારી. ૩

સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ,
કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં. ૪

શત આઠ જુ ઇમ ભેદનતૈં, અઘ કીને પર છેદનતૈં,
તિનકી કહૂં કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫

વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે,
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને. ૬

કુગુરુનકી સેવ જુ કીની, કેવલ અદયાકર ભીની,
યા વિધિ મિથ્યાત ભ્રમાયો, ચહુંગતિમધિ દોષ ઉપાયો. ૭

હિંસા પુનિ ઝૂઠ જુ ચોરી, પરવનિતાસોં દૃગ જોરી,
આરંભ પરિગ્રહ ભીનો, પનપાપ જુ યા વિધિ કીનો. ૮

સપરસ રસના ઘ્રાનનકો, ચખ કાન વિષય સેવનકો,
બહુ કરમ કિયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફલ પંચ ઉદંબર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે,
નહિ અષ્ટ મૂલગુણધારી, વિસન જુ સેયે દુખકારી. ૧૦

દુઇબીસ અભખ જિન ગાયે, સો ભી નિશદિન ભુંજાયે,
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કર ઉદર ભરાયો. ૧૧

અનંતાન જુ બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો,
સંજ્વલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ મુનિયે. ૧૨

પરિહાસ અરતિ રતિ શોગ, ભય ગ્લાનિ તિવેદ સંજોગ,
પનવીસ જુ ભેદ ભયે ઇમ, ઇનકે વશ પાપ કિયે હમ. ૧૩

નિદ્રાવશ શયન કરાઈ, સુપનેમધિ દોષ લગાઈ,
ફિર જાગિ વિષય-વન ધાયો, નાનાવિધ વિષફલ ખાયો. ૧૪

કિયે આહાર નિહાર વિહારા, ઇનમેં નહિ જતન વિચારા,
બિન દેખી ધરી ઉઠાઈ, બિન શોધી ભોજન ખાઈ. ૧૫

તબ હી પરમાદ સતાયો, બહુવિધ વિકલપ ઉપજાયો,
કછુ સુધિ બુધિ નાહિ રહી હૈ મિથ્યામતિ છાય ગઈ હૈ. ૧૬

મરજાદા તુમ ઢિગ લીની, તાહૂમેં દોષ જુ કીની,
ભિન ભિન અબ કૈસે કહિયે, તુમ જ્ઞાનવિષૈ સબ પઇયે. ૧૭

હા ! હા ! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાશિ વિરાધી,
થાવરકી જતન ન કીની, ઉરમેં કરુના નહિ લીની. ૧૮

પૃથિવી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ,
બિનગાલ્યો પુનિ જલ ઢોલ્યો, પંખાતૈં પવન વિલોલ્યો. ૧૯

હા ! હા ! મૈં અદયાચારી, બહુ હરિત જુ કાય વિદારી,
યા મધિ જીવનકે ખંદા, હમ ખાયે ધરી આનંદા. ૨૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હા ! મૈં પરમાદ બસાઈ, બિન દેખે અગનિ જલાઈ,
તા મધ્ય જીવ જે આયે, તે હૂ પરલોક સિધાયે. ૨૧

વિંધો અન્ન રાતિ પિસાયો, ઇંધન બિનસોધિ જલાયો,
ઝાડૂ લે જાગાં બુહારી, ચિંટિ આદિક જીવ વિદારી. ૨૨

જલ છાનિ જીવાની કીની, સોહૂ પુનિ ડારી જુ દીની,
નહિ જલથાનક પહુંચાઈ, કિરિયા બિન પાપ ઉપાઈ. ૨૩

જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો,
નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે. ૨૪

અન્નાદિક શોધ કરાઈ, તામૈં જુ જીવ નિસરાઈ,
તિનકા નહિ જતન કરાયા, ગરિયારે ધૂપ ડરાયા. ૨૫

પુનિ દ્રવ્ય કમાવન કાજે, બહુ આરંભહિંસા સાજે,
કિયે તિસનાવશ ભારી, કરુના નહિ રંચ વિચારી. ૨૬

ઇત્યાદિક પાપ અનંતા, હમ કીને શ્રી ભગવંતા,
સંતતિ ચિરકાલ ઉપાઈ, વાનીતૈં કહિય ન જાઈ. ૨૭

તાકો જુ ઉદય જબ આયો, નાનાવિધ મોહિ સતાયો,
ફલ ભુંજત જિય દુઃખ પાવે, વચતૈં કૈસેં કરિ ગાવે. ૨૮

તુંમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂર કરો શિવથાની,
હમ તૌ તુમ શરન લહી હૈ જિન તારન બિરુદ સહી હૈ ૨૯

જો ગાંવપતિ ઇક હોવૈ, સો ભી દુઃખિયા દુઃખ ખોવૈ,
તુમ તીન ભુવનકે સ્વામી, દુઃખ મેટો અંતરજામી. ૩૦

દ્રૌપદીકો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો,
અંજનસે કિયે અકામી, દુઃખ મેટો અંતરજામી. ૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરે અવગુણ ન ચિતારો, પ્રભુ અપનો બિરુદ નિહારો,
સબ દોષરહિત કરી સ્વામી, દુઃખ મેટહું અંતરજામી. ૩૨

ઇન્દ્રાદિક પદવી ન ચાહૂં, વિષયનિમેં નાહિ લુભાઊં,
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩

(દોહા)

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય,
સબ જીવનકેં સુખ બઢેં, આનંદ મંગલ હોય: ૩૪

અનુભવ માણિક પારખી, જૌહરી આપ જિનંદ,
યેહિ વર મોહિ દીજિયે, ચરન શરન આનંદ. ૩૫

(આલોચના પાઠ સમાપ્ત)

---

# ૯. સામાયિક-પાઠ (છ આવશ્યક કર્મ)

## ૧. પ્રતિક્રમણ કર્મ

કાલ અનંત ભ્રમ્યો જગમેં સહિયે દુઃખ ભારી,
જન્મ મરણ નિત કિયે પાપકો વ્હૈ અધિકારી,
કોડિ ભવાંતર માંહિ મિલન દુર્લભ સામાયિક,
ધન્ય આજ મૈં ભયો જોગ મિલિયો સુખદાયક. ૧

હે સર્વજ્ઞ જિનેશ ! કિયે જે પાપ જુ મૈં અબ,
તે સબ મન વચ કાય યોગકી ગુપ્તિ બિના લભ,
આપ સમીપ હજૂરમાંહિ મૈં ખડો ખડો સબ,
દોષ કહૂં સો સુનો કરો નઠ દુઃખ દેહિ જબ. ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્રોધ માન મદ લોભ મોહ માયાવશ પ્રાની,
દુઃખસહિત જે કિયે દયા તિનકી નહિ આની,
બિના પ્રયોજન એક ઇન્દ્રી બિ તિ ચઉ પંચેંદ્રિય,
આપ પ્રસાદહિં મિટે દોષ જો લગ્યો મોહિ જિય. ૩

આપસમેં ઇક ઠૌર થાપિ કરી જે દુઃખ દીને,
પેલિ દિયે પગતલેં દાબિ કરી પ્રાણ હરીને,
આપ જગતકે જીવ જિતે તિન સબકે નાયક,
અરજ કરૂં મૈં સુનો, દોષ મેટો દુઃખદાયક. ૪

અંજન આદિક ચોર મહા ઘનઘોર પાપમય,
તિનકે જે અપરાધ ભયે તે ક્ષમા ક્ષમા કિય,
મેરે જે અબ દોષ ભયે તે ક્ષમહુ દયાનિધિ,
યહ પડિકોણો કિયો આદિ ષટ્કર્મમાંહિ વિધિ. ૫

## ૨. પ્રત્યાખ્યાન કર્મ

જો પ્રમાદ વશ હોય વિરાધે જીવ ઘનેરે,
તિનકો જો અપરાધ ભયો મેરે અઘ ઢેરે,
સો સબ ઝૂઠો હોહુ જગતપતિકે પરસાદૈ,
જા પ્રસાદતૈં મિલે સર્વ સુખ, દુઃખ ન લાધૈં. ૬

મૈં પાપી નિર્લજ્જ દયાકરિ હીન મહાશઠ,
કિયે પાપ અતિ ઘોર પાપમતિ હોય ચિત્ત દુઠ,
નિંદૂ હૂં મૈં બારબાર નિજ જિયકો ગરહૂં,
સબ વિધિ ધર્મ ઉપાય પાય ફિરિ પાપહિ કરહૂં. ૭

દુર્લભ હૈ નરજન્મ તથા શ્રાવકકુલ ભારી,
સત્સંગતિ સંયોગ ધર્મ જિન શ્રદ્ધા ધારી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિન વચનામૃત ધાર સમાવર્તે જિનવાની,
તો હૂ જીવ સંહારે ધિક્ ધિક્ ધિક્ હમ જાની. ૮

ઇન્દ્રિયલંપટ હોય ખોય નિજ જ્ઞાનજમા સબ,
અજ્ઞાની જિમ કરૈ તિસી વિધિ હિંસક વ્હૈ અબ,
ગમનાગમન કરંતો જીવ વિરાધે ભોલે,
તે સબ દોષ કિયે નિંદૂં અબ મનવચતોલે. ૯

આલોચનવિધિ થકી દોષ લાગે જુ ઘનેરે,
તે સબ દોષ વિનાશ હોઉ તુમતૈં જિન મેરે,
બારબાર ઇસ ભાંતિ મોહ મદ દોષ કુટિલતા,
ઈર્ષાદિકતૈં ભયે નિંદિયે જે ભયભીતા. ૧૦

## ૩. સામાયિક કર્મ

સબ જીવનમેં મેરે સમતાભાવ જગ્યો હૈ,
સબ જિય મો સમ સમતા રાખો ભાવ લગ્યો હૈ,
આર્ત્ત રૌદ્ર દ્વય ધ્યાન છાંડિ કરિહૂં સામાયિક,
સંયમ મો કબ શુદ્ધ હોય યહ ભાવ બધાયિક. ૧૧

પૃથિવી જલ અર અગ્નિ વાયુ ચઉ કાય વનસ્પતિ,
પંચહિ થાવરમાંહિ તથા ત્રસજીવ બસૈં જિત;
બે ઇન્દ્રિય તિય ચઉ પંચેન્દ્રિયમાંહિં જીવ સબ,
તિનસૈં ક્ષમા કરાઊં મુઝપર ક્ષમા કરો અબ. ૧૨

ઇસ અવસરમેં મેરે સબ સમ કંચન અરુ તૃણ,
મહલ મસાન સમાન શત્રુ અરુ મિત્રહુ સમ ગણ,
જન્મન મરન સમાન જાન હમ સમતા કીની,
સામાયિકકા કાલ જિતૈ યહ ભાવ નવીની. ૧૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેરો હૈ ઇક આતમ તામૈં મમત જુ કીનો,
ઔર સબૈ મમ ભિન્ન જાનિ સમતારસ ભીનો,
માત પિતા સુત બંધુ મિત્ર તિય આદિ સબૈ યહ,
મોતૈં ન્યારે જાનિ યથારથ રૂપ કર્યો ગહ. ૧૪

મૈં અનાદિ જગજાલમાંહિ ફઁસિ રૂપ ન જાણ્યો,
એકેંદ્રિય દે આદિ જંતુકો પ્રાણ હરાણ્યો,
તે અબ જીવસમૂહ સુનો મેરી યહ અરજી,
ભવભવકો અપરાધ ક્ષમા કીજ્યો કરી મરજી. ૧૫

## ૪. સ્તવન કર્મ

નમૌં રિષભ જિનદેવ અજિત જિન જીતિ કર્મકો,
સંભવ ભવદુઃખહરન કરન અભિનંદ શર્મકો,
સુમતિ સુમતિદાતાર તાર ભવસિંધુ પાર કર,
પદ્મપ્રભ પદ્માભ ભાનિ ભવભીતિપ્રીતિ ધર. ૧૬

શ્રી સુપાર્શ્વ કૃતપાશ નાશ ભવ જાસ શુદ્ધકર,
શ્રી ચંદ્રપ્રભ ચંદ્રકાંતિસમ દેહકાંતિ ધર,
પુષ્પદંત દમિ દોષકોષ ભવિ પોષ રોષ હર,
શીતલ શીતલ-કરન હરન ભવતાપ દોષ હર. ૧૭

શ્રેયરૂપ જિન શ્રેય ધેય નિત સેય ભવ્યજન,
વાસુપૂજ્ય શત પૂજ્ય વાસવાદિક ભવભય હન,
વિમલ વિમલમતિ દેન અંતગત હૈ અનંત જિન,
ધર્મ શર્મ શિવકરન શાંતિ જિન શાંતિ વિધાયિન. ૧૮

કુંથુ કુંથુમુખ જીવપાલ અરનાથ જાલહર,
મલ્લિ મલ્લસમ મોહમલ્લ મારન પ્રચારધર,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુનિસુવ્રત વ્રતકરન નમત સુરસંઘહિ નમિ જિન,
નેમિનાથ જિન નેમિ ધર્મરથમાંહિ જ્ઞાનધન. ૧૯

પાર્શ્વનાથ જિન પાર્શ્વઉપલ સમ મોક્ષરમાપતિ,
વર્દ્ધમાન જિન નમૌં વમૌં ભવદુઃખ કર્મકૃત,
યા વિધિ મૈં જિનસંઘરૂપ ચઉવીસ સંખ્ય ધર,
સ્તઊં નમૂં હૂં બારબાર વંદૂં શિવસુખકર. ૨૦

## ૫. વંદના કર્મ

વંદૂં મૈં જિનવીર ધીર મહાવીર સુસન્મતિ,
વર્દ્ધમાન અતિવીર વંદિહૌં મનવચતનકૃત,
ત્રિશલાતનુજ મહેશ ધીશ વિદ્યાપતિ વંદૂં,
વંદૂં નિત પ્રતિ કનકરૂપતનુ પાપ નિકંદૂં. ૨૧

સિદ્ધારથ નૃપનંદ દ્વંદ દુઃખ દોષ મિટાવન,
દુરિત દવાનલ જ્વલિત જ્વાલ જગજીવ ઉદ્ધારન,
કુંડલપુર કરિ જન્મ જગત જિય આનંદકારન,
વર્ષ બહત્તરિ આયુ પાય સબહી દુઃખ-ટારન. ૨૨

સપ્ત હસ્ત તનુ તુંગ ભંગ કૃત જન્મમરનભય,
બાલ બ્રહ્મમય જ્ઞેય હેય આદેય જ્ઞાનમય,
દે ઉપદેશ ઉદ્ધારિ તારિ ભવસિંધુ જીવઘન,
આપ બસે શિવમાંહિ તાહિ બંદૌ મનવચતન. ૨૩

જાકે વંદન થકી દોષ દુઃખ દૂરહિ જાવે,
જાકે વંદન થકી મુક્તિતિય સન્મુખ આવે,
જાકે વંદન થકી વંદ્ય હોવૈં સુરગનકે,
ઐસે વીર જિનેશ વંદિહૌં ક્રમયુગ તિનકે. ૨૪

સામાયિક ષટ્કર્મમાંહિ વંદન યહ પંચમ,
વંદે વીર જિનેંદ્ર ઇન્દ્રશતવંદ્ય વંદ્ય મમ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જન્મમરણ ભય હરો કરો અઘશાંતિ શાંતિમય,
મૈં અઘકોશ સુપોષ દોષકો દોષ વિનાશય. ૨૫

## ૬. કાયોત્સર્ગ કર્મ

કાયોત્સર્ગ વિધાન કરૂં અંતિમ સુખદાઈ,
કાય ત્યજનમય હોય કાય સબકો દુખદાઈ,
પૂરવ દક્ષિણ નમૂં દિશા પશ્ચિમ ઉત્તર મૈં,
જિનગૃહ વંદન કરૂં હરૂં ભવ પાપતિમિર મૈં. ૨૬

શિરોનતી મૈં કરૂં નમૂં મસ્તક કર ધરિકૈં,
આવર્તાદિક ક્રિયા કરૂં મનવચ મદ હરિકૈં,
તીનલોક જિનભવનમાંહિં જિન હૈં જુ અકૃત્રિમ,
કૃત્રિમ હૈં દ્વયઅર્દ્ધદ્વીપમાંહિં વંદૌં જિમ. ૨૭

આઠકોડિપરિ છપ્પન લાખ જુ સહસ સત્યાણું,
ચ્યારિ શતક પરિ અસી એક જિનમંદિર જાણું,
વ્યંતર જ્યોતિષીમાંહિ સંખ્યરહિતે જિનમંદિર,
જિનગૃહ વંદન કરૂં હરહુ મમ પાપ સંઘકર. ૨૮

સામાયિક સમ નાહિ ઔર કોઉ વૈર મિટાયક,
સામાયિક સમ નાહિ ઔર કોઉ મૈત્રીદાયક,
શ્રાવક અણુવ્રત આદિ અંત સપ્તમ ગુણથાનક,
યહ આવશ્યક કિયે હોય નિશ્ચય દુઃખહાનક. ૨૯

જે ભવિ આતમકાજકરણ ઉદ્યમકે ધારી,
તે સબ કાજ વિહાય કરો સામાયિક સારી,
રાગ દોષ મદ મોહ ક્રોધ લોભાદિક જે સબ,
બુધ 'મહાચંદ્ર' વિલાય જાય તાતૈં કીજ્યો અબ. ૩૦

(સામાયિક પાઠ સમાપ્ત)

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૦. મેરી ભાવના

સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ,–સેવાથી શુદ્ધ જ્ઞાન થશે,
અવર ઉપાસન કોટિ કરો પણ, શ્રીહરિથી નહિ હેત થશે
(એ દેશી)

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોંકો મોક્ષમાર્ગકા નિઃસ્પૃહ હો, ઉપદેશ દિયા,
બુદ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિભાવસેં પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોંકી આશા નહિ જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ પરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યામેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે,
નહીં સતાઊં કિસી જીવકો, ઝૂઠ કભી નહિ કહા કરૂં,
પરધન વનિતા પર ન લુભાઊં, સંતોષામૃત પિયા કરૂં. ૩

અહંકારકા ભાવ ન રક્ખૂં નહીં કિસી પર ક્રોધ કરૂં,
દેખ દૂસરોંકી બઢતીકો, કભી ન ઈર્ષા-ભાવ ધરૂં,
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરૂં,
બને જહાં તક ઇસ જીવનમેં, ઔરોંકા ઉપકાર કરૂં. ૪

મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોંસે નિત્ય રહે,
દીન દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે,
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રક્ખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણીજનોંકો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા કરકે યહ મન સુખ પાવે,
હોઊં નહીં કૃતઘ્ન કભી મૈં દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવે. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષોં તક જીઊં યા, મૃત્યુ આજ હી આ જાવે,
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગસેં મેરા, કભી ન પદ ડિગને પાવે. ૭

હોકર સુખમેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવીસે નહિ ભય ખાવે,
રહે અડોલ અકંપ નિરંતર, યહ મન દૃઢતર બન જાવે,
ઇષ્ટવિયોગ-અનિષ્ટયોગમેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહે સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ-અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે,
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવે,
જ્ઞાનચરિત ઉન્નત કર અપના મનુજ જન્મફલ સબ પાવે. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહિ જગમેં, વૃષ્ટિ સમયપર હુઆ કરે
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજાકા કિયા કરે,
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાંતિસે જિયા કરે,
પરમ અહિંસા-ધર્મ જગતમેં, ફૈલ સર્વ હિત કિયા કરે. ૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે,
અપ્રિય કટુક કઠોર શબ્દ નહિ, કોઈ મુખસે કહા કરે,
બનકર સબ 'યુગ-વીર' હૃદયસે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશીસે, સબ દુઃખ-સંકટ સહા કરે. ૧૧

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૧. કૈવલ્યબીજ શું ?

(તોટક છંદ)

યમ નિયમ સંજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હૈ તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દૃગસે મિલહે,
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિજોગ જુગોજુગ સો જીવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં,
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

–શ્રીમદ્ રાજચંદ્ર

## ૧૨. ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વિ.સં.૧૯૪૧ —શ્રીમદ્ રાજચંદ્ર

---

## ૧૩. છ પદનો પત્ર

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :** 'આત્મા છે.' જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**બીજું પદ :** 'આત્મા નિત્ય છે.' ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ :** 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયા સંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

**ચોથું પદ :** 'આત્મા ભોક્તા છે. ' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પાંચમું પદ :** 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છઠ્ઠું પદ :** તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ–પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ– અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિ કાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !

મુંબઈ, ફાગણ, ૧૯૫૦ —શ્રીમદ્ રાજચંદ્ર

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૪

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

હે કામ ! હે માન ! હે સંગઉદય !
હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !
હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ!

—શ્રીમદ્ રાજચંદ્ર

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૫. પ્રાતઃકાળની સ્તુતિ

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, [૧]શબ્દજીતવરાત્મજમ્
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ, પરમગુરુ, શુદ્ધ ચૈતન્યસ્વામી.

ૐકારં બિંદુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૨

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહત્તત્ત્વ મહનીય મહઃ મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીન ભુવન ચૂડારતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઇએ આપ પદ સબ વિધિ બંધ નશાય. ૬

નમું ભક્તિભાવે ઋષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગલ કરો;
મહાવીરસ્વામી, ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે, સકલ મુજ આપો સુમતિને. ૭

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્. ૮

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા-
મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્

---

૧. પાઠાન્તર : શબ્દજીતરવાત્મજમ્

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા–
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્. ૯

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા-
દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યેકિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ૧૦

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૧૧

દર્શનાદ્ દુરિતધ્વંસિ, વંદનાદ્ વાંચ્છિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૧૨

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ સિદ્ધિ. ૧૩

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૧૪

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;
(ત્યમ)જ્ઞાનેબાંધ્યું મન રહે (સદ્)ગુરુવિણ જ્ઞાન ન હોય. ૧૫

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુ વાણી વેગળા, રડવડીઆ સંસાર. ૧૬

તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, નિરખત સદ્ગુરુ મુખ. ૧૭

દરખતસેં ફળ ગિર પડ્યા બૂઝી ન મનકી પ્યાસ;
ગુરુ મેલી ગોવિંદ ભજે, મિટે ન ગર્ભાવાસ. ૧૮

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળજ્ઞાન. ૧૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્વં માતા ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવઃ
ત્વમેકઃ શરણં સ્વામિન્ જીવિતં જીવિતેશ્વરઃ ૨૦

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ ભ્રાતા ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ. ૨૧

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે
યદ્દીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્ભવૈઃ
સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવઃ ૨૨

---

# ૧૬. ચૈત્યવંદન સૂત્રો

(વિધિ સહિત)

## શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં ૧
નમો સિદ્ધાણં ૨
નમો આયરિયાણં ૩
નમો ઉવજ્ઝાયાણં ૪
નમો લોએ સવ્વસાહૂણં ૫
એસો પંચ નમુક્કારો ૬
સવ્વ પાવપ્પણાસણો ૭
મંગલાણં ચ સવ્વેસિં ૮
પઢમં હવઈ મંગલં ૯

---

## શ્રી પ્રણિપાત અર્થાત્ ખમાસમણ સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઇરિયાવહી સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં
પડિક્કમામિ ॥ ઇચ્છં ॥ ઇચ્છામિ પડિક્કમિઉં ૧
ઇરિયાવહિયાએ વિરાહણાએ ૨
ગમણાગમણે ૩
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે.
ઓસા ઉત્તિંગ પણગ દગમટ્ટી મક્કડા સંતાણાસંકમણે ૪
જે મે જીવા વિરાહિયા, ૫
એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬
અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા,
પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં
સંકામિયા, જીવિયાઓ વવરોવિયા,
તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૭

---

## તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં,
વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ,
ઠામિ કાઉસ્સગ્ગં. ૧

---

## અન્નત્થ ઊસસિએણં સૂત્ર

અન્નત્થ ઊસસિએણં નીસસિએણં ખાસિએણં,
છીએણં જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં
ભમલીએ પિત્તમુચ્છાએ. ૧
સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ,
હુજ્જ મે કાઉસ્સગ્ગો; ૩

જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪

તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. ૫

---

(એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો, પછી "નમો અરિહંતાણં" કહી કાઉસગ્ગ પારી પ્રગટ લોગસ્સ નીચે પ્રમાણે કહેવો.)

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી. ૧

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ વાસુપૂજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪

એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા;
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬

ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(પછી ત્રણ ખમાસમણ દઈ બેસી ડાબો ઢીંચણ ઊભો રાખી જમણો ઢીંચણ નીચે રાખીને બેસવું અને નીચે પ્રમાણે કહેવું.)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ॥ ઇચ્છં ॥

## ચૈત્યવંદનો

(૧)

સકલકુશલવલ્લી પુષ્કરાવર્તમેઘો
દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ

(૨)

પરમ કૃપાળુ દેવ પ્રતિ, વિનય વિનંતિ એહ;
ત્રય તત્ત્વ ત્રણ રત્ન મુજ, આપો અવિચલ સ્નેહ. ૧
તત્ત્વોપદેષ્ટા તુમ તણા, માર્ગ તણે અનુસાર;
લક્ષ લક્ષણ રહો સદા, ખરેખરો એક તાર. ૨
મિથ્યા તમને ફેડવા, ચંદ્ર સૂર્ય તુમ જ્ઞાન;
દર્શનની સુવિશુદ્ધિથી, ભાવ ચરણ મલ હાન. ૩
ઇચ્છા વર્તે અંતરે, નિશ્ચય દૃઢ સંકલ્પ;
મરણ સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ. ૪
કામિત દાયક પદ શરણ, મન સ્થિર કર પ્રભુ-ધ્યાન
નામ સ્મરણ ગુરુ રાજનું, પ્રગટ કલ્યાણ નિદાન. ૫
ભુવન જન હિતકર સદા, કૃપાળુ કૃપા નિધાન;
પાવન કરતા પતિતને, સ્થિર ગુણનું દઈ દાન. ૬
સર્વજ્ઞ સદ્‌ગુરુ પ્રતિ, ફરી ફરી અરજ એ નેક;
લક્ષ રહો પ્રભુ સ્વરૂપમાં, હો **રત્નત્રય** એક. ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩)

## પંચ પરમેષ્ઠીગુણ ચૈત્યવંદન

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧

આચારજ ગુણ છત્રીસ, પંચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવ સુખ થાય. ૨

અષ્ટોત્તર સય ગુણ મલી, ઇમ સમરો નવકાર;
ધીર વિમલ પંડિત તણો, નય પ્રણમે નિત સાર. ૩

(૪)

## જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર

જગચિંતામણિ ! જગનાહ ! જગગુરુ ! જગરક્ખણ !
જગબંધવ ! જગસત્થવાહ ! જગભાવવિઅક્ખણ !
અટ્ઠાવય-સંઠવિય-રૂવ ! કમ્મટ્ઠવિણાસણ !
ચઉવીસં પિ જિણવરા ! જયંતુ અપ્પડિહય-સાસણ ! ૧

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ,
નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સનવ સાહુ ગમ્મઇ.
સંપઇ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણિ,
સમણહ કોડિસહસ્સદુઇ, થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ. ૨

જયઉ સામિય ! જયઉ સામિય ! રિસહ ! સત્તુંજિ,
ઉજ્જિંતે પહુ નેમિજિણ!જયઉ વીર!સચ્ચઉરમંડણ!
અવર વિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કે વિ;
ભરુઅચ્છહિં મુણિસુવ્વય! મહુરિ પાસ! દુહદુરિઅખંડણ
તીઆણાગયસંપઇય, વંદું જિણ સવ્વે વિ. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠકોડીઓ;
બત્તીસય બાસીયાઇં, તિઅલોએ ચેઇએ વંદે. ૪

પન્નરસ કોડિસયાઇં કોડી બાયાલ લક્ખ અડવન્ના;
છત્તીસ સહસ અસીઈં, સાસયબિંબાઇં પણમામિ. ૫

## જં કિંચિ સૂત્ર

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧

## નમુત્થુણં વા શક્રસ્તવ સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં; ૧
આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં; ૨
પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં, પુરિસવરપુંડરીઆણં,
પુરિસવરગંધહત્થીણં; ૩
લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં,
લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં; ૪
અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં,
સરણદયાણં, જીવદયાણં, બોહિદયાણં, ૫
ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં,
ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં,
દીવો તાણં સરણ ગઇ પઇટ્ઠા, ૬
અપ્પડિહયવરનાણદંસણધરાણં,' વિયટ્ટછઉમાણં, ૭
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં; ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવમયલમરુય-
મણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઇનામધેયં,
ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅ-ભયાણં; ૯

જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે,
સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦

---

## જાવંતિ ચેઇયાઇં સૂત્ર

જાવંતિ ચેઇયાઇં, ઉઙ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. ૧

---

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥

---

## જાવંત કે વિ સાહૂ સૂત્ર

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. ૧

---

## પંચપરમેષ્ઠી નમસ્કાર સૂત્ર

નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ૧

---

## ઉપસર્ગહર સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર વિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં. ૧

વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહરોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુઃખદોગચ્ચં. ૩

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪

ઇઅ સંથુઓ મહાયસ ! ભત્તિભરનિબ્ભરેણ હિઅએણ;
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ! ૫

---

( પછી આશ્રમમાં રોજ એક ભક્તિનો છંદ તથા તીર્થંકર ભગવાનના ચાર-ચાર સ્તવનો અનુક્રમે બોલાય છે, જે પૃષ્ઠ ૮૯થી શરૂ થાય છે. )

---

## જયવીયરાય સૂત્ર

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં!
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ. ૧

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણસેવણા આભવમખંડા. ૨

વારિજ્જઇ જઇ વિ નિયાણબંધણં વીયરાય ! તુહ સમયે;
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩

દુક્ખ-ખઓ કમ્મ-ખઓ સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ કરણેણં. ૪

સર્વ મંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનં. ૫

---

( પછી ઊભા થઈ નીચે પ્રમાણે કહેવું )

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અરિહંત ચેઇયાણં સૂત્ર

અરિહંત ચેઇયાણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧
વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ,
સમ્માણવત્તિયાએ બોહિલાભવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ ૨

સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩

---

## અન્નત્થ ઊસસિએણં સૂત્ર

અન્નત્થ ઊસસિએણં નીસસિએણં ખાસિએણં,
છીએણં જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં
ભમલીએ પિત્તમુચ્છાએ. ૧

સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; ૨

એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ,
હુજ્જ મે કાઉસ્સગ્ગો; ૩

જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪

તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. ૫

---

( પછી એક નવકારનો કાઉસગ્ગ કરી "નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ" કહી સ્તુતિ બોલવી. )

## કલ્લાણકંદં સ્તુતિ

કલ્લાણકંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણિંદં;
પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તિઇ વંદે સિરિવદ્ધમાણં. ૧

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૭. વંદન તથા પ્રણિપાતસ્તુતિ

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.
પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ (માર્ગ) આપ શ્રીમદે અનંતકૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૮. શ્રી સદ્‌ગુરુ ઉપકાર-મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન. ૧
તે કારણ ગુરુરાજને, પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨
પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન-દાતાર;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩
અહો ! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૪
અનંતકાળ હું આથડ્યો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૫
રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬
અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગણ રત્ન ભંડાર. ૭
તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્‌વંત;
નહિ બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮
બાહ્ય ચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ,
અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯

---

## ૧૯. શ્રી સદ્‌ગુરુસ્તુતિ

સદ્‌ગુરુ પદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ,
તાતૈં સદ્‌ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ.
સદ્‌ગુરુચરણં અશરણશરણં, ભ્રમ-આતપહર રવિ-શશિકિરણં
જયવંત યુગલપદ જયકરણં, મમ સદ્‌ગુરુચરણ સદા શરણં. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ સકલકુશલવલ્લી સમ ધ્યાવો, પુષ્કર સંવર્તમેઘ ભાવો,
સુરગો સમ પંચામૃત-ઝરણં– મમ૦ ૨
પદ કલ્પ-કુંભ કામિત દાતા, ચિત્રાવલી ચિંતામણિ ખ્યાતા,
પદ સંજીવિની હરે જરમરણં– મમ૦ ૩
પદ મંગલ કમલા-આવાસં, હરે દાસનાં આશપાશત્રાસં,
ચંદન ચરણં ચિત્તવૃત્તિઠરણં– મમ૦ ૪
દુસ્તર ભવ તરણ કાજ સાજં, પદ સફરી જહાજ અથવા પાજં,
મહી મહીધરવત્ અભરાભરણં– મમ૦ ૫
સંસાર કાંતાર પાર કરવા, પદ સાર્થવાહ સમ ગુણ ગરવા,
આશ્રિત શરણાપન્ન ઉદ્ધરણં– મમ૦ ૬
શ્રીમદ્ સદ્ગુરુપદ પુનિતં, મુમુક્ષુ-જનમન અમિત વિત્તં,
ગંગાજલવત્ મનમલ-હરણં– મમ૦ ૭
પદકમલ અમલ મમ દિલકમલં સંસ્થાપિત રહો અખંડ અચલં,
રત્નત્રય હરે સર્વાવરણં– મમ૦ ૮

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ,
જે મુનિવર મુક્તે ગયા, વંદું બે કર જોડ.

---

## ૨૦. પ્રભુ ઉપકાર

કૌન ઉતારે પાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર ?
કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર. પ્રભુ૦
નીકો તુમ ઉપદેશ દિયો હે, સબ સારનકો સાર. પ્રભુ૦
હલકે વ્હૈ ચાલે સેં નિકસે, બૂડે જે શિરભાર. પ્રભુ૦
ઉપકારીકો નહિ વીસરીએ, યેહિ ધર્મ-અધિકાર. પ્રભુ૦
ધર્મપાલ પ્રભુ, તૂ મેરે તારક, ક્યૂં ભૂલૂં ઉપકાર. પ્રભુ૦

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મધ્યાહ્ન પહેલાંની ભક્તિનો ક્રમ સમય ૯ – ૧૧ાા)
મંગળાચરણ તથા જિનેશ્વરની વાણી : પૃષ્ઠ ૧–૨
વીશ દોહરા--યમનિયમ--ક્ષમાપના : પૃષ્ઠ ૬–૧૯–૨૦

## ૨૧. જિનેન્દ્ર પંચકલ્યાણક

**(કવિવર રૂપચંદ્રજી પાંડે કૃત)**

(મંગલગીત યા પંચમંગલ)

જનમ્યા શ્રી ગુરુરાજ જગતહિત કારણે,
કરવા અમ ઉદ્ધાર વારી જાઉં વારણે. (એ દેશી)

**પણવિવિ[1] પંચ પરમગુરુ, [2]ગુરુ જિનશાસનો,**
**સકલસિદ્ધિદાતાર, સુ વિઘનવિનાસનો,**
**સારદ અરુ ગુરુ ગૌતમ, સુમતિપ્રકાશનો,**
**મંગલકર ચઉસંઘહિ, પાપપણાસનો.**

પાપહિ પણાસન ગુણહિ ગરુવા, દોષ અષ્ટાદશ-[3]રહિઉ,
ધરિ ધ્યાન કરમ વિનાસિ કેવલ, –જ્ઞાન અવિચલ જિન લહિઉ,
પ્રભુ પંચકલ્યાણક-વિરાજિત, સકલ સુર નર ધ્યાવહીં,
ત્રૈલોકનાથ સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૧

**૧. ગર્ભકલ્યાણક :–**

**જાકે ગરભકલ્યાનક, [4]ધનપતિ આઈયો,**
**અવધિગ્યાન-પરવાન[5], સુઇન્દ્ર પઠાઈયો,**
**રચિ નવ બારહ જોજન, [6]નયરિ સુહાવની,**
**કનક-[7]રયણ-મણિમંડિત, મંદિર અતિ બની.**

અતિ બની પૌરિ પગાર પરિખા, સુવન ઉપવન સોહએ,
નર નારિ સુંદર ચતુરભેખ સુ, દેખ જનમન મોહએ,

૧. પ્રણમામિ-અર્થાત્ નમસ્કાર કરું છું. ૨. મહાન્–મોટા ૩. રહિત ૪. કુબેર ૫. અવધિજ્ઞાનથી જાણીને. ૬. નગરી ૭. રત્ન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તહઁ જનકગૃહ છહ માસ પ્રથમહિ, રતનધારા બરસિયો,
પુનિ રુચિકવાસિનિ જનનિ-સેવા કરહિં સબ વિધિ હરસિયો. ૨

**સુરકુંજરસમ[૧] કુંજર, [૨]ધવલ [૩] ધુરંધરો,**
**કેસરિ [૪]કેસરસોભિત, નખસિખસુંદરો,**
**કમલા કલસ-ન્હવન, [૫]દુઈદામ સુહાવની,**
**રવિસસિમંડલ મધુર, [૬]મીનજુગ પાવની.**

પાવની કનક ઘટ જુગમ પૂરન, કમલકલિત[૭] સરોવરો,
કલ્લોલમાલાકુલિત[૮] સાગર, સિંહપીઠ[૯] મનોહરો;
રમણીક [૧૦]અમરવિમાન [૧૧]ફણિપતિ,ભવન ભુવિ છવિ છાજએ,
રુચિ રતનરાસિ દિપંત દહન[૧૨] સુ, તેજપુંજ વિરાજએ. ૩

**યે સખી સોરહ સુપને, સૂતી [૧૩]સયનહીં,**
**દેખે માય મનોહર, [૧૪]પચ્છિમ-રયનહીં,**
**ઉઠિ પ્રભાત પિય પૂછિયો, અવધિ પ્રકાસિયો,**
**ત્રિભુવનપતિ [૧૫]સુત હોસી, ફલ તિહઁ ભાસિયો.**

ભાસિયો ફલ તિહિ ચિંતિ[૧૬] દંપતિ, પરમ આનંદિત ભએ,
છહમાસપરિ નવમાસ પુનિ તહઁ, રયન દિન સુખસૌં ગએ,
ગર્ભાવતાર મહંત મહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણિ[૧૭] 'રૂપચંદ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૪

---

૧. ઐરાવત હાથીના સમાન. ૨. સફેદ. ૩. બળદ. ૪. જેની ગર્દન પર કેસર (અયાલ) શોભિત છે. ૫. બે માળા. ૬. બે માછલી. ૭. કમલો સહિત. ૮. લહેરોથી ઊછળતો. ૯. સિંહાસન. ૧૦. દેવોનું વિમાન. ૧૧. ધરણેન્દ્રનું ભુવન. ૧૨. જલતી આગ. ૧૩. શય્યા પર. ૧૪. પાછલી રાતમાં. ૧૫. પુત્ર થશે. ૧૬. વિચાર કરી. ૧૭. 'જન' પાઠ પણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. જન્મકલ્યાણક :--

**મતિ-[૧]સુત-અવધિવિરાજિત જિન જબ જનમિયો**
**તિહુઁલોક ભયો છોભિત, સુરગન ભરમિયો,**
**કલ્પવાસીઘર ઘંટ, અનાહદ બજ્જિયા,**
**જોતિસિ-ઘર [૨]હરિનાદ, સહજ ગલગજ્જિયા.**

ગજ્જિયા સહજ હિ સંખ [૩]ભાવન-ભુવન સબદ સુહાવને,
વિંતરનિલય[૪] પટુ પટહ બજ્જહિ, કહત મહિમા ક્યોં બને,
કંપિત સુરાસન અવધિ બલ જિન-જનમ નિહચૈ જાનિયો,
ધનરાજ[૫] તબ ગજરાજ માયા, –મયી નિરમયો[૬] આનિયો. ૫

**જોજન લાખ ગયંદ, [૭]વદન-સૌ નિરમએ,**
**વદન વદન વસુ દંત, દંત સર [૮]સંઠએ,**
**સર સર [૯]સૌ–પનવીસ, [૧૦] કમલિની છાજહી,**
**કમલિની કમલિની કમલ, પચીસ વિરાજહી.**

રાજ હિ કમલિની કમલ [૧૧]ઠોતર સૌ મનોહર દલ બને,
દલ-દલહિ[૧૨] અપછર નટઈ નવરસ, હાવભાવ સુહાવને,
મણિ કનકકિંકણિ વર વિચિત્ર, સુ અમરમંડપ સોહએ,
ગર ઘંટ ચઁવર ધુજા પતાકા, દેખિ ત્રિભુવન મોહએ. ૬

**તિહિં [૧૩]કરિ હરિ ચઢિ આયઉ, [૧૪] સુરપરિવારિયો,**
**પુરહિ પ્રદચ્છન દે ત્રય, જિન [૧૫] જયકારિયો.**

---

૧. શ્રુતજ્ઞાન. ૨. સિંહનાદ. ૩. ભવનવાસી દેવોના ઘર પર. ૪. વ્યંતરોના ઘર પર. ૫. કુબેર. ૬. બનાવી. ૭. એક સો મુખ. ૮. સંસ્થિત કર્યું–બનાવ્યું. ૯. એક સો પચીસ. ૧૦. કમલોની વેલો. ૧૧. અષ્ટોત્તરશત=એક સો આઠ. ૧૨. પાન પાન પર. ૧૩. હાથી પર. ૧૪. પરિવારતઃ=પરિવાર સહિત. ૧૫. જયકારિત=જિનેંદ્ર ભગવાનની જય જય કરતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગુપ્ત જાય [1]જિન-જનનિહિં, સુખનિદ્રા રચી,**
**માયામયી સિસુ રાખિ તૌ, [2]જિન [3]આન્યો [4]સચી.**
આન્યો સચી જિનરૂપ નિરખત, નયન તૃપતિ ન [5]હૂજિયે,
તબ પરમહરષિત [6]હૃદયહરના, [7]સહસ લોચન [8]પૂજિયે,
પુનિ કરિ પ્રણામ જુ પ્રથમ ઇંદ્ર, ઉછંગ ધરિ પ્રભુ લીનઊ,
ઇસાન ઇંદ્ર સુ ચંદ્ર છવિ, સિર છત્ર પ્રભુકે દીનઊ. ૭

**સનતકુમાર મહેન્દ્ર, ચમર દુઇ ઢારહીં,**
**સેસ [9]સક્ર જયકાર, સબદ ઉચ્ચારહીં,**
**ઉચ્છવસહિત ચતુરવિધ, સુર હરખિત ભયે,**
**જોજન સહસ નિન્યાનવૈ, ગગન ઉલઁઘિ ગયે.**
લઁઘિ ગયે સુરગિરિ જહાઁ પાંડુક-વન વિચિત્ર વિરાજહી,
પાંડુક શિલા તહઁ અર્ધચંદ્રસમાન મણિ છવિ છાજહી,
જોજન પચાસ વિસાલ [10]દુગુણાયામ, વસુ ઊંચી ગની,
વર અષ્ટ મંગલ કનક કલસનિ, સિંહપીઠ સુહાવની. ૮

**રચિ મણિમંડપ સોભિત, મધ્ય સિંહાસનો,**
**થાપ્યો પૂરવ-મુખ તહાઁ પ્રભુ કમલાસનો,**
**બાજઈ તાલ મૃદંગ, ભેરિ વીણા ઘને,**
**દુંદુભિપ્રમુખ[11] મધુરધુનિ, અવર જુ બાજને.[12]**
બાજનેં બાજહિ સચી સબ મિલિ, ધવલ મંગલ ગાવહી,
પુનિ કરહિ નૃત્ય સુરાંગના સબ, દેવ કૌતુક ધાવહી,
ભરિ છીરસાગર-જલ જુ હાથહિ, હાથ સુરગન લ્યાવહીં,
સૌધર્મ અરુ ઇસાનઇંદ્ર સુ કલસ લે પ્રભુ [13]ન્હાવહીં. ૯

---

૧. ભગવાનની માતાને. ૨. ભગવાનને. ૩. લાવી. ૪. ઇંદ્રાણી. ૫. થાય. ૬. હૃદયને હરવાવાલો–મનોહર. ૭. હજાર નેત્ર. ૮. પૂર્ણ કર્યું=બનાવ્યું. ૯. ઇંદ્ર. ૧૦. બે ગણી લાંબી. ૧૧. દુંદુભિ આદિ મીઠા અવાજવાળા. ૧૨. વાજાં. ૧૩. સ્નાન-અભિષેક કરાવતા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**[1]વદન ઉદર અવગાહ, કલસગત જાનિએ,**
**એક ચાર વસુ જોજન, માન પ્રમાનિએ,**
**[2]સહસ-અઠોતર કલસા, પ્રભુકે સિર ઢરે,**
**પુનિ સિંગાર પ્રમુખ, આચાર સબઈ કરે.**
કરિ પ્રગટ પ્રભુ મહિમામહોચ્છવ, [3]આનિ પુનિ માતહિં દયો,
ધનપતિહિં સેવા રાખિ સુરપતિ, આપ સુરલોકહિં ગયો,
જનમાભિષેક મહંત મહિમા, સુનત સબ સુખ પાવહીં,
જન 'રૂપચંદ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં.૧૦

**૩. તપકલ્યાણક :–**

**[4]શ્રમજલરહિત સરીર, સદા સબ [5]મલરહિઉ,**
**[6]છીર-વરન વર રુધિર, [7]પ્રથમઆકૃતિ લહિઉ,**
**[8]પ્રથમ સારસંહનન, સરૂપ વિરાજહીં,**
**સહજ સુગંધ સુલચ્છન,-મંડિત છાજહીં.**
છાજહિ અતુલ બલ પરમ પ્રિય હિત, મધુર વચન સુહાવને,
દસ સહજ અતિશય સુભગ મૂરતિ, બાલલીલ કહાવને,
આબાલ કાલ ત્રિલોકપતિ મન રુચિત ઉચિત જુ નિત નએ
[9]અમરોપનીત પુનીત અનુપમ, સકલ ભોગ વિભોગએ. ૧૧

**[10]ભવતન-ભોગ-વિરત્ત, કદાચિત [11]ચિંતએ,**
**ધન જોબન પિય પુત્ત, [12]કલત્ત [13]અનિત્ત એ,**
**કોઉ ન સરન મરનદિન, દુઃખ ચહુઁગતિભર્યો,**
**સુખદુઃખ એકહિ ભોગત, જિય [14]વિધિવસ પર્યો.**

---

૧. કલશોના મુખ અને પેટનો વિસ્તાર. ૨. એક હજાર આઠ. ૩. લાવીને. ૪. પસીના રહિત. ૫. સર્વ પ્રકારના મલથી રહિત. ૬. દૂધના રંગ જેવું રક્ત. ૭. સમચતુરસ્રસંસ્થાન. ૮. વજ્રવૃષભનારાચ સંહનન. ૯. દેવો દ્વારા લાવેલું. ૧૦. સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત બની. ૧૧. ચિંતન કર્યું. ૧૨. સ્ત્રી. ૧૩. અનિત્ય. ૧૪. કર્મોને વશ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર્યો વિધિવસ [1]આન ચેતન, આન જડ જુ [2]કલેવરો,
તન અસુચિ, પરતૈં[3] હોય આસ્રવ, પરિહરેતૈં[4] સંવરો,
નિરજરા તપબલ[5] હોય, સમકિતવિન સદા ત્રિભુવન ભમ્યો,
દુર્લભ વિવેક વિના ન કબહૂં, પરમ ધરમવિષૈ રમ્યો. ૧૨

**યે પ્રભુ બારહ [6]પાવન, ભાવન ભાઈયા,**
**લૌકાંતિક વર દેવ, નિયોગી આઈયા,**
**કુસુમાંજલિ દે ચરન-કમલ સિર નાઈયો,**
**સ્વયંબુદ્ધ પ્રભુ [7]થુતિ કરિ, તિન સમુઝાઈયો.**

સમુઝાય પ્રભુકો ગયે [8]નિજપદ, પુનિ મહોચ્છવ હરિ કિયો,
[9]રુચિરુચિર ચિત્રવિચિત્ર [10]સિબિકા [11]કર [12]સુનંદનબન લિયો;
તહઁ પંચમુટ્ઠી લોચ કીનો, પ્રથમ સિદ્ધનિ [13]નુતિ કરી,
મંડિય મહાવ્રત પંચ દુદ્ધર, સકલ પરિગહ પરિહરી. ૧૩

**મણિમયભાજન[14] કેશ, [15]પરિટ્ઠિય સુરપતી,**
**છીર-સમુદ્ર-જલ ખિપકરિ, ગયો [16]અમરાવતી,**
**તપ સંજમબલ પ્રભુકો, મનપરજય ભયો,**
**મૌનસહિત તપ કરત, કાલ કછુ તહઁ ગયો.**

ગયો કછુ તહઁ કાલ તપબલ, રિદ્ધિ વસુ વિધિ સિદ્ધિયા,
જસુ [17]ધર્મધ્યાનબલેન [18]ખયગય, સપ્ત પ્રકૃતિ પ્રસિદ્ધિયા;
ખિપિ [19]સાતયેંગુણ જતન વિન તહઁ તીનપ્રકૃતિજુ બુધિ બઢિઉ,
કરિ કરણ[20] તીન પ્રથમ સુકલબલ, ખિપકસેની પ્રભુ ચઢિઉ. ૧૪

---

૧. અન્ય. ૨. શરીર. ૩. પર અર્થાત્ પુદ્ગલાદિ પરપદાર્થોમાં રાગદ્વેષ થવાથી. ૪. ત્યાગવાથી સંવર હોય છે. ૫. તપથી નિર્જરા હોય છે. ૬. પવિત્ર. ૭. સ્તુતિ. ૮. પોતાના સ્થાને. ૯. પોતાની રુચિને પ્રિય. ૧૦. સિબિકા–પાલખી. ૧૧. બનાવી. ૧૨. અતિશય આનન્દદાયક વનમાં. ૧૩. નમસ્કાર. ૧૪. રત્નોના પાત્રમાં. ૧૫. સ્થાપન કરીને. ૧૬. સ્વર્ગપુરીમાં. ૧૭. ધર્મધ્યાનના બલથી. ૧૮. ક્ષય ગઈ. ૧૯. સાતમા ગુણસ્થાનમાં. ૨૦. અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રકૃતિ છત્તીસ નવૈં ગુણ,-થાન વિનાસિયા,**
**દસવૈં સૂચ્છમલોભ,—પ્રકૃતિ તહૈં નાસિયા,**
**સુકલ ધ્યાન પદ દૂજૌ, પુનિ પ્રભુ પૂરિયો,**
**[1]બારહવૈં-ગુણ સોરહ, પ્રકૃતિ જુ ચૂરિયો.**

ચૂરિયો ત્રેસઠિ પ્રકૃતિ ઇહવિધ, ઘાતિયા કરમનિતની,
તપ કિયો ધ્યાન પ્રયંત બારહ, વિધ ત્રિલોકસિરોમની,
[2]નિઃક્રમણકલ્યાણક સુ મહિમા, સુનત સબ સુખ પાવહીં,
જન 'રૂપચંદ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૧૫

**૪. જ્ઞાનકલ્યાણક :—**

**તેરહવૈં ગુણ-થાન, સયોગી જિનેસુરો,**
**અનંતચતુષ્ટયમંડિત, ભયો પરમેસુરો,**
**સમવસરન તબ ધનપતિ, બહુવિધ [3]નિરમયો,**
**આગમજુગતિપ્રમાણ, ગગનતલ પરિઠયો.**

પરિઠયો ચિત્રવિચિત્ર મણિમય, સભામંડપ સોહએ,
તિહિ મધ્ય બારહ બને કોઠે, બનક સુરનર મોહએ,
મુનિ કલ્પવાસિનિ અરજિકા, પુનિ, જ્યોતિ-ભૌમ-ભુવન-તિયા
પુનિ, ભવન વ્યંતર નભગ સુર નર, પસુનિ કોઠે બૈઠિયા. ૧૬

**મધ્યપ્રદેશ તીન, મણિપીઠ તહાં બને,**
**ગંધકુટી સિંહાસન, કમલ સુહાવને,**
**તીન છત્ર સિર સોહત, ત્રિભુવન મોહએ,**
**અંતરીચ્છ કમલાસન, પ્રભુતન સોહએ.**

સોહએ ચૌસઠિ ચમર ઢરત, અસોકતરુ તલ છાજએ,
પુનિ દિવ્યધુનિ પ્રતિસબદ જુત તહઁ, દેવ દુંદુભિ બાજએ,

---

૧. બારમા ગુણસ્થાનમાં. ૨. તપકલ્યાણકની ૩. નિર્માણ કર્યું—બનાવ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુરપુહપવૃષ્ટિ સુપ્રભામંડલ, કોટિ રવિ છબિ છાજએ,
ઇમિ અષ્ટ અનુપમ પ્રાતિહારજ, વર વિભૂતિ વિરાજએ. ૧૭

**દુઇસૈ જોજન માન, [1]સુભિચ્છ ચહૂં દિસી,**
**ગગનગમન અરુ પ્રાણી,—વધ નહિ [2]અહનિસી,**
**નિરુપસર્ગ નિરહાર, સદા જગદીસ એ,**
**[3]આનન ચાર ચહૂં દિસિ, સોભિત દીસએ.**

દીસય અસેસ વિસેસ વિદ્યા, વિભવ વર ઈસુરપનો,
છાયા વિવર્જિત શુદ્ધ ફટિક સમાન તન પ્રભુકો બનો,
નહિ નયન પલક પતન કદાચિત, કેસ નખ સમ છાજહીં,
યે ઘાતિયાછયજનિત અતિસય, દસ વિચિત્ર વિરાજહીં. ૧૮

**સકલ અરથમય માગધિ ભાષા જાનિયે,**
**સકલ જીવગત મૈત્રી-ભાવ બખાનિયે,**
**સકલ રિતુજ ફલ ફૂલ, વનસ્પતિ મન હરૈ,**
**દરપનસમ મનિ અવની, પવન ગતિ અનુસરૈ.**

અનુસરૈં પરમાનન્દ સબકૌ, નારી નર જે સેવતા,
જોજન પ્રમાણ ધરા સુમાર્જહિં, જહાં [4]મારુતદેવતા,
પુનિ કરહિં મેઘકુમાર, ગંધોદક સુવૃષ્ટિ સુહાવની,
પદકમલતર સુર ખિપઈ કમલ સુ, ધરણિ સસિસોભા બની. ૧૯

**અમલ ગગન તલ અરુ દિસિ તહઁ અનુહારહીં,**
**ચતુરનિકાય દેવગણ, જય જયકારહીં,**
**ધર્મ ચક્ર ચલે આગે, રવિ જહઁ લાજહીં,**
**પુનિ [5]ભૃંગાર-પ્રમુખ વસુ, મંગલ રાજહીં.**

રાજહીં ચૌદહ [6]ચારુ અતિસય, દેવરચિત સુહાવને,
જિનરાજ કેવલજ્ઞાનમહિમા, અવર કહત કહા બને,

૧. સુભિક્ષ—સુકાલ. ૨. રાતદિન, નિરંતર. ૩. મુખ. ૪. વાયુકુમારના દેવ. ૫. ઝારી આદિ આઠ મંગલ દ્રવ્ય. ૬. સુંદર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તબ ઇન્દ્ર આન કિયો મહોચ્છવ, સભા સોભિત અતિ બની,
ધર્મોપદેસ દિયો તહાં, [૧]ઉચ્છરિય વાણી જિનતણી. ૨૦

**છુધા તૃષા અરુ રાગ, દ્વેષ અસુહાવને,**
**જનમ જરા અરુ મરણ, ત્રિદોષ ભયાવને,**
**રોગ સોગ ભય વિસ્મય, અરુ નિદ્રા ઘણી,**
**ખેદ સ્વેદ મદ મોહ, અરતિ ચિન્તા ગણી.**

ગણિયે અઠારહ દોષ તિનકરિ, રહિત દેવ નિરંજનો,
નવ પરમ કેવલલબ્ધિમંડિત, સિવરમનિ-મનરંજનો,
શ્રી જ્ઞાનકલ્યાણક સુમહિમા સુનત સબ સુખ પાવહીં,
જન 'રૂપચંદ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૨૧

**૫. નિર્વાણકલ્યાણક :–**

**કેવલદૃષ્ટિ ચરાચર, દેખ્યો [૨]જારિસો,**
**ભવ્યનિ પ્રતિ ઉપદેસ્યો, જિનવર [૩]તારિસો,**
**ભવભયભીત મહાજન, સરણૈ આઈયા,**
**રત્નત્રયલચ્છન, સિવ પંથનિ લાઈયા.**

લાઈયા પંથ જુ ભવ્ય પુનિ પ્રભુ, તૃતિય સુકલ જુ પૂરિયો,
તજિ તેરહેં ગુણથાન જોગ, અજોગપથ પગ ધારિયો,
પુનિ ચૌદહેં ચૌથે સુકલબલ, બહત્તર તેરહ હતી,
ઇમિ ઘાતિ વસુ વિધિ કર્મ પહુઁચ્યો, સમયમેં પંચમગતિ. ૨૨

**લોકસિખર તનુવાત,-વલયમહઁ સંઠિયો,**
**ધર્મદ્રવ્યવિન ગમન ન, જિહિ આગૈં કિયો,**
**[૪]મયનરહિત [૫]મૂષોદર, [૬]અંબર [૭]જારિસો,**
**[૮]કિમપિ [૯]હીન નિજતનુતૈં, ભયો પ્રભુ તારિસો.[૧૦]**

---

૧. ખરી. ૨. યાદૃશઃ = જેવું. ૩. તાદૃશઃ = તેવું. ૪. મીણરહિત. ૫. મૂષકયંત્રના ઉદરમાં. ૬. આકાશ. ૭. જેવું. ૮. કિંચિત્. ૯. કમ–ન્યૂન. ૧૦ તેવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારિસો પર્જય નિત્ય અવિચલ, અર્થપરિજય છનછયી,
નિશ્ચયનયેન[1] અનંતગુણ, વિવહાર નય વસુગુણમયી,
વસ્તુ સ્વભાવ વિભાવવિરહિત, સુદ્ધ પરિણતિ પરિણયો,
ચિદ્રૂપ પરમાનંદમંદિર, સિદ્ધ પરમાતમ ભયો. ૨૩

**તનુપરમાણુ [2]દામિનિ પર, સબ ખિર ગયે,**
**રહે સેસ નખકેસ,–રૂપ જે પરિણયે,**
**તબ હરિ પ્રમુખ ચતુરવિધ, સુરગણ સુભ સચ્યો**
**માયામયી નખકેસરહિત, જિનતનુ રચ્યો.**

રચિ અગર ચંદનપ્રમુખ [3]પરિમલ, દ્રવ્ય જિન જયકારિયો,
પદપતિત[4] અગનિકુમારમુકુટાનલ, સુવિધિ સંસ્કારિયો,
નિર્વાણકલ્યાણક સુમહિમા, સુનત સબ સુખ પાવહીં,
જન 'રૂપચંદ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૨૪

**મેં મતિહીન ભગતિવસ, ભાવન ભાઈયા,**
**મંગલગીત પ્રબંધ સુ, જિનગુણ ગાઈયા,**
**જો નર સુનહિં બખાનહિં, સુર ધરિ ગાવહીં,**
**મનવાંછિત ફલ સો નર, નિહચૈ પાવહીં.**

પાવહીં આઠૌ સિદ્ધિ નવ નિધિ, મન પ્રતીત જુ લાવહીં,
ભ્રમભાવ છૂટઈ સકલ મનકે, જિન સ્વરૂપ લખાવહીં,
પુનિ હરહિં પાતક ટરહિં વિઘન, સુ હોહિ મંગલ નિત નયે,
ભણિ 'રૂપચંદ' ત્રિલોકપતિ જિન,–દેવ ચઉસંઘહિ જયે. ૨૫

**(શ્રી મંગલગીત સમાપ્ત)**

---

૧. નિશ્ચયનયથી. ૨. 'દામનિવત' એવો પાઠ પણ છે. ૩. સુગંધિત. ૪. ચરણોમાં નમસ્કાર કરવા પડેલા અગ્નિકુમાર દેવોના મુકુટની અગ્નિથી ભગવાનના શરીરનો અંત્યસંસ્કાર કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨૨. આઠ યોગ દૃષ્ટિની સજ્ઝાય

**(શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કૃત)**

(ઢાળ પહેલી)

## પ્રથમ મિત્રાદૃષ્ટિ-વિચાર

(ચતુર સનેહી મોહના—એ દેશી)

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિઠ્ઠી રે,
તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુઠ્ઠી રે.
વીર જિનેસર દેશના. ૧

સઘન અઘન દિનરયણીમાં, બાલવિકલ ને અનેરા રે,
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે.વી૦૨

દર્શન જે થયાં જુજુઆ, તે ઓઘ નજરને ફેરે રે,
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે.વી૦૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિત કરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે.વી૦૪

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાજે રે,
રયણી શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે.વી૦૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે,
જિહાં મિત્રા તિહાં બોધ જે તે તૃણઅગનિસો લહીએરે.વી૦૬

વ્રત પણ યમ ઇહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે,
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે.વી૦૭

યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે,
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે.વી૦૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે,
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વી૦ ૯

લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે,
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વી૦૧૦

બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે,
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વી૦૧૧

સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે,
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વી૦૧૨

ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે,
તેમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વી૦૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે,
સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે. વી૦૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે,
મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વી૦૧૫

(ઢાળ બીજી)

## બીજી તારાદૃષ્ટિ–વિચાર

(મનમોહન મેરે–એ દેશી)

દર્શન તારાદૃષ્ટિમાં, મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન મ૦
શૌચ સંતોષ ને તપ ભલું મ૦ સજ્ઝાય ઈશ્વર ધ્યાન. મ૦ ૧

નિયમ પંચ ઇહાં સંપજે, મ૦ નહિ કિરિયા ઉદ્વેગ, મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦ પણ નહિ નિજહઠ ટેગ. મ૦ ૨

એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦ યોગ કથા બહુ પ્રેમ, મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાળ્યો વળે જેમ હેમ. મ૦ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજગુણ હાણ, મ૦
ત્રાસ ધરે ભવભય થકી, મ૦ ભવ માને દુઃખખાણ. મ૦ ૪
શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ, મ૦
સુયશ લહે એ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫

(ઢાળ ત્રીજી)

## ત્રીજી બલાદૃષ્ટિ-વિચાર

(પ્રથમ ગોવાલ તણે ભવે જીરે—એ દેશી)

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ઠઅગ્નિ સમ બોધ,
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.
જિનજી, ધન ધન તુજ ઉપદેશ. ૧
તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત,
સાંભળવા તેમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિ૦૨
સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકૂપ,
શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે જિ૦૩
મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન,
તે ઇચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિ૦૪
વિઘન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય,
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે. જિ૦૫

(ઢાળ ચોથી)

## ચોથી દીપ્તાદૃષ્ટિ-વિચાર

(ઝાંઝરીઆ મુનિવર, ધન ધન તુમ અવતાર—એ દેશી)

યોગ દૃષ્ટિ ચોથી કહીજી, દીપ્તા તિહાં ન ઉત્થાન,
પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભા સમ જ્ઞાન.
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરક અંતર ભાવ,
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મ૦ ૨

ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી,–છાંડે પણ નહિ ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મ૦ ૩

તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઇહાં હોયે બીજ પ્રરોહ,
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ. મ૦ ૪

સૂક્ષ્મબોધ તોપણ ઇહાંજી, સમકિત વિણ નહિ હોય,
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મ૦ ૫

વેદ્ય બંધશિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ,
નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મ૦ ૬

તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ,
તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંતે નિવૃત્તિ. મ૦ ૭

એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય,
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મ૦ ૮

લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ,
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ. મ૦ ૯

એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર,
સાધુ સંગ આગમતણોજી, [1]તે જીત્યો ધુરંધોર. મ૦૧૦

તે જીતે સહેજે ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર,
દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર. મ૦૧૧

હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર,
આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર. મ૦૧૨

---

૧. પાઠાંતર–તે જીતે ધરી જોર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધીજે તે પતિઆવવું જી, આપમતે અનુમાન,
આગમ ને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મ૦૧૩

નહિ સર્વજ્ઞ જાુજાુઆજી, તેહના જે વળી દાસ,
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મ૦૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર,
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર. મ૦૧૫

ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત,
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત. મ૦૧૬

આદરકિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ,
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ. મ૦૧૭

બુદ્ધિ ક્રિયા ભવફલ દિયેજી, જ્ઞાનક્રિયા શિવઅંગ,
અસંમોહ કિરિયા દિયેજી, શીઘ્ર મુક્તિફલ ચંગ. મ૦૧૮

પુદ્ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન,
એક માર્ગ તે શિવતણોજી, ભેદ લહે જગદીન. મ૦૧૯

શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન,
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મ૦૨૦

શબ્દ ભેદ ઝઘડો કિસ્યોજી, પરમારથ જો એક,
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહિ છેક. મ૦૨૧

ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સંન્યાસ,
તો ઝઘડા મોટા તણોજી, મુનિને કવણ અભ્યાસ. મ૦૨૨

અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ,
તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ. મ૦૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઢાળ પાંચમી)

## પાંચમી સ્થિરાદૃષ્ટિ-વિચાર

(ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી)

દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે,
ભ્રાંતિ નહીં વળી બોધ તે સૂક્ષમ, પ્રત્યાહાર વખાણો રે. ૧

એ ગુણ વીર(રાજ)તણો ન વિસારું, સંભારું દિનરાત રે,
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. એ૦૨

બાલ ધૂલિ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે,
રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસે રે. એ૦૩

વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે,
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ૦૪

શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે,
ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ લાગે અનિષ્ટ તે મનનેરે. એ૦૫

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે,
ચિદાનંદઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે? એ૦૬

---

(ઢાળ છઠ્ઠી)

## છઠ્ઠી કાંતાદૃષ્ટિ-વિચાર

(ભોલીડા હંસા રે વિષય ન રાચીએ—એ દેશી)

અચપલ રોગરહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ,
ગંધ તે સારો રે કાંતિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન ધન શાસન શ્રી જિનવરતણું. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિકયુત ચિત્ત,
લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય.ધ૦૨

નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ,
નાશ વૈરનો રે બુદ્ધિ શતંભરા, એ નિષ્પન્નહ યોગ.ધ૦૩

ચિહ્ન યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ,
પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીએ, એહવા તેહ ગરિઠ.ધ૦૪

છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ્ર પ્રકાશ,
તત્ત્વ મીમાંસારે દૃઢ હોયે ધારણા, નહિ અન્ય શ્રુતવાસ.ધ૦૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત,
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.ધ૦૬

એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહીં ભવહેત,
નવિ ગુણદોષ ન વિષયસ્વરૂપથી, મન ગુણ-અવગુણ ખેત.ધ૦૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ,
સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ.ધ૦૮

ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ,
તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી સુયશ સંયોગ.ધ૦૯

---

(ઢાળ સાતમી)

## સાતમી પ્રભાદૃષ્ટિ-વિચાર

(એ છિંડી કિહાં રાખી–એ દેશી)

અર્કપ્રભા સમ બોધપ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી,
તત્ત્વ તણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહીં સુખપુઠ્ઠી રે.
ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ,
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે? ભ૦૨

નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી,
અનુભવવિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે. ભ૦૩

એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું,
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું રે. ભ૦૪

વિષભાગક્ષય, શાંતવાહિતા, શિવ મારગ ધ્રુવનામ,
કહે અસંગક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશ પરિણામ રે. ભ૦૫

---

(ઢાળ આઠમી)

## આઠમી પરાદૃષ્ટિ-વિચાર

રાજ સમર તું, રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને,
માથા ઉપર મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને.

—એ દેશી

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી,
નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહિ અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષેજી,
આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી,
શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ૨

ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહાજી. ૩

---

## ઉપસંહાર

એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી,
કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી,
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરુ-દેવ-દ્વિજ-પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહિયેજી,
યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયેજી,
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિનામેજી,
શુદ્ધ રુચેં પાલ્યે અતિચારહ, ટાલે ફળ પરિણામેજી. ૫

કુલયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી,
શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
જલહલતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ૬

ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહસું અંતર ભાંજેજી,
જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજેજી,
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી. ૭

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દીસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી,
લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણરયણેજી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક યશને વયણેજી. ૮

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# *૨૩. છૂટક પદો

"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા,"
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.
લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ ? ૧
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય,
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય ? ૨
જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત,
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩
કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર,
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪
આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ,
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

(૨)

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ,
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ. ૧
તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ,
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨
પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર,
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૩
ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ,
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪
બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહિ હોય,
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય. ૫

વિ. સં. ૧૯૪૫ —શ્રીમદ્‌ રાજચંદ્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મધ્યાહ્ન પછીની ભક્તિનો ક્રમ : સમય ૨ થી ૪ા)

મંગલાચરણ તથા જિનેશ્વરની વાણી : પૃષ્ઠ ૧–૨

વીશ દોહરા–યમનિયમ–ક્ષમાપના : પૃષ્ઠ ૬–૧૯–૨૦

---

# ૨૪. ગુણસ્થાન આરોહણ ક્રમ

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો ? અપૂર્વ૦

૨ સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦

૪ આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો,
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦

૫ સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬ પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦

૭ ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮ બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦

૯ નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦ શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦

૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન, ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
સરસ અન્ને નહિ મનને પ્રસન્નભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો,
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦

૧૭ મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦

૧૯ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦

૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

૨૧ એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો,
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦

—શ્રીમદ્ રાજચંદ્ર

## *૨૫. મૂળમાર્ગ રહસ્ય

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂ૦
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂ૦ ૧

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત, મૂ૦
માત્ર કહેવું પરમારથ હેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત. મૂ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ, મૂ૦
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂ૦ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, મૂ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ, મૂ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ મૂ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત, મૂ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. મૂ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ, મૂ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ, મૂ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ, મૂ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂ૦૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ, મૂ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂ૦૧૧

આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨

---

(સાયંકાળની ભક્તિનો ક્રમ : સમય ૬)

## ૨૬. સાયંકાળની સ્તુતિ તથા દેવવંદન

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં, શબ્દજીતવરાત્મજમ્
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐકારં બિંદુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૨

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ,
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહત્તત્ત્વ મહનીય મહઃ મહાધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીનભુવન ચૂડારતન, – સમ શ્રી જિનકે પાય,
નમત પાઇએ આપ પદ, સબ વિધિ બંધ નશાય ૬

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૭

દર્શનાદ્ દુરિતધ્વંસિ વંદનાદ્ વાંછિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૮

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધિ,
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ-સિદ્ધિ. ૯

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્,
એકં નિત્યં વિમલમચલં સર્વદા સાક્ષીભૂતમ્,
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ. ૧૦

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્,
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં,શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ. ૧૧

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વદામિ,શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ,શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ. ૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્,
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા. ૧૪

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્,
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૫

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૬

ધ્યાનધૂપં મનઃપુષ્પં પંચેન્દ્રિય હુતાશનમ્,
ક્ષમાજાપ સંતોષપૂજા પૂજ્યો દેવો નિરંજનઃ ૧૭

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મે, ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે,
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયા પરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે. ૧૮

પરાત્પરગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ સાક્ષાત્ પ્રત્યક્ષસદ્ગુરવે નમોનમઃ ૧૯

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૨૦

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨૧

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન. ૨૨

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૨૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૨૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## નમસ્કાર

જય જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી અંતરજામી ભગવાન, ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૫

## નમસ્કાર

જય જય ગુરુદેવ ! ..................મત્થએણ વંદામિ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૨૬

## નમસ્કાર

જય જય ગુરુદેવ ! ......... મત્થએણ વંદામિ.

નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં, શરણં, ત્રિકાલશરણં, ભવોભવ શરણં, સદ્ગુરુશરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનય વંદન હો, સમયાત્મક વંદન હો; ૐ નમોઽસ્તુ જય ગુરુદેવ શાંતિ પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ, પરમ મયાળ, પરમ કૃપાળ, વાણીસુરસાળ, અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, 'મા હણો મા હણો' શબ્દના કરનાર, આપકે ચરણકમલમેં મેરા મસ્તક, આપકે ચરણકમલ મેરે હૃદયકમલમેં અખંડપણે સંસ્થાપિત રહે, સંસ્થાપિત રહે; સત્પુરુષોંકા સત્સ્વરૂપ, મેરે ચિત્તસ્મૃતિકે પટપર ટંકોત્કીર્ણવત્ સદોદિત, જયવંત રહે, જયવંત રહે.

આનંદમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીમદ્ગુરું નિત્યમહં નમામિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૭. આરતી (૧)

જય જય આરતી સદ્‌ગુરુરાયા,
શ્રીમદ્‌ રાજચંદ્ર નમું (તુજ) પાયા. જય૦ ૧
પહેલી આરતી મિથ્યા ટાળે,
સમ્યગ્‌જ્ઞાન પ્રકાશ નિહાળે. જય૦ ૨
બીજી આરતી બીજ ઉગાડે,
દ્વંદ્વાતીતપણાને પમાડે. જય૦ ૩
ત્રીજી આરતી ત્રિકરણ શુદ્ધિ,
થાયે સહેજે નિર્મળ બુદ્ધિ. જય૦ ૪
ચોથી આરતી અનંત ચતુષ્ટય,
પરિણામે આપે પદ અવ્યય. જય૦ ૫
પંચમી આરતી પંચ સંવરથી,
શુદ્ધ સ્વભાવ સહજ લહે અરથી. જય૦ ૬
શ્રીમદ્‌ સદ્‌ગુરુરાજ કૃપાએ,
સત્ય મુમુક્ષુપણું પ્રગટાયે. જય૦ ૭

---

## આરતી(૨)

જય દેવ, જય દેવ, જય પંચ પરમ પદ સ્વામી,
પ્રભુ પંચ પરમ પદ સ્વામી,
મોહાદિક હણ્યાથી (૨) અનંત ગુણધામી. જયદેવ૦ ૧
લોકાલોક પ્રકાશક, સૂર્ય પ્રગટ જ્ઞાની, પ્રભુ૦
આરતી કરી જીવ પામે (૨) શિવપદ સુખખાણી. જયદેવ૦ ૨
પહેલી આરતી પ્રભુની, જિજ્ઞાસુ કરતા, પ્રભુ૦
નિજ પદ લક્ષ લહી તે (૨) મિથ્યામતિ હરતા. જયદેવ૦ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજી આરતી પ્રભુની, સમકિતી કરતા, પ્રભુ૦
પ્રભુ સમ નિજ ચિદ્રૂપને (૨) અંતર અનુભવતા. જયદેવ૦ ૪
ત્રીજી આરતી પ્રભુની, શાંત સુધા ઝરતા, પ્રભુ૦
રત્નત્રય ઉજ્જ્વલથી (૨) ધર્મ ધ્યાન ધરતા. જયદેવ૦ ૫
ચોથી આરતી પ્રભુની, શ્રેણી ક્ષપક ચડતા, પ્રભુ૦
શુક્લ ધ્યાન વર યોગે (૨) મોહ શત્રુ હણતા. જયદેવ૦ ૬
પંચમી આરતી પ્રભુની, કેવલશ્રી વરતા, પ્રભુ૦
ધન્ય ધન્ય વર યોગે (૨) સિદ્ધિસદન વસતા. જયદેવ૦ ૭
શુદ્ધ ચિદાત્મની આરતી, આત્માર્થી કરતા, પ્રભુ૦
શ્રી ગુરુરાજ-કૃપાથી (૨) ભવજલધિ તરતા. જયદેવ૦ ૮

---

## ૨૮. મંગલ દીવો (૧)

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
શ્રીમદ્ સદ્ગુરુ શાશ્વત જીવો. દીવો૦ ૧
સમ્યગ્દર્શન નયન અજવાળે,
કેવલ જ્ઞાન પ્રકાશ નિહાળે. દીવો૦ ૨
ભવભ્રમતિમિરનું મૂળ નસાવે,
મોહ પતંગની ભસ્મ બનાવે. દીવો૦ ૩
પાત્ર મુમુક્ષુ ન નીચે રાખે,
તપવે નહિ એ અચરિજ દાખે. દીવો૦ ૪
કલિમલ સબ ઉત્પત્તિ જાયે,
શ્રીમદ્ સદ્ગુરુ સદાય વરાયે. દીવો૦ ૫
શ્રોતા વક્તા ભક્ત સકલમેં,
શિવકર વૃદ્ધિ કરે મંગલમેં. દીવો૦ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમદ્ સેવક ભાવ પ્રભાવે,
સેવક સેવ્ય અભેદ સ્વભાવે. દીવો૦ ૭

---

## મંગલ દીવો (૨)

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
જ્ઞાન દીવો પ્રભુ તુજ ચિરંજીવો. દીવો૦ ૧
નિશ્ચય દીવે પ્રગટે દીવો,
પ્રગટાવો ભવિ દિલમાં દીવો. દીવો૦ ૨
પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા,
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦ ૩
બહિરાતમતા તજી પ્રભુ શરણે,
બનો અંતરાત્મા પ્રભુ સ્મરણે. દીવો૦ ૪
પરમાતમતા નિશદિન ભાવે,
આતમ અર્પણતા તો થાવે. દીવો૦ ૫
આત્મભાવના સતત અભ્યાસે,
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦ ૬
આત્મદૃષ્ટિ દીવો જલહલતો,
પ્રગટ્યો ઉરમાં જન્મ સફલ તો. દીવો૦ ૭
શ્રીમદ્ સદ્ગુરુ રાજકૃપાથી,
સ્વરૂપસિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦ ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(રાત્રિની ભક્તિનો ક્રમ : સમય ૭|| થી ૯||)

વંદન તથા પ્રણિપાત સ્તુતિ : પૃષ્ઠ ૩૮
મંગળાચરણ તથા જિનેશ્વરની વાણી : પૃષ્ઠ ૧–૨
વીશ દોહરા–યમનિયમ : પૃષ્ઠ ૬–૧૯

## ૨૯. ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ)

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે,
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે,
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો,
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા,
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

વિ. સં. ૧૯૪૧ --શ્રીમદ્ રાજચંદ્ર

---

## (૩૦)

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત,
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ,
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ,
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ,
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

મુંબઈ, ૧૯૪૭ —શ્રીમદ્ રાજચંદ્ર

---

## ૩૧. અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહીં એક્કે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે,
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું,
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

વિ. સં. ૧૯૪૧ —શ્રીમદ્ રાજચંદ્ર

## ૩૨. બ્રહ્મચર્ય વિષે સુભાષિત

(દોહરા)

નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. ૧
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ,
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર,
નૃપતિ જીતતાં જીતિયે, દળ પુર ને અધિકાર. ૩
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન,
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫
સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ,
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

વિ. સં. ૧૯૪૧ —શ્રીમદ્ રાજચંદ્ર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્ષમાપના – છ પદનો પત્ર, પૃષ્ઠ ૨૦–૨૧
વીતરાગનો કહેલો....ધર્મ....પૃષ્ઠ ૨૬
મુખપાઠ પત્રો, મોક્ષમાળાના પાઠ વગેરે....
**ત્રણ મંત્રની માળા**

---

# ૩૩. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહીં;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહા મોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી-લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહી. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ. ૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીના, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થી-લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આંહી. ૪૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ષટ્પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે' 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

## (૧) શંકા – શિષ્ય ઉવાચ

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

## (૧) સમાધાન -- સદ્ગુરુ ઉવાચ

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

## (૨) શંકા -- શિષ્ય ઉવાચ

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૨) સમાધાન -- સદ્‌ગુરુ ઉવાચ

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ-સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

## (૩) શંકા -- શિષ્ય ઉવાચ

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

## (૩) સમાધાન -- સદ્‌ગુરુ ઉવાચ

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮

## (૪) શંકા -- શિષ્ય ઉવાચ

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૪) સમાધાન -- સદ્‌ગુરુ ઉવાચ

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

## (૫) શંકા -- શિષ્ય ઉવાચ

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

## (૫) સમાધાન – સદ્‌ગુરુ ઉવાચ

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૬) શંકા – શિષ્ય ઉવાચ

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન -- સદ્‌ગુરુ ઉવાચ

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, અંતરદયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય. ૧૧૮

## શિષ્ય-બોધબીજપ્રાપ્તિકથન

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રન્થ. ૧૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિસમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ
ગુરુઆજ્ઞાસમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

( શ્રી નડિયાદ, આસો વદ ૧, ગુરુ, ૧૯૫૨ )

---

( આત્મસિદ્ધિ પછી આશ્રમમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશામૃતનું અને પૂ. શ્રી બ્રહ્મચારીજીના બોધામૃતનું અડધો કલાક નિયમિત વાંચન થાય છે. )

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૪. ભક્તિના છંદો

(૧)

સહજાત્મસ્વરૂપ, ટાળો ભવકૂપ, અખિલ અનુપમ બહુનામી;
પ્રભુ નિષ્કામી, અંતરજામી, અવિચળધામી હે સ્વામી !
જય જય જિનેંદ્ર, અખિલ અજેન્દ્ર, જય જિનચંદ્ર હે દેવા;
હું શરણ તમારે, આવ્યો દ્વારે, ચઢજો વ્હારે કરું સેવા;
સુખશાંતિદાતા, પ્રભુ પ્રખ્યાતા, દિલના દાતા હે સ્વામી.સ૦૧

જય મંગળકારી, બહુ ઉપકારી, આશ તમારી દિલ ધરીએ;
અભયપદ ચહું છું, કરગરી કહું છું શરણે રહું છું સ્તુતિ કરીએ;
આ લક્ષ ચોરાસી ખાણ જ ખાસી, જઉં છું ત્રાસી હે સ્વામી.સ૦૨

નવ જોશો કદાપિ, દોષો તથાપિ, કુમતિ કાપી હે ભ્રાતા;
મુક્તિપદ દાતા, પ્રમુખ મનાતા, સન્મતિ દાતા હે ત્રાતા;
કૃતિઓ નવ જોશો અતિશય દોષો સઘળા ખોશો હે સ્વામી.સ૦૩

હું પામર પ્રાણીનું દુઃખ જાણી, અંતર આણીને તારો;
ઘર ધંધાધાણી શિર લઈ તાણી, ભટક્યો ખાણી ભવ ખારો;
મને રસ્તે ચડાવો, કદી ન ડગાવો, ચિત્ત રખાવો દુઃખવામી.સ૦૪

ઉત્તમ ગતિ આપો, સદ્ધર્મ સ્થાપો, કિલ્વિષ કાપો હાથ ગ્રહી;
પ્રકાશે પ્રતાપો, અખિલ અમાપો, ભવદુઃખ કાપો નાથ સહી;
અવનીમાં તમારો સૌથી સારો જે શુભ ધારો સુખધામી.સ૦૫

---

(૨)

જય જગતત્રાતા, જગતભ્રાતા, જન્મ હર જગદીશ્વરા,
સુખ સર્વ કારણ, ધર્મધારણ, ધીર વીર મહેશ્વરા;
અતિ કર્મ કંદન, ચિત્ત ચંદન, ચરણ કમળે ચિત્ત ધરું;
સહજાત્મરૂપી સેવ્ય ગુરુને વંદના વિધિએ કરું. ૧


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદસાગર-ચંદ્ર, નાગર-વૃંદ શ્રી સુખકંદ છો;
ભવ ફંદ હારક, છંદ ધારક, સર્વ સદ્‌ગુણ ચંદ્ર છો;
સુખકાર છો ભવપાર નહિ કંઈ સાર ચિત્તમાં હું ધરું.સ૦૨

વિકરાળ આ કળિકાળ કેરી, ફાળથી ભય પામતો;
ગુરુ ચરણ કેરા શરણ આવ્યો, ચિત્તમાં વિશ્રામતો;
ગુરુ પૂરણ પ્રેમી કર ધરે શિર એમ આશા આચરું.સ૦૩

કરી કોપ ચાર કષાય બાંધે, બંધ આશા પાશનો;
અતિ માર મારે માર તેમાં, કામની અભિલાષનો;
છો નિર્વિકારી પાસ રાખો, ભક્તિ હું દિલમાં ધરું.સ૦૪

નિજ ધામ ચંચળ, વિત્ત ચંચળ, ચિત્ત ચંચળ સર્વથી;
હિત મિત્ર ને સુકલત્ર ચંચળ, જાય શું મુખથી કથી;
સ્થિર એક સદ્‌ગુરુ દેવ છો, એ ટેક અંતર આદરું.સ૦૫

ભવ મંડપે કરી પ્રીત માયાસેજ સુંદર પાથરી;
ત્યાં નિત્ય સૂતો ગાઢ નિદ્રા, મોહની અતિ આચરી,
જાગ્રત કરી ગુરુ રાજચંદ્રે, બોધદાન કર્યું શરૂ.સ૦૬

જયકાર શ્રી ગુરુદેવનો, જન જગતમાંહી ગજાવજો;
શુભ ભક્તના જે ધર્મ, તે અતિ પ્રેમ સાથ બજાવજો;
ગુરુ ધર્મધારક, કર્મવારક, ધ્યાનમાં નિત્યે ધરું.સ૦૭

---

(૩)

દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી, ખરા ચિત્તથી ધ્યાનમાંહી વિહારી;
ઘણા શિષ્યના આપ સંતાપહારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૧

કર્યો ક્રોધ તો ક્રોધને મારવાને, ધર્યો લોભ તો ધ્યાનને ધારવાને;
મહા મોહહારી નિજાનંદ ધારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદા નિર્વિકારી મહા બ્રહ્મચારી, ન પ્હોંચે સ્તુતિમાં મતિ કાંઈ મારી;
નિરાધાર આ બાલ માટે વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૩

કદી નાથ સામું ન જોશો અમારા, તથાપિ અમે છીએ સદાયે તમારા;
હવે આપ ઓ બાપ! તારો વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૪

ક્ષમા, ધૈર્ય, ઔદાર્યના જન્મસિંધુ! સદા લોકથી દીનના આપ બંધુ;
ન શક્તિ કશા કામમાંહી અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૫

ગુણી જ્ઞાનવંતા વિવેકી વિચારો, મને આશરો એક ભાવે તમારો;
દયાળુ હવે પ્રાર્થના લ્યો અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૬

---

(૪)

જડબુદ્ધિ જીવ, સંતવિના શુદ્ધ મારગ કોણ બતાવે ? એ દેશી.

અહો ! રાજચંદ્ર દેવ, રાત દિવસ મને રહેજો રટણ તમારું.

તુમે પતિતપાવન છો સ્વામી,
હું તો લોભી લંપટ ને કામી,
તે તો જાણો છો અંતરજામી. અહો ! રાજ૦૧

નથી જપ તપ સાધન કાંઈ કર્યું,
નથી ચરણકમળમાં ચિત્ત ધર્યું;
મન રેંટ તણી પેરે જાય ફર્યું. અહો ! રાજ૦૨

મને મોહકટક લાગ્યું પૂંઠે,
નિત્ય ઘેરીને મુજને લૂંટે,
તમે છોડાવો પ્રભુ તો છૂટે. અહો ! રાજ૦૩

અહો! ભાનુ સમાન પ્રગટ મણિ,
મારા અનંત દોષ કાઢો ધણી,
ક્ષણ દૃષ્ટિ કરો મુજ રંક ભણી. અહો ! રાજ૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ કરુણાસાગર આપ અહો !
મુજ પામરની પ્રભુ બાંહ્ય ગ્રહો,
તુમ સેવા મુને સદાય રહો.અહો ! રાજ૦૫

જ્ઞાન દર્શન ચરણ ક્ષાયક જાણી,
પ્રભુ સહજ સ્વભાવ પ્રગટ મણિ,
આપો મને દેવ હો રંક ગણી.અહો ! રાજ૦૬

દિવ્ય જ્ઞાન કળા પ્રભુ અકળ અહો!
મુજ પામરથી ન કળાય અહો !
તુમ મુદ્રા દેખી પ્રતીત ભયો.અહો ! રાજ૦૭

તુમે મોક્ષમાર્ગ ઉજ્જવળ કિયો,
કુળ મતાગ્રહાદિ છેદ દિયો,
અહો! ભવ્યને કારણ દેહ લિયો.અહો ! રાજ૦૮

અહો! વિષયકષાય અભાવ કિયો,
પ્રભુ સહજ સ્વભાવે ધર્મ લિયો,
નિરઉપાધિપદ સહજ ગ્રહ્યો.અહો ! રાજ૦૯

પરમ શીતળ અનંત દયા તુમમેં,
પ્રભુ સ્યાદ્‌વાદશૈલી તુમ ઘટમેં,
તુજ ચરણકમળ સેવા દ્યો મુજને. અહો!રાજ૦૧૦

તુમ જ્ઞાનકળા અખંડ પ્રગટી,
હું પામર ગુણ શું કહું કથી ?
જૈન શૈલી પામું હું તુમ થકી. અહો!રાજ૦૧૧

પ્રભુ ચાર ગતિમાં હું ભટક્યો,
હવે સ્વામી તુજ ચરણે આવ્યો,
મુનદાસ ગુલામ છે તુમ જાયો. અહો!રાજ૦૧૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૫. સ્તવનો

## (૧) શ્રી ઋષભદેવ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ મારુ--કરમ પરીક્ષા કરણ કુંવર ચલ્યો રે--એ દેશી)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.
ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.
ઋષભ૦ ૨

કોઈ કંત કારણ [૧]કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ [૨]કહિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય.
ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન [૩]ધાતુમિલાપ.
ઋષભ૦ ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને રે લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ.
ઋષભ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.
ઋષભ૦ ૬

---

૧. કાષ્ઠમાં બળી મરે. ૨. પાઠાંતર–કહીયે. ૩. પ્રકૃતિ, સ્વભાવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(નીંદરડી વેરણ હુઈ રહી—એ દેશી)

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન-
ઉચ્ચાર. ઋષભ૦ ૧

કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું [1]વ્યવધાન.
ઋષભ૦ ૨

પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ.
ઋષભ૦ ૩

પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી [2]નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ.
ઋષભ૦ ૪

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમપુરુષથી[3] રાગતા, એકત્વતા હો દાખી ગુણ-ગેહ.
ઋષભ૦ ૫

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ.
ઋષભ૦ ૬

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી)

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઊપજે, દર્શન અતિ હી આનંદ લાલ રે. જ૦૧

૧ હકીકત. ૨ રાગરૂપ વિષ રહિત. ૩ પરમાત્માથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંખડી અંબુજપાંખડી, અષ્ટમી શશીસમ ભાલ લાલરે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહી રસાળ લાલ રે.૪૦૨

લક્ષણ અંગે વિરાજતાં, [૧]અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે.૪૦૩

ઇંદ્ર, ચંદ્ર રવિ ગિરિ તણા ગુણ[૨] લઈ ઘડિયું અંગ લાલરે;
ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે.૪૦૪

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે.૪૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર-નિવેશે.
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૧

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ કોઈ ન મુક્તિ જાવે
હો પ્રભુજી ! ઓ૦ ૨

સિદ્ધનિવાસ લહે ભવિસિદ્ધિ[૩] તેમાં શો પાડ તમારો ?
તો ઉપકાર તમારો લહીએ, અભવ્યસિદ્ધને[૪] તારો.
હો પ્રભુજી ! ઓ૦ ૩

નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા [૫]મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે સાબાશી.
હો પ્રભુજી ! ઓ૦ ૪

---

૧ એક હજાર આઠ (૧૦૦૮) ૨ રૂપ, સૌમ્યતા, પ્રતાપ અને ધૈર્ય.
૩ ભવ્ય જીવો ૪ અભવ્યોને ૫ લૂંટારા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય?
હો પ્રભુજી ! ઓ૦ ૫

સેવાગુણરંજ્યા ભવિજનને, જો તુમ કરો વડભાગી;
તો તમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નીરાગી.
હો પ્રભુજી ! ઓ૦ ૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગજયકારી;
રૂપ વિબુધનો મોહન પભણે, વૃષભલંછન બલિહારી.
હો પ્રભુજી ! ઓ૦ ૭

---

## (૨) શ્રી અજિતનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ આશાવરી–મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે–એ દેશી)

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?
પંથડો૦ ૧

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર.
પંથડો૦ ૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.
પંથડો૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
પંથડો૦ ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
પંથડો૦ ૫

કાળલબ્ધિ[૧] લહી પંથ નિહાળશું રે, એ આશા [૨]અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ.
પંથડો૦ ૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(દિખો ગતિ દૈવની રે–એ દેશી)

જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર;
તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર.
અજિત જિન તારજો રે, તારજો દીનદયાળ. અ૦૧

જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;
મળતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ. અ૦૨

કાર્યસિદ્ધિ કર્તા વશુ રે, લહી કારણ સંયોગ;
નિજપદકારક પ્રભુ મિલ્યા રે, હોય [૩]નિમિત્તહ ભોગ. અ૦૩

અજકુલગત કેશરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;
તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ. અ૦૪

કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ;
નિજ પદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ. અ૦૫

એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ;
સ્યાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનુપ. અ૦૬

---

૧ ભવસ્થિતિ પરિપાક. ૨ પાઠાંતર–અવિલંબ. ૩ નિમિત્તના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરોપિત સુખ-ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય. અ૦૭

ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજભાવ. અ૦૮

શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ;
સકલ થયા સત્તારસી રે, જિનવર-દરિસણ પામ. અ૦૯

તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;
દેવચંદ્ર સુખ સાગરુ રે, ભાવ ધરમ દાતાર. અ૦૧૦

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(નીંદરડી વેરણ હુઈ રહી–એ દેશી)

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીઓ, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે.
અજિત૦ ૧

ગંગાજલમાં જે રમ્યા, કિમ [૧]છિલ્લર હો રતિ પામે [૨]મરાળ કે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે.
અજિત૦ ૨

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
અજિત૦ ૩

કમલિની દિનકર-કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;
ગૌરી[૩] ગિરીશ,[૪] ગિરિધર[૫] વિના, નવિ ચાહે હો કમલા[૬] નિજ
ચિત્ત કે. અજિત૦ ૪

---

૧ છીછરું પાણી. ૨ હંસ ૩. પાર્વતી ૪. શંકર ૫. હરિ–વિષ્ણુ ૬ લક્ષ્મી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય સુગુરુતણો, વાચક જસ હો નિત નિત ગુણ
ગાય કે. અજિત૦ ૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(મોતીડાની–દેશી)

અજિત અજિત જિન અંતરજામી,
અરજ કરું છું પ્રભુ શિર નામી;
સાહિબા સસનેહી સુગુણજી,
વાતલડી કહું કેહી. ૧

આપણ બાળપણાના સ્વદેશી,
તો હવે કેમ થાઓ છો વિદેશી ?
પુણ્ય અધિક તુમે હુવા જિણંદા,
આદિ અનાદિ અમે તો બંદા. સાહિબા૦ ૨

તાહરે આજે મણાઈ છે શાની ?
તુંહી જ લીલાવંત, તું જ્ઞાની;
તુજ વિણ અન્યને કો નથી ધ્યાતા,
તો જો તું છે લોકવિખ્યાતા. સાહિબા૦ ૩

એકને આદર એકને અનાદર,
એમ કેમ ઘટે તુજને કરુણાકર;
દક્ષિણ વામ નયન બિહું સરખી,
કુણ ઓછું કુણ અધિકું પરખી. સાહિબા૦ ૪

સ્વામિતા મુજથી ન રાખો સ્વામી,
શી સેવકમાં જુઓ છો ખામી ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ન લહે સન્માન સ્વામીનો,
તો તેને કહે સહુકો [1]કમીનો. સાહિબા૦ ૫

રૂપાતીત જો મુજથી થાશો,
ધ્યાશું રૂપ કરી જ્યાં જાશો;
જડ પરમાણુ અરૂપી કહાયે,
ગહત સંયોગે શું રૂપી ન થાયે. સાહિબા૦ ૬

ધન તો ઓળગે[2] કિમપિ ન દેવે,
જો દિનમણિ કનકાચલ સેવે;
એવું જાણી તુજને સેવું,
તાહરે હાથ છે ફળનું દેવું. સાહિબા૦ ૭

તુજ પદપંકજ મુજ મન વળગ્યું,
જાયે કિહાં છંડીને અળગું ?
મધુકર [3]મયગલ યદ્યપિ રાચે,
પણ [4]સુને મુખે લાલ નવિ માચે. સાહિબા૦ ૮

તારક બિરુદ કહાવો છો મોટા,
તો મુજથી કિમ થાશો ખોટા;
રૂપ વિબુધનો મોહન ભાખે,
અનુભવરસ આનંદશું ચાખે. સાહિબા૦ ૯

---

(૨)

ઓળગ અજિતજિણંદની, માહરે મન માની;
માલતી-મધુકરની પરે, બની પ્રીત અછાની,
વારી હું જિતશત્રુસુતતણા, મુખડાને મટકે. વારી૦ ૧

---

૧. હલકો, દુર્ભાગી. ૨. નમસ્કાર કરવાથી. ૩. હાથી. ૪. કૂતરીના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવર કોઈ જાચું નહીં, વિણ સ્વામી સુરંગા;
ચાતક જેમ જલધર વિના, નવિ સેવે ગંગા. વારી૦ ૨

એ ગુણ પ્રભુ કિમ વીસરે, સુણી અન્ય પ્રશંસા;
છિલ્લર કિણવિધ રતિ ધરે, માનસરના હંસા. વારી૦ ૩

શિવ એક ચંદ્રકળા થકી, લહી ઈશ્વરતાઈ;
અનંત કળાધર મેં ધર્યો, મુજ અધિક પુણ્યાઈ. વારી૦ ૪

તું ધન, તું મન, તન તુંહી, સસનેહા સ્વામી;
મોહન કહે કવિ રૂપનો, જિન અંતરજામી. વારી૦ ૫

---

## (૩) શ્રી સંભવનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ સામગ્રી—રાતડી રમીને કિહાંથી આવિયા રે—એ દેશી)

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુસેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.સં૦૧

ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ.સં૦૨

ચરમાવર્ત[૧] હો ચરમકરણ[૨] તથારે,ભવપરિણતિ પરિપાક;
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન-વાક.સં૦૩

પરિચય પાતિક-ઘાતિક[૩] સાધુશું રે,અકુશળ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નયહેત.સં૦૪

કારણજોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ.સં૦૫

---

૧. છેલ્લું પુદ્ગલ પરાવર્તન. ૨. અનિવૃત્તિકરણ. ૩. પાપસંહારક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;
દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ.સં૦૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(ધનરા ઢોલા—એ દેશી)

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ જિનવર પૂજો,
સ્વપર-પ્રકાશક દિનમણિ રે, સમતા રસનો ભૂપ જિન૦
પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ જિન૦ પૂ૦ ૧

અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ જિન૦
હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ જિન૦ પૂ૦ ૨

ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ જિન૦
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ જિન૦ પૂ૦ ૩

કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનુપ જિન૦
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ જિન૦ પૂ૦ ૪

એક વાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય જિન૦
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય જિન૦ પૂ૦ ૫

પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણ ગેહ જિન૦
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ જિન૦ પૂ૦

જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ જિન૦
જગત શરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ જિન૦ પૂ૦ ૭

નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ જિન૦
દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ જિન૦ પૂ૦ ૮

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખિજમતે, કદીય હોશો ફલદાતા રે.સં૦૧

કર જોડી ઊભો રહું, રાતદિવસ તુમ ધ્યાનો રે;
જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનો રે.સં૦૨

ખોટ ખજાને કો નહીં, દીજીએ વાંછિત દાનો રે;
કરુણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે.સં૦૩

કાળલબ્ધિ મુજ [1]મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજબચ્ચું, ગાજે [2]ગયવર સાથે રે.સં૦૪

દેશો તો તુમ હી ભલા, બીજા તો નવિ યાચું રે;
વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે.સં૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(આઘા આમ પધારો પૂજ્ય—એ દેશી)

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું,
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જિનજી મુજને. ૧

એમ મત જાણો જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું;
પણ પરમારથ પ્રીછી આપે, તેહિ જ કહીએ દેવું. પ્યા૦૨

અર્થી હું, તું અર્થસમર્પક, ઇમ મત કરજો હાંસું;
પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું. પ્યા૦૩

પરમ પુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઇમ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને અમે ભજીએ, તેણે તુમ હાથ વડાઈ. પ્યા૦૪

---

૧. ના. ૨. મોટો હાથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે સ્વામી હું સેવાકામી, મુજરે સ્વામી નિવાજે;
નહિ તો હઠ માંડી માગંતાં, કિણવિધ સેવક લાજે. પ્યા૦૫
જ્યોતે જ્યોતિ મિલે મન પ્રીછે, કુણ લહેશે કુણ ભજશે;
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર-નીર[1] નય કરશે. પ્યા૦૬
ઓલગ કીધી તે લેખે આવી, ચરણભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. પ્યા૦૭

---

## (૪) શ્રી અભિનંદન સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(આજ નિહજો રે દીસે નાહલો–એ દેશી)

અભિનંદનજિન ! દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.અ૦૧
સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિશશીરૂપ વિલેખ.અ૦૨
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ.અ૦૩
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ[2] કોઈ ન સાથ.અ૦૪
દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.અ૦૫
તરસ[3] ન આવે હો મરણજીવનતણો, સીઝે જો દરિશણકાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.અ૦૬

---

૧. ક્ષીર-નીરનો ન્યાય કરશે–એને જુદું પાડશે. ૨. માર્ગદર્શક ભોમિયો. ૩. ત્રાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(બ્રહ્મચર્ય પદ પૂજિયે—એ દેશી)

ક્યું જાણું ક્યું બની આવશે અભિનંદનરસ રીતિ હો મિત્ત;
પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત. ક્યું૦૧

પરમાતમ પરમેશ્વરુ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત;
દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત. ક્યું૦૨

શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત;
આત્મવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત. ક્યું૦૩

પણ જાણું આગમબળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત;
પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત. ક્યું૦૪

પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ જોગ હો મિત્ત;
જડ[1] ચલ[2] જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત. ક્યું૦૫

શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત;
આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત. ક્યું૦૬

જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત;
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત. ક્યું૦૭

સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત;
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત. ક્યું૦૮

અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત;
દેવચંદ્ર પ્રભુ-સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. ક્યું૦૯

---

૧. સ્થાવર. ૨. ત્રસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(સુણજો હો પ્રભુ—એ દેશી)

દીઠી હો પ્રભુ, દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧

જાણું હો પ્રભુ, જાણું જન્મ [૧]કયથ્થ,
જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરુ ફલ્યોજી. ૨

જાગ્યા હો પ્રભુ, જાગ્યા પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ, [૨]મુહમાગ્યા પાસા ઢળ્યાજી;
વૂઠ્યા હો પ્રભુ, વૂઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩

ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;
થાક્યાં હો પ્રભુ, થાક્યાં મિલ્યાં [૩]સુખપાલ,
ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હલ્યાજી. ૪

દીવો હો પ્રભુ, દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ, [૪]સાખી [૫]થલે જલનૌકા મળીજી;[૬]
કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલ્લહો મુજ,
દરિશણ હો પ્રભુ, દરિશણ લહ્યું આશા ફળીજી. ૫

---

૧. કૃતાર્થ. ૨. મુખ, મોંમાગ્યા. ૩. પાલખી ૪. આમ્રવૃક્ષ. ૫. મરુભૂમિમાં.
૬. પાઠાંતર—સાથી હો પ્રભુ, સાથી થલે જલનૌકા મિલીજી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ,
વીનવે હો પ્રભુ, વીનવે અભિનંદન સુણોજી;
કઈયેં[1] હો પ્રભુ, કઈયેં મ દેશો છેહ,
દેજો હો પ્રભુ, દેજો સુખ દરિશણ તણોજી. ૬

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(આછેલાલની દેશી)

અકલ કળા અવિરુદ્ધ, ધ્યાન ધરે પ્રતિબુદ્ધ,
આછેલાલ અભિનંદન જિનચંદનાજી;
રોમાંચિત થઈ દેહ, પ્રગટ્યો પૂરણ નેહ,
આ૦ ચંદ્ર જ્યું વન અરવિંદનાજી. ૧

એક [2]ખીણ મન રંગ, પરમપુરુષને સંગ,
આ૦ પ્રાપ્તિ હોવે સો પામીએજી;
સુગુણ-સલૂણી ગોઠ, જિમ સાકર ભરી પોઠ,
આ૦ વિણ દામે વિવસાઈએજી. ૨

સ્વામી, ગુણમણિ તુજ, નિવસો મનડે મુજ,
આ૦ પણ કંઈયે ખટકે નહીંજી;
જિમ રજ નયણે વિલગ્ગ, નીર ઝરે નિરવગ્ગ,
આ૦ પણ પ્રતિબિંબ રહે સંસહીજી. ૩

મેં જાચ્યા કંઈ લક્ષ, તારક ભોલે પ્રત્યક્ષ,
આ૦ પણ કો સાચ નાવ્યો વગેજી;
મુજ બહુમૈત્રી દેખ, પ્રભુ કાં મૂકો ઉવેખ,
આ૦ [3]આતુર જન બહુ ઓલગેજી. ૪

---

૧. પાઠાંતર—કહીએ, કદીયે. ૨. ક્ષણ. ૩. દુઃખી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગ જોતાં જગનાથ, જિમતિમ આવ્યા છો હાથ,
આ૦ પણ હવે રખે કુમયા[1] કરોજી;
બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,
આ૦ પામ્યો હવે હું પટંતરોજી. ૫

તેં તાર્યા કંઈ ક્રોડ, તો મુજથી શી હોડ,
આ૦ મેં એવડો શો [2]અલેહણોજી ?
મુજ અરદાસ અનંત ભવની છે ભગવંત,
આ૦ જાણને શું કહેવું ઘણુંજી. ૬
સેવા-ફળ દ્યો આજ, ભોળવો કાં મહારાજ,
આ૦ ભૂખ ન ભાંગે ભામણેજી;
રૂપવિબુધ સુપસાય, મોહન એ જિનરાય,
આ૦ ભૂખ્યો ઉમાહે ઘણોજી. ૭

---

## (૫) શ્રી સુમતિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

સુમતિચરણકજ આતમ અરપણા,
દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;
મતિતરપણ બહુ સમ્મત જાણીએ,
પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની. સુમતિ૦ ૧
ત્રિવિધ સકલ તનુધરગત આતમા,
બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો,
પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુમતિ૦ ૨

---

૧. અવકૃપા. ૨. મારું એટલું બધું અલેણું શું કે કરોડોને તાર્યા ને મને તારતા નથી ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આતમબુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણમણિ-આગરુ,
એમ પરમાતમ સાધ, સુજ્ઞાની. સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા-
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અર્પણ-દાવ, સુજ્ઞાની. સુમતિ૦ ૫

આતમ-અર્પણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે,
આનંદઘન રસ પોષ, સુજ્ઞાની. સુમતિ૦ ૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(દેશી કડખાની)

અહો શ્રી સુમતિ જિન, શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામરામી;
નિત્યતા એકતા અસ્તિતા ઇતરયુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦ ૧

ઊપજે વ્યય લહે, તહવિ તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોકપ્રદેશમિત પણ અખંડી. અહો૦ ૨

કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,
કાર્યભેદે કરે પણ અભેદી,
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલ વેત્તા થકો પણ અવેદી. અહો૦ ૩

શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,
સહજ નિજભાવભોગી અયોગી;
સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦ ૪

વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી,
એટલે કોઈ પ્રભુતા ન પામે;
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,
તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. અહો૦ ૫

જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નહિ તાસરંગી;
પરતણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા,
વસ્તુધર્મે કદા ન પરસંગી. અહો૦ ૬

સંગ્રહે નહીં, આપે નહીં પરભણી,
નવિ કરે આદરે ન પર રાખે;
શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે,
તેહ પરભાવને કેમ ચાખે ! અહો૦ ૭

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઊપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો,
દોષ ત્યાગ્યે ઢલે તત્ત્વ લીહે. અહો૦ ૮
શુદ્ધ માર્ગે વધ્યો, સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે;
આત્મનિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦ ૯
માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,
તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો. અહો૦૧૦

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(ઝાંઝરિયા મુનિવર—એ દેશી)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧
સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહીમાંહે મહકાય. સો૦ ૨
આંગળીએ નવિ મેરુ ઢંકાયે, છાબડિયે રવિતેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુહેજ. સો૦ ૩
હુઓ છીપે નહિ [1]અધર [2]અરુણજિમ,ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમઅભંગ. સો૦ ૪
ઢાંકી [3]ઇક્ષુ [4]પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

---

૧. નીચલો હોઠ. ૨. લાલ. ૩. શેરડી. ૪. ઘાસથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(વારી હું ઉદયપુર તણે—એ દેશી)

પ્રભુજીશું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર સનેહી;
સાચો તે સાહિબ સાંભરે, ખીણ માંહે કોટિક વાર સનેહી;
વારી હું સુમતિ જિણંદને. ૧

પ્રભુ થોડાબોલો ને નિપુણ ઘણો, એ તો કાજ અનંત કરનાર સનેહી;
ઓલગ જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર, સ૦ વા૦ ૨

પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સિંચ્યો સુકૃતમાળ સનેહી;
એકણ કરુણાની લહેરમાં, સુનિવાજે કરે નિહાલ, સ૦ વા૦ ૩

પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીનરે પસાય સનેહી;
ઋતુ વિના કહો કેમ તરુવરે, ફલ પાકીને સુંદર થાય ? સ૦ વા૦ ૪

અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઈ બિહું હાથે ન જમાય, સનેહી;
દાસતણી ઉતાવળે, પ્રભુ કિણવિધ રીઝ્યો જાય ? સ૦ વા૦ ૫

પ્રભુ-લખિત હોય તો લાભીએ, મન માન્યા તો મહારાજ સનેહી;
ફળ તો સેવાથી સંપજે, વિણ ખણેય ન ભાંજે ખાજ, સ૦ વા૦ ૬

પ્રભુ વિસાર્યા નવિ વીસરો, સામો અધિક હોવે છે નેહ, સનેહી;
મોહન કહે કવિ રૂપનો, મુજ વહાલો છે જિનવર એહ, સ૦ વા૦ ૭

---

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(ચાંદલિયા સંદેશો કહેજે મારા કંથને રે – એ દેશી)

પદ્મપ્રભ જિન, તુજ-મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત.પ૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પયઇ[1] ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ. ૫૦૨

કનકોપલવત્ પયડિપુરુષ[2] તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. ૫૦૩

કારણજોગે હો બંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય;
આસ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. ૫૦૪

યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. ૫૦૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર. ૫૦૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(હું તુજ આગળ શું કહું, કેશરિયા લાલ—એ દેશી)

શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિરે લાલ જગતારક જગદીશરે વાલ્હેસર;
જિન-ઉપગાર થકી લહે રે લાલ ભવિજન સિદ્ધિ [3]જગીશ રે, વા૦ ૧

તુજ દરિશણ મુજ વાલહું રે લાલ દરિશણ શુદ્ધ પવિત્ત રે વા૦
દરિશણ શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે વા૦ તુ૦૨

બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે વા૦
તિમ મુજ આતમસંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે વા૦ તુ૦૩

જગતજંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે વા૦
ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર [4]ઝાણ રે વા૦ તુ૦૪

લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઊપજે સાધક સંગ રે વા૦
સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વીરંગ રે વા૦ તુ૦૫

૧. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ. ૨. કર્મ પ્રકૃતિ અને જીવ. ૩. સંપદા. ૪. ધ્યાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામી રે વા૦
પ્રગટે અધ્યાતમદશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે વા૦ તુ૦૬

આત્મસિદ્ધિકારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે વા૦
નામાદિક જિનરાજનાં રે લાલ, ભવસાગરમાંહે સેતુ રે વા૦ તુ૦૭

સ્તંભન ઇંદ્રિયયોગનો રે લાલ, રક્ત વરણ ગુણ રાય રે વા૦
દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે વા૦ તુ૦૮

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(સહજ સલૂણા હો સાધુજી—એ દેશી)

પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા, જિહાંથી નાવે લેખોજી,
કાગળ ને મસિ જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી;
સુગુણ સનેહા રે કદીય ન વીસરે. ૧

ઇહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી.સુ૦૨

વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં[૧], મન નાણે[૨] અસવારોજી.સુ૦૩

સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બિહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી.સુ૦૪

પણ ગુણવંતા રે ગોઠે ગાજિયે, મોટા તે વિશ્રામજી;
વાચક યશ કહે એહ જ આશરે, સુખ લહું ઠામોઠામજી.સુ૦૫

---

૧. લગામ અનુસાર, પાઠાંતર-કાજમાં. ૨. ન લાવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

પરમ રસ ભીનો મહારો, નિપુણ નગીનો મહારો, સાહિબો;
પ્રભુ મોરા પદ્મપ્રભુ પ્રાણાધાર હો,
જ્યોતિરમા આલિંગીને, પ્રભુ મોરા અછક છક્યો દિનરાત હો,
ઓલગ પણ નવિ સાંભળે, પ્રભુ મોરા, તો શી દરિશણ વાત હો.
પ૦ નિ૦૧

નિરભય પદ પામ્યા પછે, પ્ર૦ જાણીએ નવિ હોવે તેહ હો;
તે નેહ જાણે આગળે, પ્ર૦ અલગા તે નિઃસનેહ હો. પ૦ નિ૦૨

પદ લેતાં તો લહ્યા વિભુ પ્ર૦ પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો;
અમે સુદ્રવ્ય સુગુણ ઘણું પ્ર૦ સહિતો તિણે શરમાય હો. પ૦ નિ૦૩

તિહાં રહ્યા કરુણા નયનથી, પ્ર૦ જોતાં શું ઓછું થાય હો?
જિહાં તિહાં જિનલાવણ્યતા, પ્ર૦ દેહલીદીપક ન્યાય હો. પ૦ નિ૦૪

જો પ્રભુતા અમે પામતા, પ્ર૦ કહેવું ન પડે તો એમ હો;
જો દેશો તો જાણું અમે પ્ર૦ દરિશણ દરિદ્રતા કેમ હો ? પ૦ નિ૦૫

હાથે તો નાવી શક્યો, પ્ર૦ ન કરો કોઈનો વિશ્વાસ હો;
પણ ભોળવીએ જો ભક્તિથી પ્ર૦ કહેજો તો શાબાશ હો. પ૦ નિ૦૬

કમળલંછન કીધી મયા, પ્ર૦ ગુનાહ કરી બગસીસ હો;
રૂપવિબુધનો મોહન ભણી પ્ર૦ પૂરજો સકલ જગીશ હો. પ૦ નિ૦૭

---

# (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ સારંગ તથા મલ્હાર, લલનાની દેશી)

શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ લલના.શ્રી૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લ૦
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦ શ્રી૦ ૨

શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન; લ૦
જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન. લ૦ શ્રી૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ; લ૦
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રી૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦
નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રી૦ ૫

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦
પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન. લ૦ શ્રી૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ; લ૦
અઘહર અઘમોચન ધણી, મુક્તિપરમપદ સાથ. લ૦ શ્રી૦ ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર; લ૦
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રી૦ ૮

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(હે સુંદર ! તપ સરિખો જગ કો નહીં–એ દેશી)

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી,
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો. જિ૦ શ્રી૦ ૧

સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો, જિ૦
કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિ૦ શ્રી૦ ૨

અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિસમૂહ હો, જિ૦
વર્ણ ગંધરસ ફરસવિણુ, નિજ ભોક્તા ગુણવ્યૂહ હો. જિ૦ શ્રી૦ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો, જિ૦
વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધસ્વગુણ ઉપભોગ હો. જિ૦ શ્રી૦ ૪

એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો, જિ૦
નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક [1]પીન હો. જિ૦ શ્રી૦ ૫

એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો, જિ૦
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો. જિ૦ શ્રી૦ ૬

એમ અનંત ગુણનો ધણી, ગુણગણનો આનંદ હો; જિ૦
ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો. જિ૦ શ્રી૦ ૭

અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિ૦
દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો. જિ૦ શ્રી૦ ૮

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(લાછલદે માત મલાર—એ દેશી)

શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવનશિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ૧

દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨

અતિશય સહજના[2] ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩

વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશુંજી. ૪

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજહો સ્વામીરે શિવગામી, વાચક યશ થુણ્યોજી. ૫

---

૧. પુષ્ટ. ૨. સ્વાભાવિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

વહાલા મેહ બપિયડા, અહિકુલ ને મૃગકુલને,
તિમ વળી નાદે વાહ્યા હો રાજ;
મધુકરને નવમલ્લિકા, તિમ મુજને ઘણી વહાલી,
સાતમા જિનની સેવા હો રાજ. ૧

[૧]અન્યઉથ્થિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,
નાવે એકણ રાગે હો રાજ;
રાચ્યો હું રૂપાતીતથી, કારણ મનમાન્યાનું,
શું કાંઈ આપો હાથે હો રાજ. સા૦ ૨

મૂળની ભક્તે રીઝશે, નહિ તો અવરની રીતે,
ક્યારે પણ નવિ ખીજે હો રાજ;
ઓલંગડી મોંઘી થશે, કંબલ હોવે ભારી,
જિમજિમ જલથી ભીંજે હો રાજ. સા૦ ૩

મનથી નિવાજસ નહિ કરે, તો કર ગ્રહીને લીજે,
આવશે તે લેખે હો રાજ;
મોટાને કહેવું કિશ્યું, પગદોડી અનુચરની,
અંતરજામી દેખે હો રાજ. સા૦ ૪

એહથી શું અધિકોય છે, આવી મનડે વસીઓ,
સાચો સુગુણ સનેહી હો રાજ;
જે વશ હોશે આપને, તેહને માગ્યું દેતાં,
અજર[૨] રહે કહો કેહી હો રાજ. સા૦ ૫

અતિ [૩]પરચો વિરચે નહીં, નિતનિત નવલો નવલો,
પ્રભુજી મુજથી ભાસે હો રાજ;

૧. અન્યતીર્થી હરિહરાદિક દેવો. ૨. નિર્ધન. ૩. પરિચય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ પ્રભુતા એ નિપુણતા, પરમપુરુષ જે જેહવી,
કિહાંથી કોઈ પાસે હો રાજ. સા૦ ૬
ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો,
તેહને તે કુણ નિંદે હો રાજ;
સમકિત દૃઢતા કારણે, રૂપવિબુધનો મોહન,
સ્વામી સુપાસને વંદે હો રાજ. સા૦ ૭

---

## (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

દેખણ દે રે સખી, મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ, સખી૦
ઉપશમ રસનો કંદ સખી૦ સેવે સુર નર ઇંદ સખી૦
ગત કલિમલ દુઃખ દ્વંદ્વ. સખી મુને૦ ૧
સુહમ નિગોદે ન દેખિયો સ૦ બાદર અતિહિ વિશેષ સ૦
પુઢવી આઉ ન લેખિયો સ૦ તેઉ વાઉ ન લેશ સ૦ મુ૦ ૨
વનસ્પતિ અતિ ઘણ દિહા સ૦ દીઠો નહીંય દીદાર સ૦
બિતિ ચઉરિંદી જલ લીહા સ૦ [1]ગતસન્નિ પણ ધાર સ૦ મુ૦ ૩
સુર તિરિ નિરય નિવાસમાં સ૦ મનુજ અનારજ સાથ સ૦
અપજ્જતા[2] પ્રતિભાસમાં સ૦ ચતુર ન ચઢિયો હાથ સ૦ મુ૦ ૪
એમ અનેક થલ જાણિયે સ૦ દરિશણ વિણુ જિનદેવ સ૦
આગમથી મતિ આણિયે સ૦ કીજે નિર્મલ સેવ સ૦ મુ૦ ૫
નિર્મલ સાધુ ભગતિ લહી સ૦ યોગ અવંચક હોય સ૦
કિરિયા અવંચક તિમ સહી સ૦ ફલ અવંચક જોય સ૦ મુ૦ ૬
પ્રેરક અવસર જિનવરુ સ૦ મોહનીય ક્ષય જાય સ૦
કામિતપૂરણ સુરતરુ સ૦ આનંદઘન પ્રભુ પાય સ૦ મુ૦ ૭

---

**૧. ગતસન્નિ=અસંજ્ઞી પંચેંદ્રિય. ૨. અપર્યાપ્તા.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(શ્રી શ્રેયાંસ જિન અંતરજામી—એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જિનપદ-સેવા, હેવાએ જે હલિયાજી;
આતમગુણઅનુભવથી મલિયા,તે ભવ-ભયથી ટલિયાજી.શ્રી૦૧
દ્રવ્યસેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિષ્કામોજી. શ્રી૦૨
ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ-ગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. શ્રી૦૩
વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિનગુણ રમણાજી;
પ્રભુગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાન સમરણાજી. શ્રી૦૪
શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;
બીએ શુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી. શ્રી૦૫
ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી. શ્રી૦૬
ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમ-શક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. શ્રી૦૭
ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;
સાધનતાએ નિજ ગુણવ્યક્તિ, તેહ સેવના વખાણોજી. શ્રી૦૮
કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;
આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી. શ્રી૦૯
કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કારજ સિદ્ધે કારણતા વ્યય,શુચિ પરિણામિક ભાવોજીશ્રી૦૧૦
પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજીશ્રી૦૧૧

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(ધનરા ઢોલા–એ દેશી)

ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિર્વાણ, મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી,
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. ૧

ઓછુંઅધિકું પણ કહે રે, આસંગાયત[1] જેહ; મ૦
આપે ફલ જે અણકહે રે, ગિરુઓ સાહેબ તેહ. મ૦ ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મ૦
જલદીએ ચાતક ખીજવી રે મેઘ હુઓ તિણે શ્યામ. મ૦ ૩

'પિયુ પિયુ' કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મ૦ ૪

મોડું-વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મ૦
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(નંદ સલૂણા નંદનો રે લો–એ દેશી)

શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો;
તિણે હું ઓલગે આવીઓરે લો તુમે પણ મુજ મન ભાવીઓરે લો. ૧

દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો;[2]
સાહિબ સામું નિહાળજો રે લો, ભવસમુદ્રથી તારજો રે લો. ૨

અગણિત ગુણ ગણવાતણી રે લો મુજ મન હોંશ ધરે ઘણીરે લો;
જિમ નભને પામ્યા પખી રે લો, દાખે બાળક કરથી લખી રે લો. ૩

૧. રાગી, પ્રેમી. ૨. પાઠાંતર :- તુમે પણ મુજને મયા કરી રે લો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો જિન તું છે પાંશરો રે લો, કરમતણો શો આશરો રે લો;
જો તુમે રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો. ૪

જબ તાહરી કરુણા થઈ રે લો, કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો;
અધ્યાતમરવિ ઊગિયો રે લો, પાપ તિમિર કિહાં પૂગિયો રે લો. ૫

તુજ મૂરતિ માયા જિસી રે લો, ઉર્વશી થઈ ઉરે વસી રે લો;
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો, નજરવાદળની છાંયડી રે લો. ૬

તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો;
તન મન આનંદ ઊપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો. ૭

---

## (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ કેદારો–એમ ધન્નો ધણીને પરચાવે–એ દેશી)

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે.સુ૦૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;
[૧]દહતિગ [૨]પણ અહિગમ સાચવતાં,એકમના ધુરિ થઈએરે.સુ૦૨

કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખીરે.સુ૦૩

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે.સુ૦૪

ફૂલ અક્ષત વર ધૂપ [૩]પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરીરે,
અંગઅગ્રપૂજા મળી અડવિધ,ભાવે ભવિક શુભગતિ વરીરે.સુ૦૫

---

૧. દશત્રિક. ૨. પાંચ અભિગમ. ૩. દીવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્તર ભેદ એકવીસ પ્રકારે, [1]અઠોત્તર શત ભેદે રે;
ભાવ પૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે.સુ૦૬

તુરિય[2] ભેદ પડિવત્તિ[3] પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઇમ [4]ઉત્તરઝયણે, ભાખી કેવલ ભોગી રે.સુ૦૭

એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘનપદ ધરણી રે.સુ૦૮

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(થારા મહેલા ઉપર મેહ, ઝબૂકે વીજલી હો લાલ–એ દેશી)

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સ૦
ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ; અ૦
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ, થ૦
સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભ૦ ૧

તુમ પ્રભુ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ૦
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ; સ૦
પર પરિણતિ અદ્વેષ,–પણે ઉવેખતા હો લાલ, પ૦
ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ. અ૦ ૨

દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ, હ૦
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ; ગ્ર૦
પ્રભુનો અદ્દ્ભુત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ, સ્વ૦
વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા૦ ૩

મોહાદિકની [5]ઘૂમિ, અનાદિની ઊતરે હો લાલ, અ૦
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ, સ્વ૦

---

૧. અષ્ટોત્તરી–૧૦૮ પ્રકારી. ૨. ચોથો. ૩. પ્રતિપત્તિ, અંગીકાર. ૪. ઉત્તરાધ્યયનસૂત્રમાં. ૫. મૂર્છા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ, ભ૦
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ.સ્વા૦ ૪

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ, દા૦
કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ; અ૦
આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ, સ૦
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ૦ ૫

પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ, પ્ર૦
દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ; સ્વ૦
ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ, સ૦
રુચિ-અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ. ચ૦ ૬

ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ, થ૦
સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ; વ્ય૦
હવે સંપૂરણ સિદ્ધિ, તણી શી વાર છે હો લાલ, ત૦
દેવચંદ્ર જિનરાજ, જગત-આધાર છે હો લાલ. જ૦ ૭

-------------

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(સુણ મેરી સજની રજની ન જાવે રે—એ દેશી)

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે સાબાશી રે ?
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. લઘુ૦ ૧

મુજમન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે
તેહ [1]દરીનો તું છે માજી[2] રે;

---

૧. નાનુ વહાણ, ૨. ટંડેલ (કપ્તાન) 'દરી' અને 'માજી' આ બંગાલી ભાષાના શબ્દો છે, સંસ્કૃત ભાષામાં તો 'દરી'નો અર્થ ગુફા થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગી પણ જે વાત ન જાણે રે,
તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે. લઘુ૦ ૨

અથવા થિરમાંહી અથિર ન માવે રે,
મોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે[1] બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ સાબાશી રે. લઘુ૦ ૩

ઊર્ધ્વમૂળ તરુવર અધ શાખા રે,
છંદ પુરાણે એહવી છે ભાખા રે;
અચરિજવાળે અચરિજ કીધું રે,
ભક્તે સેવક કારજ સીધું રે. લઘુ૦ ૪

લાડ કરી જે બાળક બોલે રે,
માતપિતા મન અમિયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શિષો રે,
યશ કહે ઇમ જાણો જગદીશો રે. લઘુ૦ ૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

અરજ સુણો એક સુવિધિ જિણેસર,
પરમ કૃપાનિધિ તુમે પરમેસર;
સાહિબા સુજ્ઞાની જોવો તો,
વાત છે માન્યાની;
કહેવાઓ પંચમ ચરણના ધારી,
કિમ આદરી [2]અશ્વની અસવારી? સા૦ ૧

છો ત્યાગી શિવવાસ વસો છો,
દૃઢરથસુત રથે કિમ બેસો છો ?

---

૧. જેના પ્રભાવથી. ૨. શુક્લધ્યાન રૂપ અશ્વની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો,
હરિહરાદિકને કિણવિધ નડશો ? સા૦ ૨
ધુરથી સકલ સંસાર નિવાર્યો,
કિમ ફરી દેવદ્રવ્યાદિક ધાર્યો ?
તજી સંજમને થાશો ગૃહવાસી,
કુણ આશાતના તજશે ચોરાશી ? સા૦ ૩
સમકિત મિથ્યા મતમાં નિરંતર,
ઇમ કિમ ભાંજશે પ્રભુજી અંતર ?
લોક તો દેખશે તેહવું કહેશે,
ઇમ જિનતા[1] તુમ કિણવિધ રહેશે? સા૦ ૪
પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી,
તેહથી મેં જોયું ઊંડું આલોચી;
ઇમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે,
સામું ઇમ અનુભવ ગુણ પ્રગટે. સા૦ ૫
હય-ગય યદ્યપિ તું આરોપાએ,
તો પણ સિદ્ધપણું ન લોપાએ;
જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ,
પણ કંચનની કંચનતા ન જાએ. સા૦ ૬
ભક્તની[2] કરણી દોષ ન તુમને,
અઘટિત કહેવું અયુક્ત તે અમને;
લોપાએ નહિ તું કોઈથી સ્વામી,
મોહન વિજય કહે શિર નામી. સા૦ ૭

--------------

૧. જિનતા એટલે જિનપણું, રાગદ્વેષરહિતપણું. ૨. એ બધી ભક્તજનોની કરણી છે, એમાં તમને કંઈ દોષપ્રાપ્તિ થતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(મંગલિક માલા ગુણહ વિશાલા—એ દેશી)

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી વિવિધભંગી મન મોહેરે
કરુણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શી૦૧

સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;
હાનાદાન[1] રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શી૦૨

પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શી૦૩

અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણવિણ કૃત ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શી૦૫

ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શી૦૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી)

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી;
અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી. શી૦૧

ચરમજલધિ જલ [2]મિણે અંજલિ, ગતિ જીપે અતિવાયજી;
સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. શી૦૨

---

૧ હાનાદાન=દેવું અને લેવું. ૨. માપે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી. શી૦૩
કેવલ દર્શન એમ અનંતું, ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વપર અનંતથી ચરણ અનંતું, સ્વરમણ સંવર ભાવજી. શી૦૪
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી. શી૦૫
શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;
અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી. શી૦૬
આણા[1] ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઇમ અનંત ગુણભૂપજી. શી૦૭
અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણજ્ઞાને ન જણાયજી;
તેહ જ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણરાયજી. શી૦૮
એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત [2]પંડૂરજી;
વાસન[3] ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી. શી૦૯
સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;
બીજું કાંઈ ન માગું સ્વામી, એહિજ છે મુજ કામજી. શી૦૧૦
એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુરૂપજી;
દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજીશી૦૧૧

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦૧
દાયક નામે છે ઘણા, પણ તું સાયર[4] તે કૂપ હો;
તે બહુ ખજવા[5] તગતગે, તું દિનકર[6] તેજસ્વરૂપ હો. શ્રી૦૨

૧. આજ્ઞા ૨. મોટા. ૩. શ્રદ્ધા. ૪. સાગર. ૫. આગિયા. ૬. સૂર્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦૩
અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત[1] હો. શ્રી૦૪
જાણો તો તાણો કિશ્યું ? સેવા ફલ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(ઘોડી તો આઈ યારા દેશમાં–એ દેશી)

શીતલ જિનવર સેવના, સાહેબજી !
શીતલ જિમ શશીબિંબ હો સસનેહી;
મૂરતિ મારે મન વસી, સા૦
સાપુરીસાશું ગોઠડી સા૦ મોટો તે આલાલુંબ હો. સ૦ ૧
ખીણ એક મુજને ન વીસરે સા૦ તુમગુણ પરમ અનંત હો; સ૦
દેવ અવરને શું કરું, સા૦ ભેટ થઈ ભગવંત હો. સ૦ ૨
તુમે છો મુગટ ત્રિહું લોકના સા૦ હું તુમ પગની ખેહ હો સ૦
તુમે છો સઘન ઋતુ મેહુલો સા૦ હું પશ્ચિમ દિશિ [2]ત્રેહ હો સ૦ ૩
નીરાગી પ્રભુ રીઝવું, સા૦ તે ગુણ નહિ મુજમાંહી હો; સ૦
ગુરુ ગુરુતા સાહમું જુએ, સા૦ ગુરુતા તે મૂકે નાંહી હો. સ૦ ૪
મોટાસેતી બરોબરી, સા૦ સેવક કિણવિધ થાય હો; સ૦
આસંગો કિમ કીજીએ, સા૦ તિહાં રહ્યા આલુંભાય હો. સ૦ ૫
જગગુરુ કરુણા કીજીએ સા૦ ન લખ્યો આભાર વિચાર હો સ૦
મુજને રાજ, નિવાજશો, સા૦ તો કુણ વારણહાર હો ? સ૦ ૬

---

૧. વૃત્તાંત, હકીકત. ૨. હિમ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓલગ અનુભવ ભાવથી, સા૦ જાણો જાણ સુજાણ હો; સ૦
મોહન કહે કવિ રૂપનો, સા૦ જિનજી જીવન પ્રાણ હો. સ૦ ૭

---

# (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ ગોડી–અહો મતવાલે સાજના–એ દેશી)

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી૦૧

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી૦૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રી૦૩

નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી૦૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ-ગ્રહણમતિ ધરજો રે. શ્રી૦૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી૦૬

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(પ્રાણી વાણી જિનતણી–એ દેશી)

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદ રે;
ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે.
મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે.મુ૦૨

નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;
ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામ રે.મુ૦૩

દેય દાન [1]નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;
પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે.મુ૦૪

પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે;
અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી [2]આથ રે.મુ૦૫

પરિણામિક સત્તા તણો, [3]આવિર્ભાવ વિલાસ નિવાસ રે;
સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસ રે.મુ૦૬

પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે;
સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે.મુ૦૭

પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે;
તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે.મુ૦૮

પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે;
દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે.મુ૦૯

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(કર્મ ન છૂટે રે પ્રાણિયા–એ દેશી)

તુમે બહુ મૈત્રી રે સાહેબા, મારે તો મન એક;
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

---

૧. નિત્ય, સદા, ૨. લક્ષ્મી. ૩. પ્રગટ ભાવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મન રાખો તુમે સવિતણાં, પણ કિહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી[1] સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩

એવાશું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ[2] અબૂઝ[3] છે, નિર્વહેશો[4] તુમે સાંઈ. શ્રી૦ ૪

નીરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો [5]એકાંત;
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તે[6] કામણ તંત. શ્રી૦ ૫

--------------

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(કંકણની દેશી)

શ્રેયાંસ જિન સુણો સાહિબા રે જિનજી ! દાસતણી અરદાસ,
દિલડે વસી રહ્યો;
દૂર રહ્યા જાણું નહિ રે, જિ૦ પ્રભુ તુમારે પાસ. દિ૦ ૧

હરિમૃગને જ્યું મધુરતા રે, જિ૦ મોરને પીંછ કલાપ; દિ૦
દૂર રહ્યા જાણે નહીં રે, જિ૦ પ્રભુ તુમારે પાસ. દિ૦ ૨

જળ થળ મહિયલ જોવતાં રે જિ૦ ચિંતામણિ ચઢ્યો હાથ દિ૦
ઊણપ શી હવે માહરે રે, જિ૦ નીરખ્યો નયણે નાથ. દિ૦ ૩

ચરણે તેહને વિલગીએ રે, જિ૦ જેહથી સીઝે કામ; દિ૦
ફોગટ શું ફેરો તિહાં રે, જિ૦ પૂછે નહીં પિણ નામ. દિ૦ ૪

કૂડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત; દિ૦
આપોપું રાખે ઘણા રે, જિ૦ પર રાખે તે સંત. દિ૦ ૫

---

૧. સાથે રહેનાર ૨. અત્યંત ૩. અજાણ ૪. નિભાવશો ૫. નિશ્ચય, ૬. ભક્તિવડે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેવ ઘણા મેં દેખિયા રે, જિ૦ આડંબર પટરાય; દિ૦
નિગમ નહિ પણ સોડથી રે, જિ૦ આઘા પસારે પાય. દિ૦ ૬

સેવકને જો નિવાજીએ રે, જિ૦ તો તિહાં સ્થાને જાય; દિ૦
નિપટ નીરાગી હોવતાં રે, જિ૦ સ્વામીપણું કિમ થાય. દિ૦ ૭

મેં તો તુમને આદર્યો રે, જિ૦ ભાવે તું જાણ મ જાણ; દિ૦
રૂપવિજય કવિરાયનો રે, જિ૦ મોહન વચન પ્રમાણ. દિ૦ ૮

---

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(તુંગિયાગિરિ શિખરે સોહે—એ દેશી)

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે.વા૦૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે.વા૦૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે.વા૦૩

દુઃખસુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે.વા૦૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;
જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે.વા૦૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે.વા૦૬

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(પંથડો નિહાળું રે બીજા જિન તણો રે–એ દેશી)

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્યસ્વભાવ;
પરકૃત પૂજા રે જે ઇચ્છે નહીં રે, સાધક કારજ દાવ. પૂજના૦ ૧

દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. પૂ૦ ૨

અતિશય મહિમારે અતિ ઉપગારતારે, નિર્મલ પ્રભુગુણરાગ;
સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. પૂ૦ ૩

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;
શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. પૂ૦ ૪

શુદ્ધ તત્ત્વરસરંગી ચેતના રે, પામે આત્મસ્વભાવ;
આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ. પૂ૦ ૫

આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;
નિજ ધન ન દિયે પણ આશ્રિત લહેરે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂ૦ ૬

જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ. પૂ૦ ૭

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(સાહિબા મોતીડો હમારો–એ દેશી)

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું,
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મનઘરમાં ધરશું. સા૦ ૧

મનઘરમાં ધરિયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ
ઋદ્ધિ પામ્યા. સા૦૩
સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભક્તે અમ મનમાં પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું. સા૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(ચૂંદડી ના ભીંજે હો સાહિબાજી પ્રેમની—એ દેશી)

પ્રભુજીશું લાગી હો પૂરણ પ્રીતડી,
જીવન-પ્રાણ આધાર, ગિરુઆ જિનજી હો રાજ !
સાહિબ સુણજો હો માહરી વિનતિ,
દરિસણ દેજો હો, દિલભરી શ્યામજી,
અહો ! જગગુરુ સિરદાર. ગિ૦ સા૦ ૧
ચાહીને દીજે હો ચરણની ચાકરી,
દ્યો અનુભવ અમ સાજ; ગિ૦
ઇમ નવિ કીજે હો સાહિબાજી સાંભળો,
કાંઈ સેવકને શિવરાજ. ગિ૦ સા૦ ૨
ચૂપશું છાના હો સાહિબા ન બેસીએ,
કાંઈ શોભા ન લહેશો કોય; ગિ૦
દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપનો,
જ્યું હોવે સુજસ સવાય. ગિ૦ સા૦ ૩
અરુણ જો ઊગે હો સાહિબાજી અંબરે,
નાશે તિમિર અંધાર; ગિ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવર દેવ હો સાહિબાજી કિંકરા,
મિલિયો તું દેવ મુને સાર. ગિ૦ સા૦ ૪
અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે,
જિમ ચાતક જળધાર; ગિ૦
ખટપદ ભીનો હો સાહિબાજી પ્રેમશું,
તિમ હું હૃદયમઝાર. ગિ૦ સા૦ ૫
સાતરાજનેહો સાહિબાજી અંતે જઈ વસ્યા,
શું કરીએ તુમ પ્રીત; ગિ૦
નિપટ નીરાગી હો જિનવર તું સહી,
એ તુમ ખોટી રીત. ગિ૦ સા૦ ૬
દિલની જે વાતો હો કિણને દાખવું ?
શ્રી વાસુપૂજ્ય જિનરાય; ગિ૦
ખીણ એક આવી હો પંડેજી સાંભળો,
કાંઈ મોહન આવે દાય. ગિ૦ સા૦ ૭

-------------

## (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ મલ્હાર : ઈડર આંબા આંબલી રે–એ દેશી)

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ,
ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન, દીઠાં લોયણ આજ,
મારાં સીધ્યાં વાંછિત કાજ. વિ૦૧
ચરણ-કમલ કમલા[1] વસે રે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિ૦૨

---

૧. લક્ષ્મી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુજ મન તુજ પદપંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા[1] રે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦૩

સાહિબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન-વિશરામી વાલહો રે, આતમચો[2] આધાર. વિ૦૪

દરિશણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતાં રે, અંધકાર પ્રતિષેધ. વિ૦૫

અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય. વિ૦૬

એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ. વિ૦૭

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(દાસ અરદાસ શી પેરે કરેજી—એ દેશી)

વિમલજિન, વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;
લઘુ નદી જિમ તિમ લંઘિયેજી, સ્વયંભૂરમણ ન તરાય. વિ૦૧

સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ [3]તોલે એક હથ્થ;
તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહીં સમરથ. વિ૦૨

સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ;
તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એકતણો લેશ. વિ૦૩

એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય;
નાસ્તિતા સ્વપરપદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. વિ૦૪

તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;
તેહને તેહી જ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન. વિ૦૫

---

૧. મેરુ-સુવર્ણાચલ ભૂમિ ૨. આત્માનો. ૩. ઉપાડે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય;
તુમ દરિશણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય.વિ૦૬

પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;
દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ.વિ૦૭

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી)

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન-સંગાજી;
એવા પ્રભુનું દરિશણ લેવું, તે આળસમાં ગંગાજી.સે૦૧

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી.સે૦૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી.સે૦૩

તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી;
લોયણ ગુરુ પરમાન્ન દિયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી.સે૦૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલતણે જે હઇડે આવે, તેહ જણાવે બોલીજી.સે૦૫

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકયશ કહે સાચુંજી;
કોડિકપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુવિણ નવિ રાચુંજી.સે૦૬

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(તે તરીઆ ભાઈ તે તરીઆ—એ દેશી)

વિમલજિનંદશું જ્ઞાનવિનોદી, મુખછબી શશી અવહેલેજી;
સુરવર નીરખી રૂપ અનુપમ, હજીયે નિમેષ ન મેલેજી. વિ૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા, એહવું કોઈક કહે છે જી;
તો વરાહ લંછન મિષે પ્રભુને, ચરણ શરણે રહે છે જી. વિ૦૨
લીલા અકળ લલિત પુરુષોત્તમ, શિવવધૂ રસ ભીનોજી;
વેધક સ્વામીથી મિલવું સોહીલું, જે કોઈ ટાળે કીનોજી. વિ૦૩
પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી;
હું નટનવલ વિવિધગતિ જાણું, ખિણ એક તો લહો મુજરોજી. વિ૦૪
ચોરાશી લખ વેશ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી;
અનુભવ દાન દીઓ તો વારુ, ચેતન કહો મયાણેજી. વિ૦૫
જે પ્રભુભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યા ભટકેજી;
સગત તેહ ન વિગત લહીએ, પૂજાદિકથી ચટકેજી. વિ૦૬
કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનોજી;
રૂપવિબુધનો મોહન પભણે, સેવક વિનતિ માનોજી. વિ૦૭

-----------

## (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ધાર તરવારની સોહલી, દોહલી,
ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના-ધાર પર ન રહે દેવા. ધાર૦૧
એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડાં,
રડવડે ચાર ગતિમાંહિ લેખે. ધાર૦૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે.ધાર૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભળી આદરી કાંઈ રાચો.ધાર૦ ૪
દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરે,
છાર પર લીંપણું તેહ જાણો.ધાર૦ ૫
પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો,
ધર્મ નહિ કોઈ જગસૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો.ધાર૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે.ધાર૦ ૭

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ—એ દેશી)

મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,
તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી,
સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,
સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસીજી. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવદવ હો પ્રભુ, ભવદવ-તાપિત જીવ,
તેહને હો પ્રભુ, તેહને અમૃતઘન સમીજી;
મિથ્યા હો પ્રભુ, મિથ્યાવિષની [૧]ખીવ,
હરવા હો પ્રભુ, હરવા જાંગુલિ[૨] મન રમીજી. ૨

ભાવ હો પ્રભુ, ભાવ ચિંતામણિ એહ,
આતમ હો પ્રભુ, આતમ સંપત્તિ આપવાજી;
એહિ જ હો પ્રભુ, એહિ જ શિવસુખગેહ,
તત્ત્વ હો પ્રભુ, તત્ત્વાલંબન થાપવાજી. ૩

જાયે હો પ્રભુ, જાયે આસ્રવચાલ,
દીઠે હો પ્રભુ, દીઠે સંવરતા વધેજી;
રત્ન હો પ્રભુ, રત્નત્રયી ગુણમાલ,
અધ્યાતમ હો પ્રભુ, અધ્યાતમ સાધન સધેજી. ૪

મીઠી હો પ્રભુ, મીઠી સૂરત તુજ,
દીઠી હો પ્રભુ, દીઠી રુચિ બહુમાનથીજી;
તુજ ગુણ હો પ્રભુ, તુજ ગુણ ભાસન યુક્ત,
સેવે હો પ્રભુ, સેવે તસુ ભવભય નથીજી. ૫

નામે હો પ્રભુ, નામે અદ્‌ભુત રંગ,
ઠવણા હો, પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી;
ગુણ-આસ્વાદ હો પ્રભુ ગુણ-આસ્વાદ અભંગ,
તન્મય હો પ્રભુ, તન્મયતાએ જે ધસેજી. ૬

ગુણ અનંત હો પ્રભુ, ગુણ અનંતનો વૃંદ,
નાથ હો પ્રભુ, નાથ અનંતને આદરેજી;
દેવચંદ્ર હો પ્રભુ, દેવચંદ્રને આનંદ,
પરમ હો પ્રભુ, પરમ મહોદય તે વરેજી. ૭

૧. મૂર્છા. ૨. સર્પ-વિષહરણમંત્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(સાહેલડિયાં–એ દેશી)

શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં,
ચોળ મજીઠનો રંગ રે, ગુણવેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો સા૦ બીજો રંગ પતંગ રે ગુ૦ ૧
ધર્મ રંગ જીરણ નહીં સા૦ દેહ તે જીરણ થાય રે ગુ૦
સોનું તે વિણસે નહીં સા૦ ઘાટ ઘડામણ જાય રે ગુ૦ ૨
ત્રાંબું જે રસવેધિયું સા૦ તે હોય જાચું[1] હેમ રે ગુ૦
ફરી ત્રાંબું તે નવિ હુએ સા૦ એહવો જગગુરુ પ્રેમ રે ગુ૦ ૩
ઉત્તમ ગુણ અનુરાગથી સા૦ લહીએ ઉત્તમ ઠામ રે ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે સા૦ દીપે ઉત્તમ ધામ રે ગુ૦ ૪
ઉદકબિંદુ સાયર ભળ્યો સા૦ જિમ હોય અક્ષય અભંગરે ગુ૦
વાચક યશ કહે પ્રભુ ગુણે સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગરે ગુ૦ ૫

---------------

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(વીર સુણો મોરી વિનતિ–એ દેશી)

અનંત જિણંદશું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી આજ;
મિલતાં નિજ સાહેબ ભણી, કુણ આવે હો મૂરખ મન લાજ.અ૦૧
મુખ પંકજ મન મધુકરુ, રહ્યો લુબ્ધો હો ગુણજ્ઞાને લીન;
હરિહર આવળફૂલ જ્યોં, તે દેખ્યાં હો કિમ ચિત્ત હોવે [2]પ્રીણ?અ૦૨
ભવ ફરિયો દરિયો તર્યો, પણ કોઈ હો અનુસરિયો ન દ્વીપ;
હવે મન પ્રવહણ માહરું, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ.અ૦૩
અંતરજામી મિલે થકે, ફળે માહરો હો સહી કરીને ભાગ્ય;
હવે વાહી[3] જાવા તણો, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ.અ૦૪

૧. ખરેખરું, સાચું. ૨. પ્રીતિવાળું. ૩. ઠગી જવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પલ્લવ ગ્રહી રઢ લેઈશું, નહિ મેળો[1] હો જ્યારે તમે મીટ;
આતમ અવરેજો થઈ, કિમ ઉવેટે હો કરારી છીટ.અ૦૫

નાયક નિજ નિવાજીએ, હવે લાજીએ હો કરતાં રસલૂંટ;
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખૂટ.અ૦૬

જિમ તુમે તર્યા તિમ તારજો, શું બેસે હો તુમને કાંઈ દામ?
નહિ તારો તો મુજને, કિમ [2]તુમચું હો તારક કહેશો નામ.અ૦૭

હું તો નિજ રૂપસ્થથી, રહું હોઈ હો અહર્નિશ અનુકૂળ;
ચરણ તજી જઈએ કીહાં ? છે માહરી હો વાતલડીનો મૂળ.અ૦૮

અષ્ટાપદ પદ કિમ કરે, અન્ય તીરથ હો જાશે જિમ હેડ;
મોહન કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ.અ૦૯

---

## (૨)

અનંત જિણંદ અવધારીએ, સેવકની અરદાસ જિનજી;
અનંત અનંત ગુણ તુમ તણા, સાંભરે સાસોસાસ. જિ૦ અ૦ ૧

સુરમણિ સમ તુમ સેવના, પામીએ પુન્ય પંડૂર; જિ૦
કિમ પ્રમાદતણે વશે, મૂકું અઘખીણ દૂર. જિ૦ અ૦ ૨

ભક્તિજુક્તિ મનમેં વસો, મનરંજન મહારાજ; જિ૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિ૦ અ૦ ૩

શું મીઠા ધીઠા દીએ, તેહનો નહિ હું દાસ; જિ૦
સાથે સેવક સંભવી, કીજે જ્ઞાનપ્રકાશ. જિ૦ અ૦ ૪

જાણને શું કહેવું ઘણું, એક વચન મેળાપ; જિ૦
મોહન કહે કવિ રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ. જિ૦ અ૦ ૫

---

૧. મેળવો. ૨. તમારું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ ગોડી સારંગ. દેશી રસિયાની)

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેસર;
બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત જિ૰ ધ૰ ૧

ધરમ ધરમ કરતો જગસહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ જિ૰
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ જિ૰ ધ૰ ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિ૰
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિ૰ ધ૰ ૩

દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ જિ૰
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ જિ૰ ધ૰ ૪

એક પખી કેમ પ્રીતિ [૧]વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ જિ૰
હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ જિ૰ ધ૰ ૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે,જગત ઉલ્લંઘી હો જાય જિ૰
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય જિ૰ ધ૰ ૬

નિર્મલ ગુણ મણિરોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ જિ૰
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુળ વંશ જિ૰ ધ૰ ૭

મન મધુકર વર કરજોડી કહે, પદકજ[૨] નિકટ નિવાસ જિ૰
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિ૰ ધ૰ ૮

-----------------

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવિયે;

૧. પાઠાં૰ પરવડે, ૨. ચરણકમળ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ૧
નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે,
સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે;
તેહથી ઇતર સાવયવ વિશેષતા,
વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ૨
એકતા પિંડને નિત્ય અવિનાશતા,
અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;
ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,
ભવ્ય પર્યાયની જે પરાવર્ત્તિતા. ૩
ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,
નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,
વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા. ૪
ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,
ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,
વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા. ૫
સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું;
જહવિ[૧] પરભાવથી હું ભવોદધિ વસ્યો,
પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ૬
તહવિ[૨] સત્તાગુણે જીવ એ નિર્મળો,
અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામળો;

૧. યદ્યપિ. ૨. તથાપિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,
ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં. ૭
તિણે પરમાત્મપ્રભુ-ભક્તિરંગી થઈ,
શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી;
આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા,
તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ૮
શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવભોગી યદા,
આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;
એક અસહાય નિસ્સંગ નિર્દ્વદ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા. ૯
તેણે મુજ આતમા તુજ થકી નીપજે,
માહરી સંપદા સકળ મુજ સંપજે;
તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,
પરમ દેવચંદ્ર નિજસિદ્ધિસુખ પાઈએ. ૧૦

------------

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો–એ દેશી)

થાશું[1] પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે;
મેં રાગી પ્રભુ થેં[2] છો નીરાગી, અણજુગતે હોય હાંસી;
એકપખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી[3] સાબાશી. થા૦૧

નીરાગી સેવ્યે કાંઈ હોવે[4], ઇમ મનમેં નવિ આણું;
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦૨

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થા૦૩

---

૧. થાશું-તમારી સાથે. ૨. થેં-તમે. ૩. માંકી-મારી(મારવાડી). ૪. શું થાય?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યસન[૧] ઉદય જે જલધિ અનુહરે, શશીને તે જ સંબંધે;
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે.થા૦૪

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;
યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા.થા૦૫

-----------------

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(હાંરે મારા જોબનિયાનો લટકો દહાડા ચાર જો—એ દેશી)

હાંરે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો;
હાંરે મુને થાશે કોઈક સમયે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી તવ થાશે મારી સવિ વગેરે લો. ૧

હાંરે પ્રભુ, દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,
ઓળવશે નહિ ક્યારે કીધી ચાકરી રે લો;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહિ જો,
જઈએ રે જિમ તેહને ઘર આશા કરી રે લો. ૨

હાંરે જસ સેવા સેતી[૨] સ્વારથની નહિ સિદ્ધ[૩] જો,
ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લો;
હાંરે કાંઈ જૂઠું[૪] ખાય તે મીઠાઈને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહિ પ્રીતડી રે લો. ૩

હાંરે પ્રભુ, અંતરજામી જીવન પ્રાણાધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો;
હાંરે પ્રભુ, લાયક નાયક ભક્ત-વચ્છલ ભગવંત જો,
વારુ રે ગુણ કેરા સાહિબ સાયરુ રે લો. ૪

---

૧. કષ્ટ(અસ્ત) ૨. સેવાથી. ૩. સિદ્ધિ. ૪. એઠું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાંરે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અળગા રે રહેવાથી હોય ઓસાંગળો રે લો;
હાંરે કુણ જાણે અંતરગતિની વિણ મહારાજ જો,
હેજે રે હસી બોલો છંડી આમળો રે લો. ૫

હાંરે તારે મુખને મટકે અટક્યું મારું મન જો,
આંખલડી અણિયાળી કામણગારડી રે લો;
હાંરે મારાં નયણાં લંપટ જોવે ખિણ ખિણ તુજ જો,
રાતે રે પ્રભુરૂપે ન રહે વારિયા રે લો. ૬

હાંરે પ્રભુ, અળગા તોપણ જાણજો કરીને હજૂર જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લો;
હાંરે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરુઆથી મન આણી ઊલટ અતિ ઘણો રે લો. ૭

---

## (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી

### **શ્રી આનંદઘનજીકૃત સ્તવન**

(રાગ મલ્હાર–ચતુર ચોમાસું પડિક્કમી–એ દેશી)

શાંતિ જિન, એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે. શાં૦૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાં૦૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાં૦૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. શાં૦૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરે, ભજે સાત્ત્વિકી શાલ રે. શાં૦૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાં૦૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. શાં૦૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે. શાં૦૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાં૦૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.શાં૦૧૦

આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે.શાં૦૧૧

પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે.શાં૦૧૨

અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે.શાં૦૧૩

શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપ રે.શાં૦૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે.શાં૦૧૫

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

જગત દિવાકર જગત કૃપાનિધિ,
વાહલા મારા સમવસરણમાં બેઠા રે;
ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે.
ભવિક જન હરખો રે, નીરખી શાંતિ જિણંદ ભવિક૦
ઉપશમ રસનો કંદ, નહીં ઇણ સરિખો રે. ૧

પ્રાતિહારજ અતિશય શોભા વા૦ તે તો કહિય ન જાવે રે;
ઘૂક બાલકથી રવિકરભરનું, વર્ણન કેણિપરે થાવે રે.ભ૦૨

વાણીગુણ પાંત્રીશ અનોપમ વા૦ અવિસંવાદ સરૂપે રે;
ભવદુઃખવારણ શિવસુખકારણ, શુદ્ધો ધર્મ પ્રરૂપે રે.ભ૦૩

દક્ષિણપશ્ચિમ ઉત્તર દિશિ મુખ વા૦ ઠવણા જિન ઉપગારીરે;
તસુ આલંબન લહિય અનેક, તિહાં થયા સમકિતધારી રે.ભ૦૪

ષટ્ નય કારજરૂપે ઠવણા વા૦ સગ નય કારણ ઠાણી રે;
નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે.ભ૦૫

સાધક તીન નિક્ષેપા મુખ્ય વા૦ જે વિણ ભાવ ન લહિયેરે;
ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીએ રે.ભ૦૬

ઠવણા સમવસરણે જિનસેંતી વા૦ જો અભેદતા વાધી રે;
એ આતમના સ્વસ્વભાવગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે.ભ૦૭

ભલું થયું મેં પ્રભુગુણ ગાયા વા૦ રસનાનો ફલ લીધો રે;
દેવચંદ્ર કહે મારા મનનો, સકલ મનોરથ સીધો રે.ભ૦૮

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

ધન્ય દિન વેલા, ધન્ય ઘડી તેહ,
અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લહીશું રે સુખ દેખી મુખચંદ,
વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજા રે રસ તેહને મન નવિ ગમેજી;
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસબુકસ તસ ન રુચે કિમેજી. ૨

તુજ સમકિતરસસ્વાદનો જાણ,
પાપ કુભક્તે બહુ દિન સેવિયુંજી;
સેવે જો કર્મને યોગે તોહિ,
વાંછે તે સમકિતઅમૃત ધુરિ લિખ્યુંજી. ૩

તાહરું ધ્યાન તે સમકિતરૂપ,
તેહી જ જ્ઞાન ને ચારિત્ર તે જ છેજી;
તેહથી રે જાયે સઘળાં પાપ,
ધ્યાતા રે ધ્યેયસ્વરૂપ હોયે પછેજી. ૪

દેખી રે અદ્ભુત તાહરું રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી !
તાહરી ગતિ તું જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

સોળમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમતણી લલના,
ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી લલના;
ચરણે વિલગ્યો જેહ આવીને થઈ ખરો લ૦
નિપટ તેહથી કોણ રાખે રસ આંતરો લ૦ ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેં તુજ કારણ સ્વામી [1]ઉવેખ્યા સુર ઘણા લ૦
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા લ૦
તો તુમે મુજથી કેમ અપૂઠા[2] થઈ રહો લ૦
ચૂક હોવે જો કોઈ સુખે મુખથી કહો લ૦ ૨

તુજથી અવર ન કોય અધિક જગતિ તળે લ૦
જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મળે લ૦
દીજે દરિશન વાર ઘણી ન લગાવીએ લ૦
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ? લ૦ ૩

તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના લ૦
વાસના તો હું ભ્રમર ન મૂકું આસના લ૦
તું છોડે પણ હું કેમ છોડું ? તુજ ભણી લ૦
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની લ૦ ૪

ધુરથી શાને સમકિત દઈને ભોળવ્યો લ૦
હવે કેમ જાઉં ખોટે દિલાસે ઓળવ્યો ? લ૦
જાણી ખાસો દાસ વિમાસો છો કિશું ? લ૦
અમે પણ ખિજમતમાંહી કે ખોટા કિમ થશું? લ૦ ૫

બીજી ખોટી વાતે અમે રાચું નહીં લ૦
મેં તુજ આગળ માહરી મનવાળી કહી લ૦
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે ? લ૦
અવસર લહી એકાંત વીનવીએ છીએ અમે લ૦ ૬

અંતરજામી સ્વામી અચિરાનંદના લ૦
શાંતિકરણ શ્રી શાંતિજી માનજો વંદના લ૦
તુજ સ્તવનાથી તન મન આનંદ ઊપન્યો લ૦
કહે મોહન મન રંગ સુપંડિત રૂપનો લ૦ ૭

૧. ઉપેક્ષા કરી, ૨. પરાઙ્મુખ, વિમુખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨)

(રાગ સારંગ)

શાંતિજિણંદ મહારાજ, જગતગુરુ, શાંતિજિણંદ મહારાજ;
અચિરાનંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ.જ૦૧

ગર્ભ થકી જિણે ઈતિ[૧] નિવારી, હરખિત સુરનર કોડી;
જનમ થયે ચોસઠ ઇંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી.જ૦૨

મૃગલંછન ભવિક તુષ[૨] ગંજન, કંચનવાન શરીર;
પંચમ નાણી પંચમ ચક્રી, સોળસમો જિન ધીર.જ૦૩

રત્નજડિત ભૂષણ અતિ સુંદર, આંગી અંગ ઉદાર;
અતિ ઉછરંગ ભગતિ નૌતન ગતિ, ઉપશમ રસ દાતાર.જ૦૪

કરુણાનિધિ ભગવાન કૃપા કર, અનુભવ ઉદિત આવાસ;
રૂપ વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાનવિલાસ.જ૦૫

---

## (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

### **શ્રી આનંદઘનજીકૃત સ્તવન**

(અંબર દેહુ મોરારી, હમારો–એ દેશી)

મનડું કિમહિ ન બાઝે[૩] હો કુંથુજિન, મનડું કિમહિ ન બાઝે;
જિમજિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાજે હો. કું૦૧

રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું [૪]થોથું, એહ ઉખાણો ન્યાય હો. કું૦૨

મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કું૦૩

---

૧. સાત પ્રકારની ઈતિ–ઉપદ્રવ. ૨. રાગ. ૩. વળગતું નથી. ૪. ખાલી.

૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણી પરે વાંકું હો. કું૦૪
જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી;
સર્વમાંહી ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહી હો. કું૦૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો[1] હો. કું૦૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે હો. કું૦૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કું૦૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો. કું૦૯

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

સમવસરણ બેસી કરી રે, બારહ પરિષદ્‌માંહે;
વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે;
કુંથુ જિનેસરુ રે.
નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે સુણે રે,
તેહિ જ ગુણમણિ ખાણી રે. કું૦૧
ગુણ પર્યાય અનંતતા રે, વળી સ્વભાવ અગાહ;
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે. કું૦૨
કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ;
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે. કું૦૩

---

૧. કુમતિ સ્ત્રીનો ભાઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામો;
ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે. કું૦૪

શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ;
ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે. કું૦૫

છતિ પરિણતિ ગુણવર્તના રે, ભાસન ભોગ આનંદ;
સમકાળે પ્રભુ તાહરે રે, રમ્યરમણ ગુણવૃંદો રે. કું૦૬

નિજ ભાવે સીય[૧] અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે સીય તે ઉભય સ્વભાવોરે. કું૦૭

અસ્તિસ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેત રે. કું૦૮

અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;
દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે. કું૦૯

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મનમંદિરમાંહી, આવે જો અરિબલ [૨]જીપતો હો લાલ. ૧

સા૦ મિટે તો મોહ અંધાર, અનુભવતેજે જળહળે હો લાલ;
સા૦ ધૂમકષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ. ૨

સા૦ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ [૩]છીપે હો લાલ;
સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. ૩

સા૦ જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪

---

૧. કથંચિત્. ૨. વિજય મેળવતો ૩. છુપાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સા૦ પુદ્ગલ તેલ ન ખેપ[૧], જેહ ન શુદ્ધ દશા[૨] દહે હો લાલ;
સા૦ શ્રી નયવિજય સુશિષ્ય, વાચકયશ ઇણિ પેરે કહે હો લાલ.૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(ચંદનકી કટકી ભરી–એ દેશી)

કુંથુજિણંદ કરુણા કરો, જાણી પોતાનો દાસ, સાહિબા મોરા,
શું જાણી અલગા રહ્યા? જાણ્યું કે આવશે પાસ, સાહિબા મોરા;
અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા,
પરમ સસનેહી માહરી વિનતિ. ૧

અંતરજામી વાલહા, જોવો મીટ મિલાય સા૦
ખિણમ હસો ખિણમાં હસો ઇમ પ્રીતનિવાહો કિમ થાય સા૦ અ૦ ૨

રૂપી હો તો પાલવ ગ્રહું, અરૂપીને શું કહેવાય ? સા૦
કાન માંડ્યા વિના વારતા, કહોનેજી કેમ બકાય ! સા૦ અ૦ ૩

દેવ ઘણા દુનિયામાંય છે, પણ દિલમેળો નવિ થાય સા૦
જિણ ગામે જાવું નહીં, તે વાટ કહો શું પુછાય ? સા૦ અ૦ ૪

મુજ મન અંતર્મુહૂર્તનો, મેં ગ્રહ્યો ચપળતા દાવ સા૦
પ્રીતિ સમે તો જુઓ કહો, એ તો સ્વામી સ્વભાવ. સા૦ અ૦ ૫

અંતર શ્યો મળિયા પછે, નવિ મળીએ પ્રભુ મૂલ સા૦
કુમયા કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂળ ? સા૦ અ૦ ૬

જાગી હવે અનુભવદશા, લાગી પ્રભુશું પ્રીત સા૦
રૂપવિજય કવિરાયનો, કહે મોહન રસ રીત. સા૦ અ૦ ૭

---

૧. ક્ષેપન કરવાપણું. ૨. દિવેટ, અવસ્થા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨)

(જાદવપતિ તોરણ આવ્યા—એ દેશી)

મુજ અરજ સુણો મુજ પ્યારા,
સાચી ભક્તિથી કિમ રહો ન્યારા રે સનેહી મોરા,
કુંથુ જિણંદ કરુણા કરો. ૧

હું તો તુમ દરિશણનો અરથી,
ઘટે કિમ કરી શકે કરથી રે; સ૦
થઈ ગિરુઆ એમ જે વિમાસો,
તે તો મુજને હોય છે તમાસો રે. સ૦ કું૦ ૨

લલચાવીને જે કીજે,
કિમ દાસને ચિત્ત પતીજે રે ? સ૦
પદ મોટે કહાવો મોટા,
જિણ તિણ વાતે ન હુવો ખોટા રે. સ૦ કું૦ ૩

મુજ ભાવ મહેલમેં આવો,
ઉપશમ રસ પ્યાલો ચખાવો રે; સ૦
સેવકનો તો મન રીઝે,
જો સેવક કારજ સીઝે રે. સ૦ કું૦ ૪

મનમેળુ થઈ મન ન મેળો,
ગૃહે આવી મત અવહેલો રે; સ૦
તુમે જાણો છો એ કરું લીલા,
પણ અરથી સદહે કે રિસાલા રે. સ૦ કું૦ ૫

પ્રભુચરણ સરોરુહ રહેવું,
ફળપ્રાપ્તિ લહેણ દેવું રે; સ૦
કવિ રૂપ વિબુધ જયકારી,
કહે મોહન જિન બલિહારી રે. સ૦ કું૦ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૮) શ્રી અરનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;
સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધ૦૧
શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. ધ૦૨
તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ૦૩
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધ૦૪
દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ધ૦૫
પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦૬
વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધ૦૭
એકપખી લખી પ્રીતિને, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ૦૮
ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ [1]તતસાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધ૦૯

### શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;
ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી. ૧

૧. તત્ત્વસાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી;
કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી. ૨
જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;
ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ૩
ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે;
ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે. ૪
કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;
કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ૫
વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;
તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી. ૬
જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;
ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી. ૭
એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ૮
કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિપણોરી;
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી. ૯
યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી;
વિધિઆચરણા ભક્તિ, જેણે નિજ કાર્ય સધેરી. ૧૦
નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;
નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો. ૧૧
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી. ૧૨
પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હળીએ;
રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મળીએ. ૧૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટાને [1]ઉત્સંગ, બેઠાને શી ચિંતા;
તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા. ૧૪
અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી;
દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી. ૧૫

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(આસણરા યોગી—એ દેશી)

શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે વારુ રે;
મનમોહન સ્વામી.
બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે[2], આણે શિવપુર આરે રે. મન૦૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મ૦
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. મન૦૨

ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ રે; મ૦
કાયા કષ્ટ વિના ફલ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે. મન૦૩

જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મ૦
શુદ્ધ દ્રવ્યગુણપર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ [3]સપરાણો રે. મન૦૪

પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે; મ૦
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મન૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(ભટીઆણીની દેશી)

અરનાથ અવિનાશી હો સુવિલાસી, ખાસી ચાકરી,
કાંઈ ચાહું અમે નિશદિશ;

---

૧. ખોળામાં. ૨. પાઠાંતર : ભવિજન તારે. ૩. પરાણે, અવશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતરાય ને રાગે હો અનુરાગે કિણપરે કીજીએ,
કાંઈ શુભ ભાવે સુજગીશ. અ૦ ૧
સિદ્ધ સ્વરૂપી સ્વામી હો ગુણધામી અલખ અગોચરુ,
કાંઈ દીઠા વિણ દીદાર;
કિમ પતીજે કીજે હો કિમ લીજે ફળ સેવા તણું,
કાંઈ દીસે ન પ્રાણ-આધાર. અ૦ ૨
જ્ઞાન વિના કુણ પેખે હો સંખેપે સૂત્રે સાંભળ્યો,
કાંઈ અથવા પ્રતિમા રૂપ;
સામે જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે,
કાંઈ તો મનમેં હુવે ચૂપ. અ૦ ૩
જગનાયક જિનરાયા હો મન ભાવ્યા મુજ આવી મળ્યા,
કાંઈ મહેર કરી મહારાજ;
સેવક તો સસનેહી હો નિઃસનેહી પ્રભુ કિમ કીજીએ,
કાંઈ ઇસ કોઈ વહીએ રે લાજ. અ૦ ૪
ભક્તિ ગુણે ભરમાવી હો સમજાવી પ્રભુજીને ભોળવી,
કાંઈ દેખું હૃદય મોઝાર;
તો કહેજો સાબાશી હો પ્રભુ ભાસી જાણી સેવતા,
કાંઈ એ અમચો એક તાર. અ૦ ૫
પાણી ખીરને મેળે હો કિણ ખેલે એકાંત હોઈ રહું,
કાંઈ નહિ રે મિલણનો જોગ;
જો પ્રભુ દેખું નયણે હો કહી વયણે સમજાવું સહી,
કાંઈ તે ન મિલે સંજોગ. અ૦ ૬
મનમેળુ કિમ રીઝે હો શું કીજે અંતરાય એવડો,
કાંઈ નિપટ નહેજા નાથ;
સાતરાજને અંતે હો કિણ પાખે તે આવીને મળું,
કાંઈ વિકટ તુમારોજી પાથ: અ૦ ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓળગ એ અનુભવની હો મુજ મનની વાર્તા સાંભળી,
કાંઈ કીજે આજે નિવાજ;
રૂપ વિબુધનો મોહન હો મનમોહન સાંભળ વિનતિ,
કાંઈ દીજે શિવપુર રાજ. અ૦ ૮

---

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ–કાફી)

સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી.હો મ૦ ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રિસાવી, જાતાં કાણ ન આણી.હો મ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, [૧]તુરીય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી.હો મ૦ ૩

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી.હો મ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર [૨]કરસાલી;
નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ [૩]ઝાલી.હો મ૦ ૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણમોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા [૪]બોદ્ધા.હો મ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી.હો મ૦ ૭

---

૧. ચોથી. ૨. કૃષિની આલી-પંક્તિ, પુરુષ–સ્ત્રી–નપુંસકવેદ. ૩. થઈ. ૪. મૂર્ખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભરસ માતા.હો મ૦ ૮
વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી.હો મ૦ ૯
એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મ૦૧૦
ઇણ વિધ પરખી મન વિશરામી, જિનવરગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવેહો મ૦૧૧

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(દિખી કામિની દોય–એ દેશી)

મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઈએ રે, ચ૦
શુદ્ધાતમ પ્રાગ્ભાવ, પરમ પદ પાઈએ રે, પ૦
સાધક કારક ષટ્ક, કરે ગુણ સાધના રે, ક૦
તેહિ જ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે. થા૦ ૧

કર્તા આતમદ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે, કા૦
ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે; પ્ર૦
આતમ સંપદ્ દાન, તેહ સંપ્રદાનતા રે, તે૦
દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે. ત્રિ૦ ૨

સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે, તે૦
સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે; સં૦
બાધક કારક ભાવ, અનાદિ નિવારવા રે, અ૦
સાધકતા અવલંબી, તેહ સમારવા રે. તે૦ ૩

શુદ્ધપણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યમેં રે, પ્ર૦
કર્ત્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે; તે૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચેતન ચેતન ભાવ, કરે [1]સમવેતમેં રે, ક૦
સાદિ અનંતો કાલ, રહે નિજ [2]ખેતમેં રે. ર૦ ૪

પર કર્તૃત્વ સ્વભાવ, કરે [3]તાંલગી કરે રે, ક૦
શુદ્ધકાર્ય રુચિ ભાસ, થયે નવિ આદરે રે; થ૦
શુદ્ધાતમ નિજ કાર્ય, રુચે કારક ફિરે રે, રુ૦
તેહિ જ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરે રે. ગ્ર૦ ૫

કારણ કારજરૂપ, અછે કારક દશા રે, અ૦
વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યા રે; એ૦
પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહે રે, તે૦
તવ નિજ સાધક ભાવ, સકલ કારક લહે રે. સ૦ ૬

માહરું પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણી રે, પ્ર૦
પુષ્ટાલંબન રૂપ, સેવ પ્રભુજી તણી રે; સે૦
દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ મનમેં ધરો રે, ભ૦
અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે. અ૦ ૭

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(નાભિરાયાંકે બાગ—એ દેશી)

તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧

મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી;
દોય રીઝણનો ઉપાય, સાહમું કાં ન જુએરી. ૨

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન [4]શશીરી;
એક દુહવાએ ગાઢ, જો એક બોલે હસીરી. ૩

---

૧. સમવાય સંબંધમાં. ૨. ક્ષેત્રમાં ૩. ત્યાં સુધી. ૪. ચંદ્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈરી;
તાત ચક્ર [1]ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪
રીઝવવો એક [2]સાંઈ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહિ જ ચિત્ત ધરેરી. ૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

સુગુરુ સુણી ઉપદેશ, ધ્યાયો દિલમેં ધરી હો લાલ, ધ્યા૦
કીધી ભક્તિ અનંત, ચવી ચવી ચાતુરી હો લાલ; ચ૦
સેવ્યો રે વિશ્વાવીશ, ઊલટ ધરી ઉલ્લસ્યો હો લાલ, ઉ૦
દીઠો નવિ દીદાર, કાં ન કિણ હીલસ્યો હો લાલ. કાં૦ ૧

પરમેશ્વરશું પ્રીત, કહો કિમ કીજીએ હો લાલ, ક૦
નીમખ ન મેલે મીટ, દોષ કિણ દીજીએ હો લાલ; દો૦
કો ન કરે તકસીર, સેવામાં સાહિબા હો લાલ, સે૦
કીજે ન છોકરવાદ, ભગત ભરમાવવા હો લાલ. ભ૦ ૨

જાણ્યું તમારું જાણ, પુરુષે ન પારખું હો લાલ, પુ૦
સુગુણ નિર્ગુણનો રાહ, કરો શું સારિખું હો લાલ; ક૦
દીધે દિલાસે દીન,–દયાળ કહાવશો હો લાલ, દ૦
કરુણારસભંડાર, બિરુદ કિમ પાવશો હો લાલ. બિ૦ ૩

શું નીપજ્યા તુમે સિદ્ધ, સેવકને અવગણી હો લાલ, સે૦
ભાખો અવિહડ પ્રીત, જાવા દ્યો ભોળામણી હો લાલ; જા૦
જો કોઈ રાખે રાગ, નીરાગ ન રાખીએ હો લાલ, ની૦
ગુણ અવગુણની વાત, કરી પ્રભુ દાખીએ હો લાલ. ક૦ ૪

અમચા[3] દોષ હજાર, તિકે[4] મત ભાળજો હો લાલ, તિ૦
તુમે છો ચતુરસુજાણ, પ્રીતમ ગુણ પાળજો હો લાલ; પ્રી૦

---

૧. પ્રથમ. ૨. સ્વામી, પ્રભુ. ૩. અમારા. ૪. તેમને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મલ્લિનાથ મહારાજ, મ રાખો આંતરો હો લાલ, મ૦
દ્યો દરિશણ દિલ ધાર, મિટે જ્યું આંતરો હો લાલ. મિ૦ ૫

મન મંદિર મહારાજ, વિરાજો દિલ મળી હો લાલ, વિ૦
ચંદાતપ જિમ કમળ, હૃદય વિકસે કળી હો લાલ હૃ૦
રૂપ વિબુધ સુપસાય, કરો અમ રંગ રળી હો લાલ; ક૦
કહે મોહન કવિરાય, સકળ આશા ફળી હો લાલ. સ૦ ૬

---

## (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય—એ દેશી)

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો;
આતમતત્ત્વ ક્યું[1] જાણ્યું જગતગુરુ,
એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ,
ચિત્ત સમાધિ નવિ લહિયો. મુ૦ ૧

કોઈ અબંધ આતમતત્ત[2] માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨

જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;
દુઃખ સુખ [3]સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ૦ ૩

એક કહે નિત્ય જ આતમતત્ત, આતમ દરિશણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુ૦ ૪

સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦ ૫

---

૧. કેમ, શી રીતે, ૨. આત્મતત્ત્વ. ૩. એક પ્રકારનો દોષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ?મુ૦ ૬

એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે.મુ૦ ૭

વળતું જગગુરુ ઇણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી.મુ૦ ૮

આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે.મુ૦ ૯

જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્તજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયેમુ૦૧૦

-----------------

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(ઓલગડી ઓલગડી સહેલી હો શ્રી શ્રેયાંસની રે–એ દેશી)

ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામીની રે,
જેહથી નિજ પદ સિદ્ધિ;
કેવલ કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે,
લહીએ સહજ સમૃદ્ધિ. ઓ૦ ૧

ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે,
પણ કારણ નિમિત્ત આધીન;
પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે,
ગ્રાહક વિધિ આધીન. ઓ૦ ૨

સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે,
તે નિમિત્ત અતિ પુષ્ટ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે,
નવિ પ્રધ્વંસક દુષ્ટ. ઓ૦ ૩
દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે,
નવિ ઘટતા તસુમાંહી;
સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે,
તિણે નહિ નિયત પ્રવાહ. ઓ૦ ૪
ષટ્કારક ષટ્કારક તે કારણ કાર્યનાં રે,
જે કારણ સ્વાધીન;
તે કર્તા તે કર્તા સહુ કારક તે વસુ રે,
કર્મ તે કારણ પીન. ઓ૦ ૫
કાર્ય કાર્ય સંકલ્પે કારક દશા રે,
છતી સત્તા સદ્ભાવ;
અથવા અથવા તુલ્ય ધર્મને જોયવે રે,
સાધ્યારોપણ દાવ. ઓ૦ ૬
અતિશય અતિશય કારણ કારક કરણતા રે,
નિમિત્ત અને ઉપાદાન;
સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે,
કારણ વ્યય અપાદાન. ઓ૦ ૭
ભવન ભવન વ્યય વિણુ કારજ નવિ હુવે રે,
જિમ દૃષદે ન ઘટત્વ;
શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનું દ્રવ્ય છે રે,
સત્તાધાર સુતત્ત્વ. ઓ૦ ૮
આતમ આતમ કર્તા કારજ સિદ્ધતા રે,
તસુ સાધન જિનરાજ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજરુચિ ઊપજે રે,
પ્રગટે આત્મ સમાજ. ઓ૦ ૯

વંદન વંદન સેવન નમન વળી પૂજના રે,
સ્મરણ સ્તવન વળી ધ્યાન;
દેવચંદ્ર દેવચંદ્ર કીજે જિનરાજની રે,
પ્રગટે પૂર્ણ નિધાન. ઓ૦ ૧૦

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નીરખતાં, મારાં ભવભવનાં દુઃખ જાય રે.
મારાં ભવભવનાં દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદ રે;
સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરુ દીપતો સુખકંદ રે. ૧

નિશિ દિન સૂતાં જાગતાં, હઇડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તવ ઊપજે આનંદ પૂર રે.
ત૦ જ૦ સુ૦ ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે.
તે૦ જ૦ સુ૦ ૩

અક્ષય પદ દિયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાપ અરૂપ રે.
એ૦ જ૦ સુ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે.
પ૦ જ૦ સુ૦ ૫

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(હો પિયુ પંખીડા–એ દેશી)

હો પ્રભુ મુજ પ્યારા, ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને આલાલુંબન તાહરો રે લો;
હો૦ ભક્તવચ્છલ ભગવંત જો,
આઈ વસો મન મંદિર સાહિબ માહરે રે લો. ૧

હો૦ ખીણ ન વીસરું તુજ જો,
તંબોળીના પત્ર તણી પેરે ફેરતો રે લો;
હો૦ લાગી મુજને (તાહરી) માયા જોર જો,
દીણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લો. ૨

હો૦ તું નિઃસનેહી જિનરાય જો,
એકપખી પ્રીતલડી કિણપરે રાખીએ રે લો;
હો૦ અંતરગતિની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કેહને દાખીએ રે લો. ૩

હો૦ અલખરૂપ થઈ આપ જો,
જાઈ વસ્યો શિવમંદિર માંહે તું જંઈ રે લો;
હો૦ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિદ્ધાંતગતિને સાહિબ તુમે લહી રે લો. ૪

હો૦ જગજીવન જિનરાય જો,
મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લો;
હો૦ પય પ્રણમી જિનરાય જો,
ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લો. ૫

હો૦ રાખશું હૃદય મોઝાર જો,
આપો શામળીઆ દ્યો પદવી તાહરી રે લો;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હો૦ રૂપવિજયનો શિષ્ય જો,
મોહનને મન લાગી માયા તાહરી રે લો. ૬

---

## (૨૧) શ્રી નમિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ષટ્ દરિશણ જિન અંગ ભણીજે, ન્યાસષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિશણ આરાધે રે.ષ૦ ૧

જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે.ષ૦ ૨

ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે.ષ૦ ૩

લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે?ષ૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે.ષ૦ ૫

જિનવરમાં સઘળાં દરિશણ છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી તટિનીમાં સાગર ભજના રે.ષ૦ ૬

જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.ષ૦ ૭

ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવિ રે.ષ૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે.ષ૦ ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે.ષ૦૧૦

તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહીએ રે.ષ૦૧૧

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

શ્રી નમિ જિનવર સેવ, [1]ઘનાઘન ઉનમ્યો રે, ઘ૦
દીઠાં [2]મિથ્યારોર, ભવિક ચિત્તથી [3]ગમ્યો રે; ભ૦
શુચિ આચરણા રીતિ, તે [4]અભ્ર વધે વડા રે, તે૦
આતમ પરિણતિ શુદ્ધ, તે વીજ ઝબૂકડા રે. તે૦ ૧

વાજે વાય સુવાય, તે પાવન ભાવના રે, તે૦
ઇંદ્ર ધનુષ ત્રિક યોગ, તે ભક્તિ ઇકમના રે; તે૦
નિર્મળ પ્રભુ-સ્તવઘોષ, ધ્વનિ ઘનગર્જના રે, ધ્વ૦
તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જના રે. તા૦ ૨

શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બની રે, તે૦
શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે; વ૦
ચઉગતિ મારગ બંધ, ભવિક [5]જન ઘર રહ્યા રે, ભ૦
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે. રં૦ ૩

સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે, તિ૦
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણું રે, પ૦
પ્રભુગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે, તે૦
ધરમ રુચિ ચિત્તભૂમિ, માંહિ નિશ્ચલ રહી રે. માં૦ ૪

---

૧. મેહ ૨. મિથ્યાત્વરૂપી દુકાળ. ૩. ગયો. ૪. વાદળાં. ૫. પાઠાં–નિજ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે, ક૦
અનુભવરસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે; સ૦
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે, તૃ૦
વિરતિતણાં પરિણામ, તે બીજની પૂરતા રે. તે૦ ૫

પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે, ત૦
સાધ્યભાવ નિજ થાપી સાધનતાએ સધ્યાં રે, સા૦
ક્ષાયિક દરિશણ જ્ઞાન,ચરણ ગુણ ઊપન્યા રે, ચ૦
આદિક બહુગુણ [1]સસ્ય,આતમઘર નીપન્યારે.આ૦ ૬

પ્રભુ દરિશણ મહામેહ, તણે પરવેશમેં રે, ત૦
પરમાનંદ સુભિક્ષ, થયો મુજ દેશમેં રે; થ૦
દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરો રે, ત૦
સાદિ અનંતો કાળ, આતમસુખ અનુસરો રે. આ૦ ૭

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી નમિજિનની સેવા કરતાં, અલિય[2] વિઘન સવિ દૂર નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર[3] પાસેજી.શ્રી૦૧

મયમત્તા[4] અંગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર[5] તે ચંગાજી;
બેટાબેટી બંધવ જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી.શ્રી૦૨

વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાલહા હોય દૂર સહેજેજી;
વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી.શ્રી૦૩

ચંદ્રકિરણ ઉજ્જ્વલ યશ ઉલસે, સૂરજતુલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે,તે અરિયણ[6] બહુ પ્રતાપી જીપેજીશ્રી૦૪

---

૧.ધાન્ય. ૨. ખોટા. ૩. સંપત્તિના પ્રકાર. ૪. મદોન્મત્ત. ૫. ચાલાક ઘોડા. ૬. શત્રુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંગલમાલા[1] લચ્છી વિશાલા[2], બાલા બહુલે પ્રેમ રંગેજી;
શ્રીનયવિજય વિબુધ પયસેવક, કહે લહીએ સુખપ્રેમ અંગેજી.શ્રી૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(આસણરા રે યોગી–એ દેશી)

આજ નમિ જિનરાજને કહીએ,
મીઠે વચને પ્રભુ મન લહીએ રે, સુખકારી સાહેબજી;
પ્રભુ છો નીપટ નિઃસનેહી નગીના,
તો હિયડે છું સેવક આધીના રે, સુખકારી સાહેબજી. ૧

સુનજર કરશો તો વરશો વડાઈ,
શું કહેશે પ્રભુને લડાઈ રે; સુ૦
તુમે અમને કરશો મોટા,
કુણ કહેશે પ્રભુ તુમે છોટા રે ? સુ૦ ૨

નિઃશંક થઈ શુભ વચન કહેશો,
જગ શોભા અધિકી લહેશો રે; સુ૦
અમે તો રહ્યા છીએ તુમને રાચી,
રખે આપ રહો મન ખાંચી રે. સુ૦ ૩

અમે તો કિશું અંતર નવિ રાખું,
જે હોવે હૃદય કહી દાખું રે; સુ૦
ગુણી જન આગળ ગુણ કહેવાયે,
જે વારે પ્રીત પ્રમાણે થાયે રે. સુ૦ ૪

વિષધર[3] ઈશહૃદયે[4] લપટાણો,
તેહવો અમને મિળ્યો છે ટાણો રે; સુ૦

---

૧. કલ્યાણની શ્રેણીઓ. ૨. વિશાળ લક્ષ્મી. ૩. સર્પ. ૪. શંકરની છાતી ઉપર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરવહેશો જો પ્રીત અમારી,
કળિ[૧] કીરત[૨] થાશે તમારી રે. સુ૦ ૫

ધુત્તાઈ ચિત્તડે નવિ ધરશો,
કાંઈ અવળો વિચાર ન કરશો રે; સુ૦
જિમ તિમ કરી સેવક જાણજો,
અવસર લહી સુધ લહેજો રે. સુ૦ ૬

આ સમે કહીએ છીએ તુમને,
પ્રભુ દીજે દિલાસો અમને રે; સુ૦
મોહનવિજય સદા મનરંગે,
ચિત્ત લાગ્યો પ્રભુને સંગે રે. સુ૦ ૭

---

## (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ મારુણી–ધનરા ઢોલા–એ દેશી)

અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરાવાલા;
મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ. મ૦ ૧

ઘર આવોં હો વાલમ ઘર આવો, મારી આશાના વિશરામ; મ૦
રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ૦ ૨

નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ; મ૦
ઈશ્વર[૩] અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩

પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મ૦
માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર. મ૦ ૪

---

૧. કળિકાળમાં. ૨. કીર્તિ. ૩. મહાદેવ, શંકર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર; મ૦
ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર. મ૦ ૫
મારું તો એમાં ક્યુંહી નહિ રે, આપ વિચારો રાજ; મ૦
રાજસભામાં બેસતાં રે, કિસડી[1] બધસી લાજ. મ૦ ૬
પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર; મ૦
પ્રીત કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મ૦ ૭
જો મનમાં એહવું હતું રે, નિસપત[2] કરત ન જાણ; મ૦
નિસપત કરીને છાંડતા રે, માણસ હુવે નુકસાન. મ૦ ૮
દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ; મ૦
સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯
સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ [3]સેત; મ૦
ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦૧૦
રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦
રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ ? મ૦૧૧
એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦૧૨
જિણ જોણી[4] તુમને જોઉં રે, તિણ જોણી જોવો રાજ; મ૦
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦૧૩
મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મ૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક [5]મામ; મ૦
આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મ૦૧૫

૧. કોની લાજ-શોભા વધશે? ૨. સંબંધ. ૩. શ્વેત. ૪. દૃષ્ટિ. ૫. લાજ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર; મ૦
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦૧૬

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદરાજ. મ૦૧૭

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા—એ દેશી)

નેમિ જિણેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી.ને૦ ૧

રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી.ને૦ ૨

ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યોજી;
પુદ્ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી.ને૦ ૩

રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી;
નીરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી.ને૦ ૪

અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આસ્રવ નાસેજી;
સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી.ને૦ ૫

નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી;
શુક્લ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિયે મુક્તિ નિદાનોજી.ને૦ ૬

અગમ અરૂપી રે અલખ અગોચરુ, પરમાતમ પરમીશોજી;
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી.ને૦ ૭

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં શિર દેઈ દોષ મેરે વાલમા;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવ ભવ નેહ નિવારિયો રે હાં,
 શ્યો જોઈ આવ્યા જોષ; મે૦ તો૦ ૧

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
 રામ ને સીતા વિયોગ; મે૦
તેહ કુરંગને[1] વયણડે[2] રે હાં,
 પતિઆવે કુણ લોગ. મે૦ તો૦ ૨

ઉતારી હું ચિત્તથી રે હાં,
 મુક્તિ ધુતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
 તેહશ્યું કવણ સંકેત. મે૦ તો૦ ૩

પ્રીત કરંતાં સોહિલી રે હાં,
 નિરવહેતાં જંજાળ; મે૦
જેહવો વ્યાલ[3] ખેલાવવો રે હાં,
 જેહવી અગનની ઝાળ. મે૦ તો૦ ૪

જો વિવાહ અવસરે દિયો રે હાં,
 હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં,
 શિર ઉપર જગનાથ. મે૦ તો૦ ૫

ઇમ વિલવતી રાજુલ ગઈ રે હાં,
 નેમિ કને વ્રત લીધ; મે૦
વાચક યશ કહે પ્રણમિયે રે હાં,
 એ દંપતી દોય સિદ્ધ. મે૦ તો૦ ૬

---

૧. હરણના. ૨. વચનથી. ૩. સર્પ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(દક્ષિણ દોહિલો હો રાજ—એ દેશી)

કાં રથ વાળો હો રાજ, સામું નિહાળો હો રાજ,
પ્રીત સંભાળો રે વાલ્હા યદુકુળ સેહરા;
જીવન મીઠા હો રાજ, મત હોજો ધીઠા હો રાજ,
દીઠા અળજે રે વહાલા નિવહો નેહરા. ૧

નવભવ ભજ્જા હો રાજ, તિહાં શી લજ્જા હો રાજ ?
તજત ભજ્જા રે કાંસે રણકા વાજીઆ;
શિવાદેવી જાયા હો રાજ, માની લ્યો માયા હો રાજ,
કિમહીક પાયા રે વહાલા મધુકર રાજીઆ. ૨

સુણી હરણીનો હો રાજ, વચન કામિનીનો હો રાજ,
સહી તો બીહનો રે વહાલો આઘો આવતાં;
કુરંગ કહાણા હો રાજ, ચૂક ન ટાણા હો રાજ,
જાણો વહાલા રે દેખી વર્ગવિરંગતા. ૩

વિણ ગુન્હે અટકી હો રાજ, છાંડો મા છટકી હો રાજ,
કટકી ન કીજે હો વહાલા કીડી ઉપરે;
રોષ નિવારો હો રાજ, મહેલે પધારો હો રાજ,
કાંઈ વિચારો વહાલા ડાબું જીમણું. ૪

એ શી હાંસી હો રાજ, હોય વિખાસી હો રાજ,
જુઓ વિમાસી રે અતિશે રોષ ન કીજીએ;
આ ચિત્રશાળી હો રાજ, સેજ સુંવાળી હો રાજ,
વાત હેતાળી રે વહાલા મહારસ પીજીએ. ૫

મુક્તે વહિતા હો રાજ, સામાન્ય વનિતા હો રાજ,
તજી પરિણીતા રે વહાલા કાં તુમે આદરો ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુમને જે ભાવે હો રાજ, કુણ સમજાવે હો રાજ,
કિમ કરી આવે રે તાણ્યો કુંજર પાધરો ? ૬

વચને ન ભીનો હો રાજ, નેમ નગીનો હો રાજ,
પરમ ખજાનો રે વહાલા નાણ અનુપનો;
વ્રત શિવ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,
કહે હિત કામી રે મોહન રૂપ અનુપનો. ૭

---

## (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ સારંગ, રસિયાની દેશી)

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની;
નિજગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય સુ૦ ધ્રુ૦ ૧

સર્વવ્યાપી કહો સર્વ જાણંગપણે, પરપરિણમન સ્વરૂપ; સુ૦
પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ; સુ૦
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ. સુ૦ ધ્રુ૦ ૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, સુ૦
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન. સુ૦ ધ્રુ૦ ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય, સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, સુ૦
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ. સુ૦ ધ્રુ૦ ૬

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત, સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત. સુ૦ ધ્રુ૦ ૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ[1] નાંહિ સુ૦
પૂરણરસીઓ હો નિજગુણ [2]પરસનો, આનંદઘન મુજમાંહિ સુ૦ ધ્રુ૦૮

---

## (૨)

(શાંતિજિન એક મુજ વિનતિ—એ દેશી)

પાસજિન તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;
તુજ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોય રે.પા૦૧

મુજ પ્રવચન પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે;
વ્યવહારે લખી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ લોય રે.પા૦૨

બંધન મોક્ષ નહિ નિશ્ચયે, વ્યવહારે ભજ દોય રે;
અખંડિત અબાધિત સોય કદા નિત અબાધિત સોય રે.પા૦૩

અન્વય હેતુ વ્યતિરેકથી, અંતરો તુજ મુજ રૂપ રે;
અંતર મેટવા કારણે, આત્મસ્વરૂપ અનુપ રે.પા૦૪

આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ અનેક રે;
અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે.પા૦૫

ધરમી ધરમથી એકતા, તેહ મુજ રૂપ અભેદ રે;
એક સત્તા લખી એકતા, કહે તે મૂઢમતિ ખેદ રે.પા૦૬

આતમ ધર્મ અનુસરી, રમે જે આતમરામ રે;
આનંદઘન પદવી લહે, પરમાતમ તસ નામ રે.પા૦૭

---

## (૩)

પ્રણમું પદપંકજ પાર્શ્વના, જસ વાસના અગમ અનુપ રે;
મોહ્યો મન મધુકર જેહથી, પામે નિજ શુદ્ધ સ્વરૂપ રે.પ્ર૦૧

---

૧. પાષાણરૂપ પારસ નહીં. ૨. આત્મગુણરૂપ પારસનો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પંક કલંક શંકા નહીં, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;
ત્રિવિધ અવંચક જોગથી, લહે અધ્યાતમ સુખ પોષ રે. પ્ર૦૨

દુરંદશા દૂરે ટળે, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;
વરતે નિત્ય ચિત્ત મધ્યસ્થતા, કરુણામય શુદ્ધ સ્વભાવ રે. પ્ર૦૩

નિજ સ્વભાવ સ્થિર કરી ધરે, ન કરે પુદ્‌ગલની ખેંચ રે;
સાખી હુઈ વરતે સદા, ન કદી પરભાવ પ્રપંચ રે. પ્ર૦૪

સહજદશા નિશ્ચય જગે, ઉત્તમ અનુભવ રસ રંગ રે;
રાચે નહીં પરભાવશું, નિજભાવશું રંગ અભંગ રે. પ્ર૦૫

નિજગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે;
ખીર નીર વિવરો કરે; એ અનુભવ હંસશું પેખ રે. પ્ર૦૬

નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીત રે;
ઓર ન કબહું લખી શકે, આનંદઘન પ્રીત પ્રતીત રે. પ્ર૦૭

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(કડખાની દેશી)

સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો,
જ્ઞાન વયરાગરો[1] પ્રભુ સવાયો;
શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતા ભાવથી,
મોહરિપુ જીતી જય પડહ વાયો. સ૦૧

વસ્તુ નિજ ભાવ, અવિભાસ નિકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;
ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું ઉચ્છેદે. સ૦૨

૧. વયરાગરો=વજ્રાકર જ્ઞાનરૂપ વજ્ર રત્નની ખાણ, ખજાનો કેવલજ્ઞાન નિધાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોષ ગુણ વસ્તુની, લખીય યથાર્થતા,
લહી ઉદાસીનતા અપર ભાવે;
ધ્વંસિ તજ્જન્યતા ભાવ કર્તાપણું,
પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સ૦ ૩

શુભ અશુભ ભાવ, અવિભાસ તહકીકતા,
શુભઅશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરિણામતા, વીર્ય કર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધો. સ૦ ૪

શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે,
પરમ પરમાત્મતા તાસ થાયે;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સ૦ ૫

ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવભ્રમણની ભીડ મેટી. સ૦ ૬

નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા, રમણ પરિણામથી,
સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. સ૦ ૭

આજ કૃતપુણ્ય ધન્ય દિહ માહરો થયો,
આજ નરજન્મ મેં સફલ ભાવ્યો;
દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીઓ,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સ૦ ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(દિખી કામિની દોય—એ દેશી)

વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે, કે મુ૦
જિમ સુરમાંહિ સોહે, સુરપતિ પરવડો રે; કે સુ૦
જિમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેસરી રે, કે મૃ૦
જિમ ચંદન તરુમાંહિ, સુભટમાંહિ મુરઅરિ રે. કે સુ૦ ૧

નદીયમાંહિ જિમ ગંગ, [1]અનંગ સુરૂપમાં રે, કે અ૦
ફૂલમાંહિ [2]અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે, કે ભ૦
ઐરાવત ગજમાંહી, ગરુડ [3]ખગમાં યથા રે, કે ગ૦
તેજવંતમાંહિ [4]ભાણ, વખાણમાંહિ જિનકથા રે. કે વ૦ ૨

મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે, કે રત્ન૦
સાગરમાંહિ સ્વયંભૂ, – રમણ શિરોમણિ રે; કે રમ૦
શુક્લધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે, કે અ૦
શ્રીનયવિજય વિબુધ પય, સેવક ઇમ ભણે રે. કે સે૦ ૩

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(કાનુડો વેણ વજાવે રે, કાળી નદીને કાંઠે—એ દેશી)

વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણથકી ક્ષણ ન્યારા.
પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;
શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજ્જ્વળ વરણ પ્રકાશે.વા૦૧

તુમ ચરણે વિષધર પણ નિરવિષ, દંસણે[5] થાયે [6]બિડૌજા;
જોતાં અમ શુદ્ધસ્વભાવ કાં ન હુવે, એહ અમે ગ્રહ્યા છોજા.વા૦૨

---

૧. કામદેવ. ૨. કમલ. ૩. પક્ષી. ૪. સૂર્ય. ૫. દર્શનથી. ૬. ઇન્દ્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કમઠરાય મદ કિણ ગિણતીમાં, મોહતણો મદ જોતાં;
તાહરી શક્તિ અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં.વા૦૩
તેં જિમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવો;
સાયર માન તે સાયર સરિખો, તિમ તું પિણ તું જેહવો.વા૦૪
કિમપિ ન બેસો તુમે કરુણાકર, તેહ મુજ પ્રાપ્તિ અનંતી;
જેમ પડે કણ કુંજરમુખથી, કીડી બહુ ધનવંતી.વા૦૫
એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળગડી;
નિજગુણ અનુભવ દેવા આગળ, પડખે નહિ તું બે ઘડી.વા૦૬
જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજો;
મોહનવિજય કહે કવિ રૂપનો, પરતક્ષ કરુણા કરજો.વા૦૭

---

## (૨૪) શ્રી મહાવીર સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત સ્તવન

(રાગ ધન્યાશ્રી)

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે.વી૦૧
છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે.વી૦૨
અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્‌ગલ ગણ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે.વી૦૩
ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે.વી૦૪
કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે.વી૦૫


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.વી૦૬
આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.વી૦૭

---

## (૨)

(પંથડો નિહાળું રે બીજા જિનતણો રે–એ દેશી)

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે, ભાવું કેમ સ્વરૂપ ?
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ.ચ૦૧
આપ સ્વરૂપે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;
અસંખ્ય ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ.ચ૦૨
સૂખમનામ કરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત;
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત.ચ૦૩
રૂપ નહીં કંઈયેં બંધન ઘટ્યું રે, બંધ ન મોક્ષ ન કોય;
બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય ?ચ૦૪
દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે, સત્તા વિણ શો રૂપ;
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સ્વરૂપ.ચ૦૫
આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધિપ્રતિષેધ.ચ૦૬
અંતિમ ભવગ્રહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;
તઈયેં આનંદઘન પદ પામશું રે, આતમરૂપ અનુપ.ચ૦૭

---

## (૩)

વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગ જીવન જિન ભૂપ;
અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી, દાખ્યું તાસ સ્વરૂપ.વી૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેહ અગોચર માનસ વચનને, તેહ અતીન્દ્રિય રૂપ;
અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિશું, ભાખ્યું તાસ સ્વરૂપ.વી૦૨
નયનિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ.વી૦૩
અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધયેરે અનુભવવયણ જે, શાસ્ત્ર તે સઘળોરે ખેદ.વી૦૪
દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત.વી૦૫
અહો ચતુરાઈ રે અનુભવ મિત્તની, અહો તસ પ્રીતપ્રતીત;
અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્રશું રીત.વી૦૬
અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા, સફળ ફળ્યા સવિ કાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે રે, આનંદઘન મહારાજ.વી૦૭

---

## શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

(કડખાની દેશી)

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે. તા૦ ૧

રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો,
લોકની રીતિમાં ઘણુંયે રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષયમાતો. તા૦ ૨

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબવિનુ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા૦ ૩
સ્વામી દરિશણસમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. તા૦ ૪
સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે. તા૦ ૫
જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તા૦ ૬
વિનતિ માનજો, શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૦ ૭

## કળશ

ચોવીશે જિનગુણ ગાઈએ, ધ્યાઈએ તત્ત્વસ્વરૂપોજી;
પરમાનંદ પદ પાઈએ, અક્ષય જ્ઞાન અનુપોજી.ચો૦૧
ચવદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી;
સમતામયી સાહુ સાહુણી, સાવય સાવઇ સારોજી.ચો૦૨
વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી;
ચઉવિહ સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારોજી.ચો૦૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી;
અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી.ચો૦૪
અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવોજી;
નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી.ચો૦૫
ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી;
પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી.ચો૦૬
શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી;
સુમતિસાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી.ચો૦૭
સુવિહિત ખરતર ગચ્છવરુ, રાજસાર ઉવઝાયોજી;
જ્ઞાનધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખદાયોજી.ચો૦૮
દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી;
દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી.ચો૦૯

---

## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(રાગ ધન્યાશ્રી)

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦૧
તુમ ગુણગણ ગંગાજલે, હું ઝીલીને[૧] નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦૨
ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહીઆ, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ૦૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર[૨] આદરું, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦૪

૧. નાહીને. ૨. હરિહરાદિ દેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવ–જીવન આધારો રે. ગિ૦૫

---

## શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

(પછેડાની દેશી)

દુર્લભ ભવ લહી દોહિલો રે, કહો તરીએ કવણ ઉપાય રે:
પ્રભુજીને વીનવું રે;
સમકિત સાચા સાચવું રે, વાલા તે કરણી કિમ થાય રે. પ્ર૦ ૧

અશુભ મોહ જો મેટીએ રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્ર૦
નીરાગે પ્રભુ ધ્યાઈએ રે, કાંઈ તો પિણ રાગ કહાય રે. પ્ર૦ ૨

નામ ધ્યાતાં જો ધ્યાઈએ રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્ર૦
મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામ રે. પ્ર૦ ૩

મોહ બંધજ બાંધીઓ રે, કાંઈ બંધ જહાં નહિ સોય રે; પ્ર૦
કર્મ બંધ ન કીજીએ રે, કાંઈ કર્મબંધન ગયે જોય રે. પ્ર૦ ૪

તેહમાં શો પાડ ચડાવીએ રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્ર૦
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્ર૦ ૫

પ્રેમ મગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે; પ્ર૦
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉપદિશે આતમ સાસ રે. પ્ર૦ ૬

પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્ર૦
આતમ ધ્યાને ઓળખી રે, કાંઈ તરશું ભવનો પાર રે. પ્ર૦ ૭

વર્ધમાન મુજ વિનતિ રે, કાંઈ માનજો નિશદિશ રે; પ્ર૦
મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસિયો તું વિશ્વાવીશ રે. પ્ર૦ ૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી દેવચંદ્રજીકૃત વિહરમાનજિન સ્તવન (૨૦)

## (૧) શ્રી સીમંધર જિન સ્તવન

(સિદ્ધચક્ર પદ વંદો–એ દેશી)

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધધર્મ પ્રગટ્યો જે તુમચો, પ્રગટો તેહ અમારો રે
સ્વામી, વીનવીએ મન રંગે. ૧

જે પરિણામિક ધર્મ તુમારો, તેહવો અમચો ધર્મ;
શ્રદ્ધાભાસન રમણ વિયોગે, વળગ્યો વિભાવ અધર્મરે સ્વામી, વી૦ ૨

વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;
પરવિભાવ અનુગત પરિણતિથી, કર્મે તે અવરાય રે સ્વામી, વી૦ ૩

જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિભાવ અનાદિ;
પરનિમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે સ્વામી, વી૦ ૪

અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા[૧] કત્તા[૨] પરનો;
શુદ્ધનિમિત્ત રમે જબ ચિદ્‌ઘન, કર્ત્તા ભોક્તા ઘરનોરે સ્વામી, વી૦ ૫

જેના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજપરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયોરે સ્વામી, વી૦ ૬

અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;
ભજીએ શુદ્ધ નિમિત્ત અનોપમ, તજીએ ભવભય ટેવરે સ્વામી, વી૦ ૭

શુદ્ધ દેવ અવલંબન કરતાં, પરહરિયે પરભાવ;
આતમધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમભાવ રે સ્વામી, વી૦ ૮

આતમગુણ નિર્મળ નીપજતાં, ધ્યાન સમાધિ સ્વભાવે;
પૂર્ણાનંદ સિદ્ધતા સાધી, દેવચંદ્ર પદ પાવે રે સ્વામી, વી૦ ૯

---

૧. આત્મા. ૨. કર્તા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી યશોવિજયજીકૃત વિહરમાનજિનસ્તવન (૨૦)

## (૧) શ્રી સીમંધર જિન સ્તવન

(ઈડર આંબા આંબલીએ—એ દેશી)

પુષ્કલાવઈ વિજયે જયો રે, નયરી પુંડરિગિણી સાર;
શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસ કુમાર,
જિણંદરાય, ધરજો ધર્મસનેહ. ૧
મોટા નાહના અંતરો રે, ગિરુઆ નવિ દાખંત;
શશી દરિશણ સાયર વધે રે, કૈરવવન વિકસંત. જિ૦ ૨
ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસીએ રે, છાયા સવિ આધાર. જિ૦ ૩
રાય રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર;
ગંગાજલ તે બિહુતણો રે, તાપ કરે સવિ દૂર. જિ૦ ૪
સરિખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ;
મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાંની લાજ. જિ૦ ૫
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોવે પરમાણ;
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ. જિ૦ ૬
વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રુક્મિણી કંત;
વાચક યશ એમ વીનવ્યો રે, ભયભંજન ભગવંત. જિ૦ ૭

----------------

# શ્રી યશોવિજયજીકૃત બીજી ચોવીશી

## (૧) શ્રી ઋષભ જિન સ્તવન

(મેરો પ્રભુ નીકો મેરો પ્રભુ નીકો—એ દેશી)

ઋષભ જિનંદા, ઋષભ જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યું માચી. ઋ૦ ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીઠા દેવ રુચે ન અનેરા, તુજ પાખલિ[1] ચિત્તડું દીએ ફેરા;
સ્વામી શું કામણડું કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું.ઋ૦૨

પ્રેમ બંધાણો તે તો જાણો, નિર્વહેશ્યો તો હોશે પ્રમાણો;
વાચક યશ વીનવે જિનરાજ, બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ.ઋ૦૩

---

# શ્રી દેવચંદ્રજીકૃત ગતચોવીશી

## (૧) શ્રી કેવલજ્ઞાની જિન સ્તવન

નામે ગાજે પરમ આહ્લાદ, પ્રગટે અનુભવરસ આસ્વાદ;
તેથી થાયે મતિ સુપ્રસાદ, સુણતાં ભાંજેરે કાંઈ વિષયવિષાદરે;
જિણંદા તાહરા નામથી મન ભીનો. ૧

ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, અનંત પર્યાય નિવેશ;
જાણંગ શક્તિ અશેષ, તેહથી જાણે રે કાંઈ સકળ વિશેષરે. જિ૦ ૨

સર્વ પ્રમેય પ્રમાણ, જસ કેવળ નાણ પહાણ;
તિણે કેવળનાણી અભિહાણ,જસ ધ્યાવેરે કાંઈ મુનિવર ઝાણરે. જિ૦૩

ધ્રુવપરિણતિ છતિ જાસ, પરિણતિ પરિણામે ત્રિક રાશ;
કર્ત્તાપદ પ્રવૃત્તિ પ્રકાશ, અસ્તિનાસ્તિરે કાંઈ સર્વનો ભાસરે. જિ૦ ૪

સામાન્ય સ્વભાવનો બોધ, કેવળ દર્શન શોધ;
સહકાર અભાવે રોધ, સમયંતર રે કાંઈ બોધ પ્રબોધરે. જિ૦ ૫

કારક ચક્ર સમગ્ગ, તે જ્ઞાયક ભાવ વિલગ્ગ;
પરમભાવ સંસગ્ગ, એક રીતે રે કાંઈ થયો ગુણવગ્ગ રે. જિ૦ ૬

ઇમ સાલંબન જિન ધ્યાન, ભવિ સાધે તત્ત્વ વિધાન;
લહે પૂર્ણાનંદ અમાન, તેહથી થાયે રે કાંઈ શિવ ઇશાનરે. જિ૦ ૭

---

૧. આસપાસ, ચોમેર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દાસ વિભાવ અપાય, નાસે પ્રભુ સુપસાય;
જે તન્મયતાએ ધ્યાય, સહી તેહને રે દેવચંદ્ર પદ થાય રે. જિ૦ ૮

---

## (૨) શ્રી યુગમંધર જિન સ્તવન

(દેશી નારાયણાની)

શ્રી યુગમંધર વીનવું રે, વિનતડી અવધાર રે, દયાલરાય;
એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે.દ૦ શ્રી૦ ૧

કારક ગ્રાહક ભોગ્યતા રે, મેં કીધી મહારાય રે;દ૦
પણ તુજ સરિખો પ્રભુ લહી રે, સાચી વાત કહાય રે.દ૦ શ્રી૦ ૨

યદ્યપિ મૂલ સ્વભાવમેં રે, પરકર્તૃત્વ વિભાવ રે;દ૦
અસ્તિધરમ જે માહરો રે, એહનો તથ્ય અભાવ રે.દ૦ શ્રી૦ ૩

પરપરિણામિકતા દશા રે, લહી પરકારણ યોગ રે;દ૦
ચેતનતા પરગત થઈ રે, રાચી પુદ્ગલ ભોગ રે.દ૦ શ્રી૦ ૪

અશુદ્ધ નિમિત્ત તો જડ અછે રે, વીર્યશક્તિ વિહીન રે;દ૦
તું તો વીરજ જ્ઞાનથી રે, સુખ અનંતે લીન રે.દ૦ શ્રી૦ ૫

તિણ કારણ નિશ્ચે કર્યો રે, મુજ નિજ પરિણતિ ભોગ રે;દ૦
તુજ સેવાથી નીપજે રે, ભાંજે ભવભય સોગ રે.દ૦ શ્રી૦ ૬

શુદ્ધ રમણ આનંદતા રે, ધ્રુવ નિઃસંગ સ્વભાવ રે;દ૦
સકલ પ્રદેશ અમૂર્તતા રે, ધ્યાતા સિદ્ધ ઉપાય રે.દ૦ શ્રી૦ ૭

સમ્યક્તત્ત્વ જે ઉપદિશ્યો રે, સુણતાં તત્ત્વ જણાય રે;દ૦
શ્રદ્ધાજ્ઞાને જે ગ્રહ્યો રે, તેહિ જ કાર્ય કરાય રે.દ૦ શ્રી૦ ૮

કાર્યરુચિ કર્તા થયે રે, કારક સવિ પલટાય રે;દ૦
આતમગતે આતમ રમે રે, નિજ ઘર મંગલ થાય રે.દ૦ શ્રી૦ ૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રાણ શરણ આધાર છો રે, પ્રભુજી ભવ્ય સહાય રે;દ૦
દેવચંદ્ર પદ નીપજે રે, જિનપદકજ સુપસાય રે. દ૦શ્રી૦૧૦

---

## (૨) શ્રી યુગમંધર જિન સ્તવન

(ધનરા ઢોલા–એ દેશી)

શ્રી યુગમંધર સાહિબા રે, તુમશું અવિહડ રંગ, મનના માન્યા;
ચોલમજીઠ તણી પરે રે, તે તો અચલ અભંગ, ગુણના ગેહા. ૧

ભવિજનમન તાંબું કરે રે, વેધક કંચનવાન; મ૦
ફરી તાંબું તે નવિ હુએ રે, તિમ તુમ નેહ પ્રમાણ. ગુ૦ ૨

એક ઉદક લવ જિમ ભળ્યો રે, અક્ષય જલધિમાં સોય; મ૦
તિમ તુજશું ગુણ નેહલો રે, તુજ સમ જગ નહિ કોય. ગુ૦ ૩

તુજશું મુજ મન નેહલો રે, ચંદન ગંધ સમાન; મ૦
મેળ હુઓ એ મૂળગો રે, સહજ સ્વભાવ નિદાન. ગુ૦ ૪

વપ્રવિજય વિજયાપુરી રે, માત સુતારા નંદ; મ૦
ગજ લંછન વિપ્રમંગલા રે, રાણી મન આનંદ. ગુ૦ ૫

સુદૃઢરાય કુળ દિનમણિ રે, જય જય તું જિનરાજ; મ૦
શ્રી નયવિજય વિબુધ તણા રે, શિષ્યને દ્યો શિવરાજ. ગુ૦ ૬

---

## (૨) શ્રી અજિત જિન સ્તવન

વિજયાનંદન ગુણનીલોજી, જીવન જગદાધાર;
તેહશું મુજ મન ગોઠડીજી, છાજે વારોવાર.
સોભાગી જિન, તુજ ગુણનો નહિ પાર;
તું તો દોલતનો દાતાર. સો૦ ૧

જેહવી કૂઆ છાંહડીજી, જેહવું વનનું ફૂલ;
તુજશું જે મન નવિ મિળ્યુંજી, તેહવું તેહનું શૂલ. સો૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માહરું તો મન ધુરિ થકીજી, હળિયું તુજ ગુણ સંગ;
વાચક યશ કહે રાખજોજી, દિન દિન ચડતો રંગ. સો૦૩

---

## (૨) શ્રી નિર્વાણીપ્રભુ જિન સ્તવન

(વીરજી પ્યારા હો વીરજી પ્યારા–એ દેશી)

પ્રણમું ચરણ પરમ ગુરુજિનના, હંસ તે મુનિજન મનના;
વાસી અનુભવ નંદન વનના, ભોગી આનંદઘનના,
મોરા સ્વામી હો, તોરો ધ્યાન ધરીજે;
ધ્યાન ધરીજે હો સિદ્ધિ વરીજે, અનુભવ અમૃત પીજે. મો૦૧

સકલ પ્રદેશ સમાગુણ ધારી, નિજ નિજ કારજ કારી;
નિરાકાર અવગાહ ઉદારી, શક્તિ સર્વ વિસ્તારી. મો૦૨

ગુણગુણ પ્રતિ પર્યાય અનંતા, તે અભિલાપ્ય સ્વતંતા;
અનંતગુણાનભિલાપી સંતા, કાર્ય વ્યાપાર કરંતા. મો૦૩

છતિ અવિભાગી પર્યાયવ્યક્તે, કારજ શક્તિ પ્રવર્તે;
તે વિશેષ સામર્થ્ય પ્રશક્તે, ગુણ પરિણામ અભિવ્યક્તે. મો૦૪

નિરવાણી પ્રભુ શુદ્ધ સ્વભાવી, અભય નિરાયુ અપાવી;
સ્યાદવાદી યમનીગતરાવી, પૂરણ શક્તિ પ્રભાવી. મો૦૫

અચલ અખંડ સ્વગુણ આરામી, અનંતાનંદ વિશરામી;
સકલ જીવ ખેદજ્ઞ સુસ્વામી, નિરામગંધી અકામી. મો૦૬

નિઃસંગી સેવનથી પ્રગટે, પૂર્ણાનંદી ઈહા;
સાધન શક્તે ગુણ એકત્વે, સીઝે સાધ્ય સમીહા. મો૦૭

પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એક તાને, પહોંચે પૂરણ થાને. મો૦૮

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૩) શ્રી બાહુ જિન સ્તવન

(સંભવ જિન અવધારિયે—એ દેશી)

બાહુજિણંદ દયામયી, વર્તમાન ભગવાન; પ્રભુજી,
મહાવિદેહે વિચરતા, કેવલ જ્ઞાન નિધાન. પ્ર૦ બા૦ ૧
દ્રવ્યથકી છ કાયને, ન હણે જેહ લગાર, પ્ર૦
ભાવદયા પરિણામનો, એહી જ છે વ્યવહાર. પ્ર૦ બા૦ ૨
રૂપ અનુત્તર દેવથી, અનંત ગુણ અભિરામ, પ્ર૦
જોતાં પણ જગીજંતુને, ન વધે વિષય વિરામ. પ્ર૦ બા૦ ૩
કર્મઉદય જિનરાજનો, ભવિજન ધર્મ સહાય, પ્ર૦
નામાદિ સંભારતાં, મિથ્યા દોષ વિલાય. પ્ર૦ બા૦ ૪
આતમ ગુણ અવિરાધના, ભાવદયા ભંડાર, પ્ર૦
ક્ષાયિક ગુણ પર્યાયમેં, નવિ પર ધર્મ પ્રચાર. પ્ર૦ બા૦ ૫
ગુણ ગુણ પરિણતિ પરિણમે, બાધક ભાવ વિહીન, પ્ર૦
દ્રવ્ય અસંગી અન્યનો, શુદ્ધ અહિંસક પીન. પ્ર૦ બા૦ ૬
ક્ષેત્રે સર્વ પ્રદેશમેં, નહિ પરભાવ પ્રસંગ, પ્ર૦
અતનુ અયોગી ભાવથી, અવગાહના અભંગ. પ્ર૦ બા૦ ૭
ઉત્પાદ વ્યય ધ્રુવપણે, સહેજે પરિણતિ થાય, પ્ર૦
છેદન યોજનતા નહીં, વસ્તુ સ્વભાવ સમાય. પ્ર૦ બા૦ ૮
ગુણ પર્યાય અનંતતા, કારક પરિણતિ તેમ, પ્ર૦
નિજ નિજ પરિણતિ પરિણમે, ભાવ અહિંસક એમ. પ્ર૦ બા૦ ૯
એમ અહિંસકતામયી, દીઠો તું જિનરાજ, પ્ર૦
રક્ષક નિજપરજીવનો, તારણતરણ જિહાજ. પ્ર૦ બા૦ ૧૦
પરમાતમ પરમેસરુ, ભાવદયા દાતાર, પ્ર૦
સેવો ધ્યાવો એહને, દેવચંદ્ર સુખકાર. પ્ર૦ બા૦ ૧૧

-----------------

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૩) શ્રી બાહુ જિન સ્તવન

(દેશી નણદલની)

સાહિબ બાહુ જિણેસર વીનવું, વિનતડી અવધાર હો;
ભવભયથી હું ઉભગ્યો, હવે ભવ પાર ઉતાર હો.સા૦૧

તુમ સરિખા મુજ શિર છતે, કરમ કરે કિમ જોર હો;
ભુજંગતણો ભય તિહાં નહીં, જિહાં વનમાં વિચરે મોર હો.સા૦૨

જિહાં રવિ તેજે ઝળહળે, તિહાં કિમ રહે અંધકાર હો;
કેસરી જિહાં ક્રીડા કરે, તિહાં નહિ ગજ પરિચાર હો.સા૦૩

તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંસાર હો;
વચ્છવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો.સા૦૪

હરિણ લંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીનો કંત હો;
વિજયાનંદન મુજ દીઓ, યશ કહે સુખ અનંત હો.સા૦૫

---

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

સેનાનંદન સાહિબ સાચો રે, [૧]પરિપરિ પરખ્યો હીરો જાચો રે;
પ્રીતિ મુદ્રિકા તેહશું જોડી રે, જાણું મેં લહી કંચન કોડી રે. ૧

જેણે ચતુરશું ગોઠી ન બાંધી રે, તિણે તો જાણ્યું ફોકટ વાધી રે;
સુગુણ મેલાવે જેહ ઉચ્છાહો રે, મણુઅ જન્મનો તેહ જ લાહો રે. ૨

સુગુણ શિરોમણિ સંભવસ્વામી રે, નેહ નિવાહ ધુરંધર પામી રે;
વાચકયશ કહે મુજ દિન વળિયો રે, મનહ મનોરથ સઘળો ફળિયો રે. ૩

---

૧. વારંવાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૩) શ્રી સાગરપ્રભુ જિન સ્તવન

(શીતલજિન સહેજાનંદી–એ દેશી)

ગુણઆગર સાગર સ્વામી, મુનિ ભાવ જીવન નિઃકામી;
ગુણકરણે કર્ત્તૃ પ્રયોગી, પ્રાગ્ભાવી સત્તા ભોગી,
સુહંકર ભવ્ય એ જિન ગાવો, જિમ પૂરણ પદવી પાવો. સુ૦ ૧

સામાન્ય સ્વભાવ સ્વપરના, દ્રવ્યાદિ ચતુષ્ટય ઘરના;
દેખે દર્શન રચનાયે, નિજ વીર્ય અનંત સહાયે. સુ૦ ૨

તેહને તે જાણે નાણ, એ ધર્મ વિશેષ પહાણ;
સાવયવી કારજ શક્તે, અવિભાગી પર્યાય વ્યક્તે. સુ૦ ૩

જે કારણ કારજ ભાવે, વરતે પર્યાય પ્રભાવે;
પ્રતિસમયે વ્યય ઉત્પાદિ, જ્ઞેયાદિક અનુગતે સાદિ. સુ૦ ૪

અવિભાગી પર્યાય જેહ, સમવાયી કાર્યના ગેહ;
જે નિત્ય ત્રિકાળી અનંત, તસુ જ્ઞાયક જ્ઞાન મહંત. સુ૦ ૫

જે નિત્ય અનિત્ય સ્વભાવ, તે દેખે દર્શન ભાવ;
સામાન્ય વિશેષના પિંડ, દ્રવ્યાર્થિક વસ્તુ પ્રચંડ. સુ૦ ૬

ઇમ કેવળ દર્શન નાણ, સામાન્ય વિશેષનો ભાણ;
દ્વિગુણ આતમ શ્રદ્ધાએ, ચરણાદિક તસુ વ્યવસાયે. સુ૦ ૭

દ્રવ્ય જેહ વિશેષ પરિણામી, તે કહિયે પજ્જવ નામી;
છતિ સામર્થ્ય દુભેદે, પર્યાય વિશેષ નિવેદે. સુ૦ ૮

તસુ રમણે ભોગનો વૃંદ, અપ્રયાસી પૂર્ણાનંદ;
પ્રગટી જસ શક્તિ અનંતી, નિજ કારજવૃત્તિ સ્વતંત્રી. સુ૦ ૯

ગુણદ્રવ્ય સામાન્યસ્વભાવી, તીરથપતિ ત્યક્ત વિભાવી;
પ્રભુ આણા ભક્તે લીન, તિણે દેવચંદ્ર પદ કીન. સુ૦ ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૪) શ્રી સુબાહુ જિન સ્તવન

(માહરો વહાલો બ્રહ્મચારી—એ દેશી)

શ્રી સુબાહુજિન અંતરજામી, મુજ મનનો વિશરામી રે,
પ્રભુ અંતરજામી;
આતમ ધર્મ તણો આરામી, પરપરિણતિ નિષ્કામી રે. પ્ર૦ ૧

કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમળ વિકાસી રે; પ્ર૦
ચિદાનંદ ઘન તત્ત્વવિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે. પ્ર૦ ૨

યદ્યપિ હું મોહાદિકે છળિયો, પરપરિણતિશું ભળિયો રે; પ્ર૦
હવે તુજસમ મુજ સાહિબ મલિયો, તિણે સવિભવભય ટલિયોરે. પ્ર૦ ૩

ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી, દુર્ધ્યાતા પરિણતિ વારી રે; પ્ર૦
ભાસન વીર્ય એકતાકારી, ધ્યાન સહજ સંભારી રે. પ્ર૦ ૪

ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પર પરિણતિ વિચ્છેદે રે; પ્ર૦
ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે, ધ્યેય સિદ્ધતા વેદે રે. પ્ર૦ ૫

દ્રવ્યક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાચી રે; પ્ર૦
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી રે. પ્ર૦ ૬

પણ નવિ ભય જિનરાજ પસાયે, તત્ત્વ રસાયણ પાયે રે; પ્ર૦
પ્રભુ ભક્તે નિજ ચિત્ત વસાયે, ભાવરોગ મિટ જાયે રે. પ્ર૦ ૭

જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વ રમણ આદરિયે રે; પ્ર૦
દ્રવ્ય ભાવ આસ્રવ પરિહરિયે, દેવચંદ્ર પદ વરિયે રે. પ્ર૦ ૮

---

## (૪) શ્રી સુબાહુ જિન સ્તવન

સ્વામી સુબાહુ સુહંકરુ, ભૂનંદાનંદન પ્યારો રે;
નિસઢનરેસર કુલતિલો, કિંપુરુષા ભરતારો રે. સ્વા૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપિ લંછન નલિનાવતી, વપ્રવિજય અયોધ્યાનાહો રે;
રંગે મિલિયે તેહશું, એહ મણુઅ જન્મનો લાહો રે.સ્વા૦૨

તે દિન સવિ એળે ગયા, જિહાં પ્રભુશું ગોઠી ન બાંધી રે;
ભક્તિ દૂતિકાએ મન હર્યું, પણ વાત કહી છે આધી રે.સ્વા૦૩

અનુભવ મિત્ત જો મોકલું, તો તે સઘળી વાત જણાવે રે;
પણ તેહવિણ મુજ નવિ સરે, કહોતો પુત્રવિચાર તે આવે રે.સ્વા૦૪

તેણે જઈ વાત સવે કહી, પ્રભુ મળ્યા તે ધ્યાનને ટાણે રે;
શ્રી નયવિજય વિબુધતણો, ઇમ સેવક સુયશ વખાણે રે.સ્વા૦૫

---

## (૪) શ્રી અભિનંદન જિન સ્તવન

(ગોડી ગાજે રે–એ દેશી)

શેઠ સેવો રે અભિનંદન દેવ, જેહની સારે રે સુર કિન્નર સેવ;
એહવો સાહિબ સેવે તેહ હજૂર, જેહનાં પ્રગટેરે કીધાં પુન્યપંડૂર.શે૦૧

જેહ સુગુણ સનેહી સાહિબ હેજ, દૃગલીલાથી લહિયે સુખસેજ;
તૃણ સરખું લાગે સઘળે સાચ, તે આગળ આવ્યું ધરણીરાજ.શે૦૨

અલવે મેં પામ્યો તેહવો નાથ, તેહથી હું નિશ્ચય હુઓ રે સનાથ;
વાચકયશ કહે પામી રંગરેલ, માનું ફળિય આંગણાડે સુરતરુવેલ.શે૦૩

---

## (૪) શ્રી મહાજશ જિન સ્તવન

(રાગ ફાગ)

આત્મ પ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્દર્શન રંગ રે,
નિજ સુખકે સધૈયા; તું તો નિજગુણ ખેલ વસંત રે, નિજ૦
પર પરિણતિ ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગ રે. નિ૦ ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસ બરાસ સુરુચિ કેસરઘન, છાંટો પરમ પ્રમોદ રે; નિ૦
આતમ રમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે. નિ૦ ૨

ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે; નિ૦
રીઝ એકત્વતા તાનમેં વાજે, વાજિંત્ર સન્મુખ યોગ રે. નિ૦ ૩

શુક્લધ્યાન હોરીકી જ્વાલા, જાલે કર્મ કઠોર રે; નિ૦
શેષપ્રકૃતિદલ ક્ષિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોર રે. નિ૦ ૪

દેવ મહાજસ ગુણ અવલંબન, નિર્ભય પરિણતિ વ્યક્તિ રે; નિ૦
જ્ઞાને ધ્યાને અતિ બહુમાને, સાધે મુનિ નિજ શક્તિ રે. નિ૦ ૫

સકળ અજોગ અલેશ અસંગત, નાહીં હોવે સિદ્ધ રે; નિ૦
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુહિં પ્રસિદ્ધ રે. નિ૦ ૬

---

## (૫) શ્રી સુજાત જિન સ્તવન

(દિહુ દેહુ નણંદ હઠીલી–એ દેશી)

સ્વામી સુજાત સુહાયા, દીઠા આણંદ ઉપાયા રે;
મનમોહના જિનરાયા;
જિણે પૂરણ તત્ત્વ નિપાયા, દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે. મ૦ ૧

પર્યાયાસ્તિક નયરાયા, તે મૂલ સ્વભાવ સમાયા રે; મ૦
જ્ઞાનાદિક સ્વપર્યાયા, નિજ કાર્ય કરણ વરતાયા રે. મ૦ ૨

અંશનય માર્ગ કહાયા, તે વિકલ્પ ભાવ સુણાયા રે; મ૦
નય ચાર તે દ્રવ્ય થપાયા, શબ્દાદિક ભાવ કહાયા રે. મ૦ ૩

દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા રે; મ૦
તે સવિ પરમાર્થ સમાયા, તસુ વર્તન ભેદ ગમાયા રે. મ૦ ૪

સ્યાદ્વાદી વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહીજે રે; મ૦
સામાન્ય વિશેષનું ધામ, તે દ્રવ્યાસ્તિક પરિણામ રે. મ૦ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિનરૂપ અનંત ગણીજે, તે દિવ્ય જ્ઞાન જાણીજે રે; મ૦
શ્રુતજ્ઞાને નય પથ લીજે, અનુભવ આસ્વાદન કીજે રે. મ૦ ૬
પ્રભુશક્તિ વ્યક્તિ એક ભાવે, ગુણ સર્વ રહ્યા સમભાવે રે; મ૦
માહરે સત્તા પ્રભુ સરખી, જિનવચન પસાયે પરખી રે. મ૦ ૭
તું તો નિજ સંપત્તિ ભોગી, હું તો પરપરિણતિનો યોગી રે; મ૦
તિણ તુમ્હ પ્રભુ માહરા સ્વામી, હું સેવક તુજ ગુણગ્રામી રે. મ૦ ૮
એ સંબંધ ચિત્ત સમવાય, મુજ સિદ્ધિનું કારણ થાય રે; મ૦
જિનરાજની સેવના કરવી, ધ્યેય ધ્યાન ધારણા ધરવી રે. મ૦ ૯
તું પૂરણ બ્રહ્મ અરૂપી, તું જ્ઞાનાનંદ સ્વરૂપી રે; મ૦
ઇમ તત્ત્વાલંબન કરિયે, તો દેવચંદ્ર પદ વરિયે રે. મ૦૧૦

---

## (૫) શ્રી સુજાત જિન સ્તવન

સાચો સ્વામી સુજાત, પૂરવ અરધ જયોરી;
ધાતકી ખંડ મઝાર, પુષ્કલાવઈ વિજયોરી. ૧
નયરી પુંડરિગિણી નાથ, દેવસેન વંશ તિલોરી;
દેવસેનાનો પુત્ર, લંછન ભાનુ ભલોરી. ૨
જયસેનાનો કંત, તેહશું પ્રેમ ધર્યોરી;
અવર ન આવે દાય, તેણે વશિ ચિત્ત કર્યોરી. ૩
તુમે મતિ જાણો દૂર, જઈ પરદેશ રહ્યારી;
છો મુજ ચિત્ત હજૂર, ગુણ સંકેત ગ્રહ્યારી. ૪
ઊગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી;
દેખી ચંદ્ર ચકોર, પીવા અમીઅ ધસેરી. ૫
દૂર થકી પણ તેમ, પ્રભુશું ચિત્ત મિળ્યુંરી;
શ્રી નયવિજય સુશિષ્ય, કહે ગુણ હેજે હિળ્યુંરી. ૬

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

(ઘુઘરીઆળો ઘાટ—એ દેશી)

સુમતિનાથ દાતાર, કીજે ઓળગ તુમ તણી રે;
દીજે શિવસુખ સાર, જાણી ઓળગ જગધણી રે. ૧

અક્ષય ખજાનો તુજ, દેતાં ખોટ લાગે નહીં રે;
કિસિ વિમાસણ [1]ગુજ્જ, જાચક થાકે ઊભા રહી રે. ૨

રયણ કોડ તેં દીધ, ઉરણ વિશ્વ તદા કીઓ રે;
વાચક યશ સુપ્રસિદ્ધ, માગે તીન રતન દીઓ રે. ૩

---

## (૫) શ્રી વિમલ જિન સ્તવન

(કડખાની દેશી)

ધન્ય તું ધન્ય તું ધન્ય જિનરાજ તું,
ધન્ય તુજ શક્તિ વ્યક્તિ સનૂરી;
કાર્ય કારણ દશા સહજ ઉપગારતા,
શુદ્ધ કર્તૃત્વ પરિણામ પૂરી. ધ૦ ૧

આત્મ પ્રભાવ પ્રતિભાસ કારજદશા,
જ્ઞાન અવિભાગ પર્યાય પ્રવૃત્તે;
એમ ગુણ સર્વ નિજ કાર્ય સાધે પ્રગટ,
જ્ઞેયદૃશ્યાદિ કારણનિમિત્તે. ધ૦ ૨

દાસ બહુમાન ભાસન રમણ એકતા,
પ્રભુ [2]ગુણાલંબની શુદ્ધ થાયે;
બંધના હેતુ રાગાદિ તુજ ગુણ રસી,
તેહ સાધક અવસ્થા ઉપાયે. ધ૦ ૩

---

૧. છાનું. ૨. પાઠાં – ગુણાલંબથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મ જંજાલ યુંજનકરણ યોગ જે,
સ્વામીભક્તિ રમ્યા થિર સમાધિ;
દાન તપ શીલ વ્રત નાથઆણા વિના,
થઈ બાધક કરે ભવ ઉપાધિ. ધ૦ ૪

સકળ પ્રદેશ સમકાળ સવિ કાર્યતા,
કરણ સહકાર કર્તૃત્વ ભાવો;
દ્રવ્ય પ્રદેશ પર્યાય આગમપણે,
અચલ અસહાય અક્રિય દાવો. ધ૦ ૫

ઉત્પત્તિ નાશ ધ્રુવ સર્વદા સર્વની,
ષડ્ગુણી હાનિ વૃદ્ધિ અન્યૂનો;
અસ્તિ નાસ્તિત્વ સત્તા અનાદિથકો,
પરિણમન ભાવથી નહિ અજૂનો. ધ૦ ૬

ઇણીપરે વિમલ જિનરાજની વિમલતા,
ધ્યાન મનમંદિરે જેહ ધ્યાવે;
ધ્યાન પૃથક્ત્વ સવિકલ્પતા રંગથી,
ધ્યાન એકત્વ અવિકલ્પ આવે. ધ૦ ૭

વીતરાગી અસંગી અનંગી પ્રભુ,
નાણ અપ્રયાસ અવિનાશ ધારી;
દેવચંદ્ર શુદ્ધ સત્તારસી સેવતાં,
સંપદા આત્મશોભા વધારી. ધ૦ ૮

---

## (૬) શ્રી સ્વયંપ્રભ જિન સ્તવન

(મોમનડો હેડાઉહો મિસરિ ઠાકુરો મહદરો–એ દેશી)

સ્વામી સ્વયંપ્રભને હો જાઉં ભામણે, હરખે વાર હજાર;
વસ્તુ ધર્મ હો પૂરણ જસુ નીપનો, ભાવકૃપા કિરતાર.સ્વા૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ્યધર્મ તે હો જોગ સમારવા, વિષયાદિક પરિહાર;
આતમશક્તિ હો સ્વભાવ સુધર્મનો, સાધન હેતુ ઉદાર.સ્વા૦૨

ઉપશમભાવે હો મિશ્ર ક્ષાયિકપણે, જે નિજગુણ પ્રાગ્ભાવ;
પૂર્ણાવસ્થાને હો નિપજાવતો, સાધન ધર્મ સ્વભાવ.સ્વા૦૩

સમકિત ગુણથી હો શૈલેશી લગે, આતમ અનુગત ભાવ;
સંવર નિર્જરા હો ઉપાદાન હેતુતા, સાધ્યાલંબન દાવ.સ્વા૦૪

સકલ પ્રદેશે હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ;
આતમ ગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધ સ્વભાવ અનુપ.સ્વા૦૫

અચળ અબાધિત હો જે નિસ્સંગતા, પરમાતમ ચિદ્રૂપ;
આતમ ભોગી હો રમતા નિજ પદે, સિદ્ધરમણ એ રૂપ.સ્વા૦૬

એહવો ધર્મ હો પ્રભુને નીપન્યો, ભાખ્યો તેહવો ધર્મ;
જે આદરતાં હો ભવિયણ શુચિ હુવે, ત્રિવિધ વિદારી કર્મ.સ્વા૦૭

નામ ધર્મ હો ઠવણ ધર્મ તથા, દ્રવ્ય ક્ષેત્ર તિમ કાળ;
ભાવ ધર્મના હો હેતુપણે ભલા, ભાવ વિના સહુ આળ.સ્વા૦૮

શ્રદ્ધા ભાસન હો તત્ત્વ રમણપણે, કરતાં તન્મય ભાવ;
દેવચંદ્ર હો જિનવર પદ સેવતાં, પ્રગટે વસ્તુ સ્વભાવ.સ્વા૦૯

---

## (૬) શ્રી સ્વયંપ્રભ જિન સ્તવન

(દેશી પારધીયાની)

સ્વામી સ્વયંપ્રભ સુંદરુ રે,
મિત્રનૃપતિ કુળ હંસ રે ગુણરસીઆ;
માતા સુમંગળા જનમિયો રે,
શશી લંછન સુપ્રશંસ રે મનવસીઆ. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વપ્ર વિજય વિજયાપુરી રે, ધાતકી પૂરવ અદ્ધ રે;ગુણ૦
પ્રિયસેના પિયુ પુન્યથી રે, તુમ સેવા મેં લદ્ધ રે.મન૦ ૨

ચખવી સમકિત સુખડી રે, હેળવીઓ હું બાળ રે;ગુણ૦
કેવળરત્ન લહ્યા વિના રે, ન તજું ચરણ ત્રિકાળ રે.મન૦ ૩

એકને લલચાવી રહો રે, એકને આપો રાજ રે;ગુણ૦
એ તુમ કરવો કિમ ઘટે રે, પંક્તિ ભેદ જિનરાજ રે.મન૦ ૪

કેડ ન છોડું તાહરી રે, આપ્યા વિણ શિવસુખ રે;ગુણ૦
ભોજન વિણ ભાંજે નહીં રે, ભામણડે જિમ ભૂખ રે.મન૦ ૫

આસંગાયત જે હુશે રે, તે કહેશે સો વાર રે;ગુણ૦
ભોળી ભગતે રીઝશે રે, સાહિબ પણ નિરધાર રે.મન૦ ૬

સવિ જાણે થોડું કહે રે, પ્રભુ તું ચતુર સુજાણ રે;ગુણ૦
વાચક યશ કહે દીજીએ રે, વાંછિત સુખ નિર્વાણ રે.મન૦ ૭

---

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(આજ અધિક ભાવે કરી—એ દેશી)

પદ્મપ્રભજિન સાંભળો, કરે સેવક એ અરદાસ હો;
પાંતિ બેસારીઓ જો તુમ્હે, તો સફળ કરો આશ હો.પ૦૧

જિનશાસન પાંતિ તેં ઠવી, મુજ આપ્યું સમકિત થાળ હો;
હવે ભાણા ખડખડ કુણ ખમે,શિવમોદક પીરસે રસાળ હો.પ૦૨

ગજગ્રાસન ગલિત સંચી કરી, જીવે કીડીના વંશ હો;
વાચકયશ કહે એમ ચિત્ત ધરી, દીજે નિજસુખ એક અંશ હો.પ૦૩

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૬) શ્રી સર્વાનુભૂતિ જિન સ્તવન

જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધાર રે;
તુજ દરિશણ વિણ હું ભમ્યો, કાળ અનંત અપાર રે.જ૦૧

સુહમ નિગોદ ભવે વસ્યો, પુદ્ગલ પરિઅટ્ટ અનંત રે;
અવ્યવહારપણે ભમ્યો, ક્ષુલ્લક ભવ અત્યંત રે.જ૦૨

વ્યવહારે પણ તિરિય ગતે, ઇગ વણખંડ અસન્ન રે;
અસંખ્ય પરાવર્તન થયાં, ભમિયો જીવ અધન્ન રે.જ૦૩

સૂક્ષમ સ્થાવર ચારમેં, કાલહ ચક્ર અસંખ્ય રે;
જન્મ મરણ બહુલાં કર્યાં, પુદ્ગલ ભોગને કંખ રે.જ૦૪

ઓઘે બાદર ભાવમેં, બાદર તરુ પણ એમ રે;
પુદ્ગલ અઢી લાગટ વસ્યો, નામ નિગોદે પ્રેમ રે.જ૦૫

સ્થાવર સ્થૂળ પરિતમેં, સીત્તર કોડાકોડિ રે;
આયર ભમ્યો પ્રભુ નવિ મિલ્યા, મિથ્યા અવિરતિ જોડિરે.જ૦૬

વિગલપણે લાગટ વસ્યો, સંખિજવાસ હજાર રે;
બાદર પજ્જવ વણસ્સઇ, ભૂ જલ વાયુ મઝાર રે.જ૦૭

અનલ વિગલ પજ્જતમેં, તસભવ આયુ પ્રમાણ રે;
શુદ્ધ તત્ત્વ પ્રાપ્તિ વિના, ભટક્યો નવ નવ ઠાણ રે.જ૦૮

સાધિક સાગર સહસ દો, ભોગવીઓ તસ ભાવે રે;
એક સહસ સાધિક દધિ, પંચેન્દ્રી પદ દાવે રે.જ૦૯

પર પરિણતિ રાગીપણે, પર રસ રંગે રક્ત રે;
પર ગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે.જ૦૧૦

શુદ્ધ સ્વજાતિ તત્ત્વને, બહુ માને તલ્લીન રે;
તે વિજાતિ રસતા તજી, સ્વસ્વરૂપ રસ પીન રે.જ૦૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી સર્વાનુભૂતિ જિનેશ્વરુ, તારક લાયક દેવ રે;
તુજ ચરણ શરણ રહ્યો, ટળે અનાદિ કુટેવ રે.જ૦૧૨

સબલા સાહિબ ઓલગે, આતમ સબલો થાય રે;
બાધક પરિણતિ સવિ ટળે, સાધક સિદ્ધિ કહાય રે.જ૦૧૩

કારણથી કારજ હુવે, એ પરતીત અનાદિ રે;
માહરા આતમ સિદ્ધિના, નિમિત્ત હેતુ પ્રભુ સાદિ રે.જ૦૧૪

અવિસંવાદન હેતુની, દૃઢ સેવા અભ્યાસ રે;
દેવચંદ્ર પદ નીપજે, પૂર્ણાનંદ વિલાસ રે.જ૦૧૫

---

## (૭) શ્રી ઋષભાનન જિન સ્તવન

(વારી હું ગોડી પાસને–એ દેશી)

શ્રી ઋષભાનન વંદિયે, અચલ અનંત ગુણવાસ, જિનવર;
ક્ષાયિક ચારિત્ર ભોગથી, જ્ઞાનાનંદ વિલાસ. જિ૦ શ્રી૦ ૧

જે પ્રસન્ન પ્રભુ મુખ ગ્રહે, તેહિજ નયન પ્રધાન; જિ૦
જિનચરણે જે નામીએ, મસ્તક તેહ પ્રમાણ. જિ૦ શ્રી૦ ૨

અરિહાપદકજ અરચીએ, સ લહિજે તે હથ્થ; જિ૦
પ્રભુગુણ ચિંતનમેં રમે, તેહ જ મન સુકયથ્થ. જિ૦ શ્રી૦ ૩

જાણો છો સહુ જીવની, સાધક બાધક ભાંત; જિ૦
પણ શ્રીમુખથી સાંભળી, મન પામે નિરાંત. જિ૦ શ્રી૦ ૪

તીન કાલ જાણંગ ભણી, શું કહિયે વારંવાર; જિ૦
પૂર્ણાનંદી પ્રભુતણું, ધ્યાન તે પરમ આધાર. જિ૦ શ્રી૦ ૫

કારણથી કારજ હુવે, એ શ્રી જિન મુખ વાણ; જિ૦
પુષ્ટહેતુ મુજ સિદ્ધિના, જાણી કીધ પ્રમાણ. જિ૦ શ્રી૦ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય; જિ૦
ત્યાં લગે જગગુરુ દેવના, સેવું ચરણ સદાય. જિ૦ શ્રી૦ ૭

કારજ પૂર્ણ કર્યા વિના, કારણ કેમ મુકાય; જિ૦
કારજરુચિ કારણતણા, સેવે શુદ્ધ ઉપાય. જિ૦ શ્રી૦ ૮

જ્ઞાન ચરણ સંપૂર્ણતા, અવ્યાબાધ અમાય; જિ૦
દેવચંદ્ર પદ પામીએ, શ્રી જિનરાજ પસાય. જિ૦ શ્રી૦ ૯

---

## (૭) શ્રી ઋષભાનન જિન સ્તવન

(બન્યો કુંઅરજીનો સેહરો–એ દેશી)

શ્રીઋષભાનન ગુણનીલો, સોહે મૃગપતિ લંછન પાય હો જિણંદા,
મોહે મન તું સવિતણાં, ભલી વીરસેના તુજ માય હો જિ૦ શ્રી૦ ૧

વચ્છવિજય સુસીમાપુરી, ખંડ ધાતકી પૂરવ ભાગ હો જિ૦
રાણી જયાવતી નાહલો, કીરતિનૃપસુત વડભાગ હો જિ૦ શ્રી૦ ૨

હું પૂછું કહો તુમે કેણિપરે, દીઓ ભગતને મુગતિસંકેતહો જિ૦
રુસો નહિ નિંદા કારણે, તુષો નહિ પૂજા હેત હો જિ૦ શ્રી૦ ૩

વિણસમકિત ફળ કો નવિ લહે, એહ ગ્રંથે છે અવદાતહો જિ૦
તો એ શાબાશી તુમને ચઢે, તુમે કહેવાઓ જગતાતહો જિ૦ શ્રી૦ ૪

હવે જાણ્યું મનવાંછિત દીએ, ચિંતામણિ ને સુરકુંભહો જિ૦
અગ્નિ મિટાવે શીતને, જે સેવે થઈ થિરથંભ હો જિ૦ શ્રી૦ ૫

જિમ એગુણ વસ્તુસ્વભાવથી તિમતુમથી મુગતિઉપાયહો જિ૦
દાયક નાયક ઉપમા, ભક્તે એમ સાચ કહેવાય હો જિ૦ શ્રી૦ ૬

જપતપકિરિયા ફળ દીએ, તે તુમ ગુણ ધ્યાન નિમિત્તહો જિ૦
શ્રી નયવિજય વિબુધતણા, સેવકને પરમ તું મિત્ત હો જિ૦ શ્રી૦ ૭

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૭) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

(એ ગુરુ વાલહો રે–એ દેશી)

શ્રી સુપાર્શ્વ જિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે;
માનું સકળ પદ મેં લહ્યાં રે, જો તું નેહનજર ભરી જોઈ,
એ પ્રભુ પ્યારો રે મારા ચિત્તનો ઠારણહાર મોહનગારો રે. ૧

સિંચે વિશ્વ સુધારસે રે, ચંદ્ર રહ્યો પણ દૂર રે;
તિમ પ્રભુ કરુણાદૃષ્ટિથી રે, લહિયે સુખ મહમૂર.એ૦૨

વાચક યશ કહે તિમ કરો રે, રહિયે જેમ હજૂર રે;
પીજે વાણી મીઠડી રે, જેહવો સરસ ખજૂર.એ૦૩

---

## (૭) શ્રી શ્રીધર જિન સ્તવન

(રસિયાની દેશી)

સેમુખ મુખ પ્રભુને ન મળી શક્યો,
તો શી વાત કહાય, જિણંદજી;
નિજ પર વીતક વાત લહો સહુ,
પણ મને કિમ પતિત આય.જિ૦ સે૦ ૧

ભવ્ય અભવ્ય પરિત્ત અનંત તો,
કૃષ્ણ શુક્લ પક્ષ ધાર; જિ૦
આરાધક વિરાધક રીતનો,
પૂછી કરત નિરધાર. જિ૦ સે૦ ૨

કિણ કાળે કારણ કેહવે મળે,
થાશે મુજને હો સિદ્ધિ; જિ૦
આતમતત્ત્વ રુચિ નિજ રિદ્ધિની,
લહીશું સર્વ સમૃદ્ધિ. જિ૦ સે૦ ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક વચન જિન આગમનો લહી,
નિપાવ્યાં નિજ કામ; જિ૦
એટલે આગમ કારણ સંપજે,
ઢીલ થઈ કિમ આમ. જિ૦ સે૦૪

શ્રીધરજિન નામે બહુ નિસ્તર્યા,
અલ્પ પ્રયાસે હો જેહ; જિ૦
મુજ સરિખો એટલે કારણ લહે,
ન તરે કહો કિમ તેહ. જિ૦ સે૦૫

કારણ જોગે સાધે તત્ત્વને,
નવિ સમર્યો ઉપાદાન; જિ૦
શ્રી જિનરાજ પ્રકાશો મુજ પ્રતે,
તેહનો કોણ નિદાન. જિ૦ સે૦૬

ભાવરોગના વૈદ્ય જિનેશ્વરુ,
ભાવૌષધ તુજ ભક્તિ; જિ૦
દેવચંદ્રને શ્રી અરિહંતનો,
છે આધાર એ વ્યક્તિ. જિ૦ સે૦૭

---

## (૮) શ્રી અનંતવીર્ય જિન સ્તવન

(ચરણાલી ચામુંડા રણ ચઢે—એ દેશી)

અનંતવીરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંત રે,
નિજ આતમ ભાવે પરિણમ્યો, ગુણવૃત્તિ વર્તનાવંત રે;
મન મોહ્યું અમારું પ્રભુગુણે. ૧

યદ્યપિ જીવ સહુ સદા, વીર્યગુણ સત્તાવંત રે;
પણ કર્મે આવૃત ચલ તથા, બાળ બાધક ભાવ લહંત રે. મ૦૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અલ્પવીર્ય ક્ષયોપશમ અછે, અવિભાગ વર્ગણા રૂપ રે;
ષડ્ગુણ એમ અસંખ્યથી, થાયે યોગસ્થાન સરૂપ રે.મ૦૩

સુહમ નિગોદી જીવથી, જાવસન્નીવર પજ્જત રે;
યોગનાં ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્ત રે.મ૦૪

સંયમને યોગે વીર્ય તે, તુમ્હેં કીધો પંડિત દક્ષ રે;
સાધ્ય રસી સાધકપણે, અભિસંધિ રમ્યો નિજ લક્ષ રે.મ૦૫

અભિસંધિ અબંધક નીપને, અનભિસંધિ અબંધક થાય રે;
સ્થિર એક તત્ત્વતા વર્તતો, તે ક્ષાયિક શક્તિ સમાય રે.મ૦૬

ચક્રભ્રમણ ન્યાય સયોગતા, તજી કીધ અયોગી ધામ રે;
અકરણ વીર્ય અનંતતા, નિજગુણ સહકાર અકામ રે.મ૦૭

શુદ્ધ અચલ નિજવીર્યની, નિરુપાધિક શક્તિ અનંત રે;
તે પ્રગટી મેં જાણી સહી, તિણે તુમહી જ દેવ મહંત રે.મ૦૮

તુજ જ્ઞાને ચેતના અનુગમી, મુજ વીર્ય સ્વરૂપ સમાય રે;
પંડિત ક્ષાયિકતા પામશે, એ પૂરણસિદ્ધિ ઉપાય રે.મ૦૯

નાયક તારક તું ધણી, સેવનથી આતમ સિદ્ધિ રે;
દેવચંદ્ર પદ સંપજે, વર પરમાનંદ સમૃદ્ધિ રે. મ૦૧૦

---

## (૮) શ્રી અનંતવીર્ય જિન સ્તવન

જિમ મધુકર મન માલતી રે,
જિમ કુમુદને ચિત્ત ચંદ રે જિણંદરાય;
જિમ ગજ મન રેવા નદી રે,
કમળા મન ગોવિંદ રે જિણંદરાય.
યું મેરે મન તું વસ્યોજી. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાતક ચિત્ત જિમ મેહુલો રે, જિમ પંથી મન ગેહ રે;જિ૦
હંસા મન માનસરોવરુ રે, તિમ મુજ તુજશું નેહ રે.જિ૦ યું૦૨

જિમ નંદનવન ઇન્દ્રને રે, સીતાને વહાલો રામ રે;જિ૦
ધરમીને મન સંવરુ રે, વ્યાપારી મન દામ રે.જિ૦ યું૦૩

અનંતવીર્ય ગુણસાગરુ રે, ધાતકી ખંડ મોઝાર રે;જિ૦
પૂરવ અરધ નલિનાવતી રે, વિજય અયોધ્યા ધાર રે.જિ૦ યું૦૪

મેઘરાય મંગળાવતી રે, સુત, વિજયાવતી કંત રે;જિ૦
ગજ લંછન યોગીસરુ રે, હું સમરું મહામંત રે.જિ૦ યું૦૫

ચાહે ચતુર ચૂડામણિ રે, કવિતા અમૃતની કેળ રે;જિ૦
વાચકયશ કહે સુખ દીઓરે, મુજ તુજ ગુણ રંગરેલ રે.જિ૦ યું૦૬

---

## (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(ભોળાશંભુ–એ દેશી)

મોરા સ્વામી ચંદ્રપ્રભ જિનરાય, વિનતડી અવધારિયે, જીરેજી;
મોરા સ્વામી તુમ્હે છો દીનદયાળ, ભવજલથી મુજ તારિયે. જી૦ ૧

મોરા સ્વામી હું આવ્યો તુજ પાસ, તારક જાણી ગહગહી; જી૦
મોરા સ્વામી જોતાં જગમાં દીઠ, તારક કો બીજો નહીં. જી૦ ૨

મોરા સ્વામી અરજ કરંતા આજ, લાજ વધે કહો કેણિપરે; જી૦
મોરા સ્વામી યશ કહે ગોપય તુલ્ય, ભવજળથી કરુણા ધરે. જી૦ ૩

---

## (૮) શ્રી દત્તપ્રભુ સ્તવન

(રાગ ધમાલ)

જિન સેવનથેં પાઈએ હો, શુદ્ધાતમ મકરંદ, લલના;
તત્ત્વપ્રતીત વસંતઋતુ પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત લલના
દુરમતિ રજની લઘુ ભઈ હો, સદ્બોધ દિવસ વદીત. લ૦જિ૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધ્યરુચિ સુસખા મિલી હો, નિજ ગુણ ચરચા ખેલ; લ૦
બાધક ભાવકી નંદના હો, બુધ મુખગારિકો મેલ. લ૦ જિ૦ ૨
પ્રભુગુણ ગાન સુછંદશું હો, વાજિંત્ર અતિશય તાન; લ૦
શુદ્ધ તત્ત્વ બહુ માનતા હો, ખેલત પ્રભુગુણ ધ્યાન. લ૦ જિ૦ ૩
ગુણ બહુમાન ગુલાલશું હો, લાલ ભયે ભવિ જીવ; લ૦
રાગ પ્રશસ્તકી ધૂમમેં હો, વિભાવ વિડારે અતીવ. લ૦ જિ૦ ૪
જિનગુણ ખેલમેં ખેલતે હો, પ્રગટ્યો નિજગુણ ખેલ; લ૦
આતમ ઘર આતમ રમે હો, સમતા સુમતિકે મેલ. લ૦ જિ૦ ૫
તત્ત્વ પ્રતીત પ્યાલે ભરે હો, જિનવાણી રસપાન; લ૦
નિર્મલ ભક્તિ લાલી જગી હો, રીઝે એકત્વતા તાન. લ૦ જિ૦ ૬
ભવ વૈરાગ અબીરશું હો, ચરણ રમણ સુમહંત; લ૦
સુમતિ ગુપતિ વનિતા રમે હો, ખેલે હો શુદ્ધ વસંત. લ૦ જિ૦ ૭
ચાચરગુણ રસિયા લિયે હો, નિજ સાધક પરિણામ; લ૦
કર્મપ્રકૃતિ અરતિ ગઈ હો, ઉલસિત અમૃત ઉદ્દામ. લ૦ જિ૦ ૮
થિર ઉપયોગ સાધન મુખે હો, પિચકારીકી ધાર; લ૦
ઉપશમ રસભરી છાંટતાં હો, ગઈ તતાઈ અપાર. લ૦ જિ૦ ૯
ગુણ પર્યાય વિચારતાં હો, શક્તિ વ્યક્તિ અનુભૂતિ; લ૦
દ્રવ્યાસ્તિક અવલંબતાં હો, ધ્યાન એકત્વ પ્રસૂતિ. લ૦જિ૦૧૦
રાગ પ્રશસ્ત પ્રભાવના હો, નિમિત્ત કરણ ઉપભેદ; લ૦
નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ભયે હે ત્રિગુણ અભેદ. લ૦જિ૦૧૧
ઇમ શ્રીદત્તપ્રભુ ગુણે હો, ફાગ રમે મતિવંત; લ૦
પર પરિણતિરજ ધોયકે હો, નિરમળ સિદ્ધિ વરંત. લ૦જિ૦૧૨
કારણથેં કારજ સધે હો, એહ અનાદિકી ચાલ; લ૦
દેવચંદ્રપદ પાઈયે હો, કરત નિજ ભાવ સંભાળ. લ૦જિ૦૧૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૯) શ્રી સૂરપ્રભ જિન સ્તવન

(કડખાની દેશી)

સૂર જગદીશની તીક્ષ્ણ અતિ શૂરતા,
તેણે ચિરકાલનો મોહ જીત્યો;
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પરગાશ કરી,
નીપનો પરમ પદ જગ વદીતો. સૂ૦ ૧

પ્રથમ મિથ્યાત્વ હણી શુદ્ધ દંસણ નિપુણ,
પ્રગટ કરી જેણે અવિરતિ પણાસી;
શુદ્ધ ચારિત્ર ગત વીર્ય એકત્વથી,
પરિણતિ કલુષતા સવિ વિણાશી. સૂ૦ ૨

વારી પરભાવની કર્તૃતા મૂલથી,
આત્મ પરિણામ કર્તૃત્વ ધારી;
શ્રેણી આરોહતાં વેદ હાસ્યાદિની,
સંગમી ચેતના પ્રભુ નિવારી. સૂ૦ ૩

ભેદ જ્ઞાને યથા વસ્તુતા ઓળખી,
દ્રવ્ય પર્યાયમેં થઈ અભેદી;
ભાવ સવિકલ્પતા છેદી કેવલ સકલ,
જ્ઞાન અનંતતા સ્વામી વેદી. સૂ૦ ૪

વીર્યક્ષાયિક બલે ચપલતા યોગની,
રોધી ચેતન કર્યો શુચિ અલેશી;
ભાવ શૈલેશીમેં પરમ અક્રિય થઈ,
ક્ષય કરી ચાર તનુ કર્મશેષી. સૂ૦ ૫

વર્ણ રસ ગંધ વિનુ ફરસ સંસ્થાન વિનુ,
યોગતનુ સંગ વિનુ જિન અરૂપી;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમ આનંદ અત્યંત સુખ અનુભવી,
તત્ત્વતન્મય સદા ચિત્સ્વરૂપી. સૂ૦ ૬

તાહરી શૂરતા ધીરતા તીક્ષ્ણતા,
દેખી સેવક તણો ચિત્ત રાચ્યો;
રાગ સુપ્રશસ્તથી ગુણી આશ્ચર્યતા,
ગુણી અદ્‌ભુતપણે જીવ માચ્યો. સૂ૦ ૭

આત્મગુણ રુચિ થયે તત્ત્વ સાધન રસી,
તત્ત્વ નિષ્પત્તિ નિર્વાણ થાવે;
દેવચંદ્ર શુદ્ધ પરમાત્મ સેવન થકી,
પરમ આત્મિક આનંદ પાવે. સૂ૦ ૮

---

## (૯) શ્રી સૂરપ્રભ જિન સ્તવન

(રામપુરા બજારમાં—એ દેશી)

સૂરપ્રભ જિનવર ધાતકી, પશ્ચિમ અર્ધે જયકાર; મેરે લાલ,
પુષ્કલાવઈ વિજયે સોહામણો, પુરી પુંડરિગિણી શણગાર,મેરે લાલ,
ચતુર શિરોમણિ સાહિબો. ૧

નંદસેનાનો નાહલો, હય લંછન વિજય મલ્હાર; મે૦
વિજયાવતી કૂખે ઊપન્યો, ત્રિભુવનનો આધાર. મે૦ ચ૦ ૨

અલવે જસ સાહમું જુએ, કરુણાભર નયન વિલાસ; મે૦
તે પામે પ્રભુતા જગતણી, એહવો છે પ્રભુ સુખવાસ. મે૦ ચ૦ ૩

મુખમટકે જગજન વશ કરે, લોયણ લટકે હરે ચિત્ત; મે૦
ચારિત્ર ચટકે પાતિક હરે, અટકે નહિ કરતો હિત. મે૦ ચ૦ ૪

ઉપકારી શિર સેહરો, ગુણનો નવિ આવે પાર; મે૦
શ્રી નયવિજય સુશિષ્યને, હોજો નિત્ય મંગળમાળ. મે૦ ચ૦ ૫

---


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૯) શ્રી સુવિધિ જિન સ્તવન

જિમ પ્રીતિ ચંદ્ર ચકોરને, જિમ મોરને મન મેહ રે;
અમને તે તુમશું ઉલ્લસે, તિમ નાહ નવલો નેહ.
સુવિધિ જિનેસરુ, સાંભળો ચતુર સુજાણ અતિ અલવેસરુ. ૧
અણ દીઠે અલજો ઘણો, દીઠે તે તૃપ્તિ ન હોઈ રે;
મન તોહિ સુખ માની લિયે, વાહલા તણું મુખ જોઈ.સુ૦૨
જિમ વિરહ કહિયે નવિ હુયે, કીજિયે તેહવો સંચ રે;
કર જોડી વાચક યશ કહે, ભાંજો તે ભેદ પ્રપંચ.સુ૦૩

---

## (૯) શ્રી દામોદર જિન સ્તવન

(મોરા સાહિબ હો શ્રી શીતલનાથ કે—એ દેશી)

સુપ્રતીતે હો કરી થિર ઉપયોગ કે, દામોદર જિન વંદીએ,
અનાદિની હો જે મિથ્યા ભ્રાંતિ કે, તેહ સર્વથા છંડીએ;
અવિરતિ હો જે પરિણતિ દુષ્ટ કે, ટાળી થિરતા સાધીએ,
કષાયની હો કશ્મલતા કાપી કે, વર સમતા આરાધીએ. ૧

જંબુને હો ભરતે જિનરાજ કે, નવમા અતીત ચોવીશીએ,
જસ નામે હો પ્રગટે ગુણરાશિ કે, ધ્યાને શિવસુખ વિલસીએ;
અપરાધી હો જે તુજથી દૂર કે, [1]ભૂરિ ભ્રમણ દુઃખના ધણી,
તે માટે હો તુજ સેવા રંગ કે, હોજો એ ઇચ્છા ઘણી. ૨

મરુધરમેં હો જિમ [2]સુરતરુ લુંબ કે, સાગરમેં [3]પ્રવહણ સમો,
ભવ ભમતાં હો ભવિજન-આધાર કે પ્રભુદરિશણસુખ અનુપમો;
આતમની હો જે શક્તિ અનંત કે, તેહ સ્વરૂપ પદે ધર્યા,
પરિણામિક હો જ્ઞાનાદિક ધર્મ કે, સ્વસ્વકાર્યપણે વર્યા. ૩

---

૧. બહુ. ૨. આંબાની કેરીનું લૂમખું. ૩. જહાજ જેવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિનાશી હો જે આત્માનંદ કે, પૂર્ણ અખંડ સ્વભાવનો,
નિજ ગુણનો હો જે વર્તન ધર્મ કે, સહજ વિલાસી દાવનો;
તસ ભોગી હો તું જિનવર દેવકે, ત્યાગી સર્વ વિભાવનો,
શ્રુતજ્ઞાની હો ન કહી શકે સર્વ કે, મહિમા તુજ પ્રભાવનો. ૪

નિઃકામી હો નિઃકષાયી નાથ કે, સાથ હોજો નિત તુમ્હ તણો,
તુમ આણા હો આરાધન શુદ્ધ કે, સાધું હું સાધકપણો;
વીતરાગથી હો જે રાગ વિશુદ્ધ કે, તેહી જ ભવભય વારણો,
જિનચંદ્રની હો જે ભક્તિ એકત્વ કે, દેવચંદ્ર પદ કારણો. ૫

---

## (૧૦) શ્રી વિશાલ જિન સ્તવન

દેવ વિશાલ જિણંદની, તમે ધ્યાવો તત્ત્વસમાધિ રે,
ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરુપાધિ રે,
સહજ અકૃત નિરુપાધિ રે અરિહંતપદ વંદિયે ગુણવંત રે;
ગુણવંત અનંત મહંત સ્તવો, ભવતારણો ભગવંત રે. ૧

ભવ ઉપાધિ ગદ ટાલવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘરે;
રત્નત્રયી ઔષધ કરી, તમે તાર્યા ભવિજન ઓઘરે. ત૦અ૦૨

ભવ સમુદ્ર જલ તારવા, નિર્યામક સમ જિનરાજરે;
ચરણ જહાજે પામિયે, અક્ષય શિવનગરનું રાજ રે.અ૦અ૦૩

ભવઅટવી અતિ ગહનથી, પારગ પ્રભુજી સત્થવાહરે;
શુદ્ધ માર્ગદર્શક પણે, યોગ ક્ષેમંકર નાહ રે.યો૦અ૦૪

રક્ષક જિન છકાયના, વળી મોહનિવારક સ્વામી રે;
શ્રમણસંઘ રક્ષક સદા, તેણે ગોપ ઈશ અભિરામ રે તે૦અ૦૫

ભાવ અહિંસક પૂર્ણતા, માહણતા ઉપદેશ રે;
ધર્મ અહિંસક નીપનો, માહણ જગદીશ વિશેષ રે.મા૦અ૦૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્ટ કારણ અરિહંતજી, તારક જ્ઞાયક મુનિચંદ રે;
મોચક સર્વ વિભાવથી, ઝીંપાવે મોહ અરીંદ રે.ઝીં૦અ૦૭

કામકુંભ સુરમણિ પરે, સહેજે ઉપકારી થાય રે;
દેવચંદ્ર સુખકર પ્રભુ, ગુણગેહ અમોહ અમાય રે.ગુ૦અ૦૮

---

## (૧૦) શ્રી વિશાલ જિન સ્તવન

ધાતકી ખંડે હો કે પશ્ચિમ અરધ ભલો,
વિજયા નયરી હો કે વપ્ર તે વિજયતિલો;
તિહાં જિન વિચરે હો કે સ્વામી વિશાળ સદા,
નિત નિત વંદું હો કે વિમળા કંત મુદા. ૧

નાગ નરેસર હો કે વંશ ઉદ્યોતકરુ,
ભદ્રાએ જાયા હો કે પ્રત્યક્ષ દેવતરુ;
ભાનુ લંછન હો કે મિલવા મન તલસે,
તસ ગુણ સુણિયા હો કે શ્રવણે અમી વરસે. ૨

આંખડી દીધી હો કે જો હોયે મુજ મનને,
પાંખડી દીધી હો કે અથવા જો તનને;
મનના મનોરથ હો કે તો સવિ તુરત ફળે,
તુજ મુખ દેખવા હો કે હરખિત હેજ મળે. ૩

આડા ડુંગર હો કે દરિયા નદિય ઘણી,
પણ શક્તિ ન તેહવી હો કે આવું તુજ ભણી;
તુજ પાય સેવા હો કે સુરવર કોડિ કરે,
જો એક આવે હો કે તો મુજ દુઃખ હરે. ૪

અતિ ઘણી રાતી હો કે અગ્નિ મજીઠ સહે,
ઘણશું હણીએ હો કે દેશ વિયોગ લહે;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ ગિરુઆ પ્રભુશું હો કે રાગ તે દુરિત હરે,
વાચક યશ કહે હો કે ધરીએ ચિત્ત ખરે. ૫

---

## (૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન

(ભોલીડા હંસા રે-એ દેશી)

શીતલજિન તુજ મુજ વિચિ આંતરુ, નિશ્ચયથી નહિ કોય,
દંસણ નાણ ચરણ ગુણ જીવને, સહુને પૂરણ હોય;
અંતરયામી રે સ્વામી સાંભળો. ૧
પણ મુજ માયા રે ભેદી ભોળવે, બાહ્ય દેખાડી રે વેષ;
હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી, જેહવી ધૂરત વેષ.અં૦૨
એહને સ્વામી રે મુજથી વેગળી, કીજે દીનદયાળ;
વાચકયશ કહે જિમ તુમશું મિલી, લહિયે સુખ સુવિશાળ.અં૦૩

---

## (૧૦) શ્રી સુતેજ જિન સ્તવન

અતિ રૂડી રે અતિ રૂડી, જિનજીની થિરતા અતિ રૂડી;
સકલ પ્રદેશ અનંતી, ગુણ પર્યાય શક્તિ મહંતી લાલ,અ૦
તસુ રમણે અનુભવવંતી, પરરમણે જે ન રમંતી લાલ.અ૦૧
ઉત્પાદ વ્યયે પલટંતી, ધ્રુવ શક્તિ ત્રિપદીસંતી લાલ;અ૦
ઉત્પાદે ઉતપતમંતી, પૂરવ પરિણતિ વ્યયપંતી લાલ.અ૦૨
નવ નવ ઉપયોગે નવલી, ગુણછતિથી તે નિત અચલી લાલ;અ૦
પરદ્રવ્યે જે નવિ ગમણી, ક્ષેત્રાંતરમાંહિ ન રમણી લાલ.અ૦૩
અતિશય યોગે નવિ દીપે, પરભાવ ભણી નવિ છીપે લાલ;અ૦
નિજ તત્ત્વ રસે જે લીની, બીજે કિણહી નવિ કીની લાલ.અ૦૪
સંગ્રહનયથી જે અનાદિ, પણ એવંભૂતે સાદિ લાલ;અ૦
જેહને બહુ માને પ્રાણી, પામે નિજ ગુણ સહનાણી લાલ.અ૦૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થિરતાથી થિરતા વાધે, સાધક નિજ પ્રભુતા સાધે લાલ;અ૦
પ્રભુગુણને રંગે રમતા, તે પામે અવિચલ સમતા લાલ.અ૦૬
નિજ તેજે જેહ સુતેજા, જે સેવે ધરી બહુ હેજા લાલ;અ૦
શુદ્ધાલંબન જે પ્રભુ ધ્યાવે, તે દેવચંદ્ર પદ પાવે લાલ.અ૦૭

---

## (૧૧) શ્રી વજ્રંધર જિન સ્તવન

(નદી યમુનાકે તીર—એ દેશી)

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ, અછો ત્રિભુવનપતિ;
ભાસક લોકાલોક, તિણે જાણો છતિ,
તો પણ વીતક વાત, કહું છું તુજ પ્રતિ. ૧

હું સ્વરૂપ નિજ છોડી, રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઊલટ આણી, વિષય તૃષ્ણાજલે;
આસ્રવ બંધ વિભાવ, કરું રુચિ આપણી,
ભૂલ્યો મિથ્યાવાસ, દોષ દઉં પરભણી. ૨

અવગુણ ઢાંકણ કાજ, કરું જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા;
દૃષ્ટિરાગનો પોષ, તેહ સમકિત ગણું,
સ્યાદ્વાદની રીત, ન દેખું નિજપણું. ૩

મન તનુ ચપલ સ્વભાવ, વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતા;
જે લોકોત્તર દેવ, નમું લૌકિકથી,
દુર્લભ સિદ્ધ સ્વભાવ, પ્રભો તહકીકથી. ૪

મહાવિદેહ મઝાર કે, તારક જિનવરુ,
શ્રી વજ્રંધર અરિહંત, અનંત ગુણાકરુ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે નિર્યામક શ્રેષ્ઠ, સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ, રોગભવ વારશે. ૫

પ્રભુમુખ ભવ્ય સ્વભાવ, સુણું જો માહરો,
તો પામે પ્રમોદ, એહ ચેતન ખરો;
થાયે શિવપદ આશ, રાશિ સુખવૃંદની,
સહજ સ્વતંત્ર સ્વરૂપ, ખાણ આનંદની. ૬

વળગ્યા જે પ્રભુનામ, ધામ તે ગુણતણા,
ધારો ચેતનરામ, એહ થિર વાસના;
દેવચંદ્ર જિનચંદ્ર, હૃદય સ્થિર થાપજો,
જિન આણાયુત ભક્તિ શક્તિ મુજ આપજો. ૭

---

## (૧૧) શ્રી વજ્રંધર જિન સ્તવન

શંખ લંછન વજ્રંધર સ્વામી, માતા સરસ્વતી સુત શિવગામી હો,
ભાવે ભવિ વંદો.
નરનાથ પદ્મરથ જાયો, વિજયાવતી ચિત્ત સુહાયો હો.ભા૦ ૧

ખંડ ધાતકી પશ્ચિમ ભાગે, પ્રભુ ધર્મ ધુરંધર જાગે હો;ભા૦
વચ્છવિજયમાં નયરી સુસીમા,તિહાં થાપે ધરમની સીમા હો.ભા૦ ૨

પ્રભુ મનમાં અમે વસવું જેહ, સ્વપ્ને પણ દુર્લભ તેહ હો;ભા૦
પણ અમમન પ્રભુ જો વસશે,તો ધરમની વેલ ઉલ્લસશે હો.ભા૦૩

સ્વપને પ્રભુમુખ નીરખંતાં, અમે પામું સુખ હરખંતાં હો;ભા૦
જેહ સ્વપ્નરહિત કહિયા દેવા,તેહથી અમે અધિક કહેવા હો.ભા૦ ૪

મણિ માણિક કનકની કોડી, રાણીમ ઋદ્ધિ રમણી જોડી હો;ભા૦
પ્રભુ દરિશણના સુખ આગે, કહો અધિકેરું કુણ માગે હો.ભા૦ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ દૂર થકી પણ ભેટ્યા, તેણે પ્રેમે દુઃખ સવિ મેટ્યા હો;ભા૦
ગુરુ શ્રી નયવિજય સુશિષ્ય, પ્રભુ ધ્યાન રમે નિશદિશ હો.ભા૦ ૬

---

## (૧૧) શ્રી શ્રેયાંસ જિન સ્તવન

(મુખ મરકલડે–એ દેશી)

શ્રેયાંસ જિનેશ્વર દાતાજી, સાહિબ સાંભળો;
તુમે જગમાં અતિ વિખ્યાતાજી; સા૦
માંગ્યું દેતાં તે કિશું વિમાસોજી, સા૦
મુજ મનમાં એહ તમાસોજી. સા૦ ૧

તુમ દેતાં સવિ દેવાયેજી, સા૦
તો અજર[1] કર્યે શું થાયેજી; સા૦
યશ પૂરણ કેમ લહીજેજી, સા૦
જો અરજ કરીને દીજેજી. સા૦ ૨

જો અધિકું દ્યો તો દેજોજી, સા૦
સેવક કરી ચિત્ત ધરેજોજી; સા૦
યશ કહે તુમ પદ સેવાજી, સા૦
તે મુજ સુરતરુફળ મેવાજી. સા૦ ૩

---

## (૧૧) શ્રી સ્વામીપ્રભ જિન સ્તવન

(રહો રહો રહો રહો વાલહા–એ દેશી)

નમિ નમિ નમિ નમિ વીનવું, સુગુણ સ્વામી જિણંદ નાથ રે;
જ્ઞેય સકલ જાણંગ તુમે, પ્રભુજી જ્ઞાનદિણંદ નાથ રે. ન૦ ૧

વર્તમાન એ જીવની, એહવી પરિણતિ કેમ; ના૦
જાણું હેય વિભાવને, પિણ નવિ છૂટે પ્રેમ. ના૦ ન૦ ૨

---

૧. જરા (જન્માદિ) રહિત અક્ષય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરપરિણતિરસ રંગતા, પર ગ્રાહકતા ભાવ; ના૦
પર કરતા પર ભોગતા, શ્યો થયો એહ સ્વભાવ. ના૦ ન૦ ૩
વિષય કષાય અશુદ્ધતા, ન ઘટે એ [1]નિરધાર; ના૦
તો પણ વંછું તેહને, કિમ તરીએ સંસાર. ના૦ ન૦ ૪
મિથ્યા અવિરતિ [2]પ્રમુખને, નિયમા જાણું દોષ; ના૦
નિંદું ગરહું વળી વળી, પણ તે પામે સંતોષ. ના૦ ન૦ ૫
અંતરંગ પરરમણતા, ટલશે કિશ્યે ઉપાય; ના૦
આણા આરાધન વિના, કિમ ગુણસિદ્ધિ થાય. ના૦ ન૦ ૬
હવે જિન વચન પ્રસંગથી, જાણી સાધક નીતિ; ના૦
શુદ્ધ સાધ્ય રુચિપણે, કરીએ સાધન રીતિ. ના૦ ન૦ ૭
ભાવન રમણ પ્રભુગુણે, યોગ ગુણી આધીન; ના૦
રાગ તે જિનગુણરંગમેં, પ્રભુ દીઠાં રતિ પીન. ના૦ ન૦ ૮
હેતુ પલટાવી સવે, જોડ્યા ગુણી ગુણ ભક્તિ; ના૦
તેહ પ્રશસ્તપણે રમ્યા, સાધે આતમશક્તિ. ના૦ ન૦ ૯
ધન તન મન વચના સવે, જોડ્યાં સ્વામી પાય; ના૦
બાધક કારણ વારતાં, સાધન કારણ થાય. ના૦ ન૦૧૦
આતમતા પલટાવતાં, પ્રગટે સંવર રૂપ; ના૦
સ્વસ્વરૂપ રસી કરે, પૂર્ણાનંદ અનુપ. ના૦ ન૦૧૧
વિષય કષાય જહર ટળી, અમૃત થાયે એમ; ના૦
જે પરસિદ્ધ રુચિ હુવે, તો પ્રભુસેવા ધરી પ્રેમ. ના૦ ન૦૧૨
કારણ રંગી કાર્યને, સાધે અવસર પામી; ના૦
દેવચંદ્ર જિનરાજની, સેવા શિવસુખ ધામી. ના૦ ન૦૧૩

---

૧. જરૂર. ૨. વગેરેને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૨) શ્રી ચંદ્રાનન જિન સ્તવન

(વીરા ચાંદલા–એ દેશી)

ચંદ્રાનન જિન, ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ રે;
મુજ સેવક ભણી, છે પ્રભુનો વિશ્વાસો રે. ચં૦ ૧
ભરતક્ષેત્ર માનવપણો રે, લાધો દુઃષમ કાલ;
જિન પૂરવધર વિરહથી રે, દુલહો સાધન ચાલો રે. ચં૦ ૨
દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિહીન;
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન રે. ચં૦ ૩
તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજન સંમત જેહ;
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ રે. ચં૦ ૪
આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ;
દંસણ નાણ ચારિત્રનો રે, મૂળ ન જાણ્યો મર્મ રે. ચં૦ ૫
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ચં૦ ૬
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ;
જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિષાદ રે. ચં૦ ૭
નાથ ચરણ વંદનતણો રે, મનમાં ઘણો ઉમંગ;
પુણ્ય વિના કિમ પામીએ રે, પ્રભુસેવનનો રંગ રે. ચં૦ ૮
જગતારક પ્રભુ વંદીએ રે, મહાવિદેહ મઝાર;
વસ્તુ ધર્મ સ્યાદ્વાદતા રે, સુણી કરિયે નિર્ધાર રે. ચં૦ ૯
તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાય;
પણ અવિરાધક જીવને રે, કારણ સફલું થાય રે.ચં૦૧૦
એહવા પણ ભવિ જીવને રે, દેવ ભક્તિ આધાર;
પ્રભુ સમરણથી પામિયે રે, દેવચંદ્ર પદ સાર રે.ચં૦૧૧

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૨) શ્રી ચંદ્રાનન જિન સ્તવન

નલિનાવતી વિજયે જયકારી, ચંદ્રાનન ઉપગારી રે સુણ વિનતિ મોરી,
પશ્ચિમ અરધે ધાતકી ખંડે, નયરી અયોધ્યા મંડે રે. સુ૦ ૧

રાણી લીલાવતી ચિત્ત સુહાયો, પદ્માવતીનો જાયો રે; સુ૦
નૃપ વાલ્મીક કુળે તું દીવો, વૃષભ લંછન ચિરંજીવો રે. સુ૦ ૨

કેવળ જ્ઞાન અનંત ખજાનો, નહિ તુજ જગમાંહે છાનો રે; સુ૦
તેહનો લવ દેતાં શું નાસે, મનમાંહે કાંઈ વિમાસે રે. સુ૦ ૩

રયણ એક દિયે રયણે ભરિયો, જો ગાજંતો દરિયો રે; સુ૦
તો તેહને કાંઈ હાણ ન આવે, લોક તે સંપત્તિ પાવે રે. સુ૦ ૪

અલિ માચે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે; સુ૦
અંબ લુંબ કોટિ નવિ છીજે, એક પિક સુખ દીજે રે. સુ૦ ૫

ચંદ્રકિરણ વિસ્તારે છોછું, નવિ હોયે અમીયમાં ઓછું રે; સુ૦
આશા તારક હે બહુત નિહોરા, તે હોવે સુખિત ચકોરા રે. સુ૦ ૬

તિમ જો ગુણ લવ દીઓ તુમ હેજે, તો અમે દીપું તેજે રે; સુ૦
વાચક યશ કહે વાંછિત દેશો, ધર્મનેહ નિરવહેશો રે. સુ૦ ૭

---

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(વિષય ન ગંજીએ—એ દેશી)

વાસુપૂજ્ય જિન વાલહા રે, સંભારો નિજ દાસ;
સાહિબશું હઠ નવિ હોયે રે, પણ કીજે અરદાસ રે.
ચતુર વિચારિયે. ૧

શ્વાસ પહિલા સાંભરે રે, મુખ દીઠે સુખ હોય;
વિસાર્યા નવિ વીસરે રે, તેહશું હઠ કિમ હોય રે.ચ૦૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમણ દુમણ નવિ ટળે રે, ખણ વિણ પૂરે રે આશ;
સેવક યશ કહે દીજીએ રે, નિજ પદકમળનો વાસ રે.ચ૦૭

---

## (૧૨) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

દીઠો દરિશણ શ્રી પ્રભુજીનો, સાચે રાગે મનશું ભીનો;
જસુ રાગે નીરાગી થાયે, તેહની ભક્તિ કોને ન સુહાયે. ૧
પુદ્ગલ આશારાગી અનેરા, તસુ પાસે કુણ ખાયે ફેરા;
જસુ ભક્તે નિરભયપદ લહિયે, તેહની સેવામાં થિર રહીએ. ૨
રાગી સેવકથી જે રાચે, બાહ્ય ભક્તિ દેખીને માચે;
જસુ ગુણ દાઝે તૃષ્ણા આંચે, તેહનો સુજસ ચતુર કિમ વાંચે. ૩
પૂરણ બ્રહ્મ ને પૂર્ણાનંદી, દર્શન જ્ઞાન ચરણ રસ કંદી;
સકળ વિભાવ પ્રસંગ અફંદી, તેહ દેવ સમરસ મકરંદી. ૪
તેહની ભક્તિ ભવભય ભાંજે, નિર્ગુણ પિણ ગુણશક્તિ ગાજે;
દાસભાવ પ્રભુતાને આપે, અંતરંગ કળિમળ સવિ કાપે. ૫
અધ્યાતમ સુખકારણ પૂરો, સ્વસ્વભાવ અનુભૂતિ સનૂરો;
તસુ ગુણ વળગી ચેતના કીજે, પરમ મહોદય શુદ્ધ લહીજે. ૬
મુનિસુવ્રતપ્રભુ પ્રભુતા લીના, આતમ સંપત્તિ ભાસન પીના;
આણારંગે ચિત્ત ધરીજે, દેવચંદ્રપદ શીઘ્ર વરીજે. ૭

---

## (૧૩) શ્રી ચંદ્રબાહુ જિન સ્તવન

(શ્રી અરનાથ ઉપાસના—એ દેશી)

ચંદ્રબાહુજિન સેવના, ભવનાશિની તેહ;
પરપરિણતિના પાસને, નિષ્કાસન રેહ. ચં૦ ૧
પુદ્ગલ ભાવ આશંસના, ઉદ્ઘાસન કેતુ;
સમ્યગ્દર્શન વાસના, ભાસન ચરણ સમેતુ. ચં૦ ૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિકરણ યોગ પ્રશંસના, ગુણસ્તવના રંગ;
વંદન પૂજન ભાવના, નિજ પાવના અંગ. ચં૦ ૩

પરમાતમ પદ કામના, કામનાશન એહ;
સત્તાધર્મ પ્રકાશના, કરવા ગુણ ગેહ. ચં૦ ૪

પરમેશ્વર આલંબના, રાચ્યા જેહ જીવ;
નિર્મળ સાધ્યની સાધના, સાધે તેહ સદીવ. ચં૦ ૫

પરમાનંદ ઉપાસવા, પ્રભુ પુષ્ટ ઉપાય;
તુજ સમ તારક સેવતાં, પરસેવ ન થાય. ચં૦ ૬

શુદ્ધાતમ સંપત્તિતણા, તુમ્હેં કારણ સાર;
દેવચંદ્ર અરિહંતની, સેવા સુખકાર. ચં૦ ૭

---

## (૧૩) શ્રી ચંદ્રબાહુ જિન સ્તવન

દેવાનંદ નરીંદનો રે, જનરંજનો રે લાલ;
નંદન ચંદન વાણી રે, દુઃખભંજનો રે લાલ.
રાણી સુગંધાવાલહો રે, જન૦ કમલલંછન સુખખાણ રે. દુ૦ ૧

પુષ્કરદીવ પુષ્કલાવઈ રે જ૦ વિજય વિજય સુખકાર રે દુ૦
ચંદ્રબાહુ પુંડરિગિણી રે, જ૦ નગરીએ કરે વિહાર રે દુ૦ ૨

તસ ગુણગણ ગંગાજલે રે જ૦ મુજ મન પાવન કીધ રે દુ૦
ફિરિ તે મેલું કિમ હુવેરે જ૦ અકરણ નિયમ પ્રસિદ્ધ રે દુ૦ ૩

અંતરંગ ગુણ ગોઠડી રે, જ૦ નિશ્ચય સમકિત તેહ રે; દુ૦
વિરલા કોઈક જાણશે રે, જ૦ તે તો અગમ અછેહ રે. દુ૦ ૪

નાગર જનની ચાતુરી રે, જ૦ પામર જાણે કેમ રે; દુ૦
તિમ કુણ જાણે સાંઈશું રે, જ૦ અમ નિશ્ચયનય પ્રેમ રે. દુ૦ ૫

સ્વાદ સુધાનો જાણતો રે, જ૦ લાલિત હોય કદન્ન રે; દુ૦
પણ અવસર જો તે લહે રે, જ૦ તે દિન માને ધન્ન રે. દુ૦ ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીનયવિજય વિબુધતણો રે જ૦ સેવક કહે સુણો દેવ રે દુ૦
ચંદ્રબાહુ મુજ દીજીએ રે, જ૦ નિજ પય પંકજ સેવ રે દુ૦ ૭

---

## (૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન

(લલનાની ઢાલ)

વિમલનાથ મુજ મન વસે, જિમ સીતા મન રામ, લલના;
પિક[1] વંછે સહકારને[2], પંથી મન જિમ ધામ; લલના.વિ૦૧

કુંજર ચિત્ત રેવા વસે, કમળા મન ગોવિંદ; લ૦
ગૌરી મન શંકર વસે, કુમુદિની મન જિમ ચંદ. લ૦વિ૦૨

અલિ મન વિકસિત માલતી, કમલિની ચિત્ત દિણંદ; લ૦
વાચક યશને વાલહો, તેમ શ્રી વિમલ જિણંદ. લ૦વિ૦૩

---

## (૧૩) શ્રી સુમતિનાથ જિન સ્તવન

(કન્હૈયાલાલ–એ દેશી)

પ્રભુશું ઇશ્યું વીનવું રે લાલ, મુજ વિભાવ દુઃખ રીત રે;
સાહિબા લાલ;
તીન કાળના જ્ઞેયની રે લાલ, જાણો છો સહુ નીતિ રે.સા૦પ્ર૦૧

જ્ઞેય જ્ઞાનશું નવિ મિલે રે લાલ, જ્ઞાન ન જાયે તત્થ રે;સા૦
પ્રાપ્તઅપ્રાપ્ત અમેયને રે લાલ, જાણો જે જિમ જથ્થ રે.સા૦પ્ર૦૨

છતિપર્યાય જે જ્ઞાનના રે લાલ, તે તો નવિ પલટાય રે;સા૦
જ્ઞેયની નવ નવ વર્તના રે લાલ, સવિ જાણે અસહાય રે.સા૦પ્ર૦૩

ધર્માદિક[3] સહુ દ્રવ્યનો રે લાલ, પ્રાપ્તભણી સહકાર રે;સા૦
રસનાદિક ગુણવર્ત્તતા રે લાલ, નિજ ક્ષેત્રે તે ધાર રે.સા૦પ્ર૦૪

---

૧. કોકિલ. ૨. આંબાને. ૩. છયે દ્રવ્યના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણંગ અભિલાષી નહિ રે લાલ નવિ પ્રતિબિંબે જ્ઞેય રે;સા૦
કારક શક્તે જાણવું રે લાલ, ભાવ અનંત અમેય રે.સા૦પ્ર૦૫
તેહ જ્ઞાન સત્તા થકે રે લાલ, ન જણાયે નિજ તત્ત્વ રે;સા૦
રુચિ પણ તેહવી નવિ વધેરેલાલ એ અમ મોહમહત્ત્વ રે.સા૦પ્ર૦૬
મુજ જ્ઞાયકતા પરરસી રે લાલ, પરતૃષ્ણાયે તપ્ત રે;સા૦
તે સમતારસ અનુભવે રે લાલ, સુમતિસેવન વ્યાપ્ત રે.સા૦પ્ર૦૭
બાધકતા પલટાવવા રે લાલ, નાથભક્તિ આધાર રે;સા૦
પ્રભુગુણરંગી ચેતના રે લાલ, એહિજ જીવન સાર રે.સા૦પ્ર૦૮
અમૃત-અનુષ્ઠાને રહ્યો રે લાલ, અમૃતક્રિયાને ઉપાય રે;સા૦
દેવચંદ્ર રંગે રમે રે લાલ, તે સુમતિદેવ પસાય રે.સા૦પ્ર૦૯

---

## (૧૪) શ્રી ભુજંગસ્વામી સ્તવન

(દેશી લુઅરની)

પુષ્કલાવઈ વિજયે હો કે વિચરે તીર્થપતિ,
પ્રભુચરણને સેવે હો, કે સુર નર અસુરપતિ;
જસુ ગુણ પ્રગટ્યા હો, કે સર્વ પ્રદેશમાં,
આતમ ગુણની હો, કે વિકસી અનંત રમા. ૧

સામાન્ય સ્વભાવની હો, કે પરિણતિ અસહાઈ,
ધર્મ વિશેષની હો, કે ગુણને અનુજાઈ;
ગુણ સકલ પ્રદેશે હો, કે નિજ નિજ કાર્ય કરે,
સમુદાય પ્રવર્તે હો, કે કર્ત્તા ભાવ ધરે. ૨

જડ દ્રવ્ય ચતુષ્કે હો, કે કર્ત્તાભાવ નહીં,
સર્વ પ્રદેશે હો, કે વૃત્તિ વિભિન્ન કહી;
ચેતન દ્રવ્યને હો, કે સકલ પ્રદેશ મિલે,
ગુણવર્તના વર્તે હો, કે વસ્તુને સહજ બલે. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકર સહકારી હો, કે સહજે ગુણ વરતે,
દ્રવ્યાદિક પરિણતિ હો, કે ભાવે અનુસરતે;
દાનાદિક લબ્ધિ હો, કે ન હુવે સહાય વિના,
સહકાર અકંપે હો, કે ગુણની વૃત્તિ ઘના. ૪

પર્યાય અનંતા હો કે જે એક કાર્યપણે,
વરતે તેહને હો, કે જિનવર ગુણ પભણે;
જ્ઞાનાદિક ગુણની હો, કે વર્તના જીવ પ્રતે,
ધર્માદિક દ્રવ્યને હો, કે સહકાર કરતે. ૫

ગ્રાહક વ્યાપકતા હો, કે પ્રભુ તુમ ધર્મ રમી,
આતમ અનુભવથી હો, કે પરિણતિ અન્ય વમી;
તુજ શક્તિ અનંતી હો, કે ગાતાં ને ધ્યાતાં,
મુજ શક્તિ વિકાસન હો, કે થાયે ગુણ રમતાં. ૬

ઇમ નિજ ગુણ ભોગી હો, કે સ્વામી ભુજંગ મુદા,
જે નિત્ય વંદે હો, કે તે નર ધન્ય સદા;
દેવચંદ્ર પ્રભુની હો, કે પુણ્યે ભક્તિ સધે,
આતમ-અનુભવની હો કે નિત્ય નિત્ય શક્તિ વધે. ૭

---

## (૧૪) શ્રી ભુજંગસ્વામી સ્તવન

ભુજંગદેવ ભાવે ભજો, રાય મહાબળ નંદ લાલ રે;
મહિમા કૂખે હંસલો, કમળ લંછન સુખકંદ લાલ રે.ભુ૦૧

વપ્ર વિજય વિજયાપુરી, કરે વિહાર ઉછાહ લાલ રે;
પૂરવ અરધે પુખ્ખરે, ગંધસેનાનો નાહ લાલ રે.ભુ૦૨

કાગળ લિખવો કારમો, આવે જો દુર્જન હાથ લાલ રે;
અણમિલવું દૂરંત રે, ચિત્ત ફિરે તુમ સાથ લાલ રે.ભુ૦૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કિસિ ઇસારત કીજીએ, તુમે જાણો છો જગભાવ લાલરે;
સાહિબ જાણ અજાણને, સામું કરે પ્રસ્તાવ લાલ રે.ભુ૦૪

ખિજમતમાં ખામી નહીં, મેલ ન મનમાં કોય લાલ રે;
કરુણાપૂરણ લોયણે, સામું કાંઈ ન જોય લાલ રે.ભુ૦૫

આસંગો મોટા તણો, કુંજર ગ્રહવો કાન લાલ રે;
વાચક યશ કહે વિનતિ, ભક્તિવશે મુજ માન લાલ રે.ભુ૦૬

---

## (૧૪) શ્રી અનંત જિન સ્તવન

શ્રી અનંતજિન સેવિયે રે લાલ, મોહનવલ્લીકંદ મનમોહના;
જે સેવ્યો શિવસુખ દિયે રે લાલ, ટાળે ભવભય ફંદ. મ૦શ્રી૦૧

મુખ મટકે જગ મોહિયો રે લાલ, રૂપ રંગ અતિચંગ; મ૦
લોચન અતિ અણિયાલડાં રે લાલ, વાણી ગંગતરંગ. મ૦શ્રી૦૨

ગુણ સઘળા અંગે વસ્યા રે લાલ, દોષ ગયા સવિ દૂર; મ૦
વાચક યશ કહે સુખ લહુંરે લાલ, દેખી પ્રભુ મુખનૂર. મ૦શ્રી૦૩

---

## (૧૪) શ્રી શિવગતિ જિન સ્તવન

(થારા મહેલા ઉપર મેહ, ઝબૂકે વીજળી હો લાલ ઝ૦—એ દેશી)

શિવગતિ જિનવરદેવ, સેવ આ દોહિલી, હો લાલ સે૦
પરપરિણતિ પરિત્યાગ, કરે તસુ સોહિલી; હો લાલ ક૦
આસ્રવ સર્વ નિવારી, જેહ સંવર ધરે, હો લાલ જે૦
જે જિન આણા લીન, પીન સેવન કરે. હો લાલ પી૦ ૧

વીતરાગ ગુણરાગ, ભક્તિ રુચિ નૈગમે, હો લાલ ભ૦
યથા પ્રવૃત્તિ ભવ્યજીવ, નયસંગ્રહ રમે; હો લાલ ન૦


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમૃતક્રિયા વિધિયુક્ત, વચન આચારથી, હો લાલ વ૦
મોક્ષાર્થી જિનભક્તિ, કરે વ્યવહારથી. હો લાલ ક૦ ૨

ગુણ પ્રાગ્‌ભાવી કાર્ય,–તણે કારણપણે, હો લાલ ત૦
રત્નત્રયી પરિણામ તે, ઋજુસૂત્રે ભણે; હો લાલ ઋ૦
જે ગુણ પ્રગટ થયો, નિજ નિજ કાર્ય કરે, હો લાલ નિ૦
સાધક ભાવે યુક્ત, શબ્દનયે તે ધરે. હો લાલ શ૦ ૩

પોતે ગુણપર્યાય, પ્રગટપણે કાર્યતા, હો લાલ પ્ર૦
ઊણે થાયે જાવ, તાવ સમભિરૂઢતા; હો લાલ તા૦
સંપૂરણ નિજ ભાવ, સ્વકાર્ય કીજતે, હો લાલ સ્વ૦
શુદ્ધાતમ નિજરૂપ, –તણે રસ લીજતે. હો લાલ ત૦ ૪

ઉત્સર્ગે એવંભૂત, તે ફળને નીપને, હો લાલ તે૦
નિઃસંગી પરમાતમ, રંગથી તે બને; હો લાલ રં૦
સહજ અનંત અત્યંત, મહંત સુખે ભર્યા, હો લાલ મ૦
અવિનાશી અવિકાર, અપાર ગુણે વર્યા. હો લાલ અ૦ ૫

જે પ્રવૃત્તિ ભવમૂળ, છેદ ઉપાય જે, હો લાલ છે૦
પ્રભુગુણરાગે રક્ત, થાય શિવદાય તે; હો લાલ થા૦
અંશ થકી સરવંશ, વિશુદ્ધપણું ઠવે, હો લાલ વિ૦
શુક્લબીજશશિરેહ, તેહ પૂરણ હુવે. હો લાલ તે૦ ૬

તિમ પ્રભુથી શુચિ રાગ, કરે વીતરાગતા, હો લાલ ક૦
ગુણ એકત્વે થાય, સ્વગુણ પ્રાગ્‌ભાવતા; હો લાલ સ્વ૦
દેવચંદ્ર જિનચંદ, સેવામાંહિ રહો, હો લાલ સે૦
અવ્યાબાધ અગાધ, આત્મસુખ સંગ્રહો. હો લાલ આ૦ ૭

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૫) શ્રી ઈશ્વરદેવ જિન સ્તવન

(કાલ અનંતાનંત—એ દેશી)

સેવો ઈશ્વર દેવ, જિણે ઈશ્વરતા હો નિજ અદ્દ્ભુત વરી;
તિરોભાવની શક્તિ, આવિર્ભાવે હો સહુ પ્રગટ કરી. ૧

અસ્તિત્વાદિક ધર્મ, નિર્મળ ભાવે હો સહુને સર્વદા;
નિત્યત્વાદિ સ્વભાવ, તે પરિણામી હો જડચેતન સદા. ૨

કર્ત્તા ભોક્તા ભાવ, કારક ગ્રાહક હો જ્ઞાન ચારિત્રતા;
ગુણપર્યાય અનંત, પામ્યા તુમચા હો પૂર્ણ પવિત્રતા. ૩

પૂર્ણાનંદ સ્વરૂપ, ભોગી અયોગી હો ઉપયોગી સદા;
શક્તિ સકલ સ્વાધીન, વરતે પ્રભુની હો જે ન ચલે કદા. ૪

દાસ વિભાવ અનંત, નાસે પ્રભુજી હો તુજ અવલંબને;
જ્ઞાનાનંદ મહંત, તુજ સેવાથી હો સેવકને બને. ૫

ધન્ય ધન્ય તે જીવ, પ્રભુપદ વંદી હો જે દેશના સુણે;
જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ, અનુભવ યોગે હો નિજ સાધકપણે. ૬

વારંવાર જિનરાજ, તુજ પદ સેવા હો હોજો નિર્મલી;
તુજ શાસન અનુજાઈ, વાસન ભાસન હો તત્ત્વરમણ વળી. ૭

શુદ્ધાતમ નિજ ધર્મ, રુચિ અનુભવથી હો સાધન સત્યતા;
દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ પસાયે હો હોશે વ્યક્તતા. ૮

---

## (૧૫) શ્રી ઈશ્વરદેવ જિન સ્તવન

(રાજા જો મિલે—એ દેશી)

નૃપ ગજસેન જસોદા માત, નંદન ઈશ્વર ગુણ અવદાત;
સ્વામી સેવીએ.
પુષ્કરવર પૂરવારધ કચ્છ, વિજય સુસીમા નયરી અચ્છ. સ્વા૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શશિલંછન પ્રભુ કરે રે વિહાર, રાણી ભદ્રાવતીનો ભરથાર; સ્વા૦
જે પામે પ્રભુનો દેદાર, ધન ધન તે નરનો અવતાર. સ્વા૦૨

ધન તે તન જિન નમીએ પાય,ધન તે મન જે પ્રભુગુણ ધ્યાય; સ્વા૦
ધન જે જીહા પ્રભુ ગુણ ગાય, ધન્ય તે વેળા વંદન થાય. સ્વા૦૩

અણમિલવે ઉત્કંઠા જોર, મિલવે વિરહ તણો ભય સોર; સ્વા૦
અંતરંગ મિલવે જીઉ છાંહિ, શોક વિરહ જિમ દૂરે પલાય. સ્વા૦૪

તું માતા તું બંધવ મુજ, તું હી પિતા તુજશું મુજ ગુંજ; સ્વા૦
શ્રીનયવિજય વિબુધનો શિષ્ય, વાચકયશ કહે પૂરો જગીશ. સ્વા૦૫

---

## (૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન

(રાગ મલ્હાર)

ધરમનાથ તુજ સરિખો, સાહિબ શિર થકે રે, કે સા૦
ચોર જોર જે ફોરવે, મુજશું ઇક મને રે; કે મુ૦
ગજનિમીલિકા કરવી, તુજને નવિ ઘટે રે, કે તુ૦
જે તુજ સન્મુખ જોતાં, અરિનું બળ મિટે રે. કે અ૦ ૧

રવિ ઊગે ગયણાંગણ, તિમિર તે નવિ રહે રે કે તિ૦
કામકુંભ ઘર આવે, દારિદ્ર કિમ રહે રે; કે દા૦
વન વિચરે જો સિંહ તો, બીક ન ગજ તણી રે, કે બી૦
કર્મ કરે શું જોર, પ્રસન્ન જો જગધણી રે. કે પ્ર૦ ૨

સુગુણ નિર્ગુણનો અંતર, પ્રભુ નવિ ચિત્ત ધરે રે, કે પ્ર૦
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે; કે જા૦
ચંદ્ર ત્યજે નવિ લંછન, મૃગ અતિ શામળો રે, કે મૃ૦
યશ કહે તિમ તુમ જાણી,મુજ અરિબળ દળો રે કે મુ૦ ૩

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૫) શ્રી આસ્તાગ જિન સ્તવન

(મન મોહ્યું અમારું પ્રભુગુણે—એ દેશી)

કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધી કદન્ન રે. ક૦૧
જિન આસ્તાગ ગુણરસ રમી, ચલ વિષય વિકાર વિરૂપ રે;
વિણ સમકિત મત અભિલષે, જિણે ચાખ્યો શુદ્ધસ્વરૂપ રે. ક૦૨
નિજ ગુણચિંતન જળ રમ્યા, તસુ ક્રોધ [1]અનળનો તાપ રે;
નવિ વ્યાપે કાપે ભવસ્થિતિ, જિમ [2]શીતને [3]અર્કપ્રતાપ રે. ક૦૩
જિન ગુણરંગી ચેતના, નવિ બાંધે અભિનવ કર્મ રે;
ગુણરમણે નિજ ગુણ ઉલ્લસે, તે આસ્વાદે નિજ ધર્મ રે. ક૦૪
પરત્યાગી ગુણ એકતા, રમતા જ્ઞાનાદિક ભાવ રે;
સ્વસ્વરૂપ ધ્યાતા થઈ, પામે શુચિ ક્ષાયક ભાવ રે. ક૦૫
ગુણકરણે નવ ગુણ પ્રગટતા, સત્તાગત રસ થિતિ છેદ રે;
સંક્રમણે ઉદય પ્રદેશથી, કરે નિર્જરા ટાળે ખેદ રે. ક૦૬
સહજસ્વરૂપ પ્રકાશથી, થાયે પૂર્ણાનંદ વિલાસ રે;
દેવચંદ્ર જિનરાજની, કરજ્યો સેવા સુખવાસ રે. ક૦૭

---

## (૧૬) શ્રી નમિપ્રભ જિન સ્તવન

(અરજ અરજ સુણોને રૂડા રાજીયા હોજી—એ દેશી)

નમિપ્રભ નમિપ્રભ પ્રભુજી વીનવું હોજી, પામી વર પ્રસ્તાવ;
જાણો છો જાણો છો વિણ વીનવે હોજી, તોપણ દાસ સ્વભાવ. ન૦૧
હું કરતા હું કરતા પરભાવનો હોજી, ભોક્તા પુદ્ગલરૂપ;
ગ્રાહક ગ્રાહક વ્યાપક એહનો હોજી, રાચ્યો જડ ભવભૂપ. ન૦૨

---

૧. અગ્નિનો. ૨. ટાઢને. ૩. સૂર્યનો તાપ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આતમ આતમ ધર્મ વિસારિયો હોજી, સેવ્યો મિથ્યા માગ;
આસ્રવ આસ્રવ બંધપણું કર્યું હોજી, સંવર નિર્જરા ત્યાગ. ન૦૩
જડચલ જડચલ કર્મ જે દેહને હોજી, જાણ્યું આતમ તત્ત્વ;
બહિરાતમ બહિરાતમતા મેં ગ્રહી હોજી, ચતુરંગે એકત્વ. ન૦૪
કેવલ કેવલ જ્ઞાનમહોદધિ હોજી, કેવલ દંશણ બુદ્ધ;
વીરજ વીરજ અનંત સ્વભાવનો હોજી, ચારિત્ર ક્ષાયિક શુદ્ધ. ન૦૫
વિશ્રામી વિશ્રામી નિજભાવના હોજી, સ્યાદ્વાદી અપ્રમાદ;
પરમાતમ પરમાતમ પ્રભુ દેખતાં હોજી,ભાગી ભ્રાંતિ અનાદ. ન૦૬
જિનસમ જિનસમ સત્તા ઓળખી હોજી,તસુ પ્રાગ્ભાવની ઈહ;
અંતર અંતર આતમતા લહી હોજી, પર પરિણતિ નિરીહ. ન૦૭
પ્રતિછંદે પ્રતિછંદે જિનરાજને હોજી, કરતા સાધક ભાવ;
દેવચંદ્ર દેવચંદ્ર પદ અનુભવે હોજી, શુદ્ધાતમ પ્રાગ્ભાવ. ન૦૮

---

## (૧૬) શ્રી નમિપ્રભ જિન સ્તવન

પુષ્કરવર પૂરવ અરધ દિવાજે રે, સાહિબજી,
નલિનાવતી વિજયે નયરી અજોધ્યા છાજે રે; સા૦
પ્રભુ વીરનરેસર-વંશ-દિનેસર ધ્યાઈએ રે, સા૦
સેનાસુત સાચો ગુણશું જાચો ગાઈએ રે. સા૦ ૧
મોહની મનવલ્લભ દરસન દુર્લભ જાસ રે, સા૦
રવિચરણ ઉપાસી કિરણ વિલાસી ખાસ રે; સા૦
ભવિજન મન રંજન ભાવઠ ભંજન ભગવંત રે, સા૦
નમિપ્રભ વંદું પાપ નિકંદું તંત રે. સા૦ ૨
ઘર સુરતરુ ફળિયો સુરમણિ મિલિયો હાથ રે, સા૦
કરી કરુણા પૂરી અઘ ચૂરી જગનાથ રે; સા૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમિએ ઘન વૂઠા વળી તૂઠા સવિ દેવ રે, સા૦
શિવગામી પામી જો મેં તુજ પદ સેવ રે. સા૦ ૩

ગંગાજલ નાહ્યો હું ઉમાહ્યો આજ રે, સા૦
ગુરુ સંગત સારી મ્હારી વધારી લાજ રે; સા૦
મુહ માગ્યા જાગ્યા પૂરવ પુન્ય અંકુર રે, સા૦
મન લીનો કીનો તુજ ગુણ પ્રેમ પંડૂર રે. સા૦ ૪

તું દોલતદાતા તું જગત્રાતા મહારાજ રે, સા૦
ભવસાયર તારો સારો વાંછિત કાજ રે, સા૦
દુઃખચૂરણ પૂરણ કીજે સયલ જગીશ રે, સા૦
અરદાસ પ્રકાશે શ્રી નયવિજય સુશિષ્ય રે. સા૦ ૫

---

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

(સુણી પશુઆં વાણી રે-એ દેશી)

જગજન મન રંજે રે, [૧]મનમથ બળ ભંજે રે;
નવિ રાગ ન દોષ તું અંજે ચિત્તશું રે. ૧

શિર છત્ર વિરાજે રે, દેવ દુંદુભિ વાજે રે;
ઠકુરાઈ ઇમ છાજે, તોહિ અકિંચનો રે. ૨

થિરતા ધૃતિ સારી રે, વરી સમતા નારી રે;
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું સુણ્યો રે. ૩

ન ધરે ભવરંગો રે, નવિ દોષા સંગો રે;
મૃગ લંછન ચંગો, તો પણ તું સહી રે. ૪

તુજ ગુણ કુણ આખે[૨] રે, જગ કેવળી પાખે રે;
સેવક યશ ભાખે, અચિરાસુત જયો રે. ૫

---

૧. કામદેવ. ૨. ભાખે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૬) શ્રી નમિશ્વર જિન સ્તવન

(હો પિયુ પંખીડા–એ દેશી)

જગત દિવાકર શ્રી નમિશ્વર સ્વામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો;
જાગ્યો સમ્યગ્જ્ઞાન સુધારસ ધામ જો,
છાંડી દુર્જય મિથ્યા નીંદ પ્રમાદની રે લો. ૧

સહેજે પ્રગટ્યો નિજ પર ભાવ વિવેક જો,
અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો;
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો,
નિજ પરિણતિ થિર નિજ ધર્મરસે ઠવે રે લો. ૨

ત્યાગીને સવિ પર પરિણતિ રસ રીઝ જો,
જાગી છે નિજ-આતમ-અનુભવ ઇષ્ટતા રે લો;
સહેજે છૂટી આસ્રવ ભાવની ચાલ જો,
જાલમ એ પ્રગટી સંવર શિષ્ટતા રે લો. ૩

બંધના હેતુ જે છે પાપસ્થાન જો,
તે તુજ ભગતે પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો;
ધ્યેયગુણે વળગ્યો પૂરણ ઉપયોગ જો,
તેહથી પામે ધ્યાતા ધ્યેય સમસ્તતા રે લો. ૪

[1]જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
[2]જિન આલંબની નિરાલંબતા પામે જો,
તેણે હમ રમશું નિજગુણ શુદ્ધ નંદનવનેરે લો ૫

---

૧. જે ન તરી શકાય એવો અપાર સમુદ્ર જેવો સંસાર, તે ગાયની ખરીમાં પાણી ભરાયું હોય, તેવો અલ્પ કરી દીધો.

૨. પાઠાં.- જાણ્યો પૂર્ણાનંદ તે આતમ પાસ જો,
અવલંબ્યો નિર્વિકલ્પ પરમાતમતત્ત્વને રે લો. ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્યાદ્વાદી નિજ પ્રભુતાને એકત્વ જો,
ક્ષાયક ભાવે થાયે નિજ રત્નત્રયી રે લો;
પ્રત્યાહાર કરીને ધારે ધારણ શુદ્ધ જો,
તત્ત્વાનંદી પૂર્ણ સમાધિલયમયી રે લો. ૬

અવ્યાબાધ સ્વગુણની પૂરણ રીત જો,
કર્ત્તા ભોક્તા ભાવે રમણપણે ધરે રે લો;
સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદ જો,
દેવચંદ્ર એકત્વે સેવનથી વરે રે લો. ૭

---

## (૧૭) શ્રી વીરસેન જિન સ્તવન

વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ;
આજ હો દીસે રે, વીરજતા ત્રિભુવનથી ઘણીજી. ૧

અણહારી અશરીર, અક્ષય અજય અતિ ધીર;
આજ હો અવિનાશી, અલેશી ધ્રુવ પ્રભુતા બનીજી. ૨

અતીન્દ્રિય ગત [૧]કોહ, વિગત [૨]માય [૩]મય [૪]લોહ;
આજ હો સોહે રે, મોહે જગજનતા ભણીજી. ૩

અમર અખંડ અરૂપ, પૂર્ણાનંદ સ્વરૂપ;
આજ હો ચિદ્રૂપે દીપે, થિર સમતા ધણીજી. ૪

વેદરહિત અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય;
આજ હો ધ્યાયકે નાયકને, ધ્યેયપદે ગ્રહ્યોજી. ૫

દાન લાભ નિજ ભોગ, શુદ્ધ સ્વગુણ ઉપભોગ;
આજ હો અજોગી કરતા, ભોક્તા પ્રભુ લહ્યોજી. ૬

દરિશણ જ્ઞાન ચારિત્ર, સકલ પ્રદેશ પવિત્ર;
આજ હો નિર્મળ નિસ્સંગી, અરિહા વંદિયેજી. ૭

---

૧. ક્રોધ. ૨. માયા. ૩. મદ, માન. ૪. લોભ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો વૃંદ;
આજ હો જિનવર સેવાથી, ચિર આનંદિયેજી. ૮

## (૧૭) શ્રી વીરસેન જિન સ્તવન

પશ્ચિમ અરધ પુષ્કરવરે, વિજય પુષ્કલાવઈ દીપે રે;
નયરી પુંડરિગિણી વિહરતા, પ્રભુ તેજે રવિ જીપે રે,
શ્રી વીરસેન સુહંકરુ. ૧

ભાનુસેન ભૂમિપાળનો, અંગજ ગજગતિ વંદો રે;
રાજસેના મનવલ્લભો, વૃષભ લંછન જિનચંદો રે.શ્રી૦૨

મસિવિણ જે લિખ્યા તુજ ગુણ, અક્ષર પ્રેમના ચિત્ત રે;
ધોઈએ તિમ તિમ ઊઘડે, ભગતિજલે તેહ નિત રે.શ્રી૦૩

ચક્રવર્તી મન સુખ ધરે, ઋષભકૂટે લિખી નામો રે;
અધિકા રે તુજ ગુણ તેહથી, પ્રગટ હુઆ ઠામઠામો રે.શ્રી૦૪

નિજગુણ ગૂંથિત તેં કરી, કીરતિ મોતીની માળા રે;
તે મુજ કંઠે આરોપાતાં, દીસે ઝાકઝમાળા રે.શ્રી૦૫

પ્રગટ હુયે જિમ જગતમાં, શોભા સેવક કેરી રે;
વાચક યશ કહે તિમ કરો, સાહિબ પ્રીત ઘણેરી રે.શ્રી૦૬

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

સુખદાયક સાહિબ સાંભળો, મુજને તુજશું અતિ રંગરે
તુમે તો નીરાગી હુઈ રહ્યા, એ શો એકંગો[૧] ઢંગ[૨] રે.સુ૦૧

તુમ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબરફૂલ સમાનરે
મુજ ચિત્તમાં વસો જો તુમે, તો પામ્યા નવે નિધાન રે.સુ૦૨

૧. એક તરફી. ૨. રીત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી કુંથુનાથ ! અમે નિરવહું, ઇમ એકંગો પણ નેહ રે;
ઇણિ [૧]આકીને ફળ પામશું, વળી હોશે દુઃખનો છેહ રે.સુ૦૩

આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણિ પાષાણ રે;
વાચકયશ કહે મુજ દીજિયે, ઇમ જાણી કોડિકલ્યાણ રે.સુ૦૪

---

## (૧૭) શ્રી અનિલ જિન સ્તવન

(દિખો ગતિ દૈવની રે–એ દેશી)

સ્વારથ વિણ ઉપગારતા રે, અદ્‌ભુત અતિશય રિદ્ધિ;
આત્મસ્વરૂપ પ્રકાશતા રે, પૂરણ સહજ સમૃદ્ધિ,
અનિલ જિન સેવીએ રે.

નાથ તુમ્હારી જોડી, ન કો ત્રિહુંલોકમેં રે,
પ્રભુજી પરમ આધાર, અછો ભવિ થોકને રે. ૧

પરકારજ કરતા નહીં રે, સેવ્યા પાર ન હેત;
જે સેવે તન્મય થઈ રે, તે લહે શિવસંકેત.અ૦૨

કરતા નિજ ગુણ વૃત્તિતા રે, ગુણ પરિણતિ ઉપભોગ;
નિઃપ્રયાસગુણ વર્ત્તતા રે, નિત્ય સકલ ઉપયોગ.અ૦૩

સેવ ભક્તિ ભોગી નહીં રે, ન કરે પરનો સહાય;
તુજ ગુણરંગી ભક્તના રે, સહેજે કારજ થાય.અ૦૪

કિરિયા કારણ કાર્યતા રે, એક સમય સ્વાધીન;
વરતે પ્રતિગુણ સર્વદા રે, તસુ અનુભવ લયલીન.અ૦૫

જ્ઞાયક લોકાલોકના રે, અનિલપ્રભુ જિનરાય;
નિત્યાનંદમયી સદા રે, દેવચંદ્ર સુખદાય.અ૦૬

---

૧. શ્રદ્ધાએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૮) શ્રી મહાભદ્ર જિન સ્તવન

મહાભદ્ર જિનરાજ, રાજ રાજ વિરાજે હો આજ તુમારડોજી;
ક્ષાયિકવીર્ય અનંત, ધર્મ અભંગે હો તું સાહિબ વડોજી.
હું બલિહારી રે શ્રી જિનવર તણી રે. ૧
કર્તા ભોક્તા ભાવ, કારક કારણ હો તું સ્વામી છતોજી
જ્ઞાનાનંદ પ્રધાન, સર્વ વસ્તુનો હો ધર્મ પ્રકાશતોજી. હું૦ ૨
સમ્યગ્દર્શન મિત્ત, સ્થિર નિર્ધારિ રે અવિસંવાદતાજી;
અવ્યાબાધ સમાધિ, કોશ અનશ્વર રે નિજ આનંદતાજી. હું૦ ૩
દેશ અસંખ્ય પ્રદેશ, નિજ નિજ રીતે રે ગુણસંપત્તિ ભર્યાજી;
ચારિત્ર દુર્ગ અભંગ, આતમ શક્તે હો પર જય સંચર્યાજી. હું૦ ૪
ધર્મક્ષમાદિક સૈન્ય, પરિણતિ પ્રભુતા હો તુજ બલ આકરોજી;
તત્ત્વ સકલ પ્રાગ્ભાવ, સાદિ અનંતી રે રીતે પ્રભુ ધર્યોજી. હું૦ ૫
દ્રવ્ય ભાવ અરિલેશ, સકલ નિવારી રે સાહિબ અવતર્યોજી;
સહજ સ્વભાવ વિલાસ, ભોગી ઉપભોગી રે જ્ઞાનગુણે ભર્યોજી. હું૦ ૬
આચારિજ ઉવઝાય, સાધક મુનિવર હો દેશવિરતિધરુજી;
આતમ સિદ્ધ અનંત, કારણ રૂપે રે યોગ ક્ષેમંકરુજી. હું૦ ૭
સમ્યગ્દૃષ્ટિ જીવ, આણારાગી હો સહુ જિનરાજનાજી;
આતમ સાધન કાજ, સેવે પદકજ હો શ્રી મહાભદ્રનાંજી. હું૦ ૮
દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તે રાચો હો ભવિ આતમ રુચિજી;
અવ્યય અક્ષય શુદ્ધ, સંપત્તિ પ્રગટે હો સત્તાગત શુચિજી. હું૦ ૯

---

## (૧૮) શ્રી મહાભદ્ર જિન સ્તવન

(આજ હો છાજે રે–એ દેશી)

દેવરાયનો નંદ, માત ઉમા મનચંદ;
આજ હો રાણી રે, સૂરિકાંતા કંત સોહામણોજી. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્કર પશ્ચિમ અર્દ્ધ, વિજય તે વપ્ર સુબદ્ધ;
આજ હો નયરી રે વિજયાએ વિહરે ગુણનીલોજી. ૨

મહાભદ્ર જિનરાય, ગજલંછન જસ પાય;
આજ હો સોહે રે મોહે મન લટકાળે લોયણેજી. ૩

તેહશું મુજ અતિ પ્રેમ, પરસુર નમવા નેમ;
આજ હો રંજે રે દુઃખ ભંજે, પ્રભુ મુજ તે ગુણેજી. ૪

ધર્મ યૌવન નવરંગ, સમકિત પામ્યો ચંગ;
આજ હો લાખીણી લાડી મુગતિ તે મેલશેજી. ૫

ચરણ ધર્મ અવદાત, તે કન્યાનો તાત;
આજ હો માહરા રે પ્રભુજીને, તે છે વશ સદાજી. ૬

શ્રી નયવિજય સુશિષ્ય, યશ કહે સુણો જગદીશ;
આજ હો તારો રે હું સેવક, દેવ કરો દયાજી. ૭

---

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

(પ્રથમ ગોવાળ તણી—એ દેશી)

અરજિન દરિશન દીજિયેજી, ભવિકકમળવન સૂર;
મન તરસે મળવા ઘણુંજી, તુમે તો જઈ રહ્યા દૂર.
સોભાગી, તુમશું મુજ મન નેહ.
તુમશું મુજ મન નેહલોજી, જિમ બપઈયાં મેહ. સો૦૧

આવાગમન પથિક તણુંજી, નહિ શિવનગર નિવેશ;
કાગળ કુણ હાથે લિખુંજી, કોણ કહે સંદેશ. સો૦૨

જો સેવક સંભારશોજી, અંતરયામી રે આપ,
યશ કહે તો મુજ મન તણોજી, ટળશે સઘળો સંતાપ. સો૦૩

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૮) શ્રી યશોધર જિન સ્તવન

વદન પર વારી હો યશોધર, વદન પર વારી,
મોહરહિત મોહનજયાકો, ઉપશમ રસ ક્યારી. હો૦ય૦૧
મોહી જીવ લોહકો કંચન, કરવે પારસ ભારી;
સમકિત સુરતરુ વનસીંચનકો વર પુષ્કરજલ ધારી. હો૦ય૦૨
સર્વ પ્રદેશ પ્રગટ શમ ગુણથી, પ્રવૃત્તિ અનંત અપહારી;
પરમગુણી સેવનથેં સેવક, અપ્રશસ્તતા વારી. હો૦ય૦૩
પરપરિણતિ રુચિરમણ ગ્રહણતા, દોષ અનાદિ નિવારી;
દેવચંદ્ર પ્રભુ સેવક ધ્યાને, આતમ શક્તિ સમારી. હો૦ય૦૪

---

## (૧૯) શ્રી દેવજશા જિન સ્તવન

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી)

દેવજશા દરિશણ કરો, વિઘટે મોહ વિભાવ લાલ રે;
પ્રગટે શુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાલ રે. દે૦૧
સ્વામી વસો પુષ્કરવરે, જંબુ ભરતે દાસ લાલ રે;
ક્ષેત્ર વિભેદ ઘણો પડ્યો, કિમ પહોંચે ઉલ્લાસ લાલ રે. દે૦૨
હોવત જો તનુ પાંખડી, આવત નાથ હજૂર લાલ રે;
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુનૂર લાલ રે. દે૦૩
શાસનભક્ત જે સુરવરા, વીનવું શીશ નમાય લાલ રે;
કૃપા કરો મુજ ઉપરે, તો જિનવંદન થાય લાલ રે. દે૦૪
પૂછું પૂર્વ વિરાધના, શી કીધી ઇણ જીવ લાલ રે;
અવિરતિ મોહ ટલે નહીં, દીઠે આગમ દીવ લાલ રે. દે૦૫
આતમ શુદ્ધ સ્વભાવને, બોધન શોધન કાજ લાલ રે;
રત્નત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ લાલ રે. દે૦૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુજ સરિખો સાહિબ મિલ્યો, ભાંજે ભવભ્રમ ટેવ લાલરે;
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ લાલ રે. દે૦૭
દીનદયાળ કૃપાળુઓ, નાથ ભવિક આધાર લાલ રે;
દેવચંદ્ર જિન સેવના, પરમામૃત સુખકાર લાલ રે. દે૦૮

---

## (૧૯) શ્રી ચંદ્રયશા (દેવજશા) જિન સ્તવન

ચંદ્રયશા જિનરાજીઓ, મનમોહન મેરે,
પુષ્કર દીવ મોઝાર રે મનમોહન મેરે;
પશ્ચિમ અરધ સોહામણો, મ૦ વચ્છ વિજય સંભાર રે. મ૦ ૧

નયરી સુસીમા વિચરતા, મ૦ સંવરભૂપ કુલચંદ રે; મ૦
શશિ લંછન પદ્માવતી, મ૦ વલ્લભ ગંગાનંદ રે. મ૦ ૨

કટિલીલાએ કેસરી, મ૦ તે હાર્યો ગયો રાન રે; મ૦
હાર્યો હિમકર તુજ મુખે, મ૦ હજીય વળે નહિ વાન રે. મ૦ ૩

તુજ લોચનથી લાજિયાં, મ૦ કમળ ગયાં જળમાંહી રે; મ૦
અહિપતિ પાતાળે ગયો મ૦ જીત્યો લલિત તુજ બાંહી રે મ૦ ૪

જીત્યો દિનકર તેજશું, મ૦ ફિરતો રહે તે આકાશ રે; મ૦
નીંદ ન આવે તેહને, મ૦ જેહ મન ખેદ અભ્યાસ રે. મ૦ ૫

એમ જીત્યો તુમે જગતને મ૦ હરિ લિયો ચિત્તરતન્ન રે; મ૦
બંધુ કહાવો જગતના, મ૦ તે કિમ હોય ઉપમન્ન રે. મ૦ ૬

ગતિ તુમે જાણો તુમ તણી, મ૦ હું સેવું તુજ પાય રે; મ૦
શરણ કરે બળિયાતણું મ૦ યશ કહે તસ સુખ થાય રે. મ૦ ૭

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(ઢાળ રસિયાની—એ દેશી)

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા, જેહ માંહી સુખકંદ વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરુઓ લેખવું, નવિ બીજા યુગવૃંદ. વા૦મ૦ ૧

આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દર્શન દીઠ; વા૦
મરુભૂમિ પણ થિતિ સુરતરુ તણી, મેરુ થકી હુઈ ઈઠ. વા૦મ૦ ૨

પંચમ આરે રે તુમ્હ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું, વાંચક યશ કહે ચંગ. વા૦મ૦ ૩

---

## (૧૯) શ્રી કૃતાર્થ જિન સ્તવન

(અધિકા તાહરો હું તો અપરાધી—એ દેશી)

સેવા સારજ્યો જિનની મન સાચે, પણ મત માગો ભાઈ; સે૦
મહિનતનો ફળ માગી લેતાં, દાસ ભાવ સવિ જાઈ. સે૦૧

ભક્તિ નહીં તે તો ભાડાયત, જે સેવાફળ [1]જાચે;
દાસ તિકે જે ઘન ભરી નીરખી, [2]કેકીની પરે નાચે. સે૦૨

સારી વિધિ સેવા સારંતા, આણ ન કાંઈ ભાંજે;
હુકમ હાજર ખિજમતિ કરતાં, સહેજે નાથ નિવાજે. સે૦૩

સાહિબ જાણો છો સહુ વાતો, શું કહિયે તુમ આગે;
સાહિબ સનમુખ અમ માગણની, વાત કારમી લાગે. સે૦૪

સ્વામી કૃતારથ તો પિણ તુમથી, આશ સહુકો રાખે;
નાથ વિના સેવકની ચિંતા, કોણ કરે વિણુ દાખે. સે૦૫

તુજ સેવ્યાં ફળ માગ્યો દેતાં, દેવપણો થાયે કાચો;
વિણ માગ્યાં વાંછિત ફળ આપે, તિણે દેવચંદ્ર પદ સાચો. સે૦૬

---

૧. માગે. ૨. મોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૨૦) શ્રી અજિતવીર્ય જિન સ્તવન

અજિતવીર્ય જિન વિચરતા રે, મનમોહના રે લાલ
પુષ્કરઅર્ધ વિદેહ રે, ભવિબોહના રે લાલ.
જંગમ સુરતરુ સારિખો રે, મનમોહના રે લાલ;
સેવે ધન્ય ધન્ય તેહ રે ભવિબોહના રે લાલ. ૧

જિનગુણ અમૃતપાનથી રે મ૦ અમૃત ક્રિયા સુપસાય રે ભ૦
અમૃતક્રિયા અનુષ્ઠાનથી રે મ૦ આતમ અમૃત થાય રે. ભ૦ ૨

પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે મ૦ વચન અસંગી સેવ રે; ભ૦
કર્તા તન્મયતા લહે રે, મ૦ પ્રભુ ભક્તિ નિત્યમેવ રે. ભ૦ ૩

પરમેશ્વર અવલંબને રે, મ૦ ધ્યાતા ધ્યેય અભેદ રે; ભ૦
ધ્યેય સમાપત્તિ હુવે રે, મ૦ સાધ્ય સિદ્ધિ અવિચ્છેદ રે. ભ૦ ૪

જિનગુણ રાગપરાગથી રે મ૦ વાસિત મુજ પરિણામ રે ભ૦
તજશે દુષ્ટ વિભાવતા રે, મ૦ સરશે આતમ કામ રે. ભ૦ ૫

જિનભક્તિરત ચિત્તને રે, મ૦ વેધક રસ ગુણ પ્રેમ રે; ભ૦
સેવક જિનપદ પામશે રે, મ૦ રસવેધિત અય જેમ રે. ભ૦ ૬

નાથ ભક્તિરસ ભાવથી રે, મ૦ તૃણ જાણું પરદેવ રે; ભ૦
ચિંતામણિ સુરતરુથકી રે મ૦ અધિકી અરિહંતસેવ રે. ભ૦ ૭

પરમાતમ ગુણસ્મૃતિ થકીરે મ૦ ફરશ્યો આતમરામ રે ભ૦
નિયમા કંચનતા લહે રે, મ૦ લોહ જ્યું પારસ પામ રે. ભ૦ ૮

નિર્મળ તત્ત્વરુચિ થઈ રે મ૦ કરજો જિનપતિભક્તિ રે; ભ૦
દેવચંદ્ર પદ પામશો રે, મ૦ પરમ મહોદય યુક્તિ રે. ભ૦ ૯

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૨૦) શ્રી અજિતવીર્ય જિન સ્તવન

( એ છીંડી કિહાં રાખી કુમતિ–એ દેશી)

દીવ પુષ્કરવર પશ્ચિમ અરધે, વિજય નલિનાવઈ સોહે;
નયરી અયોધ્યા મંડન સ્વસ્તિક લંછન જિન જગ મોહે રે;
ભવિયાં, અજિતવીર્ય જિન વંદો. ૧
રાજપાલ કુળ મુગટ નગીનો, માત કનિનિકા જાયો;
રતનમાળા રાણીનો વલ્લભ, પ્રત્યક્ષ સુરમણિ પાયો રે.ભ૦૨
દુરિજનશું કરી જે હુઓ દૂષણ, હુયે તસ શોષણ ઇહાં;
એહવા સાહિબના ગુણ ગાઈ, પવિત્ર કરું હું જીહા રે.ભ૦૩
પ્રભુ-ગુણગણ ગંગાજલે ન્હાઈ, કીયો કર્મમલ દૂર;
સ્નાતકપદ જિન ભગતેં લહિયે, ચિદાનંદ ભરપૂર રે.ભ૦૪
જે સંસર્ગ અભેદારોપે, સમાપત્તિ મુનિ માને;
તે જિનવર ગુણ થુણતાં લહિયે, જ્ઞાનધ્યાન લયતાને રે.ભ૦૫
સ્પર્શ જ્ઞાન ઇણિપરે અનુભવતાં, દેખીજે [૧]જિનરૂપ;
સકળ જોગ જીવન તે પામી, નિસ્તરિયે ભવકૂપ રે.ભ૦૬
શરણ-ત્રાણ-આલંબન જિનજી, કોઈ નહીં તસ તોલે;
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક યશ એમ બોલે રે.ભ૦૭

--------------

## (૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(વીરમાતા પ્રીતિકારિણી–એ દેશી)

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાગી તે ભાવટ ભવ તણી, દિવસ દુરિતના[૨] નીઠા. આ૦૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમિયના વૂઠા;
આપ માગ્યા પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા. આ૦૨

૧. પાઠાંતર–નિજરૂપ. ૨. પાપના દિવસો નાશ પામ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિયતિ હિત દાન સન્મુખ હુયે, સ્વપુણ્યોદય સાથે;
યશ કહે સાહિબે મુક્તિનું, કરિઉં તિલક નિજ હાથે. આ૦૩

---

## (૨૦) શ્રી ધર્મીશ્વર જિન સ્તવન

(અખિયાં હરખન લાગી હમારી અખિયાં—એ દેશી)

હું તો પ્રભુ વારી છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની;
સમતા અમૃતમય સુપ્રસન્નની, ત્રેય નહીં રાગરુખની. હું૦૧

ભ્રમર અધર શિષ ધનુહર કમલદલ, કીર હીર પૂનમશશીની;
શોભા તુચ્છ થઈ પ્રભુ દેખત, કાયર હાથે જિમ અસિની. હું૦૨

મનમોહન તુમ સનમુખ નીરખત, આંખ ન તૃપ્તિ અમચી;
મોહતિમિર રવિ હરષચંદ્રછબી, મૂરત એ ઉપશમચી. હું૦૩

મનની ચિંતા મટી પ્રભુ ધ્યાવત, મુખ દેખતાં તુમ જિનની;
ઇંદ્રી તૃષા ગઈ જિનેસર સેવતાં, ગુણ ગાતાં વચનની. હું૦૪

મીન ચકોર મોર મતંગજ, જલ શશી ઘન નિજ વનથી;
તિમ મુજ પ્રીતિ સાહિબ સૂરતથી, ઔર ન ચાહું મનથી. હું૦૫

જ્ઞાનાનંદન જગ આનંદન, આશ દાસની ઇતની;
દેવચંદ્ર સેવનમેં અહર્નિશ, રમજ્યો પરિણતિ ચિત્તની. હું૦૬

---

### કલશ

(રાગ ધન્યાશ્રી)

વંદો વંદો રે જિનવર વિચરંતા વંદો;
કીર્તન સ્તવન નમન અનુસરતાં, પૂર્વ પાપ નિકંદો રે,
જિનવર વિચરંતા વંદો. ૧

જંબુદ્વીપે ચાર જિનેશ્વર, ધાતકી આઠ આણંદો;
પુષ્કર અર્ધે આઠ મહામુનિ, સેવે ચોસઠ ઇંદો રે. જિ૦૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવલી ગણધર સાધુ સાધવી, શ્રાવક શ્રાવિકા વૃંદો;
જિનમુખ ધર્મ અમૃત અનુભવતાં, પામે મન આણંદો રે. જિ૦૩

સિદ્ધાચલ ચૌમાસ રહીને, ગાયો જિનગુણ છંદો;
જિનપતિ ભક્તિ મુક્તિનો મારગ, અનુપમ શિવસુખકંદોરે. જિ૦૪

ખરતર ગચ્છ જિનચંદ્ર સૂરિવર, પુણ્ય પ્રધાન મુણીંદો;
સુમતિસાગર સાધુ રંગ સુવાચક, પીધો શ્રુતમકરંદો રે. જિ૦૫

રાજસાર પાઠક ઉપગારી, જ્ઞાનધર્મ દિણંદો;
દીપચંદ સદ્‌ગુરુ ગુણવંતા, પાઠક ધીર ગયંદો રે. જિ૦૬

દેવચંદ્ર ગણિ આતમ હેતે, ગાયા વીશ જિણંદો;
ઋદ્ધિ વૃદ્ધિ સુખસંપત્તિ પ્રગટે, સુજશ મહોદય વૃંદો રે. જિ૦૭

---

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

(ઋષભનો વંશ રયણાયરૂ–એ દેશી)

મુજ મન પંકજ ભમર લે, શ્રી નમિજિન જગદીશો રે;
ધ્યાન કરું નિત તુમ તણું, નામ જપું નિશ દીશો રે. મુ૦૧

ચિત્ત થકી કઈયેં ન વીસરે, દેખિયે આગલિ ધ્યાને રે;
અંતર તાપથી જાણીએ, દૂર રહ્યા અનુમાને રે. મુ૦૨

તું ગતિ તું મતિ આશરો, તુંહિ જ બાંધવ મોટો રે;
વાચક યશ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે. મુ૦૩

---

## (૨૧) શ્રી શુદ્ધમતિ જિન સ્તવન

(શ્રી જિનપ્રતિમા હો જિન સરખી કહી–એ દેશી)

શ્રી શુદ્ધમતિ હો જિનવર પૂરવો, એહ મનોરથ માળ,
સેવક જાણી હો મહેરબાની કરી, ભવસંકટથી ટાળ.શ્રી૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પતિત ઉદ્ધારણ હો તારણ વત્સલુ, કર અપણાયત એહ;
નિત્ય નીરાગી હો નિઃસ્પૃહ જ્ઞાનની, શુદ્ધ અવસ્થા દેહ.શ્રી૦૨
પરમાનંદી હો તું પરમાતમા, અવિનાશી તુજ રીત;
એ ગુણ જાણી હો તુમ વાણી થકી, ઠહરાણી મુજ પ્રીત.શ્રી૦૩
શુદ્ધ સ્વરૂપી હો જ્ઞાનાનંદની, અવ્યાબાધ સ્વરૂપ;
ભવજલનિધિ હો તારક જિનેશ્વરુ, પરમ મહોદય ભૂપ.શ્રી૦૪
નિર્મમ નિઃસંગી હો નિર્ભય અવિકારતા, નિર્મલ સહજસમૃદ્ધિ
અષ્ટ કરમ હો વનદાહથી, પ્રગટી અન્વય રિદ્ધિ.શ્રી૦૫
આજ અનાદિની હો અનંત અક્ષતા, અક્ષર અનક્ષર રૂપ;
અચલ અકલ હો અમલ અગમનું, ચિદાનંદ ચિદ્રૂપ.શ્રી૦૬
અનંતજ્ઞાની હો અનંતદર્શની, અનાકારી અવિરુદ્ધ;
લોકાલોક હો જ્ઞાયક સુહંકરુ, અનાહારી સ્વયંબુદ્ધ.શ્રી૦૭
જે નિજ પાસે હો તે શું માગીએ, દેવચંદ્ર જિનરાજ;
તોપણ મુજને હો શિવપુર સાધતાં, હોજો સદા સુસહાય.શ્રી૦૮

---

## (૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાજા જો મિલે–એ દેશી)

કહા કિયો તુમે કહો મેરે સાંઈ, ફેરી ચલે રથ તોરણ આઈ;
દિલજાનિ અરે, મેરા નાહ ન ત્યજીય નેહ કછુ અજાનિ. ૧
અટપટાઈ ચલે ધરી કછુ રોષ, પશુઅનકે શિર દે કરી દોષ. દિ૦૨
રંગ બીચ ભયો યાથી ભંગ, સો તો સાચો જાનો કુરંગ. દિ૦૩
પ્રીતિ તનકમિ તોરત આજ, પિયુ નાવે મનમેં તુમ લાજ. દિ૦૪
તુમ્હે બહુનાયક જાનો ન પીર,[1] વિરહ લાગી જિઉં વૈરીકો તીર. દિ૦૫

૧. વેદના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાર[1] ઠાર શૃંગાર અંગાર, અસન વસન ન સુહાઈ લગાર. દિ૦૬
તુજ વિન લાગે સૂની સેજ, નહીં તનુ તેજ ન હારદહેજ. દિ૦૭
આવોને મંદિર વિલસો ભોગ, બુઢાપનમેં લીજે જોગ. દિ૦૮
છોરુંગી મેં નહિ તેરો સંગ, ગઈલિ ચલું જિઉં છાયા અંગ. દિ૦૯
એમ વિલવતી ગઈ ગઢ ગિરનાર, દેખે પ્રીતમ રાજુલનાર દિ૦૧૦
કંતે દીધું કેવળ જ્ઞાન, કીધી પ્યારી આપ સમાન દિ૦૧૧
મુક્તિમહેલમેં ખેલે દોઈ, પ્રણમે યશ ઉલ્લસિત તન હોઈ દિ૦૧૨

---

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(દેશી ફાગની)

ચઉ કષાય પાતાલ કલશ જિહાં, તિસના[2] પવન પ્રચંડ;
બહુ વિકલ્પ કલ્લોલ ચઢતું હે, આરતિ[3] ફેન ઉદંડ,
ભવસાયર ભીષણ તારીએ હો, અહો મેરે લલના પાસજી;
ત્રિભુવન નાથ દિલમેં, એ વિનંતી ધારિયે હો. ૧

જરત ઉદ્દામ કામ વડવાનલ, પરત શીલગિરિ શૃંગ;
ફિરત વ્યસન બહુ મગર [4]તિમિંગલ, કરત હે નિમગ ઉમંગ.ભ૦૨

ભમરિયાકે બીચિ ભયંકર, ઉલટી ગુલટી વાચ;
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં અવિરતિ વ્યંતરી નાચ.ભ૦૩

ગરજત અરતિ ફુરતિ રતિ બિજુરી, હોત બહુત તોફાન;
લાગત ચોર કુગુરુ મલબારી, ધરમ જિહાજ નિદાન.ભ૦૪

જુરે પાટિયે જિઉં અતિ જોરી, સહસ અઢાર શીલંગ;
ધર્મજિહાજ તિઉં સજ કરિ ચલવો, યશ કહે શિવપુરી ચંગ.ભ૦૫

---

૧. ગળામાં હાર હિમ જેવા અને શણગાર અગ્નિના અંગારા જેવા લાગે છે.
૨. તૃષ્ણા. ૩. આર્તિ - પીડા, દુઃખ. ૪. મગરમચ્છ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

(સમકિત દ્વારગભારે પેસતાંજી—એ દેશી)

દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે,
ભેટ્યા ભેટ્યા વીરજિણંદ રે;
હવે મુજ મનમંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુ૦ ૧

પીઠબંધ ઇહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢ્યો કાઢ્યો કચરો ને ભ્રાંતિ રે;
ઇહાં અતિ ઊંચા સોહે ચારિત્ર ચંદ્રુઆ રે,
રૂડી રૂડી સંવર ભીત્તિ રે. દુ૦ ૨

કર્મ વિવર ગોખે ઇહાં મોતી ઝૂમણાં રે,
ઝૂલઈ ઝૂલઈ ધીગુણ આઠ રે;
બાર ભાવના પંચાલી અચરજ કરે રે,
કોરિ કોરિ કોરણિ કાઠ રે. દુ૦ ૩

ઇહાં આવી સમતા રાણીશું પ્રભુ રમો રે,
સારી સારી થિરતા સેજ રે;
કિમ જઈ શકશો એક વાર જો આવશો રે,
રંજ્યા રંજ્યા હિયડાનિ હેજ રે. દુ૦ ૪

વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવિયા રે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન ભાણ રે;
શ્રી નય વિજય વિબુધ પયસેવક એમ ભણે રે,
તેણી પામ્યા પામ્યા કોડિ કલ્યાણ રે. દુ૦ ૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી યશોવિજયજીકૃત તેર સ્તવનો

## (૧) શ્રી ઋષભ જિન સ્તવન

(ઢાળ કડખાની)

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે તું નયણ દીઠો;
દુઃખ ટળ્યાં સુખ મિલ્યાં, સ્વામી ! તું નીરખતાં,
સુકૃત સંચય હુવો, પાપ [૧]નીઠો. ઋ૦ ૧

કલ્પશાખી[૨] ફળ્યો, કામઘટ[૩] મુજ મલ્યો,
આંગણે અમિયનો મેહ [૪]વૂઠો;
મુજ મહીરાણ,[૫] મહીભાણ[૬] તુજ દર્શને,
ક્ષય[૭] ગયો કુમતિ અંધાર જૂઠો. ઋ૦ ૨

કવણ નર કનકમણિ[૮] છોડી તૃણ સંગ્રહે ?
કવણ કુંજર[૯] તજી કરહ[૧૦] લેવે ?
કવણ બેસે તજી, કલ્પતરુ બાવળે ?
તુજ તજી અવર સુર કોણ સેવે ? ઋ૦ ૩

એક મુજ ટેક સુવિવેક સાહેબ સદા,
તુજ વિના દેવ દુજો ન ઈહું;
તુજ વચન-રાગ સુખ સાગરે ઝીલતો,
કર્મભર[૧૧] ભ્રમ થકી હું ન બીહું. ઋ૦ ૪

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;

---

૧. નાશ થયાં ૨. કલ્પવૃક્ષ. ૩. ઇચ્છિત ફળ દેનાર દિવ્ય ઘડો. ૪. અમૃતની વર્ષા થઈ, વૃષ્ટિ થઈ. ૫. રાજા. ૬. સૂર્ય. ૭. નાશ પામ્યો. ૮. પારસમણિ. ૯. હાથી. ૧૦. ઊંટ. ૧૧. કર્મરૂપી ભરઉનાળાની ગરમીથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પતિતપાવન સમો જગત ઉદ્ધારકર,
મહિર[૧] કરી મોહિ ભવજલધિ[૨] તારો. ઋ૦ ૫
મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ [૩]પ્રતિબંધ લાગ્યો;
ચમકપાષાણ[૪] જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો. ઋ૦ ૬
ધન્ય તે કાય, જેણિ પાય તુજ પ્રણમીએ,
તુજ થુણ્યે[૫] જેહ ધન્ય ! ધન્ય ! [૬]જીહા;
ધન્ય ! તે હૃદય જિણે તુજ સદા સમરીએ,
ધન્ય તે રાત ને ધન્ય ! [૭]દિહા. ઋ૦ ૭
ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો ?
રયણ[૮] એક દેત શી હાણ [૯]રયણાયરે ?
લોકની આપદા [૧૦]જેણે નાસો. ઋ૦ ૮
ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલને,
રવિ થકી અધિક તપ-તેજ તાજો;
નયવિજય વિબુધ સેવક હું આપરો,
જશ કહે અબ મોહિ ભવ નિવાજો. ઋ૦ ૯

---

## (૨)

ઋષભદેવ હિતકારી, જગતગુરુ, ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશ્વર, પ્રથમ યતિ બ્રહ્મચારી. જ૦ ૧
વર્ષીદાન દેઈ તુમ જગમેં, ઈલતિ ઈતિ નિવારી;
તૈસી કાહિ કરતુ નાંહિ કરુણા, સાહેબ બેર હમારી. જ૦ ૨

---

૧. મહેર, કરુણા. ૨. સંસારસમુદ્ર. ૩. સંબંધ. ૪. લોહચુંબક. ૫. સ્તવે, વખાણે. ૬. જીભ. ૭. દિવસ. ૮. રત્ન. ૯. રત્નાકર, સમુદ્ર. ૧૦. જેથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માગત નહીં હમ હાથી ઘોરે, ધન કન કંચન નારી;
દિયોમોહિ ચરણકમળકી સેવા,યાહી લગત મોહી પ્યારી.જ૦૩

ભવલીલા વાસિત સુર ડારે, તુમ પર સબ હી ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી.જ૦૪

ઐસો સાહિબ નહિ કોઉ જગમેં, યાસું હોય દિલદારી;
દિલહી દલાલ પ્રેમકે બીચિ, તિહાં હઠ ખેંચે ગમારી.જ૦૫

તુમ હી સાહિબ મેં હૂં બંદા, યા મત દીઓ વિસારી;
શ્રીનયવિજય વિબુધ સેવકકે, તુમ હો પરમ ઉપકારી.જ૦૬

---

## (૩) શ્રી અજિત જિન સ્તવન

અજિત દેવ મુજ વાલહા, જ્યું મોરા મેહા;
જ્યું મધુકર મન માલતી, પંથી મન ગેહા. અ૦ ૧

મેરે મન તું હી રુચ્યો, પ્રભુ કંચન દેહા;
હરિ, હર, બ્રહ્મ, પુરંદરા, તુજ આગે કેહા. અ૦ ૨

તું હી અગોચર કો નહીં, સજ્જન ગુણ રેહા;
ચાહે તાકું ચાહીએ, ધરી ધર્મ સનેહા. અ૦ ૩

ભગતવચ્છલ જગતારનો, તું બિરુદ વદેહા;
વીતરાગ હુઈ વાલહા, ક્યું કરી દ્યો છેહા. અ૦ ૪

જે જિનવર હે ભરતમેં, ઐરાવત વિદેહા;
યશ કહે તુજ પદ પ્રણમતાં, સબ પ્રણમે તેહા. અ૦ ૫

---

## (૪) શ્રી સંભવ જિન સ્તવન

સંભવજિન જબ નયન મિલ્યો હો;
પ્રગટે પૂરવ પુણ્યકે અંકુર,
તબથેં દિન મોહિ સફલ વલ્યો હો. સં૦૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગનમેં અમિયે મેહ વૂઠે,
જનમ તાપકો વ્યાપ ગલ્યો હો;
બોધબીજ પ્રગટ્યો ત્રિહુ જગમેં,
તપ સંજમકો ખેત ફલ્યો હો. સં૦ ૨

જૈસી ભક્તિ તૈસી પ્રભુ કરુણા,
શ્વેત શંખમેં દૂધ મિલ્યો હો;
દર્શનથેં નવનિધિ મેં પાઈ,
દુઃખ દોહગ[૧] સવિ દૂર ટલ્યો હો. સં૦ ૩

ડરત ફિરત હે દૂરહી દિલથેં,
મોહમલ્લ જિણે જગત્રય છલ્યો હો;
સમકિત રત્ન લહું દર્શનથેં,
અબ નવિ જાઉં કુગતિ રૂલ્યો હો. સં૦ ૪

નેહ નજર ભર નિરખત હી મુજ,
પ્રભુશું હિયડો હેજે હલ્યો હો;
શ્રી નયવિજય વિબુધ સેવકકું,
સાહિબ સુરતરુ હોઈ ફલ્યો હો. સં૦ ૫

---

## (૫) શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ નટ)

પ્રભુ ! તેરે નયનકી બલિહારી.
યાકી શોભા વિજીત તપસા, કમલ કરતુ હે જલચારી;
વિધુકે[૨] શરણ ગયો મુખ-અરિકે, વનથેં ગગન હરિણ હારી. પ્ર૦ ૧

સહજહિ અંજન મંજુલ નિરખત, ખંજન[૩] ગર્વ દિયો દારી;
છીન લહીહિ ચકોરકી શોભા, અગ્નિ ભખે સો દુઃખ ભારી. પ્ર૦ ૨

---

૧. દુર્ભાગ્ય. ૨. ચંદ્રને. ૩. માછલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંચલતા ગુણ લિયો મીનકો,[૧] અલિ[૨] જ્યું[૩] તારા[૪] હે [૫]કારી;
કહૂં સુભગતા[૬] કેતિ[૭] ઇનકી ? મોહી સબ હી [૮]અમરનારી. પ્ર૦૩

ઘૂમત હે સમતા રસ માતે, જૈસે ગજવર મદવારી;
તીનભુવનમેં નહિ કોઈ નીકો,[૯] અભિનંદનજિન [૧૦]અનુકારી. પ્ર૦૪

મેરે મન તો તૂ હી રુચત હૈ, પરે[૧૧] કોણ પરકી [૧૨]લારી;
તેરે નયનકી મેરે નયનમેં, જશ કહે દીઓ છબી અવતારી. પ્ર૦૫

---

## (૬) શ્રી સુમતિ જિન સ્તવન

(રાગ મારૂ)

સુમતિનાથ સાચા હો.
પરિ પરિ પરખતહી ભયા, જૈસા હીરા જાચા હો;
ઔર દેવ સવિ પરિહર્યા, મેં જાણી કાચા હો. સુ૦૧

તેરી ક્રિયા હૈ ખરી, જૈસી તુજ વાચા હો;
ઔર દેવ સબ મોહે ભર્યા, સવિ મિથ્યા માચ્યા હો. સુ૦૨

ચૌરાસી લખ ભેખમાં, હું બહુ પરિ નાચા હો;
મુગતિ દાન દેઈ સાહિબા, અબ કર હો ઉવાચા હો. સુ૦૩

લાગી અગ્નિ કષાયકી, [૧૩]સબ ઠોર હી આંચા હો;
રક્ષક જાણી આદર્યા, તુમ શરણ સાચા હો. સુ૦૪

પક્ષપાત નહિ કોઉસું, નહીં લાલચ લાંચા હો;
શ્રી નયવિજય સુશિષ્યકો, તોસું દિલ રાચ્યા હો. સુ૦૫

---

૧. માછલીનો. ૨. ભમરા. ૩. જેવી. ૪. આંખની કીકી. ૫. કાળી. ૬. સૌભાગ્ય, મનોહરતા. ૭. કેટલી. ૮ દેવીઓ. ૯. સારો. ૧૦. જેવો. ૧૧. પડે. ૧૨. પૂંઠે. ૧૩. પાઠાં - સબ ઠોર રહિયા ચાહો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૭) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

ઘડી ઘડી સાંભરે સાંઈ સલૂના– ઘ૦
પદ્મપ્રભ જિન દિલસેં ન વીસરે, માનું કિયો કછુ ગુનકો દૂના;
દરિસન દેખત હી સુખ પાઉં, તો બિનુ હોત હું ઉના દૂના. ઘ૦૧
પ્રભુ ગુન જ્ઞાન ધ્યાન વિધિ રચના, પાન સુપારી કાથા ચૂના;
રાગ ભયો દિલમેં આયોગે, રહે છિપાયા ના છાના છૂના. ઘ૦૨
પ્રભુગુણ ચિત્ત બાંધ્યો સબ સાખે, કુન પઇસે લેઈ ઘરકા ખૂના;
રાગ જગ્યો પ્રભુશું મોહિ પ્રગટ, કહો નયા કોઉ કહો જૂના. ઘ૦૩
લોકલાજસેં જે ચિત્ત ચોરે, સો તો સહજ વિવેકહિ સૂના;
પ્રભુગુણ ધ્યાન વગર ભ્રમ ભૂલ્યા, કરે ક્રિયા સો [૧]રાને [૨]રૂના. ઘ૦૪
મેં તો નેહ કિયો તોહિ સાથે, અબ નિવાહ તો તો થેઈ હૂના;
જશ કહે તો વિનુ ઔર ન સેવું, અમિય ખાઈ કુન ચાખે લૂના. ઘ૦૫

---

## (૮) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

(રાગ કલ્યાણ)

ઐસે સ્વામી સુપાર્શ્વસેં દિલ લગા,
દુઃખ ભગા, સુખ જગા જગતારણા – ઐસે૦
રાજહંસકું માનસરોવર, રેવા જલ જ્યું [૩]વારણા;
ખીર સિંધુ જ્યું હરિકું પ્યારો, જ્ઞાનીકું તત્ત્વવિચારણા.ઐ૦૧
મોરકું મેહ, ચકોરકું ચંદા, મધુ[૪] મનમથ[૫] ચિત્તઠારના;
ફૂલ અમૂલ ભમરકું અંબહી, કોકિલકું સુખકારના.ઐ૦૨
સીતાકું રામ, કામ જ્યું રતિકું, પંથીકું ઘર-બારના;
દાનીકું ત્યાગ, યાગ બ્રહ્મનકું, જોગીકું સંજમ ધારના.ઐ૦૩

૧. જંગલમાં. ૨. રોવું, પોક મૂકવી. ૩. હાથીને(જેમ). ૪. મધુમાસ (વસંત) અથવા મદિરા. ૫. કામદેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નંદનવન જ્યું સુરકું વલ્લભ, ન્યાયીકું ન્યાય નિહારના;
ત્યું મેરે મન તૂ હી સુહાયો, ઓર તો ચિત્તથેં ઉતારના.ઐ૦૪
શ્રી સુપાર્શ્વ દર્શન પર તેરે, કીજે કોડી ઉવારણા;
શ્રી નયવિજય વિબુધ સેવકકું, દિયો સમતારસ પારણા.ઐ૦૫

---

## (૯) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે, વદન પૂનમ ચંદ રે;
ભવિક લોક ચકોર નીરખત, લહે પરમાનંદ રે.શ્રી૦૧
મહમહે મહિમાએ જશભર, સરસ જસ અરવિંદ રે;
રણઝણે કવિજન ભમર રસિયા, લહે સુખ મકરંદ રે.શ્રી૦૨
જસ નામે દોલત અધિક દીપે, ટળે [૧]દોહગ [૨]દંદ રે;
જસ ગુણકથા ભવવ્યથા ભાંજે, ધ્યાન શિવતરુ કંદ રે.શ્રી૦૩
વિપુલ હૃદય વિશાલ ભુજયુગ, ચલિતિ ચાલ ગયંદ રે;
અતુલ અતિશય મહિમા મંદિર, પ્રણમત સુરનરવૃંદ રે.શ્રી૦૪
હું દાસ ચાકર દેવ તારો, શિષ્ય તુજ ફરજંદ રે;
જસ વિજય વાચક એમ વીનવે, ટાલ મુજ ભવફંદ રે.શ્રી૦૫

---

## (૧૦) શ્રી સુવિધિ જિન સ્તવન

(રાગ કેદારો)

મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ.
દિન દિન વાન ચઢત ગુણ તેરો, જ્યું કંચન પરભાગ;
ઓરનમેં હે કષાયકી કાલિમા, સો ક્યું સેવા લાગ.મેં૦૧
રાજહંસ તૂ માનસરોવર, ઓર અશુચિ-રુચિ કાગ;
વિષય ભુજંગમ[૩] ગરુડ તૂ કહિયે, ઓર વિષય વિષનાગ.મેં૦૨

---

૧. દુર્ભાગ્ય. ૨. દ્વન્દ્વ. શીતલ અને ઉષ્ણ, જન્મ મરણ આદિ જોડકા. ૩. સાપ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓર દેવ જલ છીલર સરીખે, તૂ તો સમુદ્ર અથાગ;
તૂ સુરતરુ જગ વાંછિત પૂરન, ઓર તે સૂકે સાગ. મેં૦૩
તૂ પુરુષોત્તમ તૂ હી નિરંજન, તૂ શંકર વડભાગ;
તૂ બ્રહ્મા તૂ બુદ્ધ મહાબલ, તૂ હી દેવ વીતરાગ. મેં૦૪
સુવિધિનાથ તુજ ગુણ ફૂલનકો, મેરો દિલ હે બાગ;
જસ કહે ભમર રસિક હોઈ તામેં, લીજે ભક્તિ પરાગ. મેં૦૫

---

## (૧૧) શ્રી શીતલ જિન સ્તવન

શીતલજિન મોહિ પ્યારા, સાહેબ શીતલજિન મોહે પ્યારા.
ભુવન-વિરોચન[૧] પંકજ લોચન, જીઉકે જીઉ હમારા. સા૦શી૦૧
જ્યોતિશું જ્યોતિ મિલત જબ ધ્યાવે, હોવત નહિ તબ ન્યારા;
બાંધી મૂઠી ખૂલે ભવ-માયા[૨], મિટે મહા ભ્રમ ભારા. સા૦શી૦૨
તુમ ન્યારે[૩] તબ સબ હી ન્યારા, અંતર કુટુંબ ઉદારા;
તુમહી નજીક નજીક હે સબહી, રિદ્ધિ અનંત અપારા. સા૦ શી૦૩
વિષય લગનકી અગ્નિ બુઝાવત, તુમ ગુન અનુભવ ધારા;
ભઈ મગનતા તુમ ગુણ રસકી, કુન કંચન કુન દારા. સા૦શી૦૪
શીતલતા ગુન હોર[૪] કરત તુમ, ચંદન કાહુ બિચારા ?
નામ હી તુમચા તાપ હરત હૈ, વાકું ઘસત ઘસારા. સા૦ શી૦૫
કરહું કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા;
જશ કહે જન્મમરણભય ભાગો, તુમ નામે ભવ પારા. સા૦શી૦૬

---

## (૧૨) શ્રી શાંતિનાથ જિન સ્તવન

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં.
વિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુત ગુણ ગાનમેં. હ૦૧

---

૧. રુચિકારક. ૨. સંસારની માયારૂપી "બાંધી મૂઠી લાખની ઉઘાડે તો રાખની." એ રૂપ ભ્રમ. ૩. જુદા, દૂર. ૪. હોડ, સરખામણી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરિ હર બ્રહ્મ પુરંદરકી રિદ્ધ, આવત નહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં. હ૦૨
ઇતને દિન તૂ નાહિ પિછાન્યો, મેરો જન્મ ગમાયો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાનમેં. હ૦૩
ગઈ દીનતા સબ હી હમારી, પ્રભુ ! તુજ સમકિત દાનમેં;
પ્રભુ ગુણ અનુભવકે રસ આગે, આવત નહિ કોઉ માનમેં. હ૦૪
જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ સાનમેં. હ૦૫
પ્રભુગુણઅનુભવ [1]ચંદ્રહાસ જ્યૌં, સો તો ન રહે મ્યાનમેં;
વાચક યશ કહે મોહ મહા અરિ, જીત લિયો હે મેદાનમેં. હ૦૬

---

## (૧૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ–બિલાઉલ)

મેરે સાહેબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા !
ખિજમતગાર ગરીબ હૂં, મેં તેરા બંદા. મે૦ ૧
મેં ચકોર કરું ચાકરી, જબ તુમ હી ચંદા;
ચકવાક મેં હુઈ રહું, જબ તુમ હી દિણંદા. મે૦ ૨
મધુકર પરિ મેં રણઝણું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરું ખગપતિ[2] પરે, તબ તુમ હી ગોવિંદા. મે૦ ૩
તુમ જબ ગર્જિત[3] ઘન ભયે, તબ મેં [4]શિખિનંદા;
તુમ સાયર જબ મેં તદા, [5]સુરસરિતા [6]અમંદા. મે૦ ૪
દૂર કરો દાદા પાસજી ! ભવ દુઃખકા ફંદા;
વાચક જશ કહે દાસકું, દિયો પરમાનંદા. મે૦ ૫

---

૧. તલવાર ૨. ગરુડ. ૩. ગાજતાં વાદળાં. ૪. મોર. ૫. ગંગા. ૬. વેગવાળી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# છૂટક સ્તવનો

## (૧૪)

સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી;
નરય નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમિયો,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સા૦૧

ઇંદ્રિય વશ પડ્યો રે, પાલ્યાં વ્રત નવિ સુંસે,
ત્રસ પણ નવિ ગણ્યા રે, થાવર હણિયા હુંશે;
વ્રત ચિત્ત નવિ ધર્યા રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઇડલું જઈ ખોલ્યું. સા૦૨

ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિનઆણશું રે, મેં નવિ સંજમ પાલ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસન લાલચે રે, નીરસ પિંડ ઉવેખ્યો. સા૦૩

નરભવ દોહિલો રે, પામી મોહ વશ પડિયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડિયો;
કામ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો. સા૦૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલખે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા૦૫

ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં,
વ્રત નવિ પાળિયાં રે, જેહવાં મૂળથી લીધાં. સા૦૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,
તુમ વિના કોણ દિયે રે, બોધિરયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વીનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦૭

---

## (૧૫)

(રાગ—દીઠો સુવિધિ જિણંદ, સમાધિ રસે ભર્યો હો લાલ)

રૂપ અનુપ નિહાળી, સુમતિ જિન તાહરું, હો લાલ સુમતિ૦
છાંડી ચપલ સ્વભાવ, ઠર્યું મન માહરું; હો લાલ ઠર્યું૦
રૂપી સરૂપ ન હોત જો, જગ તુજ દીસતું, હો લાલ જગ૦
તો કુણ ઉપર મન, કહો અમ હીસતું: હો લાલ કહો૦ ૧

હીસ્યા વિણ કિમ શુદ્ધ, સ્વભાવને ઇચ્છતા, હો લાલ સ્વ૦
ઇચ્છા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા; હો લાલ પ્રગટ૦
પ્રીછ્યા વિણ કિમ ધ્યાન, દશામાંહિ લાવતા, હો લાલ દશા૦
લાવ્યા વિણ રસ સ્વાદ, કહો કિમ પાવતા. હો લાલ કહો૦ ૨

ભક્તિ વિના નવિ મુક્તિ, હુવે કોઈ ભક્તને, હો લાલ હુવે૦
રૂપી વિના તો તેહ, હુવે કોઈ વ્યક્તને; હો લાલ હુવે૦
નવણ વિલેપન માળ, પ્રદીપ ને ધૂપણા, હો લાલ પ્રદીપ૦
નવ નવ ભૂષણ ભાલ, તિલક ને ખૂંપણા. હો લાલ તિલક૦ ૩

અમ સત્ પુણ્યને યોગે, તુમે રૂપી થયા, હો લાલ તુમે૦
અમૃત સમાણી વાણી, ધરમની કહી ગયા; હો લાલ ધરમની૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેહ આલંબીને જીવ, ઘણાયે બૂઝિયા, હો લાલ ઘણા૦
ભાવિ ભાવન જ્ઞાની, અમો પણ રીઝિયા. હો લાલ અમો૦ ૪
તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો, હો લાલ ઘણા૦
સેવ્યો ધ્યાયો હુવે, મહા ભય વારણો; હો લાલ મહા૦
શાન્તિવિજય બુધ શિષ્ય, કહે ભવિ કાજના, હો લાલ કહે૦
પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ એકમના. હો લાલ કરો૦ ૫

---

## (૧૬)

(ભવિ તુમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા—એ દેશી)

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું.
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી;
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇન્દ્રાણી. મો૦૧

ભવપટ્ટણ ચિહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખ ચૌટા;
ક્રોધ માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા. મો૦૨

મિથ્યા મેતો કુમતિ પુરોહિત, મદનસેનાને તોરે;
લાંચ લઈ લખ લોક સંતાપે, મોહ કંદર્પને જોરે. મો૦૩

અનાદિ નિગોદ તે બંદીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક વાંકો. મો૦૪

ભવસ્થિતિ કર્મવિવર લઈ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિકલેંદ્રિયપણું ઓળંગી, પંચેન્દ્રીપણું લાધ્યો. મો૦૫

માનવભવ આરજકુળ સદ્‌ગુરુ, વિમલબોધ મળ્યો મુજને;
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને. મો૦૬

પાટણમાંહે પરમ દયાળુ, જગત વિભૂષણ ભેટ્યા;
સત્તર બાણું શુભ પરિણામે, કર્મ કઠિન બળ મેટ્યા. મો૦૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમાવિજય જિન ચરણરમણસુખ, રાજ પોતાનું લીધું.મો૦૮

---

## (૧૭)

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવીરે;
મન મોહના જિનરાયા, સુર નર કિન્નર ગુણ ગાયા રે, મ૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી રે. મ૦૧

મટકાળું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવિ મન્ન રે; મ૦
સમતા રસ કેરાં કચોળાં, નયણાં દીઠે રંગરોલા રે. મ૦૨

હાથે ન ધરે હથિયારા, નહિ જપમાલાનો પ્રચારા રે; મ૦
ઉત્સંગે ન ધરે વામા, તેહથી ઊપજે સવિ કામા રે. મ૦૩

ન કરે ગીતનૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલારે; મ૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે. મ૦૪

ઇમ મૂરતિ તુજ નિરુપાધિ, વીતરાગપણે કરી સાધી રે; મ૦
કહે માનવિજય ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયા રે. મ૦૫

---

## (૧૮)

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂર રે;
મોહન મરુદેવીનો લાડણોજી, દીઠો મીઠો આનંદ પૂર રે.સ૦૧

આયુ વર્જિત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીન રે;
સ્થિતિ પઢમકરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગર લીધ રે.સ૦૨

ભોગળ ભાંગી આદ્યકષાયનીજી, મિથ્યાત્વમોહની સાંકળ સાથ રે;
દ્વાર ઉઘાડ્યા શમ સંવેગનાંજી, અનુભવ ભુવને બેઠો નાથ રે.સ૦૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તોરણ બાંધ્યું જીવદયા તણું જી, સાથીઓ પૂર્યો શ્રદ્ધા રૂપ રે;
ધૂપઘટી પ્રભુગુણ અનુમોદનાજી,ધીગુણ[1] મંગલ આઠ અનુપરે.સ૦૪

સંવર પાણી અંગ પખાલણેજી, કેસરચંદન ઉત્તમ ધ્યાન રે;
આતમગુણરુચિ મૃગમદ મહમહેજી,પંચાચાર કુસુમ પ્રધાન રે.સ૦૫

ભાવપૂજાએ પાવન આતમાજી.પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે;
કારણજોગે કારજ નીપજેજી, ખિમાવિજય જિનઆગમ રીતરે.સ૦૬

---

## (૧૯)
## શ્રી પરમાત્માની સ્તવના

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સીધ્યાં સઘળાં કાજ નમો.અ૦૧

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્ભુત અતિશય નિધિ, પ્રવચન જલધિ
મયંક[2] નમો. અ૦૨

તિહુયણ ભવિયણ જન મનવંછિય, પૂરણ દેવરસાલ[3] નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો.અ૦૩

સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો.અ૦૪

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તું હી કૃપારસ સિંધુ નમો.અ૦૫

---

૧. બુદ્ધિના આઠ ગુણ– (૧) શુશ્રૂષા (૨) શ્રવણ (૩) ગ્રહણ (૪) ધારણ (૫) વિજ્ઞાન (૬) ઉહા (૭) અપોહ (૮) તત્ત્વાભિનિવેશ.
૨. ચંદ્ર ૩. દેવતરુ, કલ્પતરુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો.અ૦૬
જગચિંતામણિ જગગુરુ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો.અ૦૭
અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સૂરીશ નમો.અ૦૮

---

## (૨૦)

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(શી કહું કથની મારી રાજ—એ રાગ)

મુજને દાસ ગણીજે રાજ, પાર્શ્વજી ! અર્જ સુણીજે;
અવસર આજ પૂરીજે રાજ, પાર્શ્વજી ! અર્જ સુણીજે.
વામાનંદન તું આનંદન, ચંદન શીતલ ભાવે;
દુઃખનિકંદન ગુણે અભિનંદન, કીજે વંદન ભાવે રાજ.પા૦૧

તુંહી જ સ્વામી અંતરજામી, મુજ મનનો વિસરામી;
શિવગતિગામી તું નિષ્કામી, બીજા દેવ વિરામી રાજ.પા૦૨

મૂરતિ તારી મોહનગારી, પ્રાણ થકી પણ પ્યારી;
હું બલિહારી વાર હજારી, મુજને આશ તુમ્હારી રાજ.પા૦૩

જે એકતારી કરે અતારી (?), લીજે તેહને તારી;
પ્રીતિ વિચારી સેવક સારી, દીજે કેમ વિસારી રાજ.પા૦૪

વિઘન વિડારી સ્વામી સંભારી, પ્રીતિ ખરી મેં ધારી;
શંક નિવારી ભાવ વધારી, વારી તુજ ચરણારી રાજ.પા૦૫

મિલ નર નારી બહુ પરિવારી, પૂજ રચે તુજ સારી;
દેવચંદ્ર સાહિબ સુખદાઈ, પૂરો આશ અમારી રાજ.પા૦૬

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૬. ક્ષમાપનાપાઠનું પદ્ય

(રચનાર—એક મુમુક્ષુ)

હે નાથ ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો.

તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં.

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું.

પ્રભુ ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.

હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી;
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી.

હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ ! મુજથી.

હે પરમાત્મા ! હું પ્રપંચમાંહિ પડ્યો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું.

બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ ! વિવેકની શક્તિ.

ઓ રાગરહિત પ્રભુ ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ.

હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હું માગું છું પ્રભુ ! મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંઈ.
એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો.
હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું.
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે.
છો આપ નીરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી.
છો સહજાનંદી અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ ! શું આપું નિશાની ?
મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી.
તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.
મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો.
હે સર્વજ્ઞ પ્રભુ ! શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.
હું કેવલ પશ્ચાત્તાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું.
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૭. શ્રી બૃહદ્ આલોચના

(શ્રી લાલાજી રણજીતસિંહજી કૃત)

દોહા

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;
ઇષ્ટ દેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૧

અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવઝાય;
સાધુ સકલકે ચરનકું, વંદું શિષ નમાય. ૨

શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
અલિય[1] વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
શ્રીગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪

શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ઘન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫

પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહિચાન;
કર્મ અરિ ભાજે સબી, હોવે પરમ કલ્યાન. ૬

શ્રી જિનયુગ પદકમલમેં, મુઝ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭

પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો, કિંચિત્ મુઝ [2]વિરતંત. ૮

આરંભ વિષય કષાયવશ, ભમિયો કાલ અનંત;
લક્ષચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત. ૯

દેવ ગુરુ ધર્મ સૂત્રમેં, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, [3]મિથ્યા દુષ્કૃત મોય. ૧૦

---

૧ અનિષ્ટ. ૨ વૃત્તાંત, વર્તન. ૩. મારાં માઠાં કામ નિષ્ફળ થાઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨

બુરા બુરા સબકો કહે, બુરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બુરા ન કોઈ. ૧૩

કહેવામાં આવે નહીં, અવગુણ ભર્યા અનંત;
લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુઝ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫

પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬

માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાલુ દો મુઝે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭

આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત [૧]ખીમાવ. ૧૮

છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૯

પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦

તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે, નિત મન્ન;
શક્તિ સાર[૨] વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧

---

૧. ક્ષમી ક્ષમાવો ૨. અનુસાર, પ્રમાણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અરિહા દેવ, નિર્ગ્રંથ ગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલી કથિત, એહિ જૈન મત મર્મ. ૨૨

આરંભ વિષયકષાય તજ, શુદ્ધસમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો[૧] પાર. ૨૩

ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪

અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા ધર્મસાર;
મંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો [૨]ચાવ;
નરભવ સફલો, જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

દોહા

સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧

કર્મ પુદ્ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, [૩]વિછડ્યાં પદ નિરવાન. ૨

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩

દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહે સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪

ગર્ભિત પુદ્ગલપિંડમેં, અલખ અમૂરતિ દેવ;
ફિરે સહજ ભવચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫

ફૂલ અત્તર, ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય. ૬

૧. ઊતરો. ૨. ઉત્સાહ. ૩. છૂટાં થયે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને [1]હંસ;
યાહી ભરમ વિભાવતેં, બઢે કરમકો વંશ. ૭

રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહિ;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહિ. ૮

જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોંકા ઉત્પાત. ૯

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦

શુદ્ધ ચેતન ઉજ્જ્વલ [2]દરવ, રહ્યો કર્મ મલ છાય;
તપ સંયમસેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ [3]બઢ જાય. ૧૧

જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચારિત્રથી આવત રુકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨

કર્મરૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવલજ્ઞાન અનૂપ. ૧૩

મૂસી[4] પાવક સોહગી, ફુકાંતનો ઉપાય;
રામચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪

કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાનરૂપ ગુન ચાંદની, નિર્મળ જ્યોતિ અમંદ. ૧૫

રાગ દ્વેષ દો બીજસેં, કર્મબંધકી [5]વ્યાધ;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ [6]સમાધ. ૧૬

---

૧ જીવ. ૨. દ્રવ્ય. ૩. વધી જાય. ૪. સોનું ગાળવાની કુલડી. ૫. વ્યાધિ, રોગ. ૬. સમાધિ, સુખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવસર વીત્યો જાત હૈ, [૧]અપને વશ કછુ હોત;
પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત. ૧૭

કલ્પવૃક્ષ, ચિંતામણી, ઇન ભવમેં સુખકાર;
જ્ઞાનવૃદ્ધિ ઇનસે અધિક, ભવદુઃખ ભંજનહાર. ૧૮

રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ[૨] ધ્યાન. ૧૯

દૂજા[૩] કુછ ભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા[૪] ચોથા[૫] ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦

ગઈ વસ્તુ શોચે નહીં, આગમ વાંછા નાંહિ;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ. ૨૧

અહો ! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાલ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યું) ધાવ ખિલાવે બાલ. ૨૨

સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાનીકે ઘટ માંહિ,
ગિરિ[૬] સર[૭] દીસે મુકરમેં[૮] ભાર ભીંજવો નાંહિ. ૨૩

જો[૯] જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય. ૨૪

બાંધ્યાં સો હી ભોગવે, કર્મ[૧૦] શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫

---

૧. પોતાના હાથમાં અવસર હોય ત્યારે કંઈ બને છે. ૨. આર્ત્ત–દુઃખરૂપ પરિણામ. ૩. રૌદ્ર–પાપરૂપ પરિણામ. ૪. ધર્મ–શુભ ભાવરૂપ પરિણામ. ૫. શુક્લ–શુદ્ધ પરિણામ. ૬. પર્વત. ૭. સરોવર. ૮. દર્પણમાં. ૯. જે જે પુદ્ગલોનો સ્પર્શ થવાનો છે, તે નક્કી થશે. તેમાં મમતાભાવથી કર્મબંધ અને સમતાભાવથી કર્મક્ષય થાય છે. ૧૦. બાંધેલા કર્મ ભોગવતાં શુભાશુભ ભાવથી ફળ થાય છે. સમભાવમાં ચિત્ત હોય તો નિર્જરા થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાંધ્યાંબિન ભુગતે નહીં, [૧]બિનભુગત્યાં ન છુટાય;
આપ હી કરતા ભોગતા, આપ હી દૂર કરાય. ૨૬

પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭

સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહિ અવરકું (તો) અપને હણે ન કોય. ૨૮

જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઇનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯

સત મત છોડો હો ! નરા, લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલ સમાન. ૩૧

શીલ રતન મહોટો રતન, સબ રતનાંકી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલમેં [૨]આન. ૩૨

શીલે સર્પ ન [૩]આભડે, શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩

શીલ રતનકે પારખું, મીઠા બોલે બૈન;
સબ જગસેં [૪]ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈન. ૩૪

તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, દેખત વાકા મુખ. ૩૫

દોહા

પાન ખરંતાં ઇમ કહે, સુન તરુવર વનરાય;
અબકે[૫] વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧

---

૧. ભોગવ્યા વિના. ૨. આવીને. ૩. અથડાય. ૪. ઉદાસીન. ૫. હમણાં છૂટાં પડેલા ક્યારે મળીશું ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર એક બાત;
ઇસ ઘર એસી રીત હૈ, એક આવત એક જાત. ૨

વરસ[1] દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમઝે નહીં, વરસ ગાંઠકો જાય. ૩

સોરઠો

પવન[2] તણો વિશ્વાસ,કિણ કારણ તેં દૃઢ કિયો?
ઇનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪

દોહા

કરજ [3]બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧

બિનું દિયાં છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસકે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨

જીવહિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ [4]અજ્ઞાન;
જ્ઞાની ઇમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩

કામ ભોગ પ્યારા લગે, ફલ [5]કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪

જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારન પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫

ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;
ભવસાગર દુઃખજલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે,સો સુખ ભી દુઃખરૂપ. ૭

---

૧. વર્ષગાંઠનો દિવસ ઊજવે છે. ૨. વા, શ્વાસોશ્વાસ. ૩. પારકા વ્યાજે લાવી. ૪. અજ્ઞાનીને. ૫. ઝેરી ઝાડનું નામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જબ લગ જિનકે પુણ્યકા, પહોંચે નહીં [1]કરાર;
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮

પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાઝે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦

બહુ વીતી થોડી રહી, અબ તો સુરત[2] સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧

ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે [3]લાર;
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨

રજ વિરજ ઊંચી ગઈ, [4]નરમાઈકે પાન;
પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈકે [5]તાન. ૧૩

અવગુન ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ[6] બબૂલ;
ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં સૂલ. ૧૪

જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બુરા ન માનીએ, કહાઁ લેને વો જાય ? ૧૫

ગુરુ કારીગર સારિખા, ટાંકી[7] વચન વિચાર;
પત્થરસે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬

સંતનકી સેવા કિયાં, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૧૭

---

૧. મુદત પૂરી થઈ નથી. ૨. લક્ષ ૩. સાથે. ૪. નરમાસપણાથી. ૫. તન્મયપણું. ૬. બાવળનું વૃક્ષ. ૭. ટાંકણારૂપ વચન ગણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮

નિજ આતમકું દમન કર, પર આતમકું ચીન;
પરમાતમકો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯

સમજુ શંકે[1] પાપસેં, અણસમજુ હરખંત;
વે લૂખાં વે ચીકણાં, ઇણ વિધ કર્મ બધંત. ૨૦

સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;
સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ. ૨૧

ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખરોગ. ૨૨

રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિર્વૈરી સબ જીવસેં, પાવે મુક્તિ સમાધ. ૨૩

**ઇતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

---

## શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્ભ્યો નમઃ

દોહા

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા કોડ;
વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ કોડ.

ગણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જિનઆજ્ઞા અનુસાર.

એક નવકાર ગણવો

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

---

૧. ડરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંજનાની દેશી

હું અપરાધી અનાદિકો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

(હવેનું ગદ્ય મૂળ હિંદી ભાષામાં છે તેનું ગુર્જર ભાષાંતર મૂક્યું છે.)

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના, સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ–અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવલજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની, અને શ્રી સાધુ-સાધ્વીની, શ્રાવકશ્રાવિકાની, સમદૃષ્ટિ સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ પરમાર્થની, ધર્મ સંબંધી, અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, આશાતનાદિ કરી, કરાવી, અનુમોદી; મન, વચન, અને કાયાએ કરી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો, ક્ષમા કરો, હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

દોહા

અપરાધી ગુરુ દેવકો, તીન ભુવનકો ચોર;
ઠગું વિરાણા માલમેં, હા હા કર્મ કઠોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.

**પહેલું પાપ પ્રાણાતિપાત :---**

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય, પંચેંદ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી મન, વચન, અને કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાં, ચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂંજના પડિલેહણા સંબંધી અને આહાર વિહારાદિક નાના પ્રકારના ઘણા ઘણા કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટ્યા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું, નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં. વારંવાર ક્ષમાવું છું. તમે સર્વે ક્ષમજો.

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥**

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છયે કાયના જીવોના વૈરબદલાથી નિવૃત્તિ પામીશ. સર્વ ચોરાશી લાખ જીવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**બીજું પાપ મૃષાવાદ :---**

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઇત્યાદિક અનેક પ્રકારે મૃષા જૂઠું બોલ્યો, બોલાવ્યું, બોલતાં પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**ત્રીજું પાપ અદત્તાદાન :---**

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની, તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

**ચોથું પાપ અબ્રહ્મ :---**

મૈથુન સેવવામાં મન, વચન, અને કાયાના યોગ પ્રવર્તાવ્યા; નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહીં; નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી; પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન વચન કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવવાડ સહિત બ્રહ્મચર્ય–શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**પાંચમું પરિગ્રહ પાપસ્થાનક :---**

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ, પથ્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ સોનું, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે, તેની મમતા, મૂર્છા, પોતાપણું કર્યું; ક્ષેત્ર ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રંપચોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :---**

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સાતમું માન પાપસ્થાનક :---**

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ અને આઠ મદ આદિ કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**આઠમું માયા પાપસ્થાનક :---**

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નવમું લોભ પાપસ્થાનક :---**

મૂર્છાભાવ કર્યો, આશા, તૃષ્ણા, વાંચ્છાદિક કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**દશમું રાગ પાપસ્થાનક :---**

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :---**

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**બારમું કલહ પાપસ્થાનક :---**

અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :---**

અછતાં આલ દીધાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :---**

પરની ચુગલી ચાડી કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :---**

બીજાના અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સોળમું રતિઅરતિ પાપસ્થાનક :---**

પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો; સંયમ, તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :---**

કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :---**

શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતાં વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ, પ્રમાદાદિક પૌદ્ગલિક પ્રપંચ, પરગુણ પર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી; જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી; શુદ્ધ શ્રદ્ધા-શીલ, સંતોષ, ક્ષમાદિક નિજ સ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મન, વચન અને કાયાએ કરી નહીં, કરાવી નહીં, અનુમોદી નહીં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

છયે આવશ્યક સમ્યક્ પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહીં, પાળ્યા નહીં, સ્પર્શ્યા નહીં, વિધિ-ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યાં, પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહીં કર્યાં; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ એવં નવ્વાણું અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મેં જીવને અજીવ સદહ્યા, પ્રરૂપ્યા; અજીવને જીવ સદહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદહ્યા, પ્રરૂપ્યા; સાધુને અસાધુ અને અસાધુને સાધુ સદહ્યા, પ્રરૂપ્યા; તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા ભક્તિ યથાવિધિ માનતાદિ નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તથા અસાધુઓની સેવા ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચ્ચીસ મિથ્યાત્વમાંના મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મને કરી, વચને કરી, કાયાએ કરી; પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ આશાતના સંબંધી, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોસહના અઢાર દોષ સંબંધી મને, વચને, કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધનાં ત્રીસ સ્થાનકને મન, વચન,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિ તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન, અને કાયાએ કરી, કરાવી, અનુમોદી; તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની વિરાધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો, અછતાની સ્થાપના કરી-પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહીં અને અછતાની નિષેધના કરી નહીં, છતાની સ્થાપના અને અછતાને નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી, બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી, મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્પ્રકારે જાણ્યા નહીં, સદહ્યા-પ્રરૂપ્યા નહીં તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. એક એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડ્યા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહીં, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહીં, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્પ્રકારે ઉદ્યમ નહીં કર્યો, નહીં કરાવ્યો, નહીં અનુમોદ્યો; મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો; એક અક્ષરના અનંતમા ભાગ માત્ર–કોઈ સ્વપ્રમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

દોહા

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાતમેં, મિચ્છા દુક્કડ મોય.

સૂત્ર અર્થ જાનું નહીં, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્રકા, અર્થ પાઠ પરમાન.

દેવગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય.

હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજ;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ.

જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબનકો, બદલા દેશું સોય.

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠ્યો થો જિન ભજનકું, બિચમેં લિયો માર.

સવૈયા

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું,
પહેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ ફરું;
તેમ મહા પાપી હું તો માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી.

દોહા

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષયવચન જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર.

કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ.

જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળ હે ! શરણ રાખ, હું દીન.

નહિ વિદ્યા નહિ વચનબળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબકી, પત રાખો ભગવાન.

આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ.

સુસા જૈસે અવિવેક હું, આંખ મીચ અંધિયાર;
મકડી[૧] જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર.

સબ ભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;
અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુઃખદાય.

---

૧. કરોળિયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહિ તજિયો અંગ.

પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત.

શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
જૈસે[1] સમુદ્ર જહાજ વિણ, સૂઝત ઔર ન ઠોર.

ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્ગુરુ બિના, કવણ ઉતારે પાર.

શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ, આપની સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન પાલન સ્પર્શન કરવાની આજ્ઞા છે. વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજઝાય ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચખાણાદિ કરવા, કરાવવાની, સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચે ચિત શુધ મુખ પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દીસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.

અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય.

**ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

---

૧ સમુદ્રમાં વહાણના પક્ષીને બીજે ઊડીને જવાનું સ્થળ નથી તેમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૮. સ્તુતિ તથા થોયો

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ,
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેઽપિ. ૧

સ્ત્રીણાં શતાનિ શતશો જનયંતિ પુત્રાન્,
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા,
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં,
પ્રાચ્યેવ દિગ્ જનયતિ સ્ફુરદંશુજાલમ્. ૨

ત્વામામનંતિ મુનયઃ પરમં પુમાંસમ્,
આદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્,
ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યુમ્,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પંથાઃ ૩

ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યમ્,
બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ્,
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકમ્,
જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદન્તિ સન્તઃ ૪

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્,
ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્,
ધાતાઽસિ ધીર ! શિવમાર્ગ વિધેર્વિધાનાત્,
વ્યક્તમ્ ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમોઽસિ. ૫

કો વિસ્મયોઽત્ર યદિ નામગુણૈરશેષૈઃ
ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશઃ
દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ
સ્વપ્રાન્તરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ. ૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રેયં શ્રિયા મંગલકેલિસદ્મં, નરેન્દ્ર દેવેન્દ્ર નતાંઘ્રિપદ્મં,
સર્વજ્ઞ સર્વાતિશય પ્રધાન, ચિરં જય જ્ઞાનકલાનિધાન. ૭

જગત્રયાધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકાર વૈદ્ય,
શ્રીવીતરાગ ત્વયિ મુગ્ધભાવાદ્ વિજ્ઞ પ્રભો વિજ્ઞપયામિ કિંચિત્ ૮

સરસશાંતિસુધારસસાગરમ્ શુચિતરમ્ ગુણરત્નમહાગરમ્
ભવિકપંકજબોધિદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્ ૯

શ્રી સહજાત્મ સ્વરૂપ સદોદિત શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામીજી,
જિનકા વચનામૃતપાનસેં સહજ સમાધિ પામીજી,
જિનકા હૃદયદર્શને હૃદયકી વિષમવૃત્તિ વિરામીજી,
તે શ્રી પરમકૃપાળુ સદ્ગુરુ રાજ નમું શિર નામીજી. ૧૦

અનંતાનંત સંસાર,–સંતતિ છેદ કારણમ્,
(ગુરુરાજ) જિનરાજ પદાંભોજ સ્મરણં શરણં મમ. ૧૧

પરિપૂર્ણ જ્ઞાને પરિપૂર્ણ ધ્યાને,
પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વદાને,
નીરાગી મહા શાંતમૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ(રાજ) લેશો અમારી. ૧૨

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નમ્,
વદનકમલમંકઃ કામિનીસંગશૂન્યઃ
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબંધવન્ધ્યમ્,
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ. ૧૩

અન્યથા શરણમ્ નાસ્તિ, ત્વમેક શરણમ્ મમ,
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર. ૧૪

મોક્ષમાર્ગસ્ય નેતારમ્, ભેત્તારમ્ કર્મભૂભૃતામ્,
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનામ્, વન્દે તદ્ગુણ લબ્ધયે. ૧૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૯. પચ્ચક્ખાણ

## (૧) ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ; ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં; અન્નત્થણાભોગેણં; સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરે.

## (૨) તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ; તિવિહં પિ આહારં અસણં, ખાઈમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; પાણાહાર પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરે.

## (૩) એકાસણા-બેઆસણાનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિઅં, પોરિસિં, સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ. ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વિગઈઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્ત-વિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; એગાસણં, બિયાસણં પચ્ચક્ખાઈ, તિવિહં પિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુ-ટ્ઠાણેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરે.

## (૪) આયંબિલનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ. ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં પચ્ચક્ખાઈ. અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં પચ્ચક્ખાઈ; તિવિહં પિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસા-ગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરે.

## (૫) ચઉવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહં પિ આહારં અસણં, પાણં, ખાઈમં, સાઈમં. અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

## (૬) પાણાહારનું પચ્ચક્ખાણ

પાણાહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ. અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

---

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી નિત્યક્રમ છપાઈ ખાતે દાન

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૫૫૫૫ | શ્રી એક સદ્‌ગૃહસ્થ | આહોર |
| ૫૦૦૧ | શ્રી દોલતસિંહ હરિબાવા વાંસદીયા | કેલવીકુવા |
| ૫૦૦૧ | શ્રી વાલચંદજી બાબુલાલજી બાગરેચા | સિવાણા |
| ૪૦૦૧ | શ્રી સ્વ. ગોરધનભાઈ લવજીભાઈ ભક્ત | અંભેટી |
| ૨૫૦૧ | શ્રી જિતેન્દ્રકુમાર અમૃતલાલ શાહ | મુંબઈ |
| ૨૫૦૧ | શ્રી સ્વ. પોપટલાલ નાથાલાલ શાહ | મુંબઈ |
| ૨૫૦૧ | શ્રી ધાપુભાઈ હંજારીમલજી તલાવત | આહોર |
| ૨૫૦૧ | શ્રી પારસમલ હંજારીમલજી જૈન | આહોર |
| ૨૫૦૦ | શ્રી રીખવચંદ પ્રતાપજી મહેતા | ગઢસિવાણા |
| ૨૫૦૦ | શ્રી ધનીબેન રીખવચંદ મહેતા | ગઢસિવાણા |
| ૨૫૦૦ | શ્રી આશાબેન અશોકભાઈ મહેતા | મુંબઈ |
| ૨૫૦૦ | શ્રી સુશીલાબેન બાબુભાઈ શાહ | મુંબઈ |
| ૨૧૦૧ | શ્રી ઓટીબાઈ ચંપાલાલજી જીવાવત | આહોર |
| ૨૦૦૧ | શ્રી રંજનબેન સુમતિભાઈ શાહ | સુરત |
| ૨૦૦૦ | શ્રી વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | આસ્તા |
| ૧૫૦૧ | શ્રી જુગરાજ હંજારીમલજી તલાવત | આહોર |
| ૧૧૧૧ | શ્રી સ્વ. ખીમજી ચાંપશી હા. નાનબાઈ ખીમજી ગાલા | હૈદ્રાબાદ |
| ૧૧૧૧ | શ્રી માવજી ખીમજી તથા લક્ષ્મીબેન માવજી ગાલા | હૈદ્રાબાદ |
| ૧૧૦૧ | શ્રીમદ્ રાજચંદ્ર જૈન ચેરિટેબલ ટ્રસ્ટ | દિલ્હી |
| ૧૦૦૨ | શ્રી મહેન્દ્રકુમાર જોઈતારામ મહેતા | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી સ્વ. હરકુબેન ધર્મચંદજી બંદા ચેરિટેબલ ટ્રસ્ટ | આહોર |
| ૧૦૦૧ | શ્રી ચંપાલાલ મીઠાલાલ લુંકડ | માધવનગર |
| ૧૦૦૧ | શ્રી સાકરબેન તથા મૂલચંદભાઈ શાહ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી એક મુમુક્ષુ ભાઈ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી સ્વ. પાનીબાઈ જુગરાજજી બંદા | આહોર |
| ૧૦૦૧ | શ્રી ચંદ્રવદનભાઈ ડાહ્યાભાઈ ટ્રસ્ટ | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી મણીબેન શનાભાઈ પટેલ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી કમળાબેન શનાભાઈ પટેલ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી સંતોકબેન હરિલાલ શાહ | સૂરત |
| ૧૦૦૧ | શ્રી પ્રભાબેન કાંતિલાલ પરીખ | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી ભૂરાભાઈ રાવજીભાઈ પટેલ | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી લક્ષ્મીબેન ગણેશમલજી સિંઘી | આહોર |
| ૧૦૦૧ | શ્રી લીલાવતીબેન વસંતલાલ શાહ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી વસંતલાલ હેમરાજ શાહ | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી ધીરજલાલ હરિલાલ ભીમાણી | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી મોતીબાઈ મિશ્રીમલજી ઓસવાલ | ગઢસિવાણા |
| ૧૦૦૧ | શ્રી સ્વ. લલ્લુભાઈ ધનાભાઈ પટેલ હા. નાથુભાઈ | ખરવાસા |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | શ્રી એક મુમુક્ષુ બેન | મુંબઈ |
| ૭૫૧ | શ્રી નાનજી ખીમજી તથા ઝવેરબેન નાનજી ગાલા | હૈદ્રાબાદ |
| ૭૫૧ | શ્રી કીર્તિકુમાર નાનજી તથા સરલાબેન નાનજી ગાલા | હૈદ્રાબાદ |
| ૭૫૧ | શ્રી સંજયકુમાર નાનજી તથા શીલાબેન સંજયકુમાર ગાલા | હૈદ્રાબાદ |
| ૭૫૧ | શ્રી વિજયકુમાર નાનજી તથા રીનાબેન વિજયકુમાર ગાલા | હૈદ્રાબાદ |
| ૭૫૧ | શ્રી જિતેન્દ્રકુમાર નાનજી તથા રૂપાબેન નાનજી ગાલા | હૈદ્રાબાદ |
| ૫૫૦ | શ્રી રમાબેન મણીલાલ શાહ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી સુવાસબેન બાદરમલજી ચોપડા | ગઢસિવાણા |
| ૫૦૧ | શ્રી વસનજી જેઠાભાઈ છેડા | થાણા |
| ૫૦૧ | શ્રી બદામીદેવી નેમિચંદજી | ગઢસિવાણા |
| ૫૦૧ | શ્રી ખમાદેવી ચંપાલાલજી લુંકડ | માધવનગર |
| ૫૦૧ | શ્રી બાબુલાલ ભૂદરજી કોઠારી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી શામપુરા મુમુક્ષુ મંડળ હા. ઠાકોરભાઈ લલ્લુભાઈ | શામપુરા |
| ૫૦૧ | શ્રી અમીચંદ મુલતાનમલજી બાગરેચા | ગઢસિવાણા |
| ૫૦૧ | શ્રી જયવંતીબેન શાંતિલાલ મોદી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી પ્રેમરાજ ઘીસાલાલ પોકરણા | યવતમાલ |
| ૫૦૧ | શ્રી ભાવનાબેન પારસભાઈ જૈન | આશ્રમ |
| ૫૦૧ | શ્રી ઝવેરબેન ટોકરશી શાહ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી શાંતાબેન રણછોડભાઈ પટેલ | નરોડા |
| ૫૦૧ | શ્રી ભલીબાઈ ભભૂતમલજી બંદા | આહોર |
| ૫૦૧ | શ્રી ઠાકોરભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૧ | શ્રી નરસીભાઈ માલશી ગાલા | આશ્રમ |
| ૫૦૧ | શ્રી જીવીબેન ગોપાલભાઈ પટેલ | આસ્તા |
| ૫૦૧ | શ્રી સ્વ. ગોરધનભાઈ લવજીભાઈ | અંભેટી |
| ૫૦૧ | શ્રી છગનરાજ સમરથમલજી | બેંગલોર |
| ૫૦૧ | શ્રી ચંપાલાલજી કેવલચંદજી પાલરેચા | દુદાણા |
| ૫૦૧ | શ્રી કેસરબેન ખીમજી દેઢીયા | ગુંદાલા |
| ૫૦૧ | શ્રી મણીભાઈ ફુલાભાઈ પટેલ તથા રજનીકાન્ત | હુબલી |
| ૫૦૧ | શ્રી રણછોડભાઈ ગોવિંદભાઈ તથા સોમાભાઈ ગોવિંદભાઈ | સરઈ |
| ૫૦૧ | શ્રી દેવકાબેન તથા જીવરાજભાઈ | રાયધણજર |
| ૫૦૧ | શ્રી અરવિંદભાઈ છોટુભાઈ પટેલ | કોળીભરથાણા |
| ૫૦૧ | શ્રી રિકબચંદ દીપચંદ લુંકડ | માધવનગર |
| ૫૦૧ | શ્રી અણસીદેવી રિકબચંદ લુંકડ | માધવનગર |
| ૫૦૧ | શ્રી જયંતિલાલ કાળીદાસ શાહ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી વિમળાબેન ગોરધનભાઈ પટેલ | સુણાવ |
| ૫૦૧ | શ્રી નીલાબેન રાજેન્દ્રભાઈ પટેલ | લંડન |
| ૫૦૧ | શ્રી નરોત્તમભાઈ મણીલાલ બાવીશી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી કેસરીમલ પ્રકાશચંદ બડેરા | બેંગલોર |
| ૫૦૧ | શ્રી સ્વ. નારણભાઈ લલ્લુભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૧ | શ્રી ચંપાલાલ મદનલાલ સાલેચા | મૈસુર |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૫૦૧ | શ્રી શાંતિલાલ વાડીલાલ શાહ | કપડવંજ |
| ૫૦૧ | શ્રી શાંતિલાલ મોહનલાલ | મદ્રાસ |
| ૫૦૧ | શ્રી મગનભાઈ જેસીંગભાઈ તથા ચંચળબેન | બોરીઆ |
| ૫૦૧ | શ્રી ગંગાબેન અંબાલાલભાઈ પટેલ | કાવિઠા |
| ૫૦૧ | શ્રી જયંતિભાઈ અંબાલાલભાઈ પટેલ | બોરીઆ |
| ૫૦૧ | શ્રી મનહરભાઈ અંબાલાલભાઈ પટેલ | બોરીઆ |
| ૫૦૧ | શ્રી સોમાભાઈ લલ્લુભાઈ પટેલ | કાવિઠા |
| ૫૦૧ | શ્રી ચિમનભાઈ મોતીભાઈ પટેલ | આણંદ |
| ૫૦૧ | શ્રી સ્વ. ભાઉલાલ પુનશી ભાટે | આશ્રમ |
| ૫૦૧ | શ્રી ખેમચંદભાઈ કોઠારી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી સવિતાબેન ચિમનભાઈ પટેલ | સુણાવ |
| ૫૦૧ | શ્રી ગોદાવરીબેન સુખાભાઈ ભક્ત | વાવ |
| ૫૦૧ | શ્રી રમણીકલાલ બી. મહેતા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી બીજલકુમાર હર્ષદરાય દોશી | માટુંગા |
| ૫૦૧ | શ્રી છોટાભાઈ વલ્લભભાઈ પટેલ | ઇંદોર |
| ૫૦૧ | શ્રી પ્રવીણભાઈ છોટાભાઈ પટેલ | ઇંદોર |
| ૫૦૧ | શ્રી દિલીપકુમાર છોટાભાઈ પટેલ | ઇંદોર |
| ૫૦૧ | શ્રી રાજેન્દ્રકુમાર છોટાભાઈ પટેલ | ઇંદોર |
| ૫૦૧ | શ્રી સવિતાબેન મણીભાઈ પટેલ | નાર |
| ૫૦૧ | શ્રી પુષ્પાબેન સુભાષચંદ્ર પટેલ | લંડન |
| ૫૦૧ | શ્રી સ્વ. જાસુદબેન ભોગીલાલ પરીખ | પાલનપુર |
| ૫૦૧ | શ્રી પાનીબાઈ ઘેવરચંદજી તલાવત | આહોર |
| ૫૦૧ | શ્રી S.T.D. P.C.O. હ. રાજુભાઈ | આશ્રમ |
| ૫૦૧ | શ્રી ગાંગજી ભાણજી શાહ તથા પરિવાર | મલાડ |
| ૫૦૧ | શ્રી શામજી વેલજી શાહ તથા પરિવાર | મલાડ |
| ૫૦૧ | શ્રી નારણભાઈ હાથીભાઈ પટેલ | આણંદ |
| ૫૦૧ | શ્રી નિર્મળાબેન જૈન | મુંબઈ |
| ૫૦૧ | શ્રી હરપાર કુરપાર ધરમશી | મુલુંડ |
| ૫૦૧ | શ્રી મહેન્દ્રકુમાર ચિમનલાલ મહેતા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી રોહિત ચંદુલાલ રૂપાણી | વિસાવદર |
| ૫૦૧ | શ્રી સુરેન્દ્રભાઈ ઝવેરચંદ ભીમાણી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી સ્વ. દ્વારકાદાસ વલ્લભદાસ શાહ | યવતમાલ |
| ૫૦૧ | શ્રી યોગેશભાઈ જશભાઈ રણછોડભાઈ પટેલ | સુણાવ |
| ૫૦૧ | શ્રી યશવંતભાઈ જગદીશભાઈ પટેલ | સુરત |
| ૫૦૧ | શ્રી સ્વ. વનમાળીભાઈ રતનજીભાઈ | ખાપરીયા |
| ૫૦૧ | શ્રી કાનજી નેણસી ખીંપસી દેઢીયા | ભુજપુર |
| ૫૦૧ | શ્રી સાકરબેન કાનજી દેઢીયા | ભુજપુર |
| ૫૦૧ | શ્રી મહેન્દ્રભાઈ કાનજી દેઢીયા | ભુજપુર |
| ૫૦૧ | શ્રી ભાવનાબેન મહેન્દ્રભાઈ દેઢીયા | ભુજપુર |
| ૫૦૧ | શ્રી બકુલકુમાર કાનજી દેઢીયા | ભુજપુર |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૫૦૧ | શ્રી રેખાબેન જગદીશભાઈ ભક્ત | મુંબઈ |
| ૫૦૧ | શ્રી વિમળાબેન જયંતિલાલ મહેતા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી નેહલભાઈ રમેશભાઈ મણિયાર | અમેરિકા |
| ૫૦૧ | શ્રી બાબુલાલ ચુનીલાલજી શાહ | આહોર |
| ૫૦૧ | શ્રી સ્વ. મગનભાઈ અંબાલાલભાઈ પટેલ | સંદેશર |
| ૫૦૧ | શ્રી નારણભાઈ વલ્લભભાઈ પટેલ | આશ્રમ |
| ૫૦૧ | શ્રી સુખીબાઈ પુખરાજ મહેતા | ગઢસિવાણા |
| ૫૦૧ | શ્રી પુખરાજ અમૃતલાલ મહેતા | ભદ્રાવતી |
| ૫૦૧ | શ્રી પુખરાજ મહેન્દ્રકુમાર મહેતા | ગઢસિવાણા |
| ૫૦૧ | શ્રી ભારતીબેન મરૂતભાઈ પટેલ | બોરસદ |
| ૫૦૧ | શ્રી મંગળાબેન ચંદુભાઈ ઠક્કર | આશ્રમ |
| ૫૦૧ | શ્રી લક્ષ્મીબેન શિવજી શાહ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી કલાબેન કાંતિલાલ શાહ | મદ્રાસ |
| ૫૦૧ | શ્રી જયંતિભાઈ પુરુષોત્તમભાઈ બીન મોતીભાઈ પટેલ | સુણાવ |
| ૫૦૧ | શ્રી નીરૂબેન રમણલાલ તથા મીનાબેન નરેન્દ્રભાઈ પટેલ | સરઈ |
| ૫૦૧ | શ્રી મકનભાઈ તળશીભાઈ ભક્ત | આસુંદર |
| ૫૦૧ | શ્રી ચુનીલાલ મેનાદેવી જનહિત ટ્રસ્ટ. હ. મોહનલાલજી | જોધપુર |
| ૫૦૧ | શ્રી ફેન્સીબાઈ દીપચંદજી શાહ | મદ્રાસ |
| ૫૦૧ | શ્રી નારંગીબેન સુરેશકુમાર શાહ | મદ્રાસ |
| ૫૦૧ | શ્રી પૂરબાઈ વસનજી શાહ | આશ્રમ |
| ૫૦૧ | શ્રી ધીરજલાલ દીપચંદ વોરા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ઉર્મિલાબેન કામદાર | રાજકોટ |
| ૫૦૧ | શ્રી નયનાબેન સેવંતીલાલ જોગાણી | નવસારી |
| ૫૦૧ | શ્રી ભાનુમતીબેન ચંદુલાલ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | શ્રી મીનાક્ષીબેન પ્રફુલ્લભાઈ પટેલ | સૂરત |
| ૫૦૧ | શ્રી ખેતશી લાલજી છેડા | જબલપુર |
| ૫૦૧ | શ્રી આશાબેન કુન્દનમલજી સાટીયા | શિવગંજ |
| ૫૦૧ | શ્રી સ્વ. વિમળાબેન હરગોવિંદદાસ મણિયાર | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ચંદ્રાબેન એવંતીલાલ મણિયાર | આશ્રમ |
| ૫૦૧ | શ્રી ભીખાભાઈ વ્રજલાલ દોશી | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ભાઈલાલભાઈ મનસુખલાલ મણિયાર | માટુંગા |
| ૫૦૧ | શ્રી તેજરાજજી ફૂલચંદજી બંદા | આહોર |
| ૫૦૧ | શ્રી જડાવબેન તેજરાજજી બંદા | આહોર |
| ૫૦૧ | શ્રી કાંતિલાલ તેજરાજજી બંદા | આહોર |
| ૫૦૧ | શ્રી સુશીલાબેન કાંતિલાલ બંદા | આહોર |
| ૫૦૧ | શ્રી કુસુમબેન અશોકભાઈ પટેલ હ. મણીભાઈ પટેલ | વાસણા |
| ૫૦૦ | શ્રી ભાણજી પુનશી તથા બાઈયાંબાઈ ભાણજી ગાલા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી લલિતાબેન ડી. પરીખ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી સુવર્ણાબેન મયંકકુમાર શાહ | મુંબઈ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org